ખેતીની જમીન વેચવાની છે
રાજકોટ પૂર્વ ૨૫૦ ફુટ રીંગ રોડ, ૩૦૦ ફુટ રીંગ રોડ ટચ, લાપાસરી, કાળીપાટ, મહીકા, ઠેબચડા, અમરગઢ, ખેરડી, માલીયાસણ, ગુંદા, તરઘડિયા, રફાડા, સર્વે નં. ૨એ, ૪એ, ૬એ, ૮એ, ૧૦એ, ૧૬એ, ટોપ લોકેશનમાં તૈયાર ફાર્મ હાઉસ અને ફાર્મ હાઉસ લાયક નાના ટુકડા લે વેચ માટે મળો...
બ્રોકર : પટેલભાઈ
76219 59697
લેનાર પાર્ટીએ જ કોન્ટેક કરવો

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઇલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહતદરે સારવાર

R.N.I. REG NO. 38382/79
(RNP રજી. નં. RAJKOT/151/2024-2026)
Valid upto 31-12-2026 (Posting Office: RMS Rajkot)

શહેર

પાના : ૨૨
કિમત રૂા.૪-૦૦

સવારે ચા, સાંજે

અકિલા

AKILA RAJKOT
સાંજનું દૈનિક

સ્પેશ્યલ કાજુકત્રી
શુધ્ધ ઘી નાં કચ્છી મસાલા અળદીયા
નમકીનની ૧૦૧ થી વધુ વેરાયટી
૬૨૯ ખાવડાવાળા
કીસમીસ પૌવાનો ચેવડો 240
પંચનાથ મંદીર ચોક, રાજકોટ 88494 75796

Panama PANAMA electric

MFG BY:
PREM ELECTRICAL INDUSTRIES
SURENDRANAGAR
Mo. 98252 24142, 70692 24142, 98251 44142

ફોનઃ ૨૪૪૫૧૧૧, ૨૪૪૫૩૫૪ ■ વર્ષઃ ૪૯ ■ અંકઃ ૧૨૮ ■ 20 January 2026 ■ મંગળવાર ■ મહા સુદ-૨ ■ પ્રકાશન સ્થળઃઅકિલા-રાજકોટ www.akilaindia.com ■ www.akilanews.com

ગુજરાતમાં ભાજપ ફરી સત્તારૂઢ થશે : 'આપ' બીજા ક્રમે રહેશે : સર્વે

૨૦૨૪-૨૫માં ચૂંટણી જીતવા ભાજપે વાપર્યા ૩૩૩૫.૩૬ કરોડ

ગણતંત્ર પર્વ લોહીનાં રંગે રંગવા ખોફનાક ષડયંત્ર

વિશ્વમાં પહેલી વાર અબજોપતિઓની સંખ્યા 3,000 ને વટાવી ગઈ

સતત બીજા દિવસે ચાંદીમાં ૨૦,૦૦૦- સોનામાં ૪૫૦૦ રૂા.વધ્યા

સોના-ચાંદીમાં તેજીનું મહાતાંડવ

બે દિવસમાં ચાંદીમાં ૩૫,૦૦૦ અને સોનામાં ૭૦૦૦ રૂા. વધી જતા રોકાણકારોને બખ્ખા : લગ્નસરાની સીઝન ટાણે જ સોના-ચાંદીના ભાવો ભળકે બળતા ખરીદનાર વર્ગ ચિંતાતુર



ચાંદી ૧ કિલોના ભાવ વધીને ૩,૨૩,૦૦૦ અને સોનાના ભાવ ૧.૫૦ લાખ પાર કરી ૧,૫૩,૦૦૦ની ઐતિહાસિક સપાટીએ

રાજકોટ, તા.,૨૦: બુલીયન માર્કેટમાં સતત બીજા દિવસે તેજીનો તરખાટ યથાવત રહયો છે. આજે ચાંદીમાં વધુ ૨૦,૦૦૦ અને સોનામાં વધુ ૪૫૦૦ રૂા.નો ઉછાળો થતા બંને કિંમતી ધાતુઓના ભાવોએ નવી ઐતિહાસિક સપાટી સર કરી છે.

બુલીયન માર્કેટમાં સેન્ટમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં ચાંદીમાં આજે સવારે વધુ ૧૩૦૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો અને બપોરે વધુ ૭૦૦૦ રૂા.નો ઉછાળો થતા કુલ ૨૦,૦૦૦ રૂા.નો તોતીંગ ભાવવધારો થયો છે. ગઈકાલે ચાંદી ૧ કિલોના ભાવ ૩,૦૩,૦૦૦ રૂા. હતા તે વધીને આજે બપોરે ૨.૩૦ વાગ્યે ૩,૨૩,૦૦૦ રૂા.ની નવી ટોચની સપાટી બનાવી છે. ગત સપ્તાહમાં ૪૦,૦૦૦ રૂા. વધ્યા બાદ છેલ્લા બે દિવસમાં ચાંદીમાં ૩૫,૦૦૦ રૂા.નો ઉછાળો થયો છે. ગઈકાલે ૧૫ ,૦૦૦ રૂા. વધ્યા બાદ આજે વધુ ૨૦,૦૦૦ રૂા.નો ભાવવધારો થયો છે.

ચાંદીની સાથે સોનામાં પણ તેજી યથાવત રહી છે. બુલીયન માર્કેટમાં ડોલરમાં તેજીને પગલે સ્થાનીક બજારમાં સોનામાં આજે સવારે વધુ ૨૫૦૦ રૂા.નો ભાવવધારો થયો હતો. બાદમાં બપોરે વધુ ૨૦૦૦ રૂા.નો ઉછાળો થતા કુલ ૪૫૦૦ રૂા.નો જબ્બર ઉછાળો થયો છે. ગઈકાલે સોનુ સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)નો ભાવ ૧,૪૮,૫૦૦ રૂા. હતા તે વધીને આજે બપોરે ૨.૩૦ વાગ્યે ૧,૫૩,૦૦૦ રૂા.ની નવી ઐતિહાસિક સપાટી બનાવી છે. સોનાના બિસ્કીટમાં ૪૫,૦૦૦ રૂા.વધ્યા છે. સોનાના બિસ્કીટ (૧૦૦ ગ્રામ)નો ભાવ ૧૪,૮૫,૦૦૦ રૂા. હતા તે વધીને ૧૫,૩૦,૦૦૦ રૂા.ની સપાટીએ ભાવ પહોંચ્યા છે. સોના-ચાંદીમાં બે દિ'માં જબ્બર ઉછાળો થતા ઝવેરીઓ સ્તબ્ધ થઈ ગયા છે. રોકાણકારોને બખ્ખા થઈ ગયા છે. જો કે લગ્નસરાની સિઝન ટાણે જ સોના-ચાંદીના ભાવો ભળકે બળતા ખરીદનાર વર્ગ ચિંતાતુર થઈ ગયો છે.

અમેરીકા અને ઈરાક વચ્ચે યુધ્ધના ભણકારા તથા ટેરીફ વોરના પગલે સોના-ચાંદીના ભાવો સતત સળગી રહયાનું અને આગામી દિવસોમાં હજુ પણ નવી ભાવ સપાટી જોવા મળે તો નવાઈ નહી તેમ ઝવેરીબજારના સુત્રોએ જણાવ્યું હતું.(૪.૯)

કબુતર જાળી
Bird Net Service
આપના ઘર, બંગલા, ફેકટરી, શેડ, કોમર્શીયલ કોમ્પ્લેક્સને કબુતરથી બચાવો
સૂર્યા એન્ટરપ્રાઈઝ
M. 82035 77595/90241 88751
ગોલ્ડન સુપર માર્કેટની બાજુમાં, સાધુ વાસવાણી રોડ, રાજકોટ.

ભાજપના નવા અધ્યક્ષ બન્યા નીતિન નબીન : પીએમની ઉપસ્થિતિમાં તેમણે કાર્યભાર સંભાળ્યો

'આજથી નબીન મારા બોસ, હું તેમનો કાર્યકર'

વડાપ્રધાને તેમને શુભેચ્છા પાઠવતા તેમને 'બોસ' ગણાવ્યા અને ભાજપની લોકતાંત્રિક પ્રક્રિયાના કર્યા વખાણ : આપણે ત્યાં અધ્યક્ષ બદલાયા છે, આદર્શ નહિ : પીએમ મોદી



નવી દિલ્હી,તા.૨૦:ભારતીય જનતા પાર્ટીને નીતિન નબીનના રૂપમાં નવા અધ્યક્ષ મળી ગયા છે. પીએમ નરેન્દ્ર મોદી અને વર્તમાન અધ્યક્ષ જેપી નડ્ડાની હાજરીમાં નબીન નવા અધ્યક્ષ બન્યા છે. નબીનને આ જવાબદારી મળવા પર શુભેચ્છા આપતા પીએમ મોદીએ કહ્યું કે આજથી આ મારા બોસ છે અને હું તેમનો કાર્યકર્તા. તેમણે તે પણ કહ્યું કે અમારે ત્યાં અધ્યક્ષ બદલાઈ છે પરંતુ આદર્શ બદલાતા નથી.

દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય મથકે આયોજિત એક સમારંભમાં વડાપ્રધાન મોદી, ગૃહ મંત્રી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના વરિષ્ઠ નેતાઓની હાજરીમાં નીતિન નબીને આ હોદ્દો સ્વીકાર્યો હતો. આ સમારંભમાં પૂર્વ અધ્યક્ષ જે.પી. નડ્ડા, નીતિન ગડકરી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા

(જુઓ પાનુ ૧૦)

૨.૩૦ કલાકે સેન્સેક્સ ૬૧૧ તો નીફ્ટી ૨૨૦ પોઇન્ટ ડાઉન

શેરબજારમાં અચાનક કડાકો : નિફ્ટી ૨૫,૪૦૦ થી નીચે : ૧૦ મોટા શેર ધડામ

જ્યારે સેન્સેક્સ ૬૦૦ થી વધુ પોઈન્ટ ઘટ્યો છે : બજાજ ફાઇનાન્સ અને ઝોમેટો જેવા શેર ખાસ કરીને પ્રભાવિત થયા : ૭.૬૭ લાખ કરોડ સ્વાહા



નવી દિલ્હી, તા.૨૦: આજે શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે, જેમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE સેન્સેક્સ ૬૧૫ પોઈન્ટ ઘટીને ૮૨,૬૩૦ પર ટ્રેડ કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી ૨૧૮ પોઈન્ટ ઘટીને ૨૫,૩૬૮ પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી બેંક ૩૨૫ પોઈન્ટ ઘટી ગઈ છે. સોમવારે શેરબજારમાં પણ ભારે ગભરાટ જોવા મળ્યો.

ICICI, HDFC બેંક, હિન્દુસ્તાન યુનિલિવર અને કોટક મહિન્દ્રા બેંકના શેરમાં થોડો વધારો થયો છે, પરંતુ અન્ય તમામ શેરોમાં તીવ્ર ઘટાડો થયો છે. BSEના ટોચના ૩૦ શેરોમાંથી ૨૬ શેરોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઝોમેટો, સન ફાર્મા, ઈન્ડિગો અને રિલાયન્સ જેવા શેરોમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો છે. ટાઇટન, ટીસીએસ, ઈન્ફોસિસ, મહિન્દ્રા અને મહિન્દ્રા અને ટેક મહિન્દ્રા સૌથી વધુ પ્રભાવિત થયા છે.

મિડ-કેપ કેટેગરીમાં, ઓબેરોય રિયલ્ટીના શેર ૮.૬૩ ટકા ઘટ્યા છે. યુપીએલના શેર ૭.૭૮ ટકા ઘટ્યા છે, અને વોલ્ટાસના શેર ૪ ટકાથી વધુ ઘટ્યા છે. સ્મોલ-કેપ કેટેગરીમાં, ડેટા પેટર્ન્સના શેર ૯ ટકા અને ઓલા

(જુઓ પાનુ ૧૦)

ભારતના કોઇપણ શહેરનાં છાપામાં જાહેરાત
દુઃખદ અવસાન • નોટીસ • ટચુકડી
ચેન્જ ઓફ નેમ • લે-વેચ • જોઇએ છે
વિકાસ પબ્લીસીટી
૧૧૨૦-૧૧૨૧, આર.કે.સુપ્રીમ, નાના મવા સર્કલ પાસે.
98795 18143


જોઈએ છે
ગ્રાફિક ડિઝાઈનર
કોરલ ડ્રો આવડવું જરૂરી | ફેશર
99983 77721

ચેક લોન
રાજકોટના ઇન્ડસ્ટ્રીયલ વેપારી ભાઇઓ માટે તાત્કાલીક લોન ૬ટી આપવામાં આવશે
84888 21834

ગાયત્રી યાત્રા સંઘ
2x2 સ્લીપર, 11 જ્યોતિર્લીંગ
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી
દક્ષિણભારત, દિ.35
ઉપડશે- 23-01 (8 સીટો બાકી)
હસુભાઈ ભટ્ટ, રાજકોટ - 94092 63939

મકાન વેચવાનું
4BHK 157 વાર
કુલ ફર્નિશ
સત્યસાંઇ મેઇન રોડનું આલાપ હેરીટેજ મો.૯૩૭૫૬ ૦૪૦૪૧

ચોક્કસ ઉપડે છે...કપલ / ફેમીલી ટુરો / સસ્તી AIR ટીકીટનો લાભ લો
ગંગોત્રી યમુનોત્રી બદ્રીકેદાર | કુલુ-મનાલી સિમલા ડેલહાઉસી | નૈનીતાલ મસુરી કોર્બેટ પાર્ક | સ્પે. કેરાલા સાથે મુન્નાર થેકડી | ભુતાન પારો-થીમ્પુ પુનાખા
દાજીર્લીંગ-ગંગટોક લાચુંગ-યુમથાંગ | અયોધ્યા-પ્રયાગરાજ છપૈયા-ચિત્રકુટ-વારાણસી | બેંગ્લોર-મૈસુર-ઉટી-કોડાઇ રામેશ્વરમ-કન્યાકુમારી
લેહ-લડાખ પેગોંગ લેક નુબ્રા-તુર્તુક (પાક.બોર્ડર) | આંદામાન પોર્ટબ્લેર હેવલોક બીચ | નેપાળ પોખરા વારાણસી ચિત્તવન | કલકત્તા ગંગાસાગર જગન્નાથપુરી ચિલકા લેક | મહારાષ્ટ્ર 5-જ્યોતિર્લિંગ પંઢરપુર શનિદેવ
76 વર્ષમાં મંગળ પ્રવેશ
ASARVAWALA AKHIL BHARAT TOURS & TRAVELS PVT. LTD. SINCE 1950
અમદાવાદ 079-26564488/8833 9375527702/03/04/06/07
રાજકોટ 9228295842
મોરબી 02822 227151 - 9925800122
જુનાગઢ 8460880099
www.akhilbharat.in | વોટ્સએપ ઉપર બુકલેટ તુરંત મેળવો

સેન્ટર ફોર લિવર એન્ડ પેનક્રિએટીકો-બિલિઅરી સાયન્સિસ (CLiPS) PRIME SHALBY MULTI-SPECIALTY HOSPITALS
શેલ્બી હૉસ્પિટલ, અમદાવાદના ડોક્ટર દ્વારા
હવે રાજકોટમાં લિવર ક્લિનિક

ડો. દિવાકર જૈન
સિનિયર કન્સલ્ટન્ટ એન્ડ હેડ એચ.પી.બી. એન્ડ લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન
MBBS, MS, FACS, DNB (Surgical Gastroenterology)
Fellowship in HPB Surgery & Liver Transplantation
22/01/2026, ગુરુવાર | સવારે 11:00 થી બપોરે 02:00 સુધી
આ ક્લિનિકમાં નીચેના દર્દીઓની તપાસ કરવામાં આવશે.
લિવર ટ્રાન્સપ્લાન્ટ | લિવર સિરોસિસ | લિવર કેન્સર | પેન્ક્રિયેટિક કેન્સર | પેન્ક્રિયેટાયટીસ | પેન્ક્રિયાસ માં પથરી | હિપેટાઇટિસ | પિત્તાશયનું કેન્સર | લિવરને લગતાં અન્ય રોગો | પિત્તનળીનાં જટિલ ઓપરેશન
ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ની વધુ જાણકારી અને એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક કરો : 7069 001 001, 87580 00480
પ્રાઇમ હૉસ્પિટલ - પંચવટી સોસાયટી મેઈન રોડ, અતિથિ ચોક, ચંદ્રેશ વાડીની બાજુમાં, નાના મવા મેઈન રોડ કોર્નર, રાજકોટ

રાજ્યમાં ઘેરલું હિસાના કેસને લઈ ચિંતાજનક ચિત્ર સામે આવ્યું: રોજના સરેરાશે ૨૪૭ કેસ નોંધાયા

ઘરેલુ હિંસા

અભયમ ૧૮૧ પર દર ૬ મિનિટે ગુંજે છે મદદની કરવા માટેનો પોકાર

રાજ્યમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો: પાંચ વર્ષમાં દૈનિક કોલની સંખ્યા બમણી

અમદાવાદ તા.૨૦: રાજ્યમાં ઘેરલું હિસાના કેસને લઈ ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. ૧૮૧ અભયમ હેલ્પલાઈનને દર ૬ મિનિટે ઘરેલું હિસાનો એક કેસ મળ્યો હતો. રોજના સરેરાશે ૨૪૭ કેસ નોંધાયા હતા. જોકે આ સંખ્યા ૨૦૨૪માં નોંધાયેલા ૨૭૪ કેસ અને ૨૦૨૩માં નોંધાયેલા ૨૭૧ દૈનિક કોલ્સ કરતા ઓછી હતી.

ડેટા મુજબ, રાજ્યના ચાર મુખ્ય શહેરોમાં અમદાવાદમાં જ વર્ષ-દર-વર્ષ ઘરેલુ હિસાના કેસોમાં વધારો જોવા મળ્યો હતો. જ્યારે રાજયમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો થયો હતો. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો અહેવાલ જણાવે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કેટલાક કિસ્સાઓમાં જ્યાં તાત્કાલિક કાર્યવાહીની જરૂર હતી, તેવા કોલ્સ ગયા સપ્ટેમ્બરમાં શરૂ કરવામાં આવેલી ૧૧૨ હેલ્પલાઈન પર ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. અમદાવાદ શહેરમાં દરરોજ ઘરેલુ હિસાના ૫૪ કોલ્સ નોંધાયા હતા, જેનો અર્થ છે કે દર ૩૦ મિનિટે લગભગ એક કોલ નોંધાયો હતો. વર્ષ ૨૦૨૦માં આ સંખ્યા ૨૬ હતી, જે દર્શાવે છે કે પાંચ વર્ષમાં દૈનિક કોલ્સની સંખ્યા બમણી થઈ ગઈ હતી.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘરેલુ હિસા હંમેશા મહિલાઓ માટે મુખ્ય સમસ્યાઓ પૈકીની એક રહી છે અને કોઈપણ નિવારણ પ્રણાલીમાં તેનો મોટો હિસ્સો હોય છે, પરંતુ આ વધતી સંખ્યા મહિલાઓમાં ઘટનાઓની જાણ કરવાની પ્રવૃત્તિ દર્શાવે છે. જ્યારે પરિવાર અથવા મહિલા પોલીસને બદલે હેલ્પલાઈનનો સંપર્ક કરે છે, ત્યારે તેનો હેતુ પોલીસ અથવા કાયદાકીય કાર્યવાહી શરૂ કરતા પહેલા વચલો માર્ગ શોધવાનો હોય છે. કાયદાકીય કાર્યવાહીમાં ઘણીવાર સંબંધોનો અંત આવી જતો હોય છે. આ ઉપરાંત ઘણીવાર ઘરેલુ હિસાના કેસો અનેક મુદ્દાઓનું મિશ્રણ હોય છે, અને જ્યારે તે જાહેર મંચ પર પહોંચે છે, ત્યારે તેને સંવેદનશીલ રીતે સંભાળવાની જરૂર હોય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઘરેલુ હિસાના કેસો ઘણીવાર બાળકની કસ્ટડી, આર્થિક સમસ્યાઓ, લગ્નેતર સંબંધો, લગ્ન જીવનના વિખવાદ અને વ્યસન જેવા કારણોથી ઉદભવતા હોય છે.

રાજ્યમાં છેડતીના કેસમાં બે વર્ષમાં ૧૫ ટકાનો વધારો થયો હતો. અમદાવાદમાં ૨ વર્ષમાં છેડતીના કેસમાં ૪૦ ટકાનો વધારો થયો હતો. જ્યારે રાજકોટમાં ૩૮ ટકા, સુરતમાં ૩૦ ટકા અને વડોદરામાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે મહિલા-યુવતીઓનો પીછો કરવાની ઘટનામાં અમદાવાદમાં બે વર્ષમાં ૪૫ ટકાનો વધારો થયો હતો.(૩૮.૨૬)

કુંવરજીભાઈની 'જન કલ્યાણ શિવ વંદના પદયાત્રા' સોમનાથ મહાદેવના ચરણોમાં સંપન્ન

ઘેલા સોમનાથથી વેરાવળ સોમનાથ સુધીની ૨૨૯ કિલોમીટરની યાત્રા ૮ દિવસમાં પૂર્ણ: ૩૨ ગામોમાં ભવ્ય સ્વાગત : સાદગી અને લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું



રાજકોટ/સોમનાથ : રાજકોટ જિલ્લાના જસદણ તાલુકામાં આવેલ પવિત્ર યાત્રાધામ ઘેલા સોમનાથથી શરૂ થયેલી ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની 'જન કલ્યાણ શિવ વંદના પદયાત્રા' વેરાવળ સોમનાથ ખાતે ભક્તિભાવપૂર્વક સંપન્ન થઈ છે. જનકલ્યાણ, સારા આરોગ્ય અને રાજ્યના વિકાસની કામના સાથે યોજાયેલી આ ૨૨૯ કિલોમીટરની પદયાત્રાએ સાદગી અને લોકસેવાનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું છે હોવાનું શ્રી વિનોદ નાગાણીએ જણાવ્યું છે.

ઐતિહાસિક પદયાત્રા અને ઉદ્દેશ્ય

જેમ રાજમાતા મીનળદેવીએ જનકલ્યાણ અર્થે શિવલિંગની સ્થાપના કરી હતી, તે જ રીતે જસદણ-વિંછિયાના ધારાસભ્ય અને મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ લોકહિત માટે આ બીજું ભગીરથ કાર્ય હાથ ધર્યું હતું. આ અગાઉ ૧૩ વર્ષ પહેલાં પણ તેમણે આવી પદયાત્રા કરી હતી. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોના સારા સ્વાસ્થ્ય, ગુજરાતના વેગવંતા વિકાસ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો હતો.

૩૨ ગામોમાં અભૂતપૂર્વ સ્વાગત અને લોકસંપર્ક

તારીખ ૨૦-૧૨-૨૦૨૫ ના રોજ ઘેલા સોમનાથ મહાદેવની પૂજા-અર્ચના સાથે શરૂ થયેલી આ યાત્રા ૮ દિવસ સુધી ચાલી હતી. આ દરમિયાન જસદણ, આટકોટ, ખારચિયા, વીરનગર, બળધોઈ, હનુમાન ખારચિયા, મોટા દડવા, ઈશ્વરિયા, કોટડાસાંગાણી, પીપળિયા, કરમાળકોટડા, નાના-મોટા માંડવા, રામોદ, ઘોઘાવદર, ગોંડલ, જામવાડી, ચોરડી, વીરપુર, પીઠડિયા, જેતપુર, ચોકી, વડાલ, જૂનાગઢ, વંથલી, અગતરાય, કેશોદ, ભંડુરી અને સુપાસી સહિતના ૩૨ ગામોમાં મંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માર્ગમાં આવતા દરેક ગામના સરપંચો, આગેવાનો, વેપારી મહાજન અને ગ્રામજનોએ ઢોલ-નગારા સાથે અને ફૂલોની પાંખડીઓ વેરીને યાત્રાને વધાવી લીધી હતી. ગોંડલ, જેતપુર અને કેશોદમાં વેપારીઓ અને વિવિધ સમાજના લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

સાદગી અને સમર્પણે કુંવરજીભાઇ યાત્રીકો સાથે જ જમ્યા અને સુતા

આ પદયાત્રાની સૌથી નોંધનીય બાબત મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાની સાદગી હતી. યાત્રા દરમિયાન અન્ય પદયાત્રીઓને જે સુવિધાઓ મળી હતી, તે જ સુવિધાઓનો ઉપયોગ કુવરજી ભાઈએ કર્યો હતો. યાત્રીકોએ જે ભોજન લીધું, તે જ ભોજન મંત્રીશ્રીએ લીધું હતું અને જ્યાં સામાન્ય યાત્રીકોએ રાત્રી વિશ્રામ કર્યો, ત્યાં જ તેમણે પણ વિશ્રામ કર્યો હતો. આ સાદગી જોઈને લોકોમાં 'માનવ દેહમાં ઈશ્વરીય તત્વ'હોવાની અનુભૂતિ થઈ હતી.

મહાનુભાવોને વંદન અને મંદિરોમાં દર્શન

યાત્રાના રૂટ પર આવતા ગાંધીજી, સરદાર પટેલ, ભગવાન રામ, જલારામ બાપા, પરશુરામજી, બાબાસાહેબ આંબેડકરજી, સ્વ. ઈન્દિરા ગાંધી તેમજ સોમનાથની રક્ષા કાજે બલિદાન આપનાર વીર વેગડાજી ભીલ અને હમીરજી ગોહિલ જેવી પ્રતિમાઓને ફુલહાર કરી વંદન કરવામાં આવ્યા હતા. ઉપરાંત ખોડિયાર માતાજી મંદિર (કાગવડ), જલારામ મંદિર (વીરપુર) અને ભવનાથ મહાદેવ (જૂનાગઢ) જેવા મંદિરોએ શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

રોજગાર મેળા અને લોકડાયરો

યાત્રા માત્ર ભક્તિ પૂરતી સીમિત ન રહેતા, તે લોકજાગૃતિનું માધ્યમ પણ બની હતી. 'મંગલમ'ની બહેનો દ્વારા ઠેર-ઠેર રોજગારલક્ષી મેળાઓ યોજવામાં આવ્યા હતા.

જૂનાગઢમાં રાત્રી રોકાણ દરમિયાન લોકસાહિત્યકાર રાજભા ગઢવીનો ભવ્ય લોકડાયરો યોજાયો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. મંત્રીશ્રીએ સભાઓમાં વ્યસન મુક્તિ, ટ્રાફિક નિયમો અને સ્વચ્છતા અંગે લોકોને માર્ગદર્શન આપ્યું હતું.

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યાત્રાની પૂર્ણાહુતિ

યાત્રાના અંતિમ દિવસે, તારીખ ૨૭-૧૨-૨૦૨૫ ના રોજ સવારે ૯ કલાકે તમામ પદયાત્રીઓ સાથે શ્રી કુંવરજીભાઈ બાવળીયા સોમનાથ મંદિરના મુખ્ય દ્વારે પહોંચ્યા હતા. સોમનાથ મહાદેવના શિખર દર્શન અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

કુંવરજી ભાઈએ સોમનાથ દાદાની ધ્વજાની પૂજા કરી

વાજતે-ગાજતે -દક્ષિણા કરી કુંવરજી ભાઈએ ધ્વજા ચડાવી હતી. અંતમાં તમામ યાત્રીકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો અને મંત્રીશ્રીએ તમામ પદયાત્રીઓ માટે પરત જવાની વ્યવસ્થા પણ કરી આપી હતી.

આ યાત્રામાં યુવાનોને પણ શરમાવે તેવા ઉત્સાહ સાથે કુંવરજીભાઈ ચાલ્યા હતા. પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત અને આરોગ્ય વિભાગ દ્વારા મેડિકલ સેવાઓ સતત સાથે રહી હતી. આ પદયાત્રા ખરા અર્થમાં 'ન ભૂતો ન ભવિષ્યતિ' સમાન બની રહી હતી.(૪૧.૧૬)



આલેખન:
વિનોદ પી. નાગાણી
(એમકોમ. બીજેએમસી)
પ્રમુખશ્રી, ભાજપ બક્ષી મંચ મોરચો રાજકોટ જિલ્લો; પ્રવક્તા : શ્રી માંધાતા ગ્રુપ ગુજરાત અને કોળી સેના ગુજરાત; ઉપ-મુખ તળપદા કોળી સમાજની વાડી જુનાગઢ. મો.૯૭૧૨૧૬૪૪૯૬, મુ.કણકોટ, વાયા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, તાલુકો અને જીલ્લો રાજકોટ)

આજના શુભ દિવસે...



વિનુભાઈ જગડા • ઈન્દુબેન જગડા
મો. ૯૮૭૯૫ ૭૯૩૪૧

શ્યામ ! તારી બંસી થઈને બજવું છે જગ મારે,
સુર છેડવા કેવા, કયારે ?
એ જોવાનું તારે ?

આવતીકાલનું પંચાંગ

॥ ૐ ॥
વિક્રમ સંવત-૨૦૮૨
વીર સંવત ૨૫૫૨
શાલિવહન શક-૧૯૫૭
ઉત્તરાયન-૨૦૨૬
તા. ૨૧-૧-૨૦૨૬ બુધવાર
મહાસુદ-૩
ગૌરી તૃતિયા-પંચન
ખોડલધામ પ્રતિષ્ઠા
દિન (કાગવડ)
રવિયોગ ૧૩-૫૮ થી

આજના ગ્રહો
સૂર્ય-મકર
ચંદ્ર-કુંભ
મંગળ-મકર
બુધ-મકર
ગુરૂ-મિથુન
શુક્ર-મીન
શનિ-મીન
રાહુ-કુંભ
કેતુ-સિંહ
હર્ષલ-વૃષભ
નેપ્ચ્યુન-મીન
પ્લુટો-મકર



કુમારભાઈ ગાંધી
મોબાઈલ
૯૩૭૪૮ ૧૬૯૭૭
કન્સલ્ટીંગ
એસ્ટ્રોલોજીસ્ટ

સૂર્યોદય-૭-૩૦
સૂર્યાસ્ત-૬-૨૬
જૈન નવકારશી- ૮-૧૮
ચંદ્ર રાશિ :- કુંભ (ગ.સ.)
નક્ષત્ર- ધનિષ્ઠા

રાહુ કાળ:
૧૨-૫૮ થી ૧૪-૨૦ સુધી
દિશા શૂળ- ઉત્તર

માંગલિક કાર્યોનો શુભ સમય
સાંજનો શુભ સમય ૧૮-૨૭ થી ૨૧-૦૦ સુધી સવારે ૭-૩૦ થી લાભ-અમૃત ૧૦-૧૪ સુધી ૧૧-૩૬ થી શુભ ૧૨-૫૮ સુધી ૧૫-૪૨ થી ચલ-લાભ ૧૮-૨૭ સુધી ૨૦-૦૫ થી શુભ-અમૃત-ચલ-૨૪-૫૮

શુભ હોરા
૭-૩૦ થી ૯-૧૯ સુધી
૧૦-૧૪ થી ૧૧-૦૯ સુધી,
૧૨-૫૮ થી ૧૫-૪૨ સુધી
૧૬-૩૭ થી ૧૭-૩૨ સુધી

બ્રહ્માંડના સિતારા
જીવનમાં જ્યારે ગ્રહોની ચાલ અનુકુળ ન હોય ત્યારે ખોટા નિર્ણયો લેવાય જવાય છે તો શું કરવું ઘણી વખત કોઈ રસ્તો નથી દેખાતો ત્યારે જયારે તમારે તમારી વહેવારૂ કોશીષ ચાલુ રાખવી અને તેની સાથે સાથે ઈશ્વરને પ્રાર્થના કરવી કે તેમો કારણ વગરના ફસાઈ ગયા છો તમારે જેની ઉપર વિશ્વાસ રાખેલ તે વ્યકિતએ જ તમારો વિશ્વાસ જેનો ગેર ઉપયોગ કરેલ છે અહી ધીરજ કેળવો હતાશ ન થઈ મેડીટેશન કરો ઓમના જાપ કરો તમારા વિશ્વાસનો જેણે ગેર ઉપયોગ કરેલ છે તેને ઈશ્વર જરૂરથી કોઈ રસ્તો બતાવશે જયા મનુષ્યની બુધ્ધિ નથી ચાલતી ત્યાં ઈશ્વરને શરણે ચાલ્યા જાવ. (૫-૩)

ભાવનગર માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલનાં પૂર્વ પ્રિન્સિપાલ રમાબેન દીક્ષિત-વિરાણીનું નિધન



ભાવનગર :.. ભાવનગર માજીરાજ ગર્લ્સ હાઈસ્કૂલના પૂર્વ લોકપ્રિય પ્રિન્સિપાલ રમાબેન દીક્ષિત-વિરાણીનું ૯૪ વયે નિધન થયું છે. તેમની ઈચ્છાનુસાર તેમનું દેહદાન કરવામાં આવ્યું હતું તેઓ સ્વ જયશ્રીકાંત વિરાણીના પત્ની, ચિંતન-પુલકિત વિરાણીનાં માતુશ્રી તેમજ સિહોર તાલુકા પંચાયતનાં પૂર્વ પ્રમુખ મનુભાઈ દીક્ષિતના બહેન થાય તેમજ કુશલ દીક્ષિતનાં ફૈબા થાય છે.

અવસાન નોંધ

શ્વેતાબા રહેવર

ગોંડલ:ગજેન્દ્રસિંહ (ગિજુબાપુ) વિશાજી રહેવરના પુત્રવધુ શ્વેતાબા રઘુવીરસિંહ રહેવર (ઉ.વ. ૩૫) તે રઘુવીરસિંહ ગજેન્દ્રસિંહ રહેવરના ધર્મપત્ની તથા આદિત્યસિંહ ના માતુશ્રી નું તા.૧૮ ને રવિવારે અવસાન થયેલ છે. બેસણું તા. ૨૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૬, ગણપતિ મંદિર, પંચવટી સોસાયટી, શેરી નં-૨ ગોંડલમાં રાખેલ છે.

જયાબેન કોટડીયા

ગોંડલ: જયાબેન ગોરધનભાઈ કોટડીયા (ઉ.વ. ૬૩) તે ગોરધનભાઈ લખમણભાઈ કોટડીયા ના ધર્મપત્ની તથા પ્રિતેશભાઈ તથા અમિતભાઈના માતુશ્રી નું તા. ૧૮ને રવિવારે અવસાન થયેલ છે. બેસણું તા:૨૨ ને ગુરુવારે બપોરે ૩ થી ૫ ભાટિયાવાડી, કૈલાશબાગ ગોંડલ માં રાખેલ છે.(૩૫-૩)

વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- વ્યવસ્થાપક: અકિલા

હિરાસર એરપોર્ટ પર ૨૨ જાન્યુઆરીથી ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડીપાર્ચર માટે મંજૂરી: મહત્વનો નિર્ણય

લો વિઝિબિલિટી પ્રોસિજર ૨૨ મીથી અમલમાં: ૩૫૦ મીટર નીચે જશે તો ફ્લાઇટ ઓપરેશન બંધ રખાશે



રાજકોટ તા. ૨૦ :.. શિયાળાની ઋતુમાં પડતા ભારે ધુમ્મસને કારણે ફ્લાઈટના શિડ્યુલ ખોરવાતા અટકાવવા માટે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૬થી એરપોર્ટ પર પ્રસ્થાન (**Departures**) માટે શ્રલો વિઝિબિલિટી પ્રોસિજર (**LVP**) અમલમાં મૂકવામાં આવશે. આ સંદર્ભે આજે એરપોર્ટના હિતધારકો (**Stakeholders**) સાથે એક બેઠક યોજાઈ હતી, જેમાં ન્સ્ભના અમલીકરણમાં સામેલ વિવિધ એજન્સીઓની ભૂમિકા અને જવાબદારીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

સામાન્ય રીતે ધુમ્મસવાળા વાતાવરણમાં એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારમાં વિઝિબિલિટી (દ્રશ્યતા) ઘટવાને કારણે પાઇલટ્સ માટે વિઝ્યુઅલ રેફરન્સ મર્યાદિત બની જાય છે, જે ફ્લાઈટ ઓપરેશન પર માઠી અસર કરે છે. અત્યાર સુધીના નિયમો મુજબ જો રનવે વિઝ્યુઅલ રેન્જ (**RVR**) ૫૫૦ મીટરથી ઓછી હોય, તો વિમાન ઉડાન ભરી શકતું નથી.હવે જ્યારે **RVR** ૫૫૦ મીટરથી ઓછું પણ ૩૫૦ મીટરથી વધુ હશે, ત્યારે પણ ફ્લાઈટ ટેક-ઓફ કરી શકશે.જો કોઈ ફ્લાઈટ લેન્ડિંગ સમયે **RVR** ૫૫૦ મીટર હોય અને ત્યારબાદ ઘટીને ૪૦૦ મીટર થઈ જાય, તો અગાઉ તે ફ્લાઈટ વિઝિબિલિટી સુધરે ત્યાં સુધી ઉડાન ભરી શકતી નહોતી.૨૨ જાન્યુઆરીથી ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડિપાર્ચર માટે મંજૂરી આપવામાં આવશે.જો વિઝિબિલિટી ૩૫૦ મીટરથી નીચે જશે, તો જ ફ્લાઈટ ઓપરેશન બંધ રાખવામાં આવશે.

RVR એ એક એવું અંતર છે કે જે રનવેની સેન્ટરલાઈન પર રહેલો પાઈલટ રનવેના માર્કિંગ અથવા તેની લાઈટ્સને સ્પષ્ટ જોઈ શકે.આ વિઝિબિલિટીના આધારે જ સુરક્ષિત ઉડાન અને ઉતરાણના નિર્ણયો લેવામાં આવે છે.આ નવી વ્યવસ્થાથી શિયાળામાં ધુમ્મસને કારણે ફ્લાઈટ કેન્સલ થવાની કે મોડી પડવાની સમસ્યામાં મોટી રાહત મળશે અને એરપોર્ટની કાર્યક્ષમતામાં વધારો થશે. (૫-૧૪)

પ્રજાસત્તાક પર્વની શહેર કક્ષાની ઉજવણી ચૌધરી હાઇસ્કૂલ ખાતે થશે: ૨૩ મીએ યોજાશે રિહર્સલ

રાજકોટ:તા.૨૦, જાન્યુઆરી-આગામી પ્રજાસત્તાક પર્વની શહેર કક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલના મેદાનમાં યોજાશે, જેના આયોજન અંગે પ્રાંત અધિકારી શ્રી ચાંદનીબેન પરમારના અધ્યક્ષસ્થાને જૂની કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી.

૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વની ઉજવણી ગરિમામય રીતે થાય, તે અંગે સંબંધિત તમામ સરકારી વિભાગના અધિકારીઓને શ્રી ચાંદનીબેન પરમારે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ૨૬ જાન્યુઆરીએ ચૌધરી મેદાન ખાતે યોજાનારા રીયલ ટાઈમ રિહર્સલમાં સંબંધિત અધિકારીઓને ઉપસ્થિત રહેવા તેમણે તાકીદ કરી હતી.

પ્રજાસત્તાક પર્વની શહેર કક્ષાની ઉજવણીમાં દરેક સરકારી વિભાગ પોતાની સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ કરે તે અંગે પ્રાંત અધિકારીએ સૂચનાઓ આપી હતી. કાર્યક્રમ સ્થળે બેઠક વ્યવસ્થા, અવિરત વીજ પુરવઠો, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્લાટુન, જીપ, વિશિષ્ટ સિદ્ધિ મેળવેલ વ્યકિતઓનું સન્માન, ફાયર, એન.સી.સી. હોમગાર્ડઝ વગેરે વિભાગોને યોગ્ય વ્યવસ્થા ગોઠવવા આદેશો આપ્યા હતા. (૩૫-૮)

સાળંગપુર શ્રી કષ્ટભંનજન દેવ હનુમાનજીદાદાને એમ્બ્રોઇડરી વર્કવાળા વાઘા-રંગબેરંગી શેવંતી અને ઓર્કિડના મિક્સ ફૂલોનો શણગાર - ૨૫૧ કિલો બુંદીના લાડુનો અન્નકૂટ

પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી આયોજન : શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા 'જય કષ્ટભંજન'ના નાદ સાથે મંદિર ગુંજી ઉઠ્યું




રાજકોટ, તા.૨૦: શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે આજે મંગળવારના પવિત્ર દિવસે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના મંદિરે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને અત્યંત આકર્ષક અને કલાત્મક શણગાર કરવામાં આવ્યો હતો. હનુમાનજી દાદાને ખાસ એમ્બ્રોઈડરી વર્કવાળા કલાત્મક વાઘા પહેરાવવામાં આવ્યા હતા. શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના સિંહાસને રંગબેરંગી શેવંતી અને ઓર્કિડના મિક્સ ફૂલોનો ઉપયોગ કરી મનોહર શણગાર કરવામાં આવ્યો હતો,દાદાને ૨૫૧ કિલો બુંદીના લાડુનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

મંગળવારના વિશેષ દિવસે વહેલી સવારે ૫:૩૦ કલાકે ભક્તિભાવપૂર્વક મંગળા આરતી અને સવારે ૭:૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાની શણગાર આરતી ઉતારવામાં આવી હતી. આ અવસરે મંદિરના પ્રાંગણમાં પવિત્ર મારુતિ યજ્ઞનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનેક યજમાનોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરવા 'જય કષ્ટભંજન' ના નાદ સાથે મંદિર ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ દાદાના શણગાર અને અન્નકૂટના દર્શન કરી પરમ શાંતિની અનુભૂતિ કરી હતી.(૨૩.૧૩)

દુ:ખદ અવસાન શ્રદ્ધાંજલી
ઉઠમણું બેસણું ની જાહેરાતનો દર
રૂા.૪૦૦/-
(અંદરના પાને)
સાઇઝ ૫ સે.મી. ×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
વધારાના પ્રત્યેક
એક કોલમ સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA
અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો. તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક સાધી શકો છો.

સ્મરણાંજલિ

પરમ પૂજ્ય,
બા
વિત્યા વહાણાં ૧૪ વર્ષનાં... તોયે હૈયુ હજુ ભીંજાય છે...
અમે કદિ ન ભૂલીએ આપને
પ્રકાશગિરિ કાશીગિરિ ગોસ્વામી
વિજયગિરિ કાશીગિરિ ગોસ્વામી
સાગરગિરિ વિજયગિરિ ગોસ્વામી
ઓમ નમઃ નારાયણ
''શાંતિ નિકેતન'', ૭/૪- રામનગર, ગોંડલ રોડ, રાજકોટ.
કૈલાસવાસી
શાંતાબેન કાશીગિરિ ગોસ્વામી
કૈલાસવાસ તા.૨૦-૧-૨૦૧૨
ગ્રંબા (કસ્તુરબાધામ)- રાજકોટ.
MANISH ADS

૧૮મી પૂણ્યતિથિએ
શ્રદ્ધાસુમન

આંસુની કોઈ ભાષા હોય તો, એ ભાષામાં કહીએ...
વિરહની કોઈ લિપિ હોય તો, એ લિપીમાં કહીએ...
જગતની દરેક સમૃદ્ધિ મળે, પણ, કલ્પવૃક્ષ સમી તમારી છાયા કયાંય ન મળે, આશિષ મળ્યા તમારા, હશે પૂણ્ય કોઈ અમારા, જન્મોજન્મ મળો તમે, અંતઃકરણની એ અભિલાષા...
ગં.સ્વ. પ્રફુલ્લાબેન ધીરજલાલ સિધ્ધપુરા
અ.સૌ. કંચનબેન ચંદુભાઈ સિધ્ધપુરા
જયશ્રીબેન હરિકીશનભાઈ વિંછી
કવિતાબેન રિદ્ધીશકુમાર મકવાણા
તથા સિધ્ધપુરા પરિવાર
લુહાર સ્વ. ધીરૂભાઈ હિરજીભાઈ સિધ્ધપુરા
સ્વ. તા. ૨૦-૧-૨૦૦૮

ઋણ સ્વીકાર

સ્વ. શ્રી અરવિંદ વિજયલાલ સંઘવી
સ્વ. તા. ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ | ઉંમર: ૮૭ વર્ષ
અમારા પિતાશ્રીના સ્વર્ગવાસ બાદ આ દુઃખદ અવસરે અમને સાંત્વના પાઠવનાર, અંતિમ યાત્રા તથા પ્રાર્થના સભા/બેસણા સમયે ઉપસ્થિત રહેનાર, રૂબરુ, ફોન, સંદેશા મારફતે શોક સંવેદનાઓ વ્યક્ત કરનાર તમામ સગા-સંબંધીઓ, મિત્રવર્તુળ, પડોશીઓ તથા સ્નેહીજનોનો અમે અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આ કપરા સમયમાં આપ સૌનો પ્રેમ, સહાનુભૂતિ અને સહકાર અમારે માટે અપરિમિત સંભાળરૂપ બન્યો છે. આપ સૌના આ સ્નેહ અને હુંફ માટે અમે સદૈવ આપના ઋણી રહીશું. સંઘવી પરિવારના જય જીનેન્દ્ર
ગં.સ્વ.શર્મિલા અરવિંદ સંઘવી
શ્રી નિશ્ચલ અરવિંદ સંઘવી (+91 98242 30664)

દુઃખદ અવસાન/બેસણું

સ્વ. લાભુબેન નરશીભાઈ મેનપરા
સ્વ.તા. ૧૯-૦૧-૨૦૨૬, સોમવાર
(વિરવાવ, તા. કાલાવડ)
દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી **લાભુબેન નરશીભાઈ મેનપરા**નું તારીખ ૧૯-૦૧-૨૦૨૬ ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
બેસણું : તારીખ ૨૧-૦૧-૨૦૨૬ ને બુધવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે.
સ્થળ : એસ્ટ્રોન સોસાયટી કોમ્યુનીટી હોલ, એસ્ટ્રોન સોસાયટી, એ.પી. કન્યાછાત્રાલય પાસે, રાજકોટ
શ્રી નરશીભાઈ જાદવભાઈ મેનપરા-મો. ૯૮૨૫૮ ૦૩૭૩૭
શ્રી મહેશભાઈ નરશીભાઈ મેનપરા-મો. ૯૮૨૫૨ ૩૭૩૭૮
શ્રી અશોકભાઈ નરશીભાઈ મેનપરા-મો. ૯૮૨૫૨ ૩૭૩૭૨
સ્વ. ભાવેશભાઈ નરશીભાઈ મેનપરા-મો. ૯૨૬૫૯ ૭૩૧૩૭
નિલકંઠ ઇલેકટ્રોનિકસ & નિલકંઠ સેલ્સ-રાજકોટ
SIMPLE

ઉઠમણું બેસણું શ્રદ્ધાંજલી
દુઃખદ અવસાન
ની જાહેરાતનો દર
રૂા.૪૦૦/-
(અંદરના પાને)
સાઇઝ ૫ સે.મી. ×૨ કોલમ
અથવા ૧૦ સે.મી. ×૧ કોલમ
વધારાના પ્રત્યેક એક કોલમ
સે.મી.ના રૂા.૧૨૦
+ 5 % GST EXTRA
અકિલાના રાજકોટ અને પ્રત્યેક ગામ-શહેરના તમામ એજન્ટ ભાઈઓને શ્રદ્ધાંજલી-ઉઠમણું-બેસણું-અવસાનની જાહેરાત આપી શકો છો.
તકલીફ પડે તો ૦૨૮૧-૨૪૪૫૧૧૧ ઉપર સંપર્ક કરો

નવી રિજિમમાં પણ NPS પર વધારાની કપાતનો લાભ : નવી રિજિમમાં ટર્મ લાઇફ અને હેલ્થ ઇન્શ્યોરન્સ પર ડિડક્શન

બજેટમાં પાંચ મોટાં એલાનોથી ટેક્સપેયર્સની ફરિયાદો દૂર થશે

નવી દિલ્હી તા.૨૦: નાણાપ્રધાને પાછલા બજેટમાં ટેક્સપેયર્સને મોટી રાહત આપી હતી. આ વખતે પણ ટેક્સપેયર્સને નાણાપ્રધાનથી ઘણી અપેક્ષાઓ છે. ખાસ કરીને ઈન્કમ ટેક્સની નવી રિજિમમાં ખાસ ડિડક્શનના અલાનની અપેક્ષા છે.



ઈન્કમ ટેક્સની નવી રિજિમમાં મોટા ભાગનાને ડિડક્શન્સ નથી મળતાં. જોકે સેક્શન 80CCD (૨) હેઠળ કર્મચારીના NPS ખાતામાં એમ્પ્લોયર દ્વારા કરાયેલા યોગદાન પર ડિડક્શન મળે છે. નિષ્ણાતોનું માનવું છે કે સેક્શન 80CCD(1B) હેઠળ NPSમાં કરાયેલા યોગદાન પર મળતી વધારાની રૂ.૫૦,૦૦૦ના ડિડક્શનનો લાભ નવી રિજિમના ટેક્સપેયર્સને પણ મળવો જોઈએ. સરકાર આ ડિડક્શન વધારીને રૂ. ૧ લાખ કરે તો NPSમાં લોકોનો રસ વધશે.

બજેટ ૨૦૨૪માં સરકારે નવી ટેક્સ રિજિમને ડિફોલ્ટ બનાવી હતી. એટલે કે જો વ્યક્તિગત ટેક્સપેયર અથવા HUF ઓલ્ડ રિજિમ પસંદ કરવા માંગે તો તેને સેક્શન 10-IE હેઠળ તેની જાહેરાત કરવી પડે છે. ઘણા ટેક્સપેયર્સ આ જાહેરાત કરવાનું ભૂલી જાય છે અથવા પ્રક્રિયામાં ભૂલ થાય છે. જો સરકાર સીધા ITR ફોર્મમાં જ ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ આપી દે, તો આ સમસ્યા દૂર થઈ શકે.

PFRDA દ્વારા તાજેતરમાં ફ્રેમ્લમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં સૌથી મહત્વનો ફેરફાર વિથડ્રોલ નિયમોને લઈને છે. હવે જો સબ્સક્રાઈબરના ખાતામાં રૂ. ૮ લાખ સુધીની રકમ હોય તો મેચ્યોરિટી પર આખી રકમ એક વારમાં કાઢી શકાય છે. જો રકમ રૂ. ૮ લાખથી વધુ હોય તો ૮૦ ટકા સુધી વિથડ્રોલ કરવાની મંજૂરી છે, જ્યારે અગાઉ આ મર્યાદા ૬૦ ટકા હતી. પરંતુ વધારાના ૨૦ ટકા વિથડ્રોલ પર ટેક્સ લાગશે કે નહીં, તે અંગે હજુ સ્પષ્ટતા નથી.

નિષ્ણાંતો કહે છે કે નવી ટેક્સ રિજિમ હેઠળ પણ ટર્મ લાઈફ ઈન્શ્યોરન્સ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર ડિડક્શન મળવાં જોઈએ. આ પગલાથી ટર્મ અને હેલ્થ ઈન્શ્યોરન્સમાં લોકોનો રસ વધશે. આજના સમયમાં ટર્મ અને હેલ્થ ઈન્શ્યોરન્સ દરેક પરિવાર માટે આવશ્યક બની ગયાં છે. હાલ આ ડિડક્શન ફક્ત ઓલ્ડ ટેક્સ રિજિમમાં જ ઉપલબ્ધ છે.

ICAI (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા)એ સરકારને પતિ અને પત્ની માટે સંયુક્ત ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની સુવિધા આપવાની ભલામણ કરી છે. આથી પરિવાર પરનો ટેક્સ બોજ ઘટશે. હાલ પતિ અને પત્નીને અલગ-અલગ ITR ફાઈલ કરવું પડે છે. જોઈન્ટ રિટર્ન ફાઈલ કરનારાઓ માટે બેસિક એક્ઝેમ્પ્શન લિમિટ અને ટેક્સ સ્લેબ્સ વધારી શકાય. અમેરિકા સહિત ઘણા દેશોમાં પતિ-પત્નીને સંયુક્ત ટેક્સ રિટર્ન ફાઈલ કરવાની મંજૂરી છે.(૩૮.૭)

એકલા jio પાસે ૨૫ કરોડ 5G વપરાશકર્તાઓ

દેશમાં 5G સબ્સ્ક્રાઇબર્સની સંખ્યા ૪૦ કરોડને વટાવી ગઇ

નવી દિલ્હી, તા.૨૦: ભારતે ૫G ક્ષેત્રમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. દેશમાં ૫G સબ્સ્ક્રાઈબર્સની સંખ્યા ૪૦૦ મિલિયનને વટાવી ગઈ છે. આમાંથી, એકલા Jio પાસે ૨૫૦ મિલિયન ૫G વપરાશકર્તાઓ છે.



ભારતમાં ૫G નેટવર્ક વપરાશકર્તાઓની સંખ્યા ૪૦૦ મિલિયનને વટાવી ગઈ છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ડેટા દર્શાવે છે કે ભારતમાં ૫G ઉપયોગ સતત વધી રહ્યો છે. એકલા રિલાયન્સ જિયોમાં ૨૫૦ મિલિયનથી વધુ ૫G વપરાશકર્તાઓ છે. વિશ્વભરમાં ૫G વપરાશકર્તાઓની સંખ્યા પર નજર કરીએ તો, ભારત હવે બીજા સ્થાને પહોંચી ગયું છે. ચીનમાં ૫G વપરાશકર્તાઓની સંખ્યા સૌથી વધુ છે, ત્યાં ૧ અબજથી વધુ લોકો ૫G મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરે છે. અહેવાલો અનુસાર, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું ૫G નેટવર્ક અપનાવનાર દેશ છે.

ઉલ્લેખનીય છે કે, એરટેલ દેશમાં ૫G લોન્ચ કરનાર સૌપ્રથમ હતું. બાદમાં, જિયો પણ આ સ્પર્ધામાં ઉતર્યો અને આગળ ઉભરી આવ્યો. TRAIના એક અહેવાલમાં એ પણ સૂચવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં ૫G જમાવટની દ્રષ્ટિએ Jio શ્રેષ્ઠ ઓપરેટર છે.

મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૨,૪૦૦ નવા ૫G ટાવર લગાવાયા: એરટેલે ગયા વર્ષે મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં ૨,૪૦૦ થી વધુ નવા ૫G ટાવર લગાવ્યા છે. એક અહેવાલ મુજબ, કંપની માને છે કે આનાથી બંને રાજ્યોમાં ઈન્ટરનેટની ગતિ વધશે અને કવરેજમાં સુધારો થશે. નેટવર્કનો વિસ્તાર ૮૭ જિલ્લાઓમાં કરવામાં આવ્યો છે, જેનાથી ૩૬ મિલિયન ગ્રાહકોને ફાયદો થયો છે.(૨૩.૨)

તાપમાન -૨૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટી ગયું: ચોથા માળ સુધી ઇમારતો દટાઇ ગઇ, બાળકોને બરફમાં રમવા માટે મજબૂર કરવામાં આવ્યા

રશિયાના કામચાટકામાં ૩૦ વર્ષમાં સૌથી ભારે હિમવર્ષા: શહેર ૧૩ ફૂટ બરફ નીચે દબાઇ ગયું: કટોકટી જાહેર

મોસ્કો તા.૨૦: આ શિયાળામાં રશિયાના કામચાટકામાં લગભગ ચાર મીટર બરફ જમા થયો છે, જેમાં તાપમાન -૨૧ ડિગ્રી સેલ્સિયસ જેટલું ઘટી ગયું છે. પેટ્રોપાવલોવસ્ક-કામચાટસ્કીમાં બરફના તોફાનને કારણે બે લોકો માર્યા ગયા છે અને કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. છત પરથી સમયસર બરફ દૂર કરવામાં નિષ્ફળ રહેવા બદલ મેયરે પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીઓની કડક ટીકા કરી છે.



રશિયાના પૂર્વીય પ્રદેશ કામચાટકામાં આ શિયાળો છેલ્લા ૩૦ વર્ષોમાં સૌથી વધુ ગંભીર સાબિત થઈ રહ્યો છે. એક વાયરલ પોસ્ટ પરિસ્થિતિની ગંભીરતા પર પ્રકાશ પાડે છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આ વિસ્તારમાં ૧૩ ફૂટ (લગભગ ૪ મીટર) સુધી બરફ જમા થયો છે. જોરદાર, ઠંડા પવનોએ બરફને ઉંચા ઢગલાઓમાં ફેરવી દીધો છે, જાણે પવને બધો બરફ ભેગો કરી દીધો હોય અને ટાવર બનાવી દીધા હોય. તાપમાન પણ ખતરનાક રીતે નીચા સ્તરે પહોંચી ગયું છે, -૫.૮ઓજ(લગભગ -૨૧ઓદ) સુધી પહોંચી ગયું છે.

કામચાટકામાં આવેલા શક્તિશાળી બરફના તોફાને ઘણા શહેરોને સંપૂર્ણપણે બરફમાં દફનાવી દીધા છે. ધ મોસ્કો ટાઈમ્સ અનુસાર, રાજધાની પેટ્રોપાવલોવસ્ક-કામચાટસ્કીમાં બરફના ઢગલા અને છત પરથી બરફ સરકવાને કારણે ઓછામાં ઓછા બે લોકો મૃત્યુ પામ્યા છે. પ્રથમ મૃત્યુની પુષ્ટિ બાદ, શહેરના મેયરે બરફ દૂર કરવા અને રાહત કામગીરી માટે વધારાના સંસાધનો એકત્રિત કરવા માટે શહેરવ્યાપી કટોકટી જાહેર કરી.

મેયર બેલ્યાયેવે પ્રોપર્ટી મેનેજમેન્ટ કંપનીઓ પર ગુસ્સો વ્યક્ત કરતાં કહ્યું કે તેઓ સમયસર છત પરથી બરફ દૂર કરવામાં નિષ્ફળ ગયા અને તોફાન પસાર થવાની રાહ જોઈ. જોરદાર પવન અને સતત બરફવર્ષાને કારણે ઘણી ઈમારતોની છત પર ખતરનાક પ્રમાણમાં બરફ જમા થયો, જે અચાનક પડવા લાગ્યો, જેના કારણે અનેક અકસ્માતો થયા.

સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે. એક વીડિયોમાં, બાળકો બરફના મોટા ઢગલા પર સરકતા જોવા મળે છે. બીજામાં, ઈમારતો ચોથા માળ સુધી દટાઈ ગઈ છે, જાણે કે આખો વિસ્તાર સફેદ સમુદ્રમાં ફેરવાઈ ગયો હોય. ઘણા વીડિયોમાં, વાહનો સંપૂર્ણપણે ગાયબ હતા, ફક્ત બરફના ઢગલા દેખાતા હતા.

રશિયાના કટોકટી મંત્રાલયે વીડિયો બહાર પાડ્યા છે જેમાં બતાવવામાં આવ્યું છે કે બચાવ કાર્યકરો તેમના ઘરોમાં ફસાયેલા વૃદ્ધ લોકો સુધી પહોંચવા માટે બરફના ઊંચા ઢગલા કાપી રહ્યા છે. સતત બરફવર્ષાને કારણે શાળાઓ બંધ થઈ ગઈ છે, જાહેર પરિવહન બંધ થઈ ગયું છે અને ઘણા વિસ્તારોમાં વીજળી અને પુરવઠા શૃંખલા પર દબાણ આવ્યું છે.

કામચાટકામાં માત્ર હિમવર્ષાના આક્રમણ જ નહીં, પણ છત પરથી પડી રહેલો બરફ, લપસણા રસ્તાઓ, ફસાયેલી કાર અને સતત ઘટી રહેલા તાપમાનને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે, અને અધિકારીઓ રાહત પ્રયાસો ચાલુ રાખી રહ્યા છે.(૩૮.૯)

હિમાચલમાં બરફવર્ષા, અમૃતસરમાં પારો ગગડી ૧.૭ ડિગ્રી

ઉ.ભારતમાં કાતિલ કોલ્ડવેવ: સોનમર્ગ -૮.૯ ડિગ્રી ઠંડીમાં થીજ્યું

નવી દિલ્હી તા.૨૦: દિલ્હી, હરિયાણા, પંજાબ, યુપી, હિમાચલપ્રદેશ સહિતના ઉત્તર ભારતમાં રવિવારે કોલ્ડ વેવનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. જમ્મુ કાસ્મીરનું સોનમર્ગ માઈનસ ૮.૯ ડિગ્રી ઠંડીમાં થીજી ગયું હતું, જ્યારે હિમાચલપ્રદેશમાં હળવી બરફવર્ષા થઈ હતી. પંજાબના અમૃતસરમાં લઘુત્તમ તાપમાન ગગડીને ૧.૭ ડિગ્રી થયું હતું. ઠંડીના પ્રકોપ સાથે ગાઢ ધુમ્મસને કારણે ઘણા માર્ગ અકસ્માતો પણ થયા હતાં.



હરિયાણાના નૂહમાં કુંડલી-માનેસર-પલવલ (KMP) એક્સપ્રેસ-વે પર ગાઢ ધુમ્મસને કારણે અનેક વાહનો વચ્ચે થયેલા અકસ્માતમાં ટ્રક ડ્રાઈવર સહિત બે લોકો જીવતા ભળથુ થયાં હતાં. આ અકસ્માતને કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને એક્સપ્રેસ વે પર ટ્રાફિક ખોરવાયો હતો. ઉત્તરપ્રદેશના બરેલી જિલ્લામાં પણ ગાઢ ધુમ્મસ વચ્ચે દિલ્હી-લખનૌ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઓછામાં ઓછા ૨૦ વાહનો અથડાયા હતાં અને તેનાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને ઓછામાં ઓછા ૨૪ લોકો ઘાયલ થયા હતાં.

જમ્મુ-કાશ્મીરમાં સોનમર્ગ ખીણપ્રદેશનું સૌથી ઠંડુ સ્થળ બન્યું હતું, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૮.૯ ડિગ્રી નોંધાયું હતું. શ્રીનગરમાં માઈનસ ૪.૮, દક્ષિણ કાશ્મીરના શોપિયાનમાં માઈનસ ૬.૭, પહલગામમાં માઈનસ ૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

હિમાચલપ્રદેશના લાહૌલ અને સ્પીતિ જિલ્લા સહિતના ઊંચા પહાડી વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવી બરફવર્ષા જોવા મળી હતી. હમીરપુર, ઉના અને મંડીમાં ઠંડીનું મોજું જોવા મળ્યું હતું, જ્યાં તાપમાન અનુક્રમે ૨.૧, ૨.૭ અને ૩.૯ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગે ૨૦ જાન્યુઆરી સુધી પહાડી વિસ્તારોમાં હળવી બરફવર્ષા ચાલુ રહેવાની આગાહી કરી હતી. પંજાબના અમૃતસર સહિતના વિસ્તારોમાં કડકડતી ઠંડી ચાલુ રહી હતી. અમૃતસરમાં ૧.૭ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. પડોશી રાજ્ય હરિયાણાના હોશિયારપુરમાં લઘુત્તમ તાપમાન ૩.૪ ડિગ્રી રહ્યું હતું. ચંદીગઢમાં રાત્રે ઠંડી ૫.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી ઓછું છે.(૩૮.૬)

કાશ્મીર, હિમાચલ, ઉત્તરાખંડમાં હિમવર્ષા માટે મોટું અપડેટ

૨૨-૨૩ દરમિયાન કાશ્મીર અને હિમાચલ પ્રદેશના મેદાની વિસ્તારોમાં ભારેથી અતિ ભારે હિમવર્ષા: વેધરમેન ઉતમ માળી

ટંકારા તા.૨૦: ૨૨ અને ૨૩ જાન્યુઆરી દરમિયાન કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાંના મેદાની વિસ્તારોમાં ભારે થી અતિ ભારે હિમવર્ષા થવાની દ્રઢ શક્યતા છે.

..હાલના વિશ્લેષણ મુજબ, ૨૨ જાન્યુઆરીની રાતથી કાશ્મીરના મોટા ભાગના મેદાની વિસ્તારોમાં સીઝનની પહેલી હિમવર્ષાની શરૂઆત થવાની સંભાવના છે.

૨૩ જાન્યુઆરીએ, ઉત્તર કાશ્મીર અને મધ્ય કાશ્મીરમાં મધ્યમથી ભારે હિમવર્ષા થવાની શક્યતાં હિમાચલ પ્રદેશમાં ઉત્તરકાશી કેદારનાથમાં પણ ભારે ૨૨ થી ૨૪ જાન્યુઆરીની સવાર સુધી, સાઉથહિમવર્ષા જોવા મળશે.

ખાસ નોંધનીય બાબત કાશ્મીરના મધ્ય અને મેદાની વિસ્તારોમાં ભારેથી અતિ ભારે હિમવર્ષા શક્ય છે. સાથે સાથે હિમાચલ ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા જોવા મળવાની છે.

અંદાજિત હિમ સંગ્રહ (એક્યુમિલેશન) દક્ષિણ કાશ્મીર (મેદાન): આશરે ૮ ઇંચથી ૨ ફૂટ સુધી: મધ્ય અને ઉત્તર કાશ્મીર (મેદાન) આશરે ૬ ઇંચથી ૧ ફૂટ સુધીનો સારો હિમવર્ષાનો સ્પેલ.(જયેશ ભટાસણા: અકિલા -ટંકારા) (૩.૯)

જાહેર નોટીસ

આથી હું નીચે સહિ કરનાર વાટિયા દિલિપ રામજીભાઈ, ઉંમર વર્ષ : ૩૯, ધંધો : મજુરી, રહેવાસી : મુ. ખારચીયા, તા.જી. રાજકોટ આથી મારા ધર્મ પ્રમાણેના સોગંદ લઈ જાહેર કરૂ છું કે, મારા આધાર કાર્ડ તથા અન્ય બધા જ ડોક્યુમેન્ટમાં મારૂ નામ વાટિયા દિલિપ રામજીભાઈ છે જ્યારે મારા જન્મ પ્રમાણપત્રના દાખલામાં મારૂ નામ વાટીયા દિપક રામજીભાઈ છે. આમ વાટિયા દિલિપ રામજીભાઈ તથા વાટીયા દિપક રામજીભાઈ બન્ને વ્યક્તિ હું પોતે એક જ છુ.

વાટિયા દિલિપ રામજીભાઈ
મો. ૯૯૭૯૧ ૦૨૫૭૮

નામ બદલાવેલ છે

આથી હું ડાભી ભરતસિંહ ભુપતસિંહ જાહેર કરૂ છું કે મેં મારું નામ ડાભી ભરત ભુપતજીમાંથી બદલી ડાભી ભરતસિંહ ભુપતસિંહ કરેલ છે. હવેથી હું ડાભી ભરતસિંહ ભુપતસિંહ તરીકે ઓળખાઈશ, જેની સૌએ નોંધ લેવી. ગામ વાજડી વડ તા. લોધીકા જી. રાજકોટ

સંકુલ KG થી ધો. ૧૨
ICSE - GSEB બોર્ડ
ઈંગ્લીશ મિડીયમ
કોમર્સ સાયંસ પ્રવેશ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી ગુજરાત - Ad 175

બીલ્ડીંગ વેચવાનું છે
મેડીકલ / મોબાઈલ, હોલસેલ માટે અનુકુળ
પંચનાથ પ્લોટ, ૨૧૦ વાર જમીન (G+5)
૯૦૦૦ સ્કે. ફીટ બાંધકામ
૯૮૨૫૨ ૬૪૦૬૩

પ્લોટ વેચવાનો છે
વાજડી વીરડા સર્વે ૩૨
ગ્રેસીયષ રેસીડન્સી,
૧૮૩ વાર, કાટખુણો,
૩૦'૦'' + ૨૫'૦''ના રોડ
૮૯૮૦૩ ૭૭૩૨૩

પ્લોટ વેચવાનો છે
કણકોટ સર્વે ૯૦/પૈકી,
રોયલ પાર્ક ૧૪૦ વાર
૪૦'૦'' + ૨૫'ના રોડ
પૂર્વ-પશ્ચિમ રોડ
૮૯૮૦૩ ૭૭૩૨૩

કસમાં મોકાનો 500 વારનો
પ્લોટ વેચવાનો છે
સાધુ વાસવાણી રોડ ઉપર, ગાર્ડન સીટી પાસે, બોમ્બે હાઉસીંગ ચોકમાં, રાજકોટ.
હોસ્પિટલ • શો-રૂમ • કોમર્શીયલ લાયક
Mo. 98240 42928

મલ્ટી-સ્ટેટ કો-ઓપ. સોસાયટીઝ એક્ટ ૨૦૦૨ની કલમ ૮૪(૪) મુજબ સેન્ટ્રલ રજીસ્ટ્રાર દ્વારા તા.૮/૨/૨૦૧૨થી નિમાયેલ સ્ટેચ્યુટરી આર્બીટ્રેટર શ્રી એ.એસ.ખંધાર (નિવૃત અધિક રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગર).
૩૦૩-નક્ષત્ર-૨, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ.

જાહેર સમન્સ

હાજર રહેવાનું સ્થળ: ૩૦૩-નક્ષત્ર-૨, ૧૫૦ ફૂટ રીંગ રોડ, કે.કે.વી. હોલ સામે, રાજકોટ

આથી નીચે જણાવેલ શખ્સોને ખબર આપવામાં આવે છેકે, શ્રી રાજકોટ નાગરીક સહકારી બેન્ક લિ.રાજકોટ તરફથી તેઓ સામે નીચે મુજબ આરબીટ્રેશન કેસ કરવામાં આવેલ છે.સદરહુ દાવાના સમન્સ બજવણી પોસ્ટ ખાતા મારફત કરતા સમન્સ પરત આવેલ છે તેથી આ જાહેર સમન્સથી તમોને જણાવવામાં આવે છે કે તા. ૦૨-૦૨-૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ઉપર દર્શાવેલ સ્થળે આ કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવું.આ તારીખે આખરી સુનાવણી હોઈ તમામ આધાર પુરાવા સહીત હાજર રહેવું. આ તારીખે તેમ કરવામાં કસુર થશે તો તેમની સામે ગેરહાજરીમાં કેસ ચલાવી લેવામાં આવશે.
આજરોજ કોર્ટનું સીલ મારી સહી કરી.

વાદી :- રાજકોટ નાગરિક સહકારી બેંક લી., રાજકોટ.

કેસ નં.	પ્રતિવાદી	સરનામું	લોની/જામીન	દાવાની રકમ રૂા.
૧૬૮/૨૫	૧. શ્રી વઘોરા રક્ષાદેવી પ્રવિણભાઈ	ભારતવાસ શેરી નં.૫, સુભાષબ્રિજ વિસ્તાર, જામનગર-૧	લોની	૨,૦૨, ૬૫૧/૨૬
	૨. શ્રી વઘોરા પ્રવિણભાઈ મોહનલાલ	-સદર-	જામીન	
	૩. શ્રી ચૌહાણ ઉકેશભાઈ સોમાભાઈ	ભુખી રોડ, સિધ્ધાર્થનગર, પાણીના ટાંકા પાસે, ધોરાજી -૩૬૦ ૪૧૦.	જામીન	
૧૭૦/૨૫	શ્રી ટોળીયા પ્રફુલભાઈ શૈલેષભાઈમાં ૩.શ્રી વરણીયા રાજેશભાઈ જેઠુરભાઈ	આનંદ રેસીડન્સી, બ્લોક નં. ૩૬૧, પીપળીયા પાળ રોડ, રાજકોટ. મો.નં. ૭૩૧૧૧૧૧૩૦૭		૪, ૮૧, ૫૧૫/૩૮
૧૭૧/૨૫	૧. શ્રી ચાવડા પ્રશાંતભાઈ ઘનશ્યામભાઈ	મીશન પ્લોટ શેરી નં. ૧, દાળમીલ રોડ, પનામા ફેક્ટરી પાસે, સુરેન્દ્રનગર. મો.નં. ૯૪૨૬૪૯૩૫૫૫	લોની	૧,૯૩,૯૦૪/૦૦
	૨. શ્રી ચાવડા ઘનશ્યામભાઈ કાંતીલાલ	દીવ્યાંશ ગુણાતીતનગર ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા રોડ, રોજરી સ્કૂલ પાસે, રાજકોટ મો.નં. ૯૪૨૬૪૯૩૫૫૫	જામીન	
	૩. શ્રી ચાવડા કુસુમબેન પોપટલાલ	દીવ્યાંશ ગુણાતીતનગર ૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા રોડ, રોજરી સ્કૂલ પાસે, રાજકોટ.	જામીન	
૧૭૩/૨૫	૧. શ્રી પરમાર શાંતાબેન દીલીપભાઈ	જોડીયા હનુમાન મંદિર સામે, ખીરસરા રોડ, જેતપુર. મો.નં. ૯૫૮૬૫૩૯૧૪૦	લોની	૩,૩૧,૪૧૦/૦૦
	૨. શ્રી પરમાર કિશનભાઈ દીલીપભાઈ	જોડીયા હનુમાન મંદિર સામે, ખીરસરા રોડ, જેતપુર. મો.નં. ૯૯૭૮૨૨૮૦૧૭	જામીન	
૧૭૬/૨૫	૧. શ્રી સોલંકી કૃણાલભાઈ જગદીશભાઈ	પ્રભાત સોસાયટી બ્લોક નં. ૨૪, વૃંદાવન શેરી નં. ૩, સુરેન્દ્રનગર. મો.નં. ૯૭૨૪૧૧૫૫૫૬	લોની	૩,૨૩, ૧૧૨/૬૮
	૨. શ્રી સોલંકી જગદીશભાઈ લીલાધરભાઈ	-સદર-	જામીન	
૧૮૦/૨૫	સૈયદ રૂખસાનાબેન પરવેઝભાઈમાં ૩. સુમેરા સાદિકભાઈ કુરેશી	ભારતીનગર શેરી નં.૧, રામ મંદિર પાસે, ગાંધીગ્રામ, રૈયા રોડ, રાજકોટ.	જામીન	૬,૪૦,૯૫૨/૦૨
૧૮૫/૨૫	૧. વાઘેલા સોનલબેન રાજુભાઈ	અવધ પાર્ક, એચ.પી.પેટ્રોલ પંપની સામે, રેલનગર, રાજકોટ.	લોની	૧૨,૫૦,૮૪૫/૨૦
	૨. વાઘેલા નિલેશભાઈ રાજુભાઈ	બ્લોકનં. ૧૮, પરસાણાનગર મેઈન રોડ, રામનાથ પાર્ક પાછળ, જામનગર રોડ, રાજકોટ.	જામીન	
	૩. વાઘેલા કિશન રાજુભાઈ	-સદર-	જામીન	
	૪. પરમાર સુરેશભાઈ અમુભાઈ	અવધ પાર્ક, એચ.પી. પેટ્રોલ પંપની સામે, પ્લોટ નં. ૧૮/૧ રેલનગર, રાજકોટ.	જામીન	

રાજકોટ
તા. ૧૬-૦૧-૨૦૨૬

(એ. એસ. ખંધાર)
આર્બીટ્રેટર, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ., રાજકોટ
COURT SEAL

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM VADIA MEGHJI MULJI TO VADIYA MEGHJIBHAI MULJIBHAI SO NOW I WILL BE KNOWN AS VADIYA MEGHJIBHAI MULJIBHAI
ADDRESS :- GAYTRI KRUPA, JETPUR ROAD, NEAR SHASTRI NAGAR, KRUSHNA NAGAR 2,GONDAL-360311
MY FATHER NAME :- VADIYA MULJIBHAI PREMJIBHAI
MY MOTHER NAME :- VADIYA DAYABEN MULJIBHAI
MY SPOUSE NAME :- VADIYA LAJVANTIBEN MEGHJIBHAI

પશ્ચિમ રેલ્વે
રાજકોટ મંડળ
બીટીપીએન વેગન સ્ટીમ ક્લિનિંગ સુવિધાઓનો વિસ્તાર

ટેન્ડર નોટિસ નંબર : DRM/RJT/E-Tender/2025-2026/46 (EL) તા. ૧૬.૦૧.૨૦૨૬ ટેન્ડર નંબર : DRM/RJT/EL/2025-2026/46. (૧) કામનું નામ : હાપા : બીટીપીએન વેગન સ્ટીમ ક્લિનિંગ સુવિધાઓનો વિસ્તાર. (૨) અંદાજિત ખર્ચ : રૂ. ૩૩,૧૩,૭૪૨.૬૦/-, (૩) ઇએમડી મૂલ્ય : રૂ. ૬૬,૩૦૦/-, (૪) ઓનલાઇન અરજી કરવાની તારીખ અને સમય : ૦૯.૦૨.૨૦૨૬ના રોજ ૧૫.૦૦ કલાક સુધી. (૫) કાર્યાલયનું સરનામું : મંડળ રેલવે પ્રબંધક (ઇલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧, વેબસાઇટ વિવરણ : "www.ireps.gov.in" RJT 186
અમને લાઇક કરો: facebook.com/WesternRly

સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા
Central Bank of India
"CENTRAL" TO YOU SINCE 1911
પ્રોપર્ટી એક્સપો
તા. ૨૨.૦૧.૨૦૨૬
સમય : સવારે ૧૧ થી બપોરે ૨ સુધી
સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, રીજનલ ઓફિસ રાજકોટ, BSNL બિલ્ડીંગ, અરવિંદભાઈ મણિયાર હોલ/ જ્યુબેલિ ગાર્ડન સામે, જવાહર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.
સંપર્ક નંબર : ૯૫૧૬૧ ૭૦૧૦૦, ૯૪૨૮૨ ૯૮૬૯૫
આથી જાહેર જનતાને જણાવવાનું કે, સ્થાવર/ જંગમ મિલ્કતો કે જેમાં વિવિધ પ્લોટ, ઔદ્યોગિક શેડ, રહેણાંક મકાન / ફ્લેટ તથા મશીનરીઝનો સમાવેશ થાય છે અને જે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના સાંકેતિક અથવા પ્રત્યક્ષ કબજા હેઠળ છે તે મિલકતનાં સંદર્ભમાં જે વિગતો જોઇતી હોય તે અંગેની તમામ વિગતો નીચે દર્શાવ્યા મુજબના સ્થળે તારીખ ૨૨.૦૧.૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ પ્રોપર્ટી એક્સપો માં જોઇ શકાશે. આ મિલ્કતોનું બેંક દ્વારા ઈ-હરાજી થી વેચાણની પ્રક્રિયા ચાલુ છે. તેના માટે જાહેર જનતાને આમંત્રિત કરવામાં આવે છે.
રહેણાંક જમીન અને ફ્લેટ • કોમર્શીયલ દુકાન
ઔદ્યોગિક જમીન અને શેડ તથા વિવિધ પ્લાન્ટ અને મશીનરીઝ
દલાલ ભાઈઓ આવકાર્ય
સ્થળ : હોટલ પ્લેટિનમ, જવાહર રોડ, જ્યુબેલિ ગાર્ડન પાસે, રાજકોટ-૩૬૦૦૦૧

Change of Name

I, **HIREN KISHORBHAI KALAVADIA** HERE BY DECLARE THAT MY MAJOR DAUGHTER'S OLD NAME **SWARA HIRENBHAI KALAVADIA** HAS BEEN CHANGED AS **SWARA HIREN KALAVADIA** AND NOW ONWARDS SHE WILL BE KNOWN BY NEW NAME **SWARA HIREN KALAVADIA**, HER FATHER'S OLD NAME **HIRENBHAI KALAVADIA** HAS BEEN CHANGED AS **HIREN KISHORBHAI KALAVADIA** AND NOW ON WARDS HER FATHER WILL BE KNOWN BY NEW NAME **HIREN BHAIKISHORBHAI KALAVADIA** , HER MOTHER'S OLD NAME **MONALIBEN KALAVADIA** HAS BEEN CHANGED TO AS **MONALI HIRENBHAI KALAVADIA** AND NOW ON WARDS HER MOTHER WILL BE KNOWN BY NEW NAME **MONALI HIRENBHAI KALAVADIA.** RAJKOT.

SD/- HIREN KISHORBHAI KALAVADIA
ADD.: PARK AVENUE FLAT NO. A1-801 SANKET PARK, NR NANA MOVA CIRCLE, NANA MOVA MAIN ROAD, RAJKOT, GUJARAT- 360005



ફાયદાથી
પેન્ટ પીસ
₹450 થી ₹2000
રેમન્ડ - દિગ્જામ - સિયારામ • શુટ, શફારી, કુર્તા માટે કાપડ
મોહિત
સ્વામી વિવેકાનંદના પૂતળા પાછળ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
બ્રાન્ચ : મોહિત - Nx
રામકૃષ્ણ ડેરીની બાજુમાં, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ. M. 90999 19962
MANISH

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃદ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)
7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ
9.00% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

દૂધ સાગર માર્ગ, નવા પાવર હાઉસ પાસે, રાજકોટ-૩૬૦૦૦૩.
ફોન નં. ૭૦૬૯૬ ૮૯૭૯૯ / ૯૭૭૩૧ ૧૬૬૮૪

-:: ટેન્ડર નોટીસ ::-

જનરેલ સ્ક્રેપ વેચાણ વાર્ષિક ધોરણે (વર્ષ ૨૦૨૬-૨૭)

સંઘમાં એકત્રિત થયેલ સ્ક્રેપ જેવા કે વેસ્ટેજ પોલીથીન ફીલ્મ ની થેલીઓ, પેપર કોર ભૂંગળા, લોખંડનો/એલ્યુમિનિયમનો/કોપરનો/એસ.એસ. નો સ્ક્રેપ, પ્લાસ્ટીકના તૂટેલા ક્રેટ, સ્ક્રેપ ટાયર, પેપર પસ્તી, કાચનો સ્ક્રેપ, કાર્ડબોર્ડ બોક્સીસ, લાકડાનો સ્ક્રેપ, ઘીના ખાલી ટીન(૧કીલો, ૫કીલો, ૧૫ કીલોના), સ્ક્રેપ સીમેન્ટના પતરા, એમ. એસ. ડ્રમ, બળેલું ઓઈલ, રેજેક્ટેડ કેબલ, દહી ની ખાલી ડબીઓ. વગેરે સ્ક્રેપ

:: શરતો ::

(૧) રસ ધરાવતા આસામીઓએ ટેન્ડર ફોર્મ રવિવાર તથા જાહેર રજા ના દિવસો સિવાય (વાર્ષિક જનરલ સ્ક્રેપના રૂા. ૨૦૦૦) કેશ વિભાગમાં ભર્યા બાદ મળી શકશે. જે ફોર્મ ની રકમ પરત મળવાને પાત્ર નથી.(રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ /આરટીજીએસ, એનઈએફટી/બેન્ક ટ્રાન્સફર/રોકડાથી ભરી શકાશે.)
(૨) ભરેલ ટેન્ડર ફીની રસીદ દર્શાવ્યાથી ટેન્ડર સ્ટોર વિભાગમાંથી મેળવવાના રહેશે.
(૩) ટેન્ડર લઈ જવાની તા. ૨૧-૦૧-૨૦૨૬ થી તા. ૨૯-૦૧-૨૦૨૬ સુધીની રહેશે આ વિગત ના ભરેલા ટેન્ડરો ઓફિસ ના કામ કાજ દરમ્યાન રજાના દિવસ સિવાય પરત કરવાની મુદત તા. ૩૧-૦૧-૨૦૨૬ ૧૬:૦૦ કલાક સુધીની રહેશે.
(૪) કવર ઉપર ''જનરલ સ્ક્રેપ વેચાણ વાર્ષિક લખવું જરૂરી છે.
(૫) ટેન્ડરો સંપૂર્ણ કે અંશતઃ રદ કરવાનો અબાધિત અધિકાર મેનેજમેન્ટ નો રહેશે.

ઈ. મેનેજીંગ ડીરેક્ટર

EDITORIAL
તંત્રી સ્થાનેથી....
અકિલા
તા.૨૦- ૦૧- ૨૦૨૬

ચૂંટણીમાં હિન્દુત્વ, બાદમાં બંધુત્વ!

ભાગવતજીએ ગુજરાતના ભાજપી નેતાઓને નવેસરથી હિન્દુત્વના પાઠ ભણાવવા પડે તેવી સ્થિતિ: ૩૦ વર્ષની સત્તા છતાં હિન્દુઓમાં ફફડાટ

રાજકોટમાં અશાંતધારાની મુદત લંબાવાઈ તેનું ગૌરવ નેતાગીરી લઈ રહી છે, પણ આ ધારો લાગુ કરવો પડે એ સ્થિતિ બન્યાના કારણોમાં જાવ તો સાચો ખ્યાલ આવે. રાજકોટની ધરતી પર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતજીનું આગમન હંમેશા નવી વૈચારિક દિશા પ્રદાન કરનારૂ હોય છે. રાજકોટની મુલાકાત વખતે તેઓ અનેક વિશેષ લોકોને મળી રહયા છે. એક સળગતો પ્રશ્ન સૌના મનમાં છે, શું સત્તાના ત્રીસ વર્ષ પછી હિન્દુત્વ માત્ર ચૂંટણી જીતવાનું સાધન બનીને રહી ગયું છે?

ગુજરાતમાં ત્રણ દાયકાથી ભાજપની સરકાર છે. વિકાસના દાવાઓ વચ્ચે એક કડવું સત્ય એ છે કે આજે પણ અનેક હિન્દુ પરિવારોમાં આંતરિક રીતે 'ફફડાટ' જોવા મળે છે. જે હિન્દુત્વના જોરે ભાજપ સત્તાના શિખરે પહોંચ્યું, તે જ વિચારધારાના રક્ષણ બાબતે હવે નેતાઓ ઉદાસીન દેખાઈ રહ્યા છે. ચૂંટણી સમયે હિન્દુત્વના નારા ગુંજે છે, પરંતુ સત્તા મળ્યા પછી 'બંધુત્વ'ના ઓઠા હેઠળ તુષ્ટિકરણની નવી નીતિઓ આકાર લેતી જણાય છે.

સૌથી ગંભીર ચિંતાનો વિષય એ છે કે જે લઘુમતી શંકાસ્પદ તત્વો સામે સામાન્ય હિન્દુ સંઘર્ષ કરી રહ્યો છે, તે જ તત્વો સાથે પડદા પાછળ ભાજપી નેતાઓનું 'ઈલુ-ઈલ' ચાલી રહ્યું હોવાની ચર્ચાઓ જોર પકડી રહી છે. વોટબેંકના રાજકારણમાં કે અંગત આર્થિક હિતો ખાતર જ્યારે સત્તાધારી પક્ષના નેતાઓ વિરોધી વિચારધારા ધરાવતા શંકાસ્પદો સાથે હાથ મિલાવે છે, ત્યારે પાયાનો કાર્યકર અને હિન્દુ પરિવાર છેતરાયાની લાગણી અનુભવે છે.

લવ જેહાદ જેવી ગંભીર સમસ્યાઓથી માંડીને જમીન પચાવી પાડવાના ખેલ આજે પણ ધમધોકાર ચાલી રહ્યા છે. કાયદાઓ હોવા છતાં તેનું પાલન કરાવવામાં આવતી ઢીલાશ પાછળ ક્યાંક ને ક્યાંક રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ દેખાય છે. ભાગવતજીએ ગુજરાતના ભાજપીઓને 'હિન્દુત્વના નવેસરથી પાઠ' ભણાવવા અત્યંત અનિવાર્ય છે. સત્તાનો મોહ જ્યારે સિદ્ધાંતો પર હાવી થઈ જાય, ત્યારે સંઘ પ્રમુખે હસ્તક્ષેપ કરીને માર્ગદર્શન આપવું જ રહ્યું.

ભાગવતજી આ મુલાકાત દરમિયાન નેતાઓને સ્પષ્ટ આદેશ આપે કે 'હિન્દુત્વ' એ માત્ર ચૂંટણીલક્ષી એજન્ડા નથી, પણ એક સાંસ્કૃતિક જવાબદારી છે. જો સત્તામાં હોવા છતાં હિન્દુ સમાજ અસુરક્ષિત અનુભવતો હોય, તો એ આત્મમંથનનો વિષય છે. (૩.૨)

અમેરિકામાં અભ્યાસ અને કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જોનારા ભારતીય યુવાનો માટે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ ગઈ: રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆત સાથે, કડક વિઝા નિયમો, વધેલી ચકાસણી અને અનિશ્ચિત નીતિઓએ ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે માર્ગ મુશ્કેલ બનાવ્યો

અમેરિકન યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા રેકોર્ડ નીચી સપાટીએ

ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ (ટ્રમ્પ ૨.૦) નું પ્રથમ વર્ષ અમેરિકામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન જોનારા ભારતીય વિદ્યાર્થીઓ માટે આંચકો આપનારું રહ્યું: નોંધણીમાં લગભગ ૭૫% નો ઘટાડો

નવી દિલ્હી તા.૨૦: રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ (ટ્રમ્પ ૨.૦)નું પ્રથમ વર્ષ અમેરિકામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન જોનારા ભારતીય વિદ્યાર્થીઓ માટે આંચકો રહ્યું છે. માહિતી અનુસાર, પહેલા વર્ષમાં યુએસ યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણીમાં લગભગ ૭૫% નો ઘટાડો થયો. આ ઘટાડો દાયકાઓમાં આટલો તીવ્ર હોવાનું માનવામાં આવે છે. આના મુખ્ય કારણોમાં વિઝા અસ્વીકારમાં વધારો, ઈન્ટરવ્યુ સ્લોટની તીવ્ર અછત અને વિદ્યાર્થીઓનો ડર હતો.

વિદેશી શિક્ષણ સલાહકારોના ડેટા દર્શાવે છે કે ઓગસ્ટ અને ઓક્ટોબર દરમિયાન સૌથી વધુ વિદ્યાર્થીઓ યુએસ જાય છે, પરંતુ આમાં લગભગ ૭૦% ઘટાડો થયો છે. આનું મુખ્ય કારણ સમયસર વિઝા ઈન્ટરવ્યૂ સ્લોટ મેળવવામાં અસમર્થતા છે, જેના કારણે ઘણા વિદ્યાર્થીઓને છેલ્લી ઘડીએ તેમની યોજનાઓ મુલતવી રાખવાની ફરજ પડી હતી. ફક્ત તે વિદ્યાર્થીઓ જ જેમણે ફેબ્રુઆરી અથવા માર્ચ સુધીમાં તેમની સંપૂર્ણ અરજી પ્રક્રિયા પૂર્ણ કરી હતી તેઓ યુએસએ મુસાફરી કરી શક્યા હતા.

હૈદરાબાદ સ્થિત કન્સલ્ટન્સી i20 ફીવરના અરવિંદ મંડુવા કહે છે કે આ પહેલી વાર છે જ્યારે આટલો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેમનું કહેવું છે કે કડક વિઝા ચકાસણીને કારણે અસ્વીકાર દરમાં વધારો થયો છે, અને મર્યાદિત સ્લોટ્સ વિદ્યાર્થીઓને વધુ નિરાશ કરે છે. પરિણામે, વિદ્યાર્થીઓ ટોચની ૪૦ યુએસ સંસ્થાઓમાં પણ અરજી કરવામાં ખચકાટ અનુભવે છે.

ઘણા વિદ્યાર્થીઓએ વસંત સત્ર (જાન્યુઆરી-માર્ચ) સુધી તેમના પ્રવેશ મુલતવી રાખ્યા હતા, એવી આશામાં કે પરિસ્થિતિ સુધરશે, પરંતુ એવું થયું નથી. આ સમયગાળા દરમિયાન પણ, વિઝા સ્લોટ મર્યાદિત રહ્યા, અને ચકાસણીમાં વધારો થયો. વિઝા ચેકમાં સોશિયલ મીડિયા પ્રવૃત્તિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જેના કારણે વિદ્યાર્થીઓની ચિંતામાં વધારો થયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સમાં પહેલાથી જ અભ્યાસ કરી રહેલા ભારતીય વિદ્યાર્થીઓ માટે પરિસ્થિતિ વધુ મુશ્કેલ બની ગઈ હતી. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેટા અનુસાર, ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આશરે ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝા રદ કરવામાં આવ્યા હતા. ઘણા વિદ્યાર્થીઓને અચાનક ઈમેઈલ મળ્યા જેમાં તેમને જણાવવામાં આવ્યું હતું કે તેમનો F-1 વિઝા સ્ટેટસ રદ કરવામાં આવ્યો છે અને તેમને થોડા



અઠવાડિયામાં દેશ છોડવો પડશે. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે ઘણા કિસ્સાઓમાં, વિઝા રદ કરવા જૂના અને સ્થાયી થયેલા કેસોને કારણે હતા. બોસ્ટનના ૨૫ વર્ષીય વિદ્યાર્થી, જે પ્રોજેક્ટ મેનેજમેન્ટમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે, તેણે સમજાવ્યું કે ૨૦૨૪ માં તેને ઝડપી ચલણ જારી કરવામાં આવ્યું હતું, પરંતુ કોઈ આરોપો દાખલ કરવામાં આવ્યા ન હતા. આ હોવા છતાં, તેની SEVIS ક્લિયરન્સ રદ કરવામાં આવી હતી, જે પછીથી તે વકીલની મદદથી પુનઃસ્થાપિત કરવામાં સફળ રહ્યો.

દબાણ ફક્ત વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત નહોતું. H-1B વિઝા કાર્યક્રમ પણ રાજકીય ચર્ચાનું કેન્દ્ર બન્યો. ડોલર ૧૦૦,૦૦૦ સુધીની ફી લાદવા અને કાર્યક્રમ મર્યાદિત કરવા જેવા પ્રસ્તાવોએ કંપનીઓ અને વ્યાવસાયિકો બંનેને ચિંતામાં મૂકી દીધા. H-1B વિઝા ધારકોમાં ભારતીયો આશરે ૭૨% છે, જેમાંથી મોટાભાગે IT ક્ષેત્રમાં છે.

વિદેશ વિભાગના ડેટા અનુસાર, છેલ્લા ૧૨ મહિનામાં વિવિધ શ્રેણીઓમાં લગભગ ૧૦૦,૦૦૦ વિઝા રદ કરવામાં આવ્યા હતા, જેમાં નોંધપાત્ર સંખ્યામાં ભારતીયો હતા. ૨૦૨૫ માં, આશરે ૩,૮૦૦ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા, જે દાયકાઓમાં સૌથી વધુ માનવામાં આવે છે. આમાંથી, ભારતીય નાગરિકોની સંખ્યા સૌથી વધુ હતી.

દરમિયાન, યુએસ નોકરી બજાર પણ ઠપ્પ થઈ ગયું. ઘણી કંપનીઓએ ઓનબોર્ડિંગ મુલતવી રાખ્યું, વિઝા ટ્રાન્સફર અટકાવી દીધા, અને કેટલાક કિસ્સાઓમાં, નોકરીની ઓફર પણ રદ કરી દીધી. ટેક્સાસના ૨૭ વર્ષીય MBA ગ્રેજ્યુએટ સૈફ એચ. કહે છે કે ઈન્ટરવ્યૂ પાસ કરવા છતાં, તેમની ઓફર પાછળથી રદ કરવામાં આવી હતી.

તણાવનો બીજો સ્રોત સોશિયલ મીડિયા સર્વેલન્સ હતો. નવા નિયમો હેઠળ, H-1B કામદારો અને H-4 આશ્રિતોને વિઝા ચકાસણી માટે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ જાહેર રાખવાની ચેતવણી આપવામાં આવી હતી. અમેરિકા વિરોધી પોસ્ટ્સ અથવા ટીકાત્મક સામગ્રીને વિઝા રદ કરવાની અથવા દેશનિકાલ કરવાની ધમકી આપવામાં આવી હતી. વધુમાં, હોમલેન્ડ સિક્યુરિટીએ વર્ક પરમિટ માટે ઓટોમેટિક એક્સટેન્શન બંધ કરી દીધું, જેના કારણે જો તેઓ સમયસર રિન્યુ કરવામાં નિષ્ફળ જાય તો લોકોને કામ કરવાનું બંધ કરવાની ફરજ પડી.

આ પરિસ્થિતિઓ વચ્ચે, ભારતીય દૂતાવાસોમાં ડિસ્ટ્રેસ કોલની સંખ્યામાં તીવ્ર વધારો થયો છે. ઈમિગ્રેશન વકીલો માને છે કે આ અનિશ્ચિતતા હજુ સુધી સમાપ્ત થઈ નથી. જે લોકો લાંબા સમયથી યુએસમાં રહે છે તેઓ પણ હવે તેમના ભવિષ્ય પર પુનર્વિચાર કરી રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી અમેરિકામાં રહેતા અઝીઝ નુરુદ્દીન કહે છે, અમે કર ચૂકવીએ છીએ, સિસ્ટમમાં યોગદાન આપીએ છીએ, પરંતુ મને ક્યારેય આટલું અસુરક્ષિત લાગ્યું નથી.

ટ્રમ્પ ૨.૦ ના પહેલા વર્ષમાં, કડક વિઝા નીતિઓ, વધેલી ચકાસણી, ધીમું રોજગાર બજાર અને દેશનિકાલના ડરને કારણે અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે પહેલા કરતા ઓછું સલામત અને આકર્ષક વિકલ્પ બન્યું છે. આ જ કારણ છે કે હજારો ભારતીય યુવાનો માટે અમેરિકા જવાનું સ્વપ્ન ધૂંધળું થઈ રહ્યું છે.(૩૮.૨૦)

જુહુમાં અક્ષયકુમાર અને ટિવંકલની કારને અકસ્માતઃ હીરોએ ફસાયેલા મુસાફરોને કાઢયા

મર્સીડીઝની ઠોકરે ચડેલી રિક્ષા ઉલળીને અક્ષયની કાર સાથે અથડાતાં બનાવ: અક્કીએ કરેલી બચાવ કામગીરીની પ્રસંશા

મુંબઈ તા.૨૦ :..બોલિવૂડના ખેલાડી કુમાર તરીકે ઓળખાતા અક્ષય કુમાર અને તેમના પત્ની ટ્વિંકલ ખન્ના સોમવારે સાંજે એક ગંભીર માર્ગ અકસ્માતનો ભોગ બન્યા હતા. મુંબઈના જુહુ વિસ્તારમાં આવેલા સિલ્વર બીચ કાફે નજીક આ ઘટના બની હતી. જોકે, સદનસીબે અભિનેતા અને તેમના પત્નીનો આબાદ બચાવ થયો છે. આ દુર્ઘટનામાં અક્ષય કુમારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું અને ખુદ ગાડીમાંથી ઉતરીને ઈજાગ્રસ્તોની મદદે આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સોમવારે મોડી સાંજે અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્ના વિદેશ પ્રવાસ પતાવીને એરપોર્ટથી જુહુ સ્થિત તેમના નિવાસસ્થાને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન જુહુ વિસ્તારમાં એક પૂરપાટ ઝડપે આવી રહેલી મર્સિડીઝ કારે એક ઓટો રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ઓટો રિક્ષા ફંગોળાઈને અક્ષય કુમારના કાફલાની (સિક્યુરિટી) ગાડી સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત અહીં જ અટક્યો નહોતો; ઓટો રિક્ષા સાથે અથડાયા બાદ સિક્યુરિટી ગાર્ડની ગાડીનું સંતુલન બગડ્યું હતું અને તે આગળ ચાલી રહેલી અક્ષય કુમારની લક્ઝુરિયસ એસયુવી કારના પાછળના ભાગે અથડાઈ હતી. ટ્રીપલ અકસ્માત થતાં જ રસ્તા પર નાસભાગ મચી ગઈ હતી અને લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. જોકે, આ ઘટનામાં અક્ષય કુમારે જે કર્યું તેની ચારેકોર પ્રશંસા થઈ રહી છે. પોતાની ગાડીને ટક્કર વાગી હોવા છતાં, જરા પણ ગભરાયા વિના અક્ષય કુમાર તાત્કાલિક તેમની એસયુવીમાંથી બહાર નીકળ્યા હતા. તેમણે જોયું કે અકસ્માતને કારણે ઓટો રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તે બૂરી રીતે સુરક્ષા વાહનની નીચે દબાઈ ગઈ હતી. રિક્ષાચાલક અને તેમાં બેઠેલા મુસાફર અંદર ફસાઈ ગયા હતા. કોઈ પણ જાતની રાહ જોયા વિના, અક્ષય કુમાર અને તેમના સ્ટાફ મેમ્બર્સે ભેગા મળીને ભારે જહેમત ઉઠાવી હતી. તેઓએ દબાયેલી અને કચડાયેલી રિક્ષાને ઊંચકી હતી અને અંદર ફસાયેલા ડ્રાઈવર તથા પેસેન્જરને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના મતે, આ દ્રશ્ય ખૂબ જ ડરામણું હતું, કારણ કે રિક્ષા સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી.

આ ઘટના બાદ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને ટ્રાફિક ક્લિયર કરાવવાની કામગીરી હાથ ધરી હતી. અક્ષય કુમારની આ કામગીરીને સોશિયલ મીડિયા અને ચાહકો દ્વારા બિરદાવવામાં આવી રહી છે, જેમણે સ્ટારડમ બાજુ પર મૂકીને એક સામાન્ય નાગરિકની જેમ ઈજાગ્રસ્તોની સેવા કરી હતી. હાલમાં આ અકસ્માત અંગે વધુ તપાસ ચાલી રહી છે.

૧૯૭૭થી કેસ ચાલતો હતો, પોલીસને આરોપી મળ્યા જ નહિ

મુંબઈની કોર્ટે સાડા સાત રૂપિયાની ચોરીનો ૫૦ વર્ષ જૂનો કેસ આખરે બંધ કર્યો

મઝગાંવ કોર્ટે કહ્યું, આ કેસ પાંચ દાયકાથી ચાલે છે, તેમાં કોઈ પ્રગતિ થતી જ નથી, હવે તેને પેન્ડિંગ રાખવાનો મતલબ નથી

મુંબઈ તા.૨૦: રૂ.૭.૯૫ની ચોરીના ૫૦ વરસ જુના એક કેસ પર મુંબઈની એક કોર્ટે આખરે પડદો પાડી દીધો છે. છેક ૧૯૭૭થી પેન્ડિંગ આ ''કોલ્ડ કેસ' બે અજાણ્યા આરોપીઓ સામે નોંધાયેલો હતો. દાયકાઓથી પોલીસ આ કેસના આરોપીઓ શોધી જ શકી ન હતી. આ કેસના ફરિયાદીનો પણ હવે કોઈ અત્તોપત્તો નથી.


ઉક્ત ખટલાનો ચુકાદો તાજેતરમાં, અપાયેલા કોલ્ડ સ્ટોરેજમાં પડેલા દાયકાઓ જુના કેસોના ચુકાદાઓ પૈકીનો એક છે. આવા 'કોલ્ડ કેસોને કારણે ન્યાય પ્રણાલી રૂંધાય છ.

મઝગાવં કોર્ટે જુના કેસોનો નિકાલ કરવાના પોતાના અભિયાનના ભાગરૂપે ૧૯૭૭નો ચોરીનો ખટલો બંધ કરી દીધો હતો. કોર્ટે એવા બહુ જુના કેસોનો નિકાલ કર્યો છે જેમાં આરોપીઓ કાં તો મૃત્યુ પામ્યા હોય અથવા એમનો ક્યાંય પત્તો ન લાગતો હોય.

૧૯૭૭ના ચોરીના કેસમાં બે અજાણ્યા શખસો પર રૂ.૭.૬૫ ચોરવાનો આરોપ હતો એમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટસ ઈસ્યુ કરાયા છતાં એમના કોઈસ ગડ નહોતા મળ્યા એટલે કેસ કોલ્ડ સ્ટોરેજમાં પડ્યો હતો. ૧૪મી જાન્યુઆરીએ ફર્સ્ટ કલાસ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ આરતી કુલકર્ણીએ એની નોંધ લઈ કેસ બંધ કરી દીધો હતો કે આ કેસ મેટર લગભગ ૫૦ વરસ જૂની છે. તેમાં કોઈ પ્રગતિ થઈ રહી નથી અને તે નકામી પેન્ડિંગ મેટર છે હવે આ કેસને પેન્ડિંગ રાખવાનો કોઈ અર્થ નથી.

આવા જ એક ૩૦ વરસ જુના કેસમાં મેજિસ્ટ્રેટ કોર્ટે ઈન્ડિયન પાસપોર્ટ એક્ટ અને ફોરેનર્સ એક્ટ હેઠળના આરોપીને એવી ટિપ્પણી કરી નિર્દોષ જાહેર કર્યો હતો કે ૧૯૯૫માં આરોપી સામે ચાર્જશીટ નોંધાઈ ત્યારથી એનો કોઈ પત્તો નથી. ૨૦૦૩ના એક બેફામ ડ્રાઈવિગના કેસમાં પણ મેજિસ્ટ્રેટ કોર્ટે આવો જ ચુકાદો આપ્યો હતો. પોલીસે આ કેસમાં એવો રિપોર્ટ આપ્યો હતો કે એકલા આરોપી જ નહિ પણ મૂળ ખબરી અને તમામ સાક્ષીઓનો પણ કોઈ પત્તો નથી. નજીકના ભવિષ્યમાં આરોપીના મળવાની કોઈ શક્યતા નથી. એટલે આ ફાઈલ બે મુદત ખુલી રાખવી અયોગ્ય કહેવાશે' એમ કોર્ટે કેસનો નિકાલ કરતા જણાવ્યું હતું.(૩૮.૨૯)

સૂર્યા એન્ડ કંપનીએ આ સિરીઝ જીતવી જ પડશે



વળતો પ્રહાર કરવા ટીમ ઈન્ડિયા તૈયાર: કાલે પ્રથમ ટી૨૦



વર્લ્ડકપ અગાઉ આ સિરીઝ મહત્વની : યુવા ક્રિકેટરોની અગ્નિ પરીક્ષા થશે

નાઈજીરીયામાં રવિવારે પ્રાર્થના સમયે ચર્ચમાં હુમલો કરવામાં આવ્યો

નાઈજીરીયામાં ૩ ચર્ચ પર મોટો હુમલો ૧૫૦થી વધુ શ્રદ્ધાળુઓનું સામૂહિક અપહરણ



કાજુરૂ તા.૨૦: પશ્ચિમ આફ્રિકાના દેશ નાઈજીરીયામાં ફરી એકવાર આતંકવાદીઓએ નિર્દોષ શ્રદ્ધાળુઓને નિશાન બનાવ્યા છે. નાઈજીરીયાના કડુના રાજ્યમાં રવિવારે પ્રાર્થના સભા દરમિયાન હથિયારધારી બંદૂકધારીઓએ ત્રણ ચર્ચ પર એકસાથે હુમલો કર્યો હતો. આ હુમલા બાદ ૧૫૦થી વધુ શ્રદ્ધાળુઓનું અપહરણ કરવામાં આવતા સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે.

સ્થાનિક ધારાસભ્ય ઉસ્માન દાનલામી સ્ટિંગોના જણાવ્યા અનુસાર, આ હુમલો કડુના રાજ્યના કાજુરુ વિસ્તારમાં આવેલા કુર્મિન વાલી સમુદાયમાં થયો હતો. જ્યારે લોકો કેથોલિક અને ચેરુબિમ-સેરાફિમ ચર્ચમાં રવિવારની પ્રાર્થનામાં વ્યસ્ત હતા, ત્યારે બંદૂકધારીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને લોકોને બંધક બનાવ્યા હતા. હુમલા બાદ વિસ્તારમાં ભારે તણાવ અને ડરનો માહોલ છે. પ્રાથમિક અહેવાલો મુજબ, કુલ ૧૭૭ લોકો ગુમ થયા હતા, જેમાંથી ૧૧ લોકો ગમે તેમ કરીને જીવ બચાવી પાછા ફર્યા છે. જોકે, હજુ પણ ૧૬૮ લોકો આતંકવાદીઓના કબજામાં હોવાનું મનાય છે. આશ્ચર્યની વાત એ છે કે અત્યાર સુધી કોઈ પણ આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી નથી અને પોલીસ તરફથી પણ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

આફ્રિકાના સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ નાઈજીરીયામાં ચર્ચ અને શાળાઓ પર હુમલા સામાન્ય બની ગયા છે. ખાસ કરીને ઉત્તરીય પ્રદેશમાં સક્રિય ગેંગ્સ ખંડણી માટે સામૂહિક અપહરણના ગુનાઓને અંજામ આપે છે. જોકે, સરકાર આ પ્રકારની હિંસાને ખ્રિસ્તી નરસંહાર ગણાવવાનો ઈનકાર કરી રહી છે, પરંતુ જમીની હકીકત ખૂબ જ ગંભીર છે. નાઈજીરીયામાં ખ્રિસ્તી સમુદાય પર થતા હુમલાઓને લઈને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત અનેક સાંસદો ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. નોંધનીય છે કે, ૨૫ડિસેમ્બરે સોકોટો પ્રાંતમાં અમેરિકી સેનાએ ISIS વિરુદ્ધ ઓપરેશન કરીને વળતો પ્રહાર કર્યો હતો, છતાં આતંકી ગતિવિધિઓ અટકવાનું નામ નથી લઈ રહી.(૩૮.૧૪)

બંગાળમાં SIR એ એવા ખેલનો પર્દાફાશ કર્યો છે જે તમારા મનને ચકરાવે ચડાવી દેશે


૩૮૯ લોકોના એક જ પિતા: બીજાના ૩૧૦ બાળકો છે...

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીમાં સુધારો કરવા માટે SIR અભિયાન દરમિયાન ઘણા ચોંકાવનારા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે

કોલકતા તા.૨૦: પશ્ચિમ બંગાળમાં મતદાર યાદી ચકાસણી sir અભિયાનમાં ચોંકાવનારા કિસ્સાઓ બહાર આવ્યા છે જેણે માત્ર ચૂંટણી પંચને જ નહીં પરંતુ સુપ્રીમ કોર્ટને પણ આશ્ચર્યચકિત કરી દીધી છે. ચૂંટણી પંચે સોમવારે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે રાજ્યના અનેક વિધાનસભા મતવિસ્તારોમાં સેંકડો મતદારોએ તેમના પિતા જેવા જ વ્યક્તિની નોંધણી કરાવી છે.

ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં એક સોગંદનામું દાખલ કર્યું હતું જેમાં જણાવાયું હતું કે ૨૦૨૫ ની મતદાર યાદીમાં, આસનસોલ જિલ્લાના બારાબાની વિધાનસભા મતવિસ્તાર (નંબર ૨૮૩)માં એક પુરુષ ૩૮૯ મતદારોના પિતા તરીકે નોંધાયેલ હતો. દરમિયાન, હાવડા જિલ્લાના બાલી વિધાનસભા મતવિસ્તાર (નંબર ૧૬૯)માં, બીજા એક પુરુષને ૩૧૦ મતદારોના પિતા તરીકે નોંધાયેલ હતો.

ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચ સમક્ષ દલીલ કરી હતી કે આવી ખોટી માહિતીને તાર્કિક વિસંગતતા તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે જેમાં સુધારાની જરૂર છે. તેમણે સમજાવ્યું કે આવા કિસ્સાઓમાં સંબંધિત મતદારોને નોટિસ જારી કરવામાં આવી છે, અને રેકોર્ડ સુધારવાની જવાબદારી મતદારોની પોતાની છે. ચૂંટણી પંચના ડેટા અનુસાર, આ બે કિસ્સાઓ એકમાત્ર નથી. રાજ્યમાં સાત વ્યક્તિઓ ૧૦૦ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે. દસ વ્યક્તિઓ ૫૦ કે તેથી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, જ્યારે ૧૦ અન્ય વ્યક્તિઓ ૪૦ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, ૩૦ થી વધુ મતદારોના ૧૪ અને ૨૦ થી વધુ મતદારોના ૫૦ છે. વધુમાં, ૮,૬૮૨ વ્યક્તિઓ ૧૦ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, ૨૦૬,૦૫૬ ૬ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે, અને ૪૫૯,૦૫૪ વ્યક્તિઓ ૫ થી વધુ મતદારોના માતાપિતા તરીકે સૂચિબદ્ધ છે. ચૂંટણી પંચે રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વે (NFHS) ૨૦૧૯-૨૧ ને ટાંકીને જણાવ્યું હતું કે ભારતમાં સરેરાશ કુટુંબનું કદ ૪.૪ છે, જેનો અર્થ એ



થાય કે એક પરિવારમાં સામાન્ય રીતે ૨-૩ બાળકો હોય છે. તેથી, ૫૦ કે તેથી વધુ મતદારોનું એક વ્યક્તિ સાથે જોડાણ અકુદરતી છે અને તપાસની જરૂર છે. આયોગે સ્પષ્ટતા કરી હતી કે જ્યાં છ કે તેથી વધુ મતદારો માતાપિતા જેવા જ વ્યક્તિ સાથે જોડાયેલા હોવાનું જાણવા મળે છે તેની વધુ ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. ચૂંટણી નોંધણી અધિકારીઓ આવા મતદારોને નોટિસ જારી કરી રહ્યા છે જેથી ખાતરી કરી શકાય કે કોઈ છેતરપિંડી કે ખોટા મેપિંગ નથી.

વધુમાં, તાર્કિક વિસંગતતા હેઠળ નોટિસ જારી કરવા માટેના ચાર વધારાના કારણો પણ બહાર આવ્યા છે. આમાં ૨૦૨૫ ની મતદાર યાદીમાં નામ ૨૦૦૨ ની લ્ત્ય યાદી સાથે મેળ ખાતું ન હોવું, મતદાર અને તેમના માતાપિતા વચ્ચે ૧૫ વર્ષથી ઓછો ઉંમરનો તફાવત, ૫૦ વર્ષથી વધુ ઉંમરનો તફાવત, અથવા મતદાર અને તેમના દાદા-દાદી વચ્ચે ૪૦ વર્ષથી ઓછો ઉંમરનો તફાવત શામેલ છે. આ ખુલાસાઓથી બંગાળમાં મતદાર યાદીની વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ચૂંટણી પંચ જણાવે છે કે સંપૂર્ણ ચોકસાઈ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે આ વિસંગતતાઓને દૂર કરવી જરૂરી છે. સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા આ આંકડા ખરેખર મનને ચોંકાવી દે તેવા છે.(૩૮.૨૭)

ભાજપમાં નવા યુગનો પ્રારંભ : નીતિન નવીન નવા સુકાની

નીતિન નવીન ભાજપના ૧૨માં રાષ્ટ્રીય અધ્યક્ષ જાહેર



વડા પ્રધાન મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં રાષ્ટ્રીય અધ્યક્ષનું પદ સંભાળશે

નવી દિલ્હી, તા.૨૦: જેપી નડ્ડાનું સ્થાન કોણ લેશે? આ પ્રશ્નને લગતી લાંબા સમયથી ચાલી રહેલી અટકળો પર આખરે ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ કાર્યકારી પ્રમુખ તરીકે નીતિન નવીનની નિમણૂક સાથે વિરામ લાગી ગયો. જોકે, સોમવારે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નીતિન નવીનનું નામ સત્તાવાર રીતે પુષ્ટિ આપવામાં આવી હતી. અન્ય કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી ન હોવાથી, તેમને મંગળવારે રાષ્ટ્રપતિ તરીકે બિનહરીફ જાહેર કરવામાં આવશે, અને તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં રાષ્ટ્રીય અધ્યક્ષનું પદ સંભાળશે. જેપી નડ્ડા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે તેમનો વિસ્તૃત કાર્યકાળ પૂર્ણ કરી રહ્યા હતા.

નવીનના સમર્થનમાં કુલ ૩૭ ઉમેદવારી પત્રો દાખલ કરવામાં આવ્યા હતા.

પાર્ટીના બંધારણ મુજબ, ૩૬ માંથી ૩૦ રાજ્યોમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પૂર્ણ થયા પછી, ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પાર્ટીના રાષ્ટ્રીય ચૂંટણી અધિકારી કે. લક્ષ્મણ દ્વારા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જોકે પહેલાથી જ લગભગ નિશ્ચિત હતું કે બિહારના યુવા નેતા નીતિન નવીન, જેમને પાર્ટી નેતૃત્વ દ્વારા રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, તેઓ સર્વાનુમતે રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાશે, ચૂંટણી પ્રક્રિયાની તમામ ઔપચારિકતાઓ પૂર્ણ થઈ ગઈ હતી.

નિર્ધારિત સમયપત્રક મુજબ, ઉમેદવારી પ્રક્રિયા સોમવારે બપોરે ૨ થી ૪ વાગ્યા સુધી નવી દિલ્હી સ્થિત પાર્ટી મુખ્યાલયમાં પૂર્ણ થઈ. રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે નીતિન નવીનના સમર્થનમાં કુલ ૩૭ ઉમેદવારી પત્રો રક્ષા મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી, વર્તમાન પ્રમુખ જેપી નડ્ડા અને અન્ય વરિષ્ઠ નેતાઓ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ અને રાજ્ય પ્રમુખોની હાજરીમાં દાખલ કરવામાં આવ્યા હતા.

નીતિન નવીનનું નામ પ્રસ્તાવિત: રાષ્ટ્રીય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર, ચકાસણીમાં બધા ઉમેદવારી પત્રો માન્ય હોવાનું જાણવા મળ્યું હતું. ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની અંતિમ તારીખ સાંજે ૫ વાગ્યે નક્કી કરવામાં આવી હોવાથી, રાષ્ટ્રીય ચૂંટણી અધિકારીએ ત્યારબાદ જાહેરાત કરી કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે માત્ર એક જ નામ, નીતિન નવીનનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે ભાજપ સંસદીય બોર્ડ દ્વારા ઉમેદવારી પત્રોનો એક સેટ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં પીએમ મોદી સહિત ૩૭ સાંસદોના હસ્તાક્ષર હતા. નવા રાષ્ટ્રીય અધ્યક્ષની બિનહરીફ ચૂંટણીની સત્તાવાર જાહેરાત હવે મંગળવારે પાર્ટી મુખ્યાલય ખાતે કરવામાં આવશે. આ પછી, જેપી નડ્ડા પ્રધાનમંત્રી અને અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરીમાં નીતિન નવીનને રાષ્ટ્રીય અધ્યક્ષનો કાયભાર સોંપશે.(૨૩.૮)

હાથીખાનાના ૫૩ વર્ષના ઉષાબેન આડેસરાનું શ્વાસ ચડ્યા બાદ મોત

વહેલી સવારે હોસ્પિટલમાં ખસેડાયા પણ દમ તોડી દીધો

રાજકોટ તા. ૨૦: હાથીખાના શેરી નં. ૧૧ પૂજારા હોસ્પિટલ પાસે રહેતાં ઉષાબેન જગદીશભાઈ આડેસરા (ઉ.વ.૫૩)ને સવારે સાડા ચારેક વાગ્યે એકાએક શ્વાસ ચડતાં તબિયત બગડતાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે એ-ડિવીઝન પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર ઉષાબેનને સંતાનમાં એક દિકરો છે જે કપડાના શો રૂમમાં કામ કરે છે. તેમના પતિ જગદીશભાઈ શનીવારી, બુધવારી, રવિવારી સહિતની બજારોમાં તાળા-ચાવી-ડિસમીસ સહિતની ચીજવસ્તુઓ વેંચી ગુજરાન ચલાવે છે. હાર્ટએટેક આવી ગયાની શક્યતા પરિવારજનોએ જણાવી હતી. (૧૪.૬)

હળવદના ટીકરમાં ૭૦ વર્ષના રૂક્ષમણીબેન પરમારનું દિવાથી દાઝી જવાને લીધી મોત

મંદિરમાં દિવા કરતાં હતાં ત્યારે કપડાને ઝાળ લાગી: રાજકોટમાં મૃત્યુ થયું

રાજકોટ તા. ૨૦: મોરબી તાબેના હળવદના ટીકર-રણ ગામે રહેતાં વૃધ્ધાનું મંદિરમાં દિવા કરતી વખતે દાઝી જવાથી મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઈ ગયો છે.

ટીકર રહેતાં રૂક્ષમણીબેન (રૂખીબેન) મનજીભાઈ પરમાર (ઉ.વ.૭૦) નામના વૃધ્ધા ગઈકાલે સવારે ઘરના મંદિરમાં દિવા કરતાં હતાં તે વખતે પહેરેલા કપડાને ઝાળ અડી જતાં કપડા સળગતાં દાઝી ગયા હતાં. તેમને હળવદ, મોરબી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સવારે મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે હળવદ પોલીસને જાણ કરી હતી.

મૃત્યુ પામનાર રૂક્ષમણીબેનને સંતાનમાં બે પુત્ર છે. જે ખેત મજુરી કરે છે. પતિ મનજીભાઈ નિવૃત જીવન જીવે છે. બનાવ આકસ્મિક હોવાનું સગાએ ઠ્ઠું હતું. ખરેખર કઈ રીતે ઘટના બની? તેની તપાસ હળવદ પોલીસ કરી રહી છે. (૧૪.૬)

પડધરીના ખોખરી ગામે ગૂમ થયેલા બાપ-દિકરાની વોંકળામાંથી ફુલાયેલી લાશ મળી

૬ વર્ષનો અરૂણ ન્હાવા જતાં ડૂબી જવાથી ૨૭ વર્ષિય પિતા રાજેશ ડાવર પણ ડૂબી ગયાની શક્યતા: ૧૬મીએ રાજેશને પત્નિ સાથે ચડભડ થયા બાદ તે ૬ વર્ષના દિકરાને લઇ ઘરેથી નીકળી ગયો હતો: પતિ જાતે આવી જશે એવું સમજતી પત્નિએ પોલીસને જાણ કરી નહોતી: ઘટના આકસ્મિક કે આપઘાતની કે અન્ય કંઈ? તેની તપાસ: બંનેના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા



મુળ એમપીનો રાજેશ અગાઉ પરિવાર સાથે મોરબી રહેતો હતો: બે મહિનાથી ખોખરીમાં વાડીમાં રહી મજૂરી કરતો હતો

રાજકોટ તા. ૨૦: પડધરીના ખોખરી ગામે ખેતરમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના ૨૭ વર્ષના યુવાન અને તેના ૬ વર્ષના દિકરાની લાશ ખોખરીના ઉંડ ડેમ પાસેના વોંકળામાંથી મળી આવતાં ચકચાર મચી ગઈ છે.

ગત ૧૬મીએ આ યુવાન દિકરાને લઈને વાડીએથી નીકળી ગયો હતો. પત્નિ સાથે ચડભડ થઈ હોઈ પત્નિને એમ હતું કે સાંજ સુધીમાં તે પરત આવી જશે. પણ ત્રણ દિવસ વીતી ગયા છતાં પતિ કે પુત્ર પરત ન આવતાં તે ચિંતામાં મુકાઈ ગઈ હતી. આમ છતાં કોઈને જાણ કરી નહોતી. આ દરમિયાન ખોખરીના ઉંડ ડેમ પાછળના વોંકળામાંથી આ પિતા-પુત્રના કોહવાયેલા, ફુલાયેલા મૃતદેહ મળતાં ચકચાર મચી ગઈ છે. બનાવ આકસ્મિક છે, આપઘાતનો છે કે પછી અન્ય કંઈ બન્યું? તેની તપાસ પડધરી પોલીસ મથકના એએસઆઈ પુનીતભાઈ અગ્રાવત, રાઈટર મહિપાલસિંહ જાડેજા સહિતે કરી રહી છે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે.

જાણવા મળ્યા મુજબ પડધરીના ખોખરી ગામે આવેલા ઉંડ ડેમ પાછળના વોંકળામાં એક છોકરા અને યુવાનના મૃતદેહ પડ્યા હોવાની જાણ થતાં પડધરી પોલીસ મથકના એએસઆઈ પુનીતભાઈ અગ્રાવત, રાઈટર મહિપાલસિંહ જાડેજા સહિતે પહોંચીને કાર્યવાહી કરી હતી. મૃતદેહ પામનાર રાજેશને સંતાનમાં બે દિકરા બહાર કઢાવીને ઓળખ મેળવવા તપાસ છે. જેમાં તેની સાથે મૃત્યુ પામનાર શરૂ કરતાં આ મૃતદેહો ખોખરી ગામે અરૂણ મોટો હતો. તેનાથી નાનો દિકરો અનિરૂધ્ધસિંહ જાડેજાની વાડીમાં રહી ૪ વર્ષનો છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના રાજેશ મુજબ રાજેશ અગાઉ મોરબી પંથકમાં જુવાનસિંગ ડાવર (ઉ.વ.૨૭) અને પત્નિ, બે બાળકો સાથે રહી મજૂરી તેના દિકરા અરૂણ રાજેશ ડાવર કરતો હતો. હાલ છેલ્લા બે મહિનાથી (ઉ.વ.૬)ના હોવાનું રાજેશની પત્નિને પડધરીના ખોખરી ગામે અનિરૂધ્ધસિંહ રેનુબેન ડાવરે ઓળખી બતાવ્યું હતું. મૃત્યુ જાડેજાની વાડીમાં રહી મજૂરી કરતો હતો. તેની પત્નિ અનુબેને પોલીસ પુછતાછમાં કહ્યું હતું કે-પતિ રાજેશને નશાની આદત હતી. તે આ કારણે ઘરમાં બોલાચાલી કરતો હતો. ૧૬/૧ના બપોરે બે વાગ્યા આસપાસ બોલાચાલી બાદ પતિ રાજેશ ઘરેથી ૬ વર્ષના દિકરા અરૂણને લઈને નીકળી ગયો હતો.

સાંજ સુધી પતિ કે દિકરો ઘરે ન આવતાં તેણીને એમ હતું કે ક્યાંક રિસાઈને રોકાઈ ગયો હતો અને બાદમાં તેની મેળે આવી જશે. જો કે આ રીતે ત્રણ દિવસ વીતી જવા છતાં પતિ-પુત્રની ભાળ ન મળતાં તે ચિંતામાં મુકાઈ ગઈ હતી. પોલીસને જાણ કરવા જાય એ પહેલા જ ગઈકાલે ઉંડ ડેમની પાછળ આવેલા વોંકળામાંથી પતિ-પુત્રના ફુલાઈ ગયેલા, કોહવાઈ ગયેલા મૃતદેહ મળી આવ્યા હતાં.

પોલીસનું પ્રાથમિક તારણ છે કે ૬ વર્ષનો પુત્ર અરૂણ ન્હાવા જતાં ડૂબી ગયા બાદ તેને બચાવવા જતાં પિતા રાજેશ પણ ડૂબી ગયો હોઈ શકે છે. મોતનું ચોક્કસ કારણ જાણવા મૃતદેહોને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયા છે. ઘટના આકસ્મિક છે કે પછી આપઘાતની? કે પછી અન્ય કંઈ બન્યું? તે અંગે તપાસ થઈ રહી છે. (૧૪.૫)

Psi આર.એમ.સોલંકીને મળેલ બાતમી ખૂબ સ્ફોટક હતી, બીજી તરફ આરોપીઓ ખૂબ ચાલાક હોવાથી એક સ્ટ્રેટેજી તૈયાર કરી છટકું ગોઠવતા ૭ લોકો મુદામાલ સાથે સકંજામાં આવી ગયેલ

ગુજરાતના ઇતિહાસમાં સહુ પ્રથમ વખત સુરત SOG દ્વારા ૫ કરોડ ૮૫ લાખનું કોબ્રા સાપનું ઝેર પકડાવાવવા પાછળની કથા

રાજકોટ,તા.૨૦: નો ડ્રગ્સ ઈન સુરત, નો વોન્ટેડ ઈન સુરત, બાળકો, મહિલાઓ અને વડીલો વિરુદ્ધના અપરાધો અંગે પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનું અભિયાન લોકો અને પોલીસ ટીમની સક્રિયતાને કારણે સફળ બન્યાના પગલે પગલે વન્ય પ્રાણીઓની તસ્કરી વિરુદ્ધ શરૂ થયેલ અભિયાનમાં સુરત SOG ને ગુજરાતના ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત કોબ્રા સાપના ઝેરની તસ્કરી અંગેનું નેટવર્ક ભેદવામાં સફળતા મળવા સાથે ૫ કરોડ ૮૫ લાખનો ૬ ૫ મિલી જથ્થો કબજે કરવામાં સફળતા મળી હોવાનું પોલીસ ઈન્સ્પેક્ટ અશોક ચૌધરીએ અકિલા સાથેની વાતચીતમાં જણાવ્યું છે.

તે દરમ્યાન PSI આર.એમ. સોલંકી નાઓને ખાનગીરાહે મળેલ કે, સુરત શહેરમાં એક ટોળકી દ્વારા કોબ્રા સાપનુ ઝેર (Venom)ની તસ્કરી કરી મંગાવી તેનો જણાયેલ જે ટોળકી ખુબ જ ચાલાક હોય જેથી તે આસાનાથી પકડમાં આવે તેમ ન હોય તે માટે SOG PI એ.પી.ચૌધરી નાઓ દ્વારા છટકુ ગોઠવી આ ટોળકીને કોબ્રા સાપના ઝેરના બદલે કરોડો રૂપીયાની ઓફર અપાવતા ટોળકી લાલચમાં આવતા જે બાબતેની મીટિંગ કરવા તૈયાર થતા જેથી આ ટોળકીના સભ્યો સુરત શહેર સરથાણા જકાતનાકા સહજાનંદ હબ ગઢપુર રોડ નવજીવન સર્કલ પાસે ફર્સ્ટ ફ્લોર દુકાન નંબર-૧૨૩ પટેલ લાઈફ પાર્ટનર નામની મેરેજ બ્યુરોની ઓફીસમા ભેગા થવાની હકિકત મળતા તે જગ્યાએ રેઇડ કરી (૧) મનસુખ ભાઈ અંબાભાઈ ઘીનૈયા ઉ.વ.૬૭ ધંધો. વેપાર રહે. ફ્લેટ નંબર-ઈ/૧૦૨ અતુલ્ય રેસીડન્સી પાસોદરા રોડ સુરત. (૨) ચિમનભાઈ છગનભાઈ ભુવા ઉ,વ.૬૦ ધંધો.એમ્બ્રોડરી રહે.ઘર નંબર-બી/૫૦ જલારામ સોસાયટી નાના વરાછા સુરત. (૩) સમીર જયંતીલાલ સેવાસી કેનાલ રોડ સેવાસી વડોદરા (૪) પ્રવીણ કાંતીલાલ શાહ ઉ.વ.૭૪ ધંધો. નિવૃત રહે. મકાન નંબર-૮૦ દુધેશ્વર સોસાયટી નવા પોલીસ ભવન સામે આજવા રોડ વડોદરા. (૫) કેતનભાઈ [illegible] શાહ ઉ.વ.૫૦ ધંધો. વકિલાત રહે.ઘર નંબર-૩૬ ૬૨૧ કારેલીબાગ ગેસ્ટ હાઉસ રેસ કોર્સ વડોદરા (૬) મકરંદભાઈ શ્રીકાંતભાઈ કુલકર્ણી ઉ.વ.૫૪ ધંધો. વેપાર રહે.ફ્લેટ નંબર-૧૧/જી સમગીરી ડુપ્લેક્ષ તાજ રેસીડેંસીની સામે આકોટા રોડ વડોદરા (૭) પ્રશાંત રાજેશભાઈ શાહ ઉ.વ.૪૦ ધંધો. નોકરી રહે.મકાન નંબર ૩૯,૪૦ કૃષ્ણાનંદ સોસાયટી અલવા નાકા દીપ મેડીકલ સામે માંજલપુર વડોદરા વાળાને ઝડપી પાડી તેમની પાસેથી કોબ્રા સાપના પ્રતિબંધીત ઝેરનો કુલ વજન આશરે ૬.૫ મી.લી. કુલ્લે કિંમત ૫,૮૫,૦૦,૦૦૦/- નો મુદામાલ કબ્જે કરવામાં આવેલ છે.

તેમ સુરત sog પોલીસ ઈન્સ્પેક્ટર અશોક ચૌધરીએ વિશેષનમાં જણાવ્યું હતું.

પ્રકૃતિપ્રેમી પોલીસ કમિશનર દ્વારે વન્ય પ્રાણીઓની તસ્કરી રોકવા શરૂ કરેલ અભિયાનમાં ડીસીપી રાજદીપસિંહ નકુમના માર્ગદર્શનમાં જેમની ટીમે જબ્બરજસ્ત ઓપનિંગ કરી તેવા પીઆઇ અશોક ચોધરી અકિલા સમક્ષ અથથી ઇતિ સુધીની ભીતરી કથા વર્ણવે છે



સોદો કરવાની ફિરાકમાં હોવાની હકિકત પંચાલ ઉ.વ.૪૧ ધંધો.નોકરી રહે. ફ્લેટ નંબર -એ/૩૦૩ પુર્વ ગોલ્ડ એપાર્ટમેંટ ગોત્રી (૨૨.૬)

નો વોન્ટેડ ઇન સુરત સીપીના અભિયાનને સફળ બનાવવા તંદુરસ્ત સ્પર્ધા; વિક્રમ સર્જક કામગીરી.

પોતાની ૭ વર્ષની પુત્રી સાથે દુષ્કર્મ :૨૦ વર્ષની સજાનો વોન્ટેડ આરોપી સુરત ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લીધો



જોઇન્ટ સીપી, ડીસીપી ક્રાઈમ ભાવેશ રોજિયા ટીમના પોલીસ ઇન્સ્પેક્ટર રઘુરાજસિંહ આઈ જાડેજા સ્ટાફને એસીપી કિરણ મોદીના સંકલનમાં મોટી સફળતા

રાજકોટ તા.૨૦: નો વોન્ટેડ ઈન સુરત એ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતનું અભિયાન સુરત પોલીસ દ્વારા પ્રત્યકે સ્ટાફે પોતાનું સમજી ઉપાડી લીધું હોવાથી સુરત સ્થાનિક હોય કે **pcb/ sog** અને ડીસીબી (ક્રાઈમ બ્રાન્ચ) સફળતાના શિખરો સીપી, જોઈન્ટ સીપી રાઘવેન્દ્ર વસ્ત, ડીસીપી ભાવેશ રોજિયા અને એસીપી કિરણ મોદીના માર્ગદર્શનમાં હાંસલ કરે છે, તેવામાં વધુ એક સફળતા પોલીસ ઈન્સ્પેક્ટર રઘુરાજસિંહ આઈ જાડેજા તથા સ્ટાફને મળી છે.

દરમ્યાન એન્ટી ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સ્કોડના પોલીસ માણસોએ અંગત બાતમીદારો મારફતે બાતમી હકીકત મેળવી તે આધારે વરાછા એ.કે.રોડ એકતાનગર પાસેથી પેરોલ જમ્પ પાકા કામના કેદી-પરવેઝ ઉર્ફે પરેશ અનવરઅલી શેખ ઉ.વ.૪૬ હાલ રહેવાસી- ૧૨૮, એકતાનગર, એ.કે.રોડ હિમસન મિલની પાછળ, વરાછા સુરત શહેરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો લાજપોર મધ્યસ્થ જેલ ખાતે સોંપવા તજવીજ કરેલ છે. તેમ અકિલા સાથેની વાતચીતમાં પોલીસ ઈન્સ્પેક્ટર રઘુરાજસિંહ આઈ જાડેજા જણાવે છે કાર્યવાહી કરી આરોપીનો કબજો લાજપોર મધ્યસ્થ જેલ ખાતે સોંપવા તજવીજ કરેલ છે. મજકુર પાકા કેદી નં-૨૪૫૨ પરવેઝ ઉર્ફે પરેશ અનવરઅલી શેખને સેશન્સ કેસ નં-૨૪૪/૨૦૨૦ (વરાછા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નંબર ૧૮૫૮/૨૦૨૦) ઈ.પી.કો. કલમ-૩૭૬(૨)(એફ), ૩૭૬(એલ),૩૫૪(એ)(બી) તથા પોક્સો કલમ- ૪,૫(એલ)(એન),૬, ૮, ૧૦, ૧૨ મુજબના ગુન્હા સબબ નામદાર ફા.ટ્રેક. સ્પે.કોર્ટ, ત્રીજા અધિક સત્ર ન્યાયાલય સુરત દ્વારા તા-૦૩/૦૬/૨૦૨૩ ના રોજ ૨૦ વર્ષની કેદની સજા તથા રૂ.૨૫,૦૦૦/- દંડ બદલ, ૦૬(છ) માસની સજા કરવામાં આવેલ છે. જે ગુનામાં લાજપોર મધ્યસ્થ જેલમાં પાકા કામના કેદી તરીકે સજા હેઠળ હતો. હાલ પકડાયેલ પાકા કામના કેદીનાઓએ પોતાની દીકરી ઉ.વ.૭ વર્ષ ૩ મહિના નાનીને મોબાઈલમાં નગ્ન ફોટા બતાવી કપડા કાઢી બળજબરીથી શારીરિક સંબંધ બાંધી ગુનો આચરેલ.જે ગુનામાં મજકુર આરોપીને પકડી પાડવામાં આવેલ હતો. તેમ પોલીસ ઈન્સ્પેક્ટર રઘુરાજસિંહ આઈ જાડેજા વિશેષમાં જણાવે છે. (૯.૧૮)



ગોંડલના લીલાખાના વેપારી સાથે ૬૫ લાખની ઠગાઇ

રાજકોટના ઋષીકેશ મહેતાએ ફોર્જીંગ મટીરીયલ ખરીદી કરી રૂપિયા ન આપી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરીયાદ

રાજકોટ તા. ૨૦ :.. ગોંડલના દાળીયા ગામની સીમમાં ફેકટરી ધરાવતા લીલાખા ગામના વેપારી સાથે રાજકોટના વેપારીએ ૬૫.૯૬ લાખની છેતરપીંડી કરતા પોલીસમાં ફરીયાદ થઈ છે.

મળતી વિગતો મુજબ કોલીથડ થી રીબડા રોડ ઉપર દાળીયા ગામની સીમમાં આલ્ફા ઓટોમેશન નામની કંપની ધરાવતા અંકિતભાઈ અશોકભાઈ ઢોલરીયા રહેવાસી લીલાખા તા.ગોંડલએ આરોપી આર. પી. સ્ટીલ કંપની ગીતાનગર રાજકોટના માલીક ઋષીકેશ પંકજભાઈ મહેતા રહે.રાજકોટ તથા તપાસમાં ખુલે તે સામે ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ કરી છે. આરોપીએ ફરીયાદીની કંપનીએ આવી વેપાર ધંધા બાબતે વાતચીત કરી. ફરીયાદી પાસેથી ફોર્જિંગ મટીરીયલની ખરીદી શરૂ કરી, શરૂઆતમાં આરોપીએ નકકી કેરલ શરતો મુજબ પેમેન્ટ ચૂકવી ફરીયાદીનો વિશ્વાસ સંપાદિત કરી, ધીમે ધીમે ફરીયાદ પાસેથી કુલ રૂા. ૬૫,૯૬,૮૮૪ જેટલું ફોર્જિંગ મટીરીયલ ખરીદી કરેલ હોવા છતાં તેની ચૂકવણી ન કરી, આરોપીએ ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી. આ ફરીયાદ અન્વયે ગોંડલ તાલુકા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૫-૧૮)

વિરપુરમાં ૯ લાખનો વિદેશી દારૂનો જથ્થો પકડાયો

રાજકોટ તા.૧૮: વિરપુરમાં રૂરલ કાઈમબ્રાંચે દરોડો પાડી બેરલમાં છુપાવેલ ૯.૦૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે સપ્લાયરની શોધખોળ હાથધરી છે.

રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરએ વિદેશી દારૂના કેશો શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના અન્વયે એલ.સી.બી. રાજકોટ ગ્રામ્યના પોલીસ ઈન્સ્પેકટર વી.વી.ઓડેદરા તથા પોલીસ સબ ઈન્સ્પેકટર એચ.સી. ગોહીલ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન એ.એસ.આઈ. ઈન્દ્રસીંહ જાડેજા, જયવિરસીંહ રાણા, તથા પો.હેડ.કોન્સ. મનોજભાઈ બાયલ, પો.કોન્સ. મહીપાલસીંહ ચુડાસમા, નાઓને સંયુકત બાતમી હકિકત આધારે વિરપુર પોલીસ સ્ટેશનના ટાઉન વિસ્તારમાંથી અતુલ મનજીભાઈ સખીયા રહે. વિરપુર વાળાએ પોતાના ભાઈના કબ્જા ભોગવટાના રહેણાંક મકાન પાસે રાખેલ બેરલમાં છુપાવેલ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલો નંગ- ૩૮૦૪ કિ.રૂ.૯,૦૦,૮૧૬/-, લોખંડના બેરલ નંગ ૧૪ કી.રૂ. ૪૨૦૦/- , કટર મશીન તથા ઈલેકટ્રીક બોર્ડ કી.રૂ. ૧૦૦૦/- મળી કુલ રૂ.૯,૦૬,૦૧૬નો મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર અતુલની શોધખોળ હાથધરી છે.

આ કાર્યવાહી રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. ના એ.એસ.આઈ. બાલકૃષ્ણભાઈ ત્રીવેદી, ઈન્દ્રસીંહ જાડેજા, જયવિરસીંહ રાણા, અનીલભાઈ બળકોદીયા, પો.હેડ.કોન્સ. મનોજભાઈ બાયલ, ભગીરથસીંગ જાડેજા, નિલેશભાઈ ડાંગર, પો.કોન્સ. મહીપાલસીંહ ચુડાસમા, ડ્રા.પો.કોન્સ. અબ્દુલભાઈ શેખ દ્વારા કરવામાં આવી હતી.(૨.૯)

ઉપલેટાના વેપારી સાથે એરંડા આપવાના બહાને ૨૯ લાખની છેતરપીંડી: ભાવીન ડઢાણીયા સામે ફરીયાદ

રાજકોટ, તા., ૨૦: ઉપલેટાના યાર્ડના વેપારી સાથે એરંડા આપવાના બહાને ૨૯ લાખની છેતરપીંડી થતા પોલીસમાં ફરીયાદ થઈ છે. મળતી વિગતો મુજબ ઉપલેટા માર્કેટ યાર્ડ પુજા ટ્રેડર્સ નામની દુકાન ધરાવતા વેપારી વિનોદભાઈ નાથાભાઈ ઘેટીયા રહે. ઉપલેટા હીર બંગલો મહાવીર પાર્ક, ઢાંકની ગારીએ આરોપી ભાવીન ગોવિંદભાઈ ડઢાણીયા રહે. ઉપલેટા સામે ઉપલેટા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરીયાદીને ૨૮૦૦ મણ એરંડા આપવાની વાત કરીને ફરીયાદી પાસેથી એરંડાના રૂા.૧૫,૦૦,૦૦૦ તથા ૧૪,૦૦,૦૦૦ એમ કુલ રૂા. ૨૯,૦૦,૦૦૦ એડવાન્સમાં લઈ એરંડા આપેલ ન હોય અને એડવાન્સમાં લીધેલ પૈસા પણ પરત ન આપીને ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરી હતી.

આ ફરીયાદ અન્વયે ઉપલેટા પોલીસે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.(૪.૬)

ગોંડલના મોવૈયામાં 33 વર્ષિય મયુર ચાંડપાની ઝેરી દવા પી આત્મહત્યા

સારવાર દરમિયાન રાજકોટમાં મૃત્યુ: પરિવારજનોમાં ગમગીની

રાજકોટ તા. ૨૦: ગોંડલ તાબેના મોવૈયા ગામે યુવાને ઝેર પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

જાણવા મળ્યા મુજબ મોવૈયા ગામે રહેતાં મયુરભાઈ અરજણભાઈ ચાંડપા (ઉ.વ.૩૩)નામના યુવાને ગઈકાલે બપોરે ત્રણેક વાગ્યે ઘરે ઝેરી દવા પી લેતાં સારવાર માટે ગોંડલની હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ગોંડલ તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

આપઘાત કરનાર મયુરભાઈ બે ભાઈમાં મોટો અને અપરિણીત હતો. તે કડીયા કામની મજૂરી કરતો હતો. તેના પિતા અરજણભાઈ છુટક મજૂરી કરે છે. મયુરભાઈએ આ પગલુ શા માટે ભર્યું તે અંગે પરિવારજનો કંઈ જાણતાં ન હોઈ પોલીસે તપાસ યથાવત રાખી છે. (૧૪.૬)

કેવડાવાડીમાં ફ્લેટમાં તીન પત્તીનો જુગાર રમતી મહિલાઓ સહિત છ પકડાયા

ભકિતનગર પોલીસના પી.એસ.આઇ. એમ. એન. વસાવા તથા સ્ટાફનો દરોડો: રૂા. ૧૨ હજારની રોકડ કબ્જે

રાજકોટ તા.૨૦: શહેરના કેવડાવાડીમાં આવેલા વૃંદાવન એપાર્ટમેન્ટના ફ્લેટમાં મહિલા સંચાલીત જુગારધામ ચાલતું હોવાની બાતમી મળતા ભકિતનગર પોલીસે દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતી મહિલાઓ સહિત છ શખ્સોને પકડી લઈ કાર્યવાહી કરી હતી. મળતી વિગત મુજબ કેવડાવાડી શેરી નં.૨ માં આવેલ વૃંદાવન એપાર્ટમેન્ટના ફ્લેટમાં મહિલા સંચાલીત જુગારધામ ચાલતું હોવાની બાતમી મળતા ભકિતનગર પોલીસ મથકના પી.એસ.આઈ.એમ.એન.વસાવા તથા હેડ કોન્સ. મયુરદાનભાઈ બાટી, કોન્સ રાજવીબેન વામજા અને કોન્સ. યોગીરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે વૃંદાવન એપાર્ટમેન્ટના બીજા માળે ફ્લેટ નં. ૧૦૨ માં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા ૨કમ રૂા. ૧૨ હજારની રોકડ કબ્જે કરી હતી. તથા રિધ્ધિ સોસાયટી હાઉસીંગ બોર્ડના કવાર્ટર૨માં રહેતા જીન્નતબેન નુરએહમદભાઈ સુંભાણીયા, મોરબી રોડ જકાતનાકા પાસે ઠાકર દ્વારા સોસાયટી શેરી નં.૨ ના મનીષાબેન રાજુભાઈ ખાચર, દૂધસાગર રોડ ભગવતી સોસાયટી શેરી નં. પના રજીયાબેન ઉમરભાઈ વાઘેર, કોઠારિયા સોલવન્ટ ૨સુલપરા શેરી નં. ૫ ના રૂકસાનાબેન રજાકભાઈ દોઢીયા અને રિધ્ધી સીધ્ધી સોસાયટી હાઉસીંગ બોર્ડના કવાર્ટરના ફારૂક ઉર્ફે કુકો ગફારભાઈ બેલીમને પકડી લઈ રૂા. ૧૨૬૦૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી. (૭.૨૦)




મંદિરમાં ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન

જાણીતી સેવા સંસ્થા વિવેકાનંદ યુથ કલબ દ્વારા સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મ જયંતિ તેમજ સંસ્થાના ૩૧માં સ્થાપના દિવસ નિમિતે શહેરના પેલેસ રોડ પર આવેલ આશાપુરા માતાજીના મંદિરે ચક્ષુદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત સાંજના સમયે ચક્ષુદાનના સુત્રો લખેલ કેરીબેગનું વિતરણ પુજારી ભરતભાઈ ભટ્ટ, મોઢ વણિક સમાજના અગ્રણી શૈલેષભાઈ આર. શાહ, પૂર્વ ડે. મેયર કંચનબેન સિધ્ધપુરા અને એસ.બી.આઈ. પેન્શનર્સ એસો.ના શરદભાઈ દવેના હસ્તે કરવામાં આવ્યુ હતુ. સેવા કાર્યમાં અનુપમ દોશી, હસુભાઈ શાહ, નૈસધભાઈ વોરા, દિનેશભાઈ ગોવાણી, હિરેનભાઈ મહેતા, હર્ષદભાઈ જોષી સહભાગી થયા હતા. (૧૬.૧)

એરપોર્ટ રોડ દેરાસરે મુમુક્ષુઓની પધરામણી



રાજકોટ:આજરોજ શ્રી જયશેખર સુરીશ્વરજી મ.સા. પ્રેરિત શ્રી શાંતિનાથ જૈન સંઘ મા બે મુમુક્ષુ બહેનો સંગીતાબેન તેમજ સુજાતાબેન પધારેલ બને બહેનો અમેરિકામા રહે છે. તેઓ પૂ. યોગતીલક સુરીશ્વરજી મ.સા.ના હાથે રજોરહરણ સ્વીકારી તા. ૮ ફેબ્રુઆરી રવિવારે મુંબઈ મુકમે દીક્ષા ગ્રહણ કરશે. આ પ્રસંગે સંઘના શ્રાવક-શ્રાવિકા મુમુક્ષુની અનુમોદના દર્શનનો લાભ લીધેલ. બન્ને મુમુક્ષુ બહેનોએ અમેરિકામાં રહેવા છતા સંયમનો ભાવ કેવી રીતે થયો તે વિશે પ્રવચન આપેલ અંતમાં જિનાલયના ટ્રસ્ટીઓ એ મુમુક્ષુ બહુમાન કરેલ. (૩૫-૧૭)





પ્રદેશ ભાજપ મીડિયા કન્વીનર પ્રશાંત વાળા 'અકિલા'ના આંગણે

રાજકોટ : પ્રદેશ ભાજપ મીડિયા કન્વીનર પ્રશાંતભાઈ વાળા આજે અકિલાના આંગણે આવ્યા હતા. તેઓની મીડિયા કન્વીનર તરીકે નિમણૂંક થતાં અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રાના આશીર્વાદ લીધા હતા. પ્રશાંતભાઈ મુળ રાજકોટના છે અને શહેર ભાજપ પ્રમુખ માધવ દવેના મિત્ર પણ છે. તસ્વીરમાં કિરીટભાઈ ગણાત્રા સાથે પ્રશાંત વાળા, માધવ દવે અને સૌરાષ્ટ્ર કચ્છ પ્રવકતા રાજુભાઈ ધ્રુવ નજરે પડે છે. (તસ્વીર : અભિજીત બગથરીયા) (૩૬.૧૨)

કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ-રાજકોટ નિર્મિત સીનીયર સીટીઝનો માટે અત્યાધુનીક હોમ અને ડે કેર સેન્ટરનું નિર્માણ

સીનીયર સીટીઝન હોમ અને ડે કેર સેન્ટર 'મંજુલ'નું શુક્રવારે લોકાર્પણ

૮૪ વડીલો રહી શકે તેવી સુવિધા, આર્થિક રીતે સુખી લોકો સ્વમાન ભેર જીવન માણી શકે એ માટેનો ઉમદા પ્રયાસ



રાજકોટ : સૌરાષ્ટ્ર-ગુજરાતની એક નમુનેદાર સંસ્થા શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ-રાજકોટ દ્વારા સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ ખાતે સાધન સંપન્ન અને ઉંમરલાયક લોકો સ્વમાનભેર પોતાની જીંદગી માણી શકે એ માટે અદ્યતન સુવિધાયુક્ત સીનીયર સીટીઝન હોમ અને ડે કેર સેન્ટરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે, આગામી વસંત પંચમીને તા.૨૩ને શુક્રવારે આ અદ્યતન ભવનનું લોકાર્પણ કરવામાં આવશે.

સમાજમાં ધીરે ધીરે વૃધ્ધોની સંખ્યા વધી રહી છે, જેમાં એક વર્ગ એવો છે કે તેમની આર્થીક સ્થિત સારી છે પણ બાળકો નથી અથવા સંતાનો અન્ય જગ્યાએ સ્થીર થયા હોય છે એવા સંજોગોમાં છતાં પૈસે ઉંમરલાયક માણસોને રોજબરોજની જીંદગી જીવવા માટે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. ઉંમરના કારણે શરીર પુરતો સાથ આપતુ ન હોય, બીજી નાની મોટી અમુક બિમારીના કારણે નિયમીત ચેકઅપ વગેરેનું ધ્યાન રાખવુ પડતુ હોય અને ખાસ તો એકલતા કોરી ખાતી હોય એવા સમયે સૌરાષ્ટ્રની ૧૧૯ વર્ષ જુની સંસ્થા શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ દ્વારા આવા વૃધ્ધો સ્માનભેર જીવન જીવી શકે, પોતાની પાછલી જીંદગી આનંદભેર માણી શકે એવા ઉમદા હેતુ સાથે સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ચાર હજાર વાર જગ્યામાં અદ્યતન બાર માળનું સીનીયર સીટીઝન હોમ અને ડે કેર સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. સમાજના ઉદારદિલ દાતાઓના સહયોગથી નિર્માણ પામેલ આ ભવન આગામી વસંત પંચમીના દિવસે સમાજને અર્પણ કરવામાં આવશે.

શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમ-રાજકોટ સંચાલીત શ્રી ટપુલાલ ભગવાનજી મહેતા સિનિયર સીટીઝન હોમ અને ડે કેર સેન્ટર 'મંજુલ' અંગે માહિતી આપતાં સંસ્થાના શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ અને શ્રી પ્રવીણભાઈ અઘરાએ જણાવ્યુ છેકે, પાનખરની અવસ્થામાં એકલતા, નાની મોટી શારીરિક-માનસીક તકલીફ આવતી હોય છે, ઉંમરના કારણે થતી આવી બધી તકલીફો અને બીજી બાજુ એકલતાના કારણે ઉંમર લાયક માણસોને સમય પસાર કરવો વસમો લાગતો હોય છે. સમાજમાં અનેક લોકો આર્થીક રીતે સંપન્ન છે એટલે સરકાર દ્વારા કે સંસ્થાઓ દ્વારા ચાલતાં વૃધ્ધાશ્રમમાં રહેવુ તેમને યોગ્ય લાગતુ નથી, સમાજનું રૂણ લેવુ તેમનું મન માનતુ નથી. આવા સાધનસંપન્ન લોકો સ્માનભેર જીવી શકે, પોતાના હાથે સારા કાર્યો કરી શકે, સરખી ઉંમરના લોકો સાથે સારી રીતે સમય પસાર કરી શકે, ધર્મ ધ્યાનમાં મન પરોવી શકે અને તેમની રોજબરોજની જીદંગી ખુબ સારી રીતે માણી શકે એવા ઉમદા હેતુ સાથે આ ભવનનું નિર્માણ કરવામાં આવ્યુ છે. ૬૦થી વધુ વર્ષની ઉંમરના લોકો તેમની શારિરીક સમસ્યાના ઉકેલ સાથે સમય કયાં અને કોની સાથે પસાર કરવો એ પ્રશ્નો જવાબ અહીં કળી રહેશે.

'મજુલ' નામના આ વિશાળ ભવનમાં વડીલોને રહેવા -જમવા સાથે પ્રાર્થના, વાંચન, યોગ, જિમ્નેશ્યમ, મેડીકલ, ગાર્ડન સહિતની સુવિધા

મંજુલ નામના આ વિશાળ ભવનમાં તેમને રહેવા-જમવા સાથે પ્રર્થના, વાંચન, યોગ, જીમ્નેશ્યમ, મેડિકલ, ગાર્ડન સહિત અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. બાર માળના આ ભવનમાં બિલ્ડીંગમાં સીંગલ, દંપતિ અને શેરીંગથી રહી શકાય એવા ૪૨ રૂમ બનાવાયા છે. ૨૪ કલાક ગરમ-ઠંડા પાણીની સુવિધા સાથેના એટેચ બાથરૂમ, વિશાળ ડાયનીંગ હોલ, પોતાના વાહન માટે વિશાળ પાર્કીંગ, ઈન્ટરનેટ સર્વિસ, ટેરેસ ગાર્ડન, આર.ઓ.પી.ડી. રૂમ, બાર્બર શોપ બેન્કવેટ હોલ સહિત રોજીંદા જીવનમાં જરૂરી નાની નાની વાતોનું ધ્યાન રાખી દરેક સગવડ પૂરી પાડવામાં આવશે. સેન્ટરમાં રહેતા લોકો દ્વારાજ સંસ્થાનું સંચાલન ચલાવાય એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

સીનીયર સીટીઝન હોમ અને ડે કેર સેન્ટર 'મંજુલ'ના વિચારને મૂર્તિમંત કરવા માટ સૌપ્રથમ શ્રી મંજુલાબેન ટપુલાલ મહેતા અને ટપુલાલ ભગવાનજી મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રૂા. બે કરોડ એકાવન લાખનું અનુદાન આપવામાં આવ્યું હતું. રાજકોટ શહેરની મધ્યમાં પી.ડી. માલવીયા કોલેજ સામે, ગોંડલ રોડ ઉપર ૧૮ કરોડના ખર્ચે ૧૨ માળનું આ અદ્યતન ભવન નિર્માણ પામ્યું છે. જેમાં સમાજના ઉદારદિલા દાતાઓનો ખૂબ સારો સહયોગ મળ્યો હોવાનું જણાવાયું છે.



શ્રી કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમની સ્થાપના આજથી ૧૧૮ વરસ પહેલા રાજાશાહીના વખતમાં રજવાડાઓના સહયોગથી સમાજના અમુક શ્રેષ્ઠીઓ દ્વારા મા-બાપ વગરના અનાથ બાળકો, તરછોડાયેલા બાળકોને નવજીવન આપવાના હેતુ સાથે કરવામાં આવી હતી. આજે ૧૧૯ વરસે સંસ્થા દ્વારા અનાથ બાળકોના ઉછેર સાથે તેનો અભ્યાસ, સારા સંસ્કારોના સિંચન સાથે ઉછેર, ઉચ્ચ અભ્યાસ સાથે સમાજમાં માનભેર રહી શકે એ રીતે પગભર કરવામાં આવે છે.

કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના પ્રમુખ અરવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખ ચંદ્રકાન્તભાઈ પટેલ (મો. ૯૪૨૬૯૧૮૬૧૯) માનદ મંત્રી દિનેશભાઈ ઠક્કર, સહ માનદ મંત્રી મનિષભાઈ મહેતા, ખજાનચી પ્રવીણભાઈ અઘારા (મો. ૯૩૭૪૧૨૧૩૮) સહિત સમગ્ર ટ્રસ્ટગણ સેવા આપી રહ્યા છે.

તસ્વીરમાં અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના સર્વશ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ, પ્રવિણભાઈ અઘારા, રાજુભાઈ મહેતા અને વિજય મહેતા નજરે પડે છે. (તસ્વીર : અશોક બગથરીયા) (૪૧.૮)

વણાટકામની કલાને વ્યવસાયરૂપે વિકસાવીને વેસ્ટ પ્લાસ્ટિકમાંથી ઉપયોગી વસ્તુઓ બનાવી અન્ય મહિલાઓને પૂરી પાડી રોજગારી

કચ્છના રાજીબેન બન્યા મહિલા આત્મનિર્ભરતાનું પ્રેરક ઉદાહરણ

ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને હેઠળ કુંવરજીભાઈ બાવળીયા સંજયસિંહ મહિડાના નેતૃત્વમાં ગુજરાત રાજ્યની મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તીકરણના અભિગમ થકી અનેક પ્રયાસોના પરિણામે મહિલાઓ આજે પુરૂષ સમોવડી બનીને સ્વરોજગારી મેળવી સામાજિક જીવનને વધુ ઉજ્નત બનાવે છે



અમદાવાદ, તા.૨૦: રાજ્યની મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મહિલા સશક્તીકરણના અભિગમ થકી અનેક પ્રયાસો કર્યા છે. જેના પરિણામે રાજ્યની મહિલાઓ આજે પુરૂષ સમોવડી બનીને સ્વરોજગારી મેળવી સામાજિક જીવનને વધુ ઉજ્નત બનાવી રહી છે.

રાજ્યમાં દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM)નો અમલ ગુજરાત લાઈવલીહુડ મોશન કંપની-GLPC સંસ્થા દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત યોજનાની શરૂઆતથી ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં અંદાજે ૨૮.૭૦ લાખ ગ્રામીણ પરિવારોમાંથી કુલ ૨.૮૯ લાખ સ્વ-સહાય જૂથો (SHGs)ની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વ-સહાય જૂથોને ઈન્ભ્દ્વારા રૂ. ૨૫૭.૯૨ કરોડ રિવોલ્વિંગ ફંડ અને રૂ. ૧,૧૭૫.૦૯ કરોડ કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ એમ કુલ રૂ. ૧,૪૩૩ કરોડ કરતાં વધુનું ફંડ આપવામાં આવ્યું છે. વધુમાં, આ સ્વ-સહાય જૂથોને રૂ. ૪,૦૫૦ કરોડ કરતાં વધુ કેશ ક્રેડિટ-લોન પણ વિતરણ કરવામાં આવી છે.

આજે આ સંદર્ભે વાત કરવી છે શ્રી રાજીબેન વણકરની કે જેઓ કચ્છ જિલ્લાના અવધનગર ગામના રહેવાસી છે. જેમણે મહિલા સશક્તીકરણ અને પર્યાવરણ સંરક્ષણનો અનોખો સંકલ્પ સાકાર કરી બતાવ્યો છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ પ્લાસ્ટિક કચરાનું સુવ્યવસ્થિત સંચાલન કરીને રાજીબેને વેસ્ટ-ટુ-વેલ્થના સિદ્ધાંતને જીવંત રૂપ આપ્યું છે. તેમણે વેસ્ટ પ્લાસ્ટીકમાંથી વિવિંગ કરીને ઉપયોગી વસ્તુઓ બનાવી અનેક મહિલાઓને રોજગારી પૂરી પાડી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં અને ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તથા રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાના નેતૃત્વમાં રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ, કેશ ક્રેડિટ લોન જેવી અનેક મહત્વની યોજનાઓનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રાજીબેને ગ્રામ સંગઠન મારફતે મળેલી રૂ. ૭૦ હજારની કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ સહાય તેમજ રૂ. ૨ લાખની કેશ ક્રેડિટ લોનથી ૧૫ મહિલાઓ સાથે મળીને ઉત્પાદન એકમની સ્થાપના કરી હતી. જેના થકી આજે ૩૫થી વધુ મહિલાઓ આત્મનિર્ભર બની છે. જેના પરિણામે તેઓ દર વર્ષે રૂ. ૮થી ૧૦ લાખનો વ્યવસાય કરી રહ્યા છે. આમ, રાજીબેન મહિલાઓમાં બચતનું મહત્વ, શિક્ષણ અને આત્મવિશ્વાસ અંગે પ્રેરણા આપી રહ્યા છે. આમ, મજબૂત મનોબળ અને દ્રઢ ઈચ્છાશક્તિથી દરેક મહિલા પગભર થઈ શકે છે. રાજીબેન વણકરની આ યાત્રા એ જ સાબિત કરે છે કે, સંકલ્પ, શ્રમ અને યોગ્ય માર્ગદર્શનથી ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બનીને સમાજમાં નવી ઓળખ ઊભી કરી શકે છે. તેની સાથે પ્લાસ્ટિકમુક્ત, સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ તરફ આગળ વધવા માટે પ્રેરણા પણ આપી શકે છે.(૬.૧૩)

બજારો બપોરે ૩ના ટકોરે

વેસણ (૫૦ કિલો)	૪૦૦૦-૪૫૦૦
ચણા	૫૭૦૦-૫૮૦૦
ચણા દાળ	૭૦૦૦-૭૫૦૦
કપાસીયા-ખોળ(છાલા)(૫૦ કિલો)	૧૬૦૦-૧૮૫૦
૨૨ કેરેટ દાગીનાના ભાવ	૧૪૫૦૦૦
૨૨ કેરેટ દાગીના પરત ભાવ	૧૩૫૦૦૦
સોનું સ્ટાન્ડર્ડ (૧૦ ગ્રામ)	૧૫૧૦૦૦
ચાંદી ચોરસા (૧ કિલો)	૩૧૬૦૦૦
ખાંડ	૪૦૫૦-૪૨૩૦
સીંગતેલ લુઝ (૧૦કિ.ગ્રા.)	૧૬૦૦
પામોલીન તેલ ,, ,,	૧૨૪૦
કપાસિયા તેલ ,, ,,	૧૨૭૦
સોયાબીન	૧૩૦૨
ટેકસપેઇડ સીંગતેલ	
સીંગતેલ નવા ટીન (૧૫ કીલો)	૨૬૮૦-૨૭૩૦
રીફા. કપાસીયા તેલ	૨૨૧૫-૨૨૬૫
વનસ્પતી ઘી	૧૮૬૦-૧૮૮૦



આઈસીએઆઈ રાજકોટ બ્રાન્ચ દ્વારા આંતર-વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ


રાજકોટ : ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની રાજકોટ શાખા દ્વારા આંતર-વિભાગીય મિત્રતા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જગમૂત ક્રિકેટ ગ્રાઉન્ડ, એમએકે ક્રિકેટ અકાડેમી, માધાપર ચોકડી નજીક, રાજકોટ ખાતે યોજાયેલ આ ટૂર્નામેન્ટમાં રાજકોટ એડવોકેટ બાર એસોસિએશન, સીજીએસટી વિભાગ, એસજીટી વિભાગ, આવકવેરા વિભાગ, આઈસીએસઆઈ રાજકોટ શાખા, પોલીસ વિભાગ, આઈસીએઆઈ રાજકોટ શાખા ભાગ લઈ રહી છે. આ ટૂર્નામેન્ટનો મુખ્ય ઉદેશ વ્યવસાયિક સંવાદિતા વધારવી, રમતિયાળ ભાવના પ્રોત્સાહિત કરવી અને વિવિધ વિભાગો વચ્ચે મૈત્રીપૂર્ણ વાતાવરણમાં સંબંધો મજબૂત બનાવવાનો છે. આવા કાર્યક્રમો દ્વારા ઔપચારિક કામકાજની બહાર પરસ્પર સહકાર અને સમજ વધે તે આઈસીએઆઈ રાજકોટ શાખાનો અભિગમ છે. આ ટુર્નામેન્ટમાં આઈસીએઆઈના સર્વશ્રી સી.એ. રાજ મારાવાણીયા - ચેરમેન, સી.એ. જયેશ ધાનેજા - ટ્રેઝરર, સી.એ. ધવલ દોશી - સેક્રેટરી, સી.એ. વિપુલ દત્તાણી - વિકાસા ચેરમેન, સી.એ હિરેન રાયચુરા અને સી.એ. બાદલ સોનપાલ - કમિટી મેમ્બર વગેરે તેમજ અન્ય વિભાગોના સભ્યો પણ હાજર રહ્યા હતાં. તેમ રાજ મારવાણીયાની યાદીમાં જણાવાયુ છે .(૧૬.૨)

એલોન મસ્ક એવા પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની વ્યક્તિગત સંપત્તિ અડધા ટ્રિલિયન ડોલર (૫૦૦ બિલિયન) ને વટાવી ગઈ: હકીકત એ છે કે વિશ્વમાં ૪ માંથી ૧ વ્યક્તિ પાસે ખાવા માટે પૂરતું ખોરાક નથી

વિશ્વમાં પહેલી વાર અબજોપતિઓની સંખ્યા ૩,૦૦૦ ને વટાવી ગઈ

૨૦૨૫નું વર્ષ અબજોપતિઓ માટે અત્યાર સુધીનું સૌથી સફળ વર્ષ હતું, કારણ કે તેમની કુલ સંપત્તિ વધીને રેકોર્ડ ડોલર ૧૮.૩ ટ્રિલિયન (આશરે રૂા.૧,૬૬૦ લાખ કરોડ) થઈ ગઈ છે

નવી દિલ્હી તા.૨૦:માનવ અધિકાર જૂથ ઓક્સફેમ ઈન્ટરનેશનલના નવા અહેવાલ મુજબ,વિશ્વના અબજોપતિઓની સંપત્તિ અને તેમની રાજકીય શક્તિમાં ઝડપથી વધારો થયો છે. અહેવાલમાં જણાવાયું છે કે અબજોપતિ સામાન્ય



વ્યક્તિ કરતાં નેતા બનવાની શક્યતા ચાર હજાર ગણી વધારે છે. ૨૦૨૫નું વર્ષ અબજોપતિઓ માટે અત્યાર સુધીનું સૌથી સફળ વર્ષ હતું, કારણ કે તેમની કુલ સંપત્તિ વધીને રેકોર્ડ ૧૮.૩ ટ્રિલિયન (આશરે રૂા.૧,૬૬૦ લાખ કરોડ) થઈ ગઈ છે. આ પાછલા પાંચ વર્ષની સરેરાશ કરતા ત્રણ ગણું વધારે છે.

ઓક્સફેમે રિઝિસ્ટિંગ ધ રૂલ ઓફ ધ રિચ શીર્ષક સાથે એક અહેવાલ બહાર પાડ્યો છે. તેમાં જણાવાયું છે કે ૨૦૨૦ થી અબજોપતિઓની સંપત્તિમાં ૮૧ ટકાનો વધારો થયો છે. ગયા વર્ષે, તેમની સંપત્તિમાં ડોલર ૨.૫ ટ્રિલિયન (૧૬.૫ ટકા)નો વધારો થયો છે. આ રકમ વિશ્વમાંથી ભારે ગરીબી દૂર કરવા માટે ૨૬ ગણી પૂરતી છે. ભારતમાં, દેશના ટોચના ૧ ટકા ધનિકો કુલ રાષ્ટ્રીય સંપત્તિના આશરે ૪૦ ટકાના માલિક છે.

અહેવાલ મુજબ, વિશ્વમાં અબજોપતિઓની સંખ્યા પહેલીવાર ૩,૦૦૦ ને વટાવી ગઈ છે. એલોન મસ્ક વિશ્વના પ્રથમ વ્યક્તિ બન્યા છે જેમની વ્યક્તિગત સંપત્તિ અડધા ટ્રિલિયન ડોલર (૫૦૦ બિલિયન) ને વટાવી ગઈ છે. આ પરિસ્થિતિ એવા સમયે આવી છે જ્યારે વિશ્વમાં ૪ માંથી ૧ વ્યક્તિ પાસે ખાવા માટે પૂરતો ખોરાક નથી. ધ પોલિટિક્સ કેપ્ચર

રિપોર્ટમાં જણાવાયું છે કે શ્રીમંતો પાસે માત્ર પૈસા જ નથી, પણ રાજકારણ પર પણ નિયંત્રણ છે. સર્વેક્ષણ કરાયેલા ૬૬ દેશોના લગભગ અડધા લોકો માને છે કે શ્રીમંત વ્યક્તિઓ ચૂંટણી ખરીદે છે. વધુ અસમાનતા ધરાવતા દેશોમાં લોકશાહીના પતનનો અનુભવ થવાની શક્યતા સાત ગણી વધુ હોય છે. વધુમાં, અબજોપતિઓ વિશ્વની અડધાથી વધુ સૌથી મોટી મીડિયા કંપનીઓ અને લગભગ તમામ મુખ્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (દા.ત., X, ધ વોશિંગ્ટન પોસ્ટ) ના માલિક છે.

રિપોર્ટ મુજબ, મીડિયા ઉદ્યોગના ટોચના સ્તરે પણ અસમાનતા યથાવત છે. વિશ્વના ટોચના હોદ્દાઓમાંથી માત્ર ૨૭% મહિલાઓ પાસે છે, અને માત્ર ૨૩% હાંસિયામાં ધકેલાઈ ગયેલા અથવા લઘુમતી જૂથોમાંથી આવે છે. રિપોર્ટમાં જણાવાયું છે કે નાગરિક સ્વતંત્રતા અને રાજકીય અધિકારોને પાછળ ધકેલી દેવામાં આવી રહ્યા છે અથવા દબાવવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે, ૬૮ દેશોમાં ૧૪૨ થી વધુ નોંધપાત્ર સરકાર વિરોધી વિરોધ પ્રદર્શન થયા હતા, જેનો અધિકારીઓએ સામાન્ય રીતે હિસાથી જવાબ આપ્યો હતો.

રિપોર્ટમાં, ઓક્સફેમે ભારતની અનામત પ્રણાલીને સામાન્ય લોકોને રાજકીય રીતે સશક્ત બનાવવા તરફ પ્રગતિના મજબૂત ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. ભારતમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે રાજકીય અનામત (ક્વોટા) આર્થિક રીતે વંચિત અને બાકાત સમુદાયો માટે પ્રગતિની તકો પૂરી પાડે છે.

ભારતમાં, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ, તેમજ કેટલીક અન્ય શ્રેણીઓને વિધાનસભાઓમાં તેમની વસ્તીના પ્રમાણમાં અનામત આપવામાં આવે છે, જ્યારે તાજેતરમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જાહેરાત કરવામાં આવી છે. આ શ્રેણીઓ ઉપરાંત, શિક્ષણ અને સરકારી નોકરીઓમાં અન્ય નબળા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો માટે પણ અનામત છે.

ઓક્સફેમના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, અમિતાભ બિહારે જણાવ્યું હતું કે, ધનવાનો અને બાકીના લોકો વચ્ચે વધતો જતો તફાવત રાજકીય ખાધ બનાવી રહ્યો છે જે અત્યંત ખતરનાક અને અસ્થિર છે. આર્થિક ગરીબી ભૂખને જન્મ આપે છે, પરંતુ રાજકીય ગરીબી ગુસ્સો પેદા કરે છે.

(જાન્યુઆરી ૨૦૨૬ મુજબ)

વિશ્વના ટોચના ત્રણ અબજોપતિ

૧. એલોન મસ્ક ૭૨૭ બિલિયન (ટેસ્લા, સ્પેસએક્સ, એક્સ)
૨. લેરી પેજ ૨૬૩ બિલિયન (ગુગલ (આલ્ફાબેટ))
૩. જેફ બેઝોસ ૨૫૧ બિલિયન (એમેઝોન)
(સ્રોતઃ ઓક્સફેમ)

ભારતના ટોચના ત્રણ સૌથી ધનિક લોકો

૧. મુકેશ અંબાણી ડોલર૧૦૪.૬ બિલિયન (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ)
૨. ગૌતમ અદાણી ડોલર ૮૯.૬ બિલિયન (અદાણી ગ્રુપ)
૩. સાવિત્રી જિંદાલ ડોલર ૪૦.૨ બિલિયન (ઓપી જિંદાલ ગ્રુપ)
(સ્રોતઃ ઓક્સફેમ અને હારૂન)(૩૮.૧૧)

રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે રૂા.૯૬ હજાર દારૂ ભરેલી કાર સાથે પ્રકાશ પકડાયો

પીસીબીના એ.એસ. આઇ. મયુરભાઇ પાલરીયા, હેડ કોન્સ. વિજયભાઇ મેતા અને કોન્સ. યુવરાજસિંહ રાણાની બાતમીઃ દારૂ તથા કાર મળી રૂા. ૩.૯૬ લાખનો મુદ્દામાલ કબજે



રાજકોટઃતા.૨૦, દોઢસો ફૂટ રીંગરોડ પર રૈયા ટેલીફોન એકસચેન્જ સર્કલ પાસે પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડ રૂા.૯૬ હજારના વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ રૈયા ટેલીફોન એકસચેન્જ સર્કલ પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ ઉભો હોવાની પીસીબીના એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, હેડ કોન્સ. વિજયભાઇ મેતા અને કોન્સ. યુવરાજસિંહ રાણાને બાતમી મળતા સ્ટાફ સાથે દરોડો પાડી કારમાંથી રૂા. ૯૬૭૬૮ ની કિંમતની વિદેશી દારૂની ૩૩૬ બોટલ સાથે કોન્ટ્રકટર પ્રકાશ સુરેશભાઇ રાઠોડ (ઉ.વ.૩૬) (રહે. દોઢસો ફૂટ રીંગ રોડ, આસ્થા ચોકડી પાસે, આંબેડકરનગર શેરી નં. ૩) ને પકડી લઇ વિદેશી દારૂનો જથ્થો તથા કાર મળી રૂા. ૩,૯૬,૭૬૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કામગીરી પી.આઇ.એમ. આર. ગોંડલીયા, એમ.જે. લુકાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહિપાસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી. (૩૫-૧૩)

હોટલોમાં ક્વોલિટી અને કિંમતનું ગણિત બદલાયું

ડુંગળીના ભાવમાં ભડકોઃ છૂટક બજારમાં ભાવ રૂા.૩૦થી ૫૦ પ્રતિ કિલો

અમદાવાદ તા.૨૦: અમદાવાદીઓના ભોજનનો અભિન્ન હિસ્સો ગણાતી ડુંગળી હવે ગૃહિણીઓ સાથે હોટલ સંચાલકોને પણ રડાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડુંગળીના ભાવમાં સતત ઉછાળો નોંધાઈ રહ્યો છે. હોલસેલ બજારમાં પ્રતિ કિલો રૂા.૮ થી ૧૮ માં વેચાતી ડુંગળીના ભાવ વધીને રૂા.૧૮ થી ૨૪ સુધી પહોંચી ગયા છે, જેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે.



જથ્થાબંધ બજારમાં ભાવ વધતા જ શહેરના જુદા જુદા વિસ્તારોમાં છૂટક ડુંગળી રૂા.૩૦ થી માંડીને રૂા.૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે. હાલમાં અમદાવાદના માર્કેટ યાર્ડમાં મહારાષ્ટ્રના નાસિક તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર, મહુવા અને રાજકોટ પંથકમાંથી ડુંગળીની આવક થઈ રહી છે. જોકે, વેપારીઓના મતે આગામી દિવસોમાં પુરવઠો અને માંગના સમીકરણોને જોતા ભાવમાં હજુ પણ વધારો થવાની શક્યતા છે.

ડુંગળીના વધતા ભાવ વચ્ચે હોટલ અને રેસ્ટોરન્ટ ઉદ્યોગમાં એક નવી ચર્ચાએ જોર પકડ્યું છે. બજારના સૂત્રો અને જથ્થાબંધ વેપારીઓના જણાવ્યા અનુસાર, ડુંગળીના વધતા ભાવને કારણે ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે વિવિધ સ્તરે પ્રયાસો થઈ રહ્યા છે.

નાની હોટલોની મજબૂરીઃ બજારના જાણકારોનું કહેવું છે કે, નાની અને મધ્યમ વર્ગની હોટલોમાં ઘણીવાર રસોડા અને શાકભાજીનો સ્ટોક ગ્રાહકોની નજર સામે હોવાથી ત્યાં સંચાલકો સારી ગુણવત્તાની ડુંગળી રાખવાનો આગ્રહ રાખતા હોય છે.

મોટી હોટલો અને ખર્ચનું ગણિતઃ બીજી તરફ, મોટાપાયે વપરાશ ધરાવતી અને જ્યાં રસોડામાં ગ્રાહકોની સીધી અવરજવર નથી હોતી, તેવી જગ્યાઓએ ખર્ચ ઘટાડવા માટે ઘણીવાર સસ્તા વિકલ્પો કે મધ્યમ ગુણવત્તાની ડુંગળીનો ઉપયોગ થતો હોવાનું બજારમાં ચર્ચાઈ રહ્યું છે. જોકે, આ બાબત સંપૂર્ણપણે હોટલ સંચાલકોની નીતિ પર નિર્ભર રહે છે.

અમદાવાદમાં ખાણીપીણીનું બજાર એટલું વિશાળ છે કે અહીં ડુંગળી અને બટાકાનો વપરાશ ચોંકાવનારો છે. આંકડાકીય માહિતી મુજબ, અમદાવાદીઓ વર્ષ દરમિયાન અંદાજે ૨૩ કરોડ કિલો ડુંગળી અને ૨૦ કરોડ કિલોથી વધુ બટાકા આરોગી જાય છે. હવે જ્યારે આ પાયાની વસ્તુઓના ભાવ વધી રહ્યા છે, ત્યારે તે સામાન્ય માણસના ખિસ્સા પર બોજ વધારી રહ્યા છે.(૩૮.૪)

જીવતા રહેવું હોય તો અમે કહીએ તેમજ રહેવાનું કહી તેજલ વોરાને પાડોશીની ધમકી

રૈયા ધાર ઇન્દીરાનગરમાં બનાવઃ યુવતીની યુનિવર્સિટી પોલીસમાં કરણ ઉર્ફે કૌશલ સામે ફરિયાદ

રાજકોટ તા. ૨૦: રૈયાધાર ઇન્દિરાનગરમાં યુવતીના ઘરે જઇ આ જ વિસ્તારમાં રહેતા શખસે યુવતીના ભાઇ અને પરિવારના ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી કહ્યું હતું કે, તમારે જીવતા રહેવું હોય તો અહીં અમે કહીએ એમ જ રહેવાનું અને અહીં અમારું જ ચાલશે. જેથી આ અંગે યુવતીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના રૈયાધાર ઈન્દિરાનગર વિસ્તારમાં રાધિકા પાનની સામે રહેતી તેજલ પ્રવીણભાઈ વોરા (ઉ.વ.૨૩) નામની યુવતીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં કરણ ઉર્ફે કૌશલ નીતિનભાઈ મકવાણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેને બે ભાઈ છે જેમાં સૌથી મોટો ભાવેશ તેનાથી નાનો સચિન છે. મોટાભાઈના લગ્ન થઈ ગયા હોવાથી તે ગાંધીગ્રામ લાખના બંગલા પાસે પરિવાર સાથે રહે છે. યુવતી તથા તેનો ભાઈ સચિન અહીં પિતા સાથે રહે છે.

ગઈ તા. ૧૫/૧ ના બપોરે તે ઘરે એકલી હતી ત્યારે શેરીમાં રહેતા કરણ ઉર્ફે કૌશલ મકવાણા ઘરની ડેલીએ આવી દરવાજો જોર જોરથી ખખડવા લાગ્યો હતો અને રાડો પાડવા લાગ્યો હતો ભાવેશ ક્યાં છે? બહાર આવ તેવી રાડો પાડતો હતો. જેથી યુવતી બહાર જતાં કહેવા લાગ્યો હતો કે, તારા ભાઈઓ મારા પિતા સાથે કેમ ઝઘડો કરે છે? તેમ કહી ખોટા આક્ષેપો કરી ઘરની બહાર ડેલી પાસે ગાળો બોલતો હતો અને કહેતો હતો કે, તારા ભાઈઓને કહી દેજે સીધા રહે નહીંતર હું તારા ભાઈઓ અને તમારા બધાના ટાંટિયા ભાંગી નાખીશ. તમારે જીવતા રહેવું હોય તો અહીં અમે કહીએ એમ જ રહેવાનું અને અહીં અમારું જ ચાલશે તેમ કહી ધમકી આપી હતી. જેથી આ અંગે યુવતીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરાયણ પર્વ પર કરણ ઉર્ફે કૌશલને વોરા બંધુ સાથે માથાકૂટ થઈ હતી અને તેને માર મારવામાં આવ્યો હતો. જે અંગે તેણે અલગ અલગ બે ફરિયાદો નોંધાવી હતી. ત્યારે હવે કૌશલ સામે વોરા બંધુની બહેને વળતી ફરિયાદ નોંધાવી છે. (૭.૨૮)

નવાગામનો રૂષભ ચોટીલાથી ગાંજો લાવી વેંચવા માટે ગ્રાહક શોધતો'તો પણ એસઓજીનો ભેટો થઇ ગયો

શક્તિ સોસાયટીના ખુણેથી ૭૨ હજારના ગાંજા સાથે પકડી લેવાયોઃ પીઆઇ સંજયસિંહ જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ અને ટીમની કાર્યવાહીઃ ઇન્દ્રસિંહ જાડેજા, હાર્દિકસિંહ પરમારની બાતમી

ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની રાહબરીમાં માદક પદાર્થનો આ વર્ષનો પહેલો કેસ



રાજકોટ તા. ૨૦: શહેરમાં યુવાધન માદકદ્રવ્યોના રવાડે ન ચડે અને નારકોટીક્સ પદાર્થોનું વેંચાણ, હેરાફેરી ન થાય તે માટે 'સે નો ટુ ડ્રગ્સ'ની ઝુંબેશ ચાલી રહી છે. ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં શહેર એસઓજીએ આ વર્ષનો પહેલો એનડીપીએસનો કેસ કર્યો છે. નવાગામના શખ્સને તેના ઘર નજીક શક્તિ સોસાયટીના ખુણેથી રૂા. ૭૨૪૫૦ના ૧.૪૯૯ કિ.ગ્રા. ગાંજા સાથે ઝડપી લેવાયો છે. આ શખ્સ ચોટીલા તરફથી ગાંજો લાવી વેંચવા માટે ગ્રાહક શોધતો હતો, પણ એસઓજીની ટીમ આવી ગઇ હતી.

જાણવા મળ્યા મુજબ માદક પદાર્થની હેરાફેરી અટકાવવા, આવા કેસ શોધવા એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા, કોન્સ. હાર્દિકસિંહ પરમારને બાતમી મળતાં નવાગામ શક્તિ સોસાયટી-૧૦ના ખુણે વોચ રાખી અહિ છપ્પનીયા પરામાં રહેતાં રૂષભ ઉર્ફે રાહુલ મુકેશભાઇ અમદાવાદી (ઉ.વ.૩૪)ને શંકાસ્પદ પદાર્થ સાથે પકડી લીધો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયા પાસે પરિક્ષણ કરાવતાં આ પદાર્થ ગાંજો હોવાનું સ્પષ્ટ થતાં રૂષભ સામે બી-ડિવીઝન પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવી તેની અટકાયત કરી હતી.

પોલીસે ગાંજો, મોબાઇલ ફોન, રોકડ, પ્લાસ્ટીકનું ઝભલુ-કપડાની થેલી કબ્જે કર્યા હતાં. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ગાંજા સાથે ઝડપાયેલો રૂષભ ઉર્ફ રાહુલ અગાઉ એ-ડિવીઝન, કુવાડવા રોડ પોલીસ, પ્ર.નગર, ટંકામાં અલગ અલગ પાંચ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડ્યો હતો. હાલ તે છુટક મજૂરી કરે છે. પૈસાની ખેંચ હોઇ કમાણી કરવા માટે ચોટીલા તરફના શખ્સ પાસેથી આ ગાંજો લાવ્યાનું તેણે રટણ કર્યુ હતું. જો કે ખરેખર ગાંજો ક્યાંથી લાવ્યો? તેની તપાસ થઇ રહી છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અને રાહબરીમાં પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા, ફિરોઝભાઇ રાઠોડ, અરૂણભાઇ બાંભણીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, હેડકોન્સ. મૌલિકભાઇ સાવલીયા, દિગ્વીજયસિંહ ગોહિલ, કોન્સ. હાર્દિકસિંહ પરમાર, કોન્સ. મોનાબેન બુસા, ડ્રા.કોન્સ. મહાવીરસિંહ જાડેજાએ આ કામગીરી કરી હતી. (૧૪.૭)

ગિરનારમાં ઠંડી યથાવત ૫.૫ ડિગ્રીઃ સૌરાષ્ટ્ર-કચ્છમાં સામાન્ય ઘટાડો

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતર્યોઃ મિશ્ર વાતાવરણ યથાવત

રાજકોટ તા.૨૦: રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જયારે ગિરનાર ઉપર ઠંડી યથાવત છે. આજે ગિરનાર ૫.૫ ડિગ્રી ઠંડી નોંધાઇ છે. જયારે કચ્છના નલીયામાં ૧૦.૮, અમરેલી ૧૧.૬, રાજકોટ ૧૧.૫, જામનગરમાં ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ છે.

જુનાગઢ

(વિનુ જોશી દ્વારા) જુનાગઢઃ આજે સવારે તાપમાનમાં ફરી ઘટાડો થતા ગિરનાર પર ૫.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. ગઈકાલથી જુનાગઢ સહિત સોરઠમાં ઠંડીનું નવેસરથી મોજુ શરૂ થયું છે. નવા સપ્તાહના પ્રથમ દિવસ સોમવારે ગીરનાર પર ૭.૭ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યા બાદ આજે સવારે ૨.૨ ડિગ્રીના ઘટાડા સાથે ૫.૫ ડિગ્રી નોંધાતા સમગ્ર ગિરનાર પર્વત અને તેના જંગલ વિસ્તારમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. ગિરનારની સાથે સાથે જુનાગઢમાં પણ સવારે લઘુતમ તાપમાન ૨.૨ ડિગ્રી ઘટીને ૧૦.૫ ડિગ્રી નોંધાયું હતુ. જુનાગઢ વિસ્તારમાં ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૩ ટકાએ પહોંચી જતા વ્હેલી સવારે ઝાકળવર્ષા પણ થઈ હતી જેના પરિણામે ઠંડી વધુ તીવ્ર બની હતી. સવારથી પવનની પ્રતિ કલાકની ઝડપ ૩.૪ કિલોમીટરની રહી હતી.

જામનગર

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગરઃ બાજરા સંશોધન કેન્દ્ર જામનગર તરફથી મળેલ તાપમાનની વિગત જોઈએ તો લઘુતમ તાપમાન ૧૨, મહતમ તાપમાન ૨૭, ભેજનું પ્રમાણ ૮૦%, પવનની ગતિ ૩.૪ કિ.મી. રહી છે.

ભાવનગર

(મેઘના વિપુલ હિરાણી દ્વારા) ભાવનગરઃ ગોહિલવાડ પંથકમાં ઠંડી ઘટી છે. આજે મંગળવારે ભાવનગર શહેરનું લઘુતમ તાપમાન ઘટીને ૧૪ લઘુતમ તાપમાન ઘટીને ૧૪.૬ ડિગ્રી નોંધાયુ હતુ. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૦ ટકા રહયુ હતું. જયારે પવનની ઝડપ ૮ કિ.મી. રહી છે. (૨.૭)

ક્યાં કેટલી ઠંડી

શહેર	લઘુત્તમ તાપમાન	
ગિરનાર	૫.૫	ડિગ્રી
અમદાવાદ	૧૩.૩	ડિગ્રી
અમરેલી	૧૧.૬	,,
બરોડા	૧૨.૨	,,
ભાવનગર	૧૪.૬	,,
ભુજ	૧૪.૮	,,
દમણ	૧૫.૦	,,
ડીસા	૧૧.૯	,,
દીવ	૧૫.૭	,,
દ્વારકા	૧૭.૮	,,
ગાંધીનગર	૧૩.૭	,,
જામનગર	૧૨.૦	,,
કંડલા	૧૪.૭	,,
નલિયા	૧૦.૮	,,
ઓખા	૧૯.૬	,,
પોરબંદર	૧૧.૦	,,
રાજકોટ	૧૧.૫	,,
સુરત	૧૫.૧	,,
વેરાવળ	૧૫.૫	,,

બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ ખારાનમાં મોટી જાનહાનિનો દાવો કર્યો

બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ પાકિસ્તાની સેના પર મોટો હુમલો કર્યોઃ ૫૦ થી વધુ સૈનિકો માર્યા ગયા

નવી દિલ્હીઃ તા.૨૦બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટ (BLF) એ પાકિસ્તાની સેનાને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો છે. BLF એ જણાવ્યું હતું કે તેના લડવૈયાઓએ ૧૫ જાન્યુઆરીના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે (સ્થાનિક સમય) ખારાનમાં એક મોટું અને સંકલિત ઓપરેશન શરૂ કર્યું હતું. તેઓએ શહેર પર કબજો કર્યો, પોલીસ સ્ટેશનનો કબજો મેળવ્યો અને બેંકો અને સરકારી ઈમારતો પર હુમલો કર્યો.



નવ કલાક ચાલેલી અથડામણમાં ૫૦ થી વધુ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા અને ડઝનેક વધુ ઘાયલ થયા. ઘાયલોમાં વિંગ કમાન્ડર કર્નલ વાધાન અને મેજર આસીમનો સમાવેશ થાય છે. ગ્રુપે જણાવ્યું હતું કે તેના લડવૈયાઓએ પહેલા ખારાન શહેર પોલીસ સ્ટેશન પર કબજો કર્યો, કર્મચારીઓને બંધક બનાવ્યા, સરકારી હથિયારો કબજે કર્યા, કેદીઓને મુક્ત કર્યા અને ઈમારત, રેકોર્ડ અને પોલીસ વાહનોને નુકસાન પહોંચાડ્યું.

બીજી ટુકડી ખારાનના મુખ્ય બજારમાં પ્રવેશી અને મીઝાન બેંક, અલ હબીબ બેંક, નેશનલ બેંક અને અન્ય સરકારી કચેરીઓ પર હુમલો કર્યો. કાર્યવાહી દરમિયાન, એક બેંક સુરક્ષા ગાર્ડ માર્યો ગયો અને સ્થાનિક ''ડેથ સ્ક્વોડ'' સાથે સંકળાયેલા બે લોકો ઘાયલ થયા.

BLF એ દાવો કર્યો હતો કે તેના સહાયક એકમ, કુર્બાન, ખારાનના મુખ્ય બજારમાં પ્રવેશ કર્યો, રેડ ઝોનમાં એક ચેકપોઈન્ટ સ્થાપી અને ત્રણ વાહનોના લશ્કરી કાફલાને નિશાન બનાવ્યો. આ હુમલામાં ૧૫ સૈનિકો માર્યા ગયા અને લશ્કરી વાહનોનો નાશ થયો. માર્યા ગયેલા લોકોના હથિયારો જપ્ત કરવામાં આવ્યા.

સુરક્ષા દળોએ ત્રણ બલૂચ નાગરિકોને બળજબરીથી ગાયબ કર્યા

બલુચિસ્તાન પ્રાંતમાં હિંસા અને સુરક્ષા કાર્યવાહી વચ્ચે બળજબરીથી ગુમ કરવાના કિસ્સાઓ ચાલુ છે. એક અગ્રણી માનવાધિકાર સંગઠને દાવો કર્યો છે કે પાકિસ્તાની સુરક્ષા દળોએ વધુ ત્રણ બલૂચ નાગરિકોને બળજબરીથી ગુમ કર્યા છે.

બલૂચ નેશનલ મૂવમેન્ટના માનવ અધિકાર સેલ અનુસાર, બે ભાઈઓ, ઈમરાન બલોચ અને રિઝવાન બલોચનું ૧૭ જાન્યુઆરીના રોજ પંજગુર જિલ્લાના તુસ્પ વિસ્તારમાંથી તેમના ઘરેથી સુરક્ષા દળો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. એક અલગ ઘટનામાં, ખારન જિલ્લાના રહેવાસી ઓવૈસ અહેમદ કમ્બરાનીને પણ ૧૭ જાન્યુઆરીના રોજ સરવાન વિસ્તારમાં એક ડેરી ફાર્મ પર દરોડા દરમિયાન સુરક્ષા દળો દ્વારા બળજબરીથી ગાયબ કરવામાં આવ્યો હતો. (૩૫-૨)

દેશભરમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા મનરેગાના નવા નિયમોના વિરોધમાં ઠેર-ઠેર પ્રદર્શન

રાયબરેલી : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધી આજે મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ) માં કરવામાં આવેલા નવા ફેરફારો અને કાયદાઓના વિરોધમાં ઉત્તર પ્રદેશના રાયબરેલી પહોંચ્યા છે. રાયબરેલીમાં તેઓ આજથી બે દિવસના પ્રવાસે છે, જે દરમિયાન તેઓ વિશેષ 'ચૌપાલ' યોજીને સામાન્ય જનતા, ખેડૂતો અને શ્રમિકો સાથે સીધો સંવાદ કરશે.

બીજી તરફ, કોંગ્રેસ પક્ષ દ્વારા આ મુદ્દે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે આજે સવારથી જ કાર્યકરો ઠેર-ઠેર દેખાવો કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજનામાં દાખલ કરવામાં આવેલા નવા નિયમો અને કાયદાકીય જોગવાઈઓના વિરોધમાં દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. આ લડતને વેગ આપવા માટે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી આજે, ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પોતાના સંસદીય ક્ષેત્ર રાયબરેલીની મુલાકાતે પહોંચ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, રાહુલ ગાંધી રાયબરેલીમાં બે દિવસ રોકાણ કરશે અને અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય મનરેગાના નવા કાયદાઓ સામે અવાજ ઉઠાવવાનો છે. આ પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધીની 'ચૌપાલ' રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. ગ્રામીણ ભારતની પરંપરા મુજબ તેઓ ખુલ્લામાં લોકો વચ્ચે બેસીને તેમની સમસ્યાઓ સાંભળશે. ખાસ કરીને મનરેગા હેઠળ કામ કરતા શ્રમિકો અને ગરીબ પરિવારો પર નવા કાયદાની શું અસર થશે તે અંગે તેઓ સીધી માહિતી મેળવશે. કોંગ્રેસનું કહેવું છે કે આ 'ચૌપાલ' માત્ર એક સભા નથી, પરંતુ સરકારની નીતિઓ સામે ગરીબોનો અવાજ બુલંદ કરવાનું એક માધ્યમ છે.

આ મુદ્દે કોંગ્રેસના રાજ્યસભા સાંસદ રણજીત રંજને પણ આકરી પ્રતિક્રિયા આપી છે. ડિજિટલ મીડિયા પર પ્રસારિત નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ પક્ષ આ નવા કાયદાનો સખત વિરોધ કરી રહી છે અને અમે ગામડે-ગામડે જઈને અમારો વિરોધ નોંધાવી રહ્યા છીએ.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, 'અમારું આખું સંગઠન અને તમામ જનપ્રતિનિધિઓ આ લડતમાં જોડાયેલા છે. આ કોઈ રાજકીય મુદ્દો નથી, પરંતુ સીધો ગરીબોના કામ અને રોજીરોટી સાથે જોડાયેલો પ્રશ્ન છે.' રણજીત રંજનના આ નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસ આ મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે લઈ જવા માટે કમર કસી રહી છે.

મનરેગાના નવા કાયદા સામે રાયબરેલીમાં રાહુલ ગાંધીનો જંગ : આજથી બે દિવસીય પ્રવાસમાં 'ચૌપાલ' : કોંગ્રેસનું શક્તિપ્રદર્શન : 'આ ગરીબોના હકનો પ્રશ્ન છે, અમારૂં આખું સંગઠન ગામડે-ગામડે વિરોધ નોંધાવશે'

આજે સવારથી જ દેશના વિવિધ ભાગોમાં કોંગ્રેસના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા છે. પક્ષના આદેશ અનુસાર, સંગઠનના કાર્યકરો જગ્યા-જગ્યાએ એકઠા થઈને મનરેગાના નવા કાયદા વિરુદ્ધ દેખાવો કરી રહ્યા છે. સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ પર પણ 'હેશટેગ' સાથે આ વિરોધ ટ્રેન્ડ થઈ રહ્યો છે. દેશના અનેક રાજ્યોમાં કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા જિલ્લા અને તાલુકા મથકે આવેદનપત્રો આપીને અને સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે.

રાહુલ ગાંધીની રાયબરેલી મુલાકાત અને દેશભરમાં થઈ રહેલા આ આંદોલને સરકાર પર દબાણ વધાર્યું છે. આગામી બે દિવસ દરમિયાન રાહુલ ગાંધી રાયબરેલીથી શું સંદેશ આપે છે અને સરકાર આ વિરોધ સામે શું વલણ અપનાવે છે તેના પર સૌની નજર રહેલી છે. (૩૭.૧૧)

Owned, Printed and published by AJITKUMAR GUNVANTRAI GANATRA printed at JAY SAURASHTRA PRINTING PRESS, NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT and published at NEAR MOTI TANKI, RAJKOT-360001, GUJARAT editor AJITKUMAR GUNVANTRAI GANATRA. Ph. No.0281-2445111 Email-akiladailyad@gmail.com



વોર્ડ નં. ૨ના વિવિધ વિસ્તારોમાં ડામર રી-કાર્પેટ : ખાતમુહુર્ત

રાજકોટ : શહેરના વોર્ડ નં.૨માં આવેલ બજરંગવાડી સર્કલ થી પોલિસ ટોઈંગ સ્ટેશન સુધી અને પુનિત નગર મેઈન રોડમાં ડામર રી-કાર્પેટ કામનું ખાતમુહુર્ત મેયર નયનાબેન પેઢડિયા, ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, અજયસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ ગોહિલ, સંજયભાઈ મિયાત્રા, અશ્વિનભાઈ અઢીયા, જે.ડી.ઉપાધ્યાય, ઘનશ્યામસિંહ રાઠોડ, નિલેશભાઈ તરેયા, યોગરાજસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, જેન્તીભાઈ બુધેલિયા, ભરતભાઈ વીરડા, જેન્તીભાઈ અજમેરિયા, મહેશભાઈ પટેલ, બાદુરદાન ગઢવી, જીગાભાઈ, રાજનભાઈ સિંઘવ, રાજુભાઈ વાડોલીયા, ભરતભાઈ લાઠિયા, ભારતીબેન લાઠિયા, નેહાબેન, ભાવનાબેન, અનુબેન પરમાર, સપનાબેન મકવાણા, હિરલબેન કટારિયા, દક્ષાબેન વાઘેલા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.(૨૩.૨૯)



ઇગ્નો દ્વારા દિલ્હીમાં મેગા જોબ ફેર : રાજકોટ : ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) એ તાજેતરમાં ૧૨ જાન્યુઆરી ના દિલ્હીમાં મેગા જોબ ફેરનું બીજું સંસ્કરણ પૂર્ણ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ / ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ભરતી કરનારાઓ બંને તરફથી ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો. IGNOU-CII જોબ ડ્રાઇવનો હેતુ શૈક્ષણિક અને ઉદ્યોગ વચ્ચેના અંતરને દૂર કરવાનો છે, જે પ્રતિભા સંપાદન અને કારકિર્દીની તકો માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. આ રોજગાર ડ્રાઇવમાં ઉડ્યન, આતિથ્ય, ગ્રાહક સહાય, IT અને ઈ-કોમર્સ ક્ષેત્રોમાં અગ્રણી સંસ્થાઓની ભાગીદારી જોવા મળી, જે IGNOU વિદ્યાર્થીઓ અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારની નોકરી પ્રોફાઇલ અને કારકિર્દીની સંભાવનાઓ પ્રદાન કરે છે. કાર્યક્રમના પરિણામ પર સંતોષ વ્યક્ત કરતા, IGNOU ના કુલપતિ પ્રો. ઉમા કાંજીલાલે કહ્યું, IGNOU મેગા જોબ ડ્રાઇવે વિદ્યાર્થીઓને રોજગારી યોગ્ય કૌશલ્યોથી સશક્ત બનાવવા અને તેમને ઉદ્યોગના નેતાઓ સાથે જોડવાની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી છે. (૯.૨૩)



વોર્ડ નં.૧૧માં વિવિધ વિસ્તારના રોડ સિમેન્ટ કોન્ક્રીટથી મઢાશે : ખાતમુર્હુતઃ

રાજકોટ : મહાનગરપાલિકા દ્વારા આજ વોર્ડ નં.૧૧માં આવેલ બાલાજી હોલ થી ધોળકિયા સ્કૂલ સુધીના રોડને સિમેન્ટ કોન્ક્રીટ રોડ બનાવવાનું કામ (અંદાજિત રકમ રૂા.૨.૮૫ કરોડ)તથા કણકોટ રોડ થી ન્યારી ડેમ સુધીના આશ્રમ રોડને ડેવલોપ કરવાના કામનુ (અંદાજિત રકમ રૂા.૨.૦૬ કરોડ)ના ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ.ભરતભાઈ બોઘરા, પ્રદેશ કિશાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, વોર્ડ નં.૮ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૧ પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહામંત્રી મૂળુભાઈ ઓડેદરા, અગ્રણી મનસુખભાઈ સાવલીયા, યોગેશભાઈ ચાપાણી, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, રસિકભાઈ મુંગરા, ભાસ્કરભાઈ જસાણી, પ્રવિણભાઈ ઠુમર, હિતેશભાઈ મુંગરા, અંકુરભાઈ ધામેલીયા, પ્રફુલાબેન બારોટ, ધર્મેશભાઈ સોલંકી, ગોપીબા જાડેજા, પલ્લવીબેન પોપટ, નીખીલભાઈ મેવાડા, વેલભાઈ ગમારા, સુનીલભાઈ સાગઠીયા, સુરેશભાઈ ઝીન્ઝુવાડીયા, પ્રફુલભાઈ કાથરોટીયા, દિનેશભાઈ ચાપાણી, રાધિકાબેન ગીણોયા, રાજુભાઈ ડાંગરીયા, બાવનજીભાઈ કોઠીયા, હિયાજી ઈડા, જયંતિભાઈ ચાવડા, નરેશભાઈ ત્રાડા, ધીરૂભાઈ ઘાડીયા, રાજુભાઈ સાવલીયા, જેન્તીભાઈ મેઘાણી, મિલનભાઈ બારોટ, હસમુખભાઈ ભાખર, મુકેશભાઈ ચોવટીયા, ભાવેશભાઈ વેકરીયા, પ્રકાશભાઈ ખોડા, શાંતુબા જાડેજા, પ્રવિણાબેન અસરાણીયા, વિનોદભાઈ લાલકીયા, પરસોતમભાઈ સાવલીયા, તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહયા હતા.(૨૩.૨૦)




માત્ર ગીતો જ નહિ, વીરદાદા જશરાજનો ઇતિહાસ, જીવનના પ્રેરક પ્રસંગો પણ વર્ણવાશે

વીરદાદા જશરાજની પુણ્યતિથિ નિમિતે કાલે રાજભા ગઢવી, ઉદયભાઇ ધાંધલ અને ભરતદાન ગઢવીનો લોકડાયરો

રેસકોર્ષના મેદાનમાં ભવ્ય આયોજન : લોકડાયરામાં થયેલ આવક ગૌશાળામાં વાપરવામાં આવશે: મહારક્તદાન કેમ્પમાં રક્તની ૨૦૦થી વધુ બોટલ એકત્ર થશે : સનાતનપ્રેમીઓને આમંત્રણ









રાજકોટ : રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ-રાજકોટ તથા રઘુવંશી શૌર્ય સંગઠન-રાજકોટ દ્વારા ગૌસેવાના લાભાર્થે ભવ્ય લોકડાયરો અને મહા બ્લડ ડોનેશન કેમપનું આયોજન આવતી કાલે તા. ૨૧ના કરવામાં આવેલ છે.

વીરદાદાજશરાજજીની૯૬૮મીપુણ્યતિથીએ રેસકોર્સ ગ્રાઉન્ડમાં રાજભા ગઢવી અને ઉદયભાઈ ધાંધલ તેમજ ભરતદાન ગઢવી દ્વારા તા.૨૧, બુધવારે રાત્રે-૮ વાગ્યાથીલોકડાયરાની જમાવટ કરશે. નાથાણી બ્લડ બેંકના સથવારે મહા રક્તદાનનું પણ આયોજન કરેલ છે. આ ડાયરાની વિશેષતાઓ એ છે કે કલાકારો દ્વારા માત્ર ગીતો જ નહીં પણ વીરદાદા જશરાજજીનો ઈતિહાસ, જીવનના પ્રેરક પ્રસંગો ગૌરક્ષાના દુહા-છંદની રમઝટ બોલાવશે.


આ કાર્યક્રમમાં એકત્ર થનાર ભંડોળ રાજકોટની વિવિધ ગૌશાળાઓમાં વાપરવામાં આવશે. મયુર નથવાણી (મો. ૭૯૯૯૯૯૯૮૫૦) અને નિરવ રાયચુરા (મો.૭૬૯૮૫૦૮૦૮૦)ના નેતૃત્વમાં ૧૩૦ સ્વયં સેવકોની ટીમ જહેમત ઉઠાવી રહી છે. રંગીલા રાજકોટની સનાતન પ્રેમી, હિન્દુત્વપ્રેમી, ગૌપ્રેમી જનતાને આમંત્રણ અપાયું છે.

તસ્વીરમાં મહુલભાઈ નથવાણી, મયુર નથવાણી, નિરવ રાયચુરા, રૂષી ગણાત્રા, હેમલભાઈ વિઠલાણી, જતીનભાઈ ઉનડકટ નજરે પડે છે. (તસ્વીર : અશોક બગથરીયા) (૪૧.૭)

પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં ૪ ભાષામાં પ્રકાશિત જૈન શાસ્ત્રોનું પુનઃ પ્રકાશન

રાજકોટઃ શ્રી સ્થાનકવાસી જૈન સમાજમાં ૬ દાયકા પૂર્વે જૈન ધર્મ દિવાકર પૂ. ઘાસીલાલાજી મ.સા. વિરચિત સંસ્કૃત ટીકા સહિત અર્ધમાગધી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી એમ ૪ ભાષામાં પ્રકાશિત જૈન શાસ્ત્રોનું પુનઃપ્રકાશન પૂ.શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં પ્રારંભ કરવામાં આવેલ છે.

આ જૈન શાસ્ત્રો ખૂબ જ વિસ્તારથી



પ્રકાશિત કરાયા હતા. જેથી નવી પેઢીને સમજવામાં સરલતા રહે. તેમજ સંસ્કૃત ટીકાથી અભ્યાસુઓને ખૂબ જ ઉપયોગી બનશે.

ગુજરાતી અને હિન્દીભાષી પૂ. સંત અને સતીજીઓ તથા જ્ઞાનપિપાસુ વાચકોની વિનીનો સ્વીકાર કરી આ જ્ઞાનયજ્ઞ-ભગીરથ કાર્યનાં શુભારંભે રાજપ્રશ્નીય સૂત્ર ભાગ-૧ ટૂંક સમયમાં પ્રકાશિત થશે,

દરેક સંઘોએ જૈનાગમ વસાવવા જેવા છે. વધુવિગત માટે મો. ૯૯૭૯૨ ૩૨૩૫૭ ઉપર સંપર્ક કરવા પી.એમ. ફાઉન્ડેશન ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે. (૩૫-૧૨)

યુથ ફોર ડેમોક્રસી અને વાલી મહામંડળના પ્રમુખ એડવોકેટ હિંમતભાઇ લાબડીયાનો જન્મ દિવસ



રાજકોટ તા. ૨૦ : બરડાઇ બ્રાહ્મણ મોટી જ્ઞાતિના પૂર્વ ટ્રસ્ટી અને સામાજીક આગેવાન સિનિયર એડવોકેટ હિંમતભાઈ લાબડીયાનો આજે ૭૩મો જન્મ દિવસ છે. દેશમાં સૌપ્રથમ વખત યુવા સંસદનો પ્રારંભ કરનાર રાજકોટની જાણીતી સંસ્થા યુથ ફોર ડેમોક્રેસી તેમજ રાજકોટ શહેર જિલ્લા વાલી મહામંડળ અને સૌરાષ્ટ્ર વિકાસ પરિષદ રાજકોટ શાખાના તેઓ પ્રમુખ છે. ગ્રાહકોના અધિકાર માટે કાર્યરત સંસ્થા રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ, લોક સંસદ વિચાર મંચ, નાગરિક સમિતિ વગેરે સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા એડવોકેટ હિંમતભાઈ લાબડીયા (મો.૯૯૭૮૮ ૧૮૫૯૨)ને આજે જન્મ દિવસ નિમિતે ઠેરઠેરથી શુભેચ્છાવર્ષા થઈ રહી છે. (૧૬.૧)

જૂનાગઢના મ્યુ. કમિશનર તેજસ પરમારનો જન્મદિન



રાજકોટઃ જુનાગઢના મ્યુનિસીપલ કમિશનર શ્રી તેજસ પરમારનો જન્મ તા.૨૦ જાન્યુઆરી ૧૯૯૦ના દિવસે થયેલ આજે ૩૭ માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તેઓ મુળ બનાસકાંઠા પાલનપુરના વતની અને૨૦૧૬ ની બેચના આઇએએસ કેડરના અધિકારી છે. ભુતકાળમાં ગ્રામ વિકાસ વિભાગમાં મદદનીશ સચિવ દાહોદમાં પ્રાંત અધિકારી, અમરેલીમાં અને દાહોદમાં જિલ્લા વિકાસ અધિકારી હાલ વડોદરા ખાતે મધ્ય ગુજરાત વીજ કંપનીના મેનેજીંગ ડીરેકટર રાજયના શહેરી વિકાસ વિભાગમાં નાયબ સચિવ વગેરે પદ પર રહી ચુકયા છે. ફોન નં. ૦૨૮૫-૨૬૫૦૪૫૦ મો.૯૯૭૮૪૦૦૫૦૧.જુનાગઢ (૪.૩)

કોર્પોરેટર નીતિન એન. રામાણીનો જન્મદિવસ



રાજકોટઃ મહાનગરપાલિકાના હાઉસિંગ ઈમ્પ્રુવમેન્ટ અને ક્લીયરન્સ સમિતિ ચેરમેન અને વોર્ડ નં.૧ના કોર્પોરેટર નીતિન એન. રામાણીનો આજે જન્મદિવસ છે. તેમનો જન્મ તા.૨૦જાન્યુઆરી ૧૯૮૧ના ગોંડલ તાલુકાના નાના મહીકા ગામે થયો હતો. આજે તે યશસ્વી જીવનના ૪૬માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

તેઓ વિવિધ સામાજીક સંસ્થાઓ, સર્વશકિત યુવા ગ્રુપના પ્રમુખ તરીકે કાર્યરત, ખોડિયાર ગરબી મંડળમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત, વિશ્વેશ્વર મહાદેવ મંદિરના ટ્રસ્ટી તરીકે કાર્યરત, ગણપતિ મંદિરમાં ટ્રસ્ટી, વેપારી એસોસિએશન જેવી સંસ્થાઓ સાથે જોડીને લોકસેવાના કાર્ય કરતા રહે છે. તેમની આવી સેવાઓના કારણે તેમને ૧૦૮નું બીરૂદ આપવામાં આવ્યું છે. અને હર હંમેશને માટે લોકોના દુઃખમાં કે સુખમાં લોકોની સાથે રહીયા છે. તેમના જન્મદિવસ નિમિતે તેમના પરિવારજનો વિવિધ સંસ્થાઓ તેમજ મિત્રો દ્વારા તેમના (મો.૯૮૭૯૦ ૭૩૦૬૨)ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.(૨૩.૨૦)

અર્હમ યુવા સેવા ગૃપના આયોજનમાં ૮૫ લોકોએ લાભ લીધો

ફિઝીયોથેરાપી-સાયકો થેરાપી-ઓડીયોલોજીના દર્દીઓ માટે ફ્રી માર્ગદર્શન કેમ્પ સંપન્ન



રાજકોટ : રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા આયોજિત ફિઝીયોથેરાપી, સાયકો થેરાપી, ઓડીયોલોજીને લગતી તકલીફોવાળા જરૂરીયાતમંદ દર્દીઓ માટે નિષ્ણાંત ડોકટરો દ્વારા ફ્રી માર્ગદર્શન ખાસ માર્ગદર્શન કેમ્પનો લાભ લીધો હતો. અર્હમ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા સેવા ગૃપના માર્ગદર્શન કેમ્પમાં દર્દીઓએ ફિઝીયોથેરાપીમાં ૫૫ થી વધારે દર્દીઓ, બહોળા પ્રમાણમાં લાભ મળ્યો હતો. આ સાયકોમાં ૫ થી વધારે દર્દીઓ અને કેમ્પથી દર્દીઓને ઘણી રાહતનો અનુભવ ઓડીયોલોજીમાં ૨૫ થી વધારે દર્દીઓ આ થયો હતો. (૫-૨૯)

કંપની સમાચાર

કેતન ખત્રી

ICICI પ્રુડેન્શિયલ ઇન્ડિયા ઓપો. ફંડે ૭ વર્ષ પૂર્ણ કર્યા

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,ICICI પ્રુડેન્શિયલ ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડ એ 'સ્પેશિયલ સિચ્યુએશન્સ' થીમ પર આધારિત એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. આ સ્કીમએ રોકાણનો શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાના સાત વર્ષ પૂર્ણ કર્યા છે. જાન્યુઆરી ૨૦૧૯ માં શરૂ કરવામાં આવેલી આ યોજનાનો ઉદ્દેશ્ય કોર્પોરેટ પુનર્ગઠન, સરકારી નીતિ અથવા નિયમનકારી ફેરફારો, સેક્ટર-વિશિષ્ટ વિક્ષેપો અને અન્ય અનન્ય પરંતુ કામચલાઉ પડકારો જેવી 'સ્પેશિયલ સિચ્યુએશન્સ' માંથી પસાર થતી કંપનીઓમાં રોકાણ કરીને લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ કરવાનો છે.

ઈન્વેસ્ટમેન્ટ એપ્રોચ વિશે વાત કરતા, ICICI પ્રુડેન્શિયલ AMC ના ED અને CIO તથા ICICI પ્રુડેન્શિયલ ઈન્ડિયા ઓપોર્ચ્યુનિટીઝ ફંડના ફંડ મેનેજર શંકરન નરેનએ જણાવ્યું હતું કે, 'સ્પેશિયલ સિચ્યુએશન્સએ એવી અનન્ય તકો છે જેનો સામનો કંપનીઓ સમયાંતરે કરતી હોય છે. આ તકો બજારમાં અણધાર્યા ફેરફારો, ઉદ્યોગોનું એકત્રીકરણ , નિયમનકારી ફેરફારો વગેરે હોઈ શકે છે.

એમેઝોન ઇન્ડિયાનો ''ગ્રેટ રિપબ્લિક ડે સેલ ૨૦૨૬'' અત્યારે લાઇવ છે

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,એમેઝોન ઈન્ડિયાનો ખૂબ જ રાહ જોવાઈ રહેલા ગ્રેટ રિપબ્લિક ડે સેલ ૨૦૨૬, આ વર્ષે ૧૬ જાન્યુઆરીના રોજ રાત્રે ૧૨ વાગ્યાથી લાઈવ થાય છે. આ શોપિંગ ઈવેન્ટ સ્માર્ટફોન, ફેશન, બ્યૂટી, હોમ અને કિચન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, મોટાં ઉપકરણો, કરિયાણા, રોજિંદા જીવનજરૂરી ચીજવસ્તુઓ અને વધુ સહિત વિવિધ કેટેગરીઓમાં આકર્ષક નવા લોન્ચ અને શાનદાર ડીલ્સ લાવે છે. ગ્રાહકો એપલ, સેમસંગ, વનપ્લસ, સોની, LG, સ્કેચર્સ, લોરિયલ પેરિસ, iQOO, શાઓમી, ક્યુબો, TCL, HP અને ણુંAt જેવી ટોચની બ્રાન્ડ્સની પ્રોડક્ટ્સ મેળવી શકે છે. ગ્રાહકો ટ્રેન્ડિંગ ડીલ્સ, ૮ PM ડીલ્સ, ટોપ ૭૭ રિપબ્લિક ડીલ્સ અને ટોપ ૧૦૦ ડીલ્સ જેવા ખાસ તૈયાર કરેલા ડીલના ફોર્મેટમાંથી પણ ખરીદી કરી શકે છે.

બોન્ડટાઇટ દ્વારા રણબીર કપૂર સાથે મળીને નવી દિશામાં પહેલ

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,૩૦ વર્ષથી વધુનો મજબૂત વારસો ધરાવતી અને ભારતની સૌથી વિશ્વસનીય એડહેસિવ બ્રાન્ડ્સમાંની એક, એસ્ટ્રલ લિમિટેડની બોન્ડટાઈટ હવે તેના નવા બ્રાન્ડ કેમ્પેઈન સાથે એક મહત્વપૂર્ણ પગલું ભરવા જઈ રહી છે. આ પહેલ ભારતીય એડહેસિવ બજારમાં બોન્ડટાઈટને એક પ્રીમિયમ ચેલેન્જર બ્રાન્ડ તરીકે વધુ મજબૂત બનાવવા માટે લેવામાં આવી છે.

આ વ્યૂહાત્મક પગલાં હેઠળ બોન્ડટાઈટે જાણીતા અભિનેતા રણબીર કપૂરને તેના બ્રાન્ડ ફેસ તરીકે જોડ્યા છે. અનેક પેઢીઓમાં લોકપ્રિયતા ધરાવતા રણબીર કપૂર વિશ્વાસ, વર્સેટિલિટી અને વ્યાપક આકર્ષણ માટે જાણીતા છે. આ ગુણધર્મો બોન્ડટાઈટના બ્રાન્ડ મૂલ્યો સાથે સંપૂર્ણ રીતે મેળ ખાતા હોવાથી, આ સહયોગ બ્રાન્ડને વધુ મજબૂત અને સંબંધિત બનાવે છે. જે ઉદ્યોગો, વેપાર અને ઘરગથ્થુ

આ કેમ્પેઈનના લોન્ચ સમયે એસ્ટ્રલ લિમિટેડ (એડહેસિવ્સ અને પેઈન્ટ્સ)ના CEO શ્રી સૌમ્ય એજ્જિનિયરે જણાવ્યું હતું કે,''બોન્ડટાઈટે તેની કામગીરી અને કન્સિસ્ટન્સી દ્વારા છેલ્લા ત્રણ દાયકાથી બજારમાં વિશ્વાસ મેળવ્યો છે. મજબૂત સેલિબ્રિટી એસોસિએશન સાથેની આ નવી કેમ્પેઈન, ખાસ કરીને વ્હાઈટ એડહેસિવ્સ સેગમેન્ટમાં વૃદ્ધિ માટે અમારા નવા ઉત્સાહ અને આત્મવિશ્વાસને દર્શાવે છે.

અર્વા પ્રોડક્શન દ્વારા સસ્પેન્સ મર્ડર મિસ્ટ્રી બ્લેક બર્થડે ગુજરાતી ફિલ્મનું ટ્રેલર લોન્ચ

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,ગુજરાતી સિનેમામાં નવો વળાંક લાવવા માટે સ્ટુડિયો અર્વા પ્રોડક્શન પ્રસ્તુત ફિલ્મ ''બ્લેક બર્થડે'નું દમદાર ટ્રેલર આજે અમદાવાદ ખાતે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મના મુખ્ય કલાકારો આર્જવ ત્રિવેદી,યોગીતા પટેલ,ચેતન દૈયા,જિતેન્દ્ર ઠક્કર,ધ્રુવી સોની,સ્મિત જોશી,મગન લુહાર,કલ્પેશ પટેલ,ગૌરાંગ જેડી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ હાઈ-વોલ્ટેજ થ્રિલર ડ્રામાનું દિગ્દર્શન બ્રિજેશ બૌદ્ધ અને શાહિદ અલી દ્વારા કરવામાં આવ્યું છે,જયારે સાહિલ પટેલ અને વિશાલ પ્રજાપતિએ આ ફિલ્મને પ્રોડ્યુસ કરી છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ રિલીઝ થઈ રહી છે.ટ્રેલર લોન્ચ દરમિયાન ફિલ્મના નિર્માતા અને દિગ્દર્શકોએ જણાવ્યું હતું કે 'બ્લેક બર્થડે'એ એક એવી રહસ્યમયી વાર્તા છે જે દર્શકોને અંત સુધી જકડી રાખશે.

જામનગરમાં રંગમતી નદી પુનરોદ્ધાર પ્રોજેક્ટને દાઉદી બોહરા સમાજનું સમર્થન

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,સદીઓથી જામનગર દાઉદી બોહરા સમાજ અને તેના નેતૃત્વ માટે પૂર્વજોનું ઘર રહ્યું છે, સમાજે રંગમતી નદી પુનરોદ્ધાર પ્રોજેક્ટમાં સહયોગ આપવા માટે જામનગર મહાનગરપાલિકા (JMC) સાથે ભાગીદારી કરી છે. આ પહેલ સમાજ માટે ખાસ મહત્વ ધરાવે છે કારણ કે આ પ્રોજેક્ટ તેમના કોમ્યુનિટી સેન્ટર અને ઐતિહાસિક શ્રદ્ધેટઈજીક હજીરા' (મકબરો) ની નજીક ચાલી રહ્યો છે, જે તેમના વારસા સાથે ઊંડો સંબંધ ધરાવે છે.

જામનગર દાઉદી બોહરા સમાજના એક વરિષ્ઠ સભ્યએ જણાવ્યું હતું કે, ''પરમ પાવન સૈયદના મુફદ્દલ સૈફુદ્દીન સાહેબે હંમેશા અમને જે શહેરમાં આપણે રહીએ છીએ ત્યાં રચનાત્મક યોગદાન આપવા માટે માર્ગદર્શન આપ્યું છે. (૩૫-૧૮)

''હાઇડ્રેશન''એ યુરોલોજીકલ સ્વાસ્થ્ય જાળવવાની ચાવીઃ ડો. સૌમ્યા સાપરીયા

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,પાણીને ઘણીવાર જીવનનું અમૃત કહેવામાં આવે છે. અને, આપણું શરીર ૭૦ પાણીથી બનેલું છે જે હાડકાંથી લઈને સ્નાયુઓ સુધી બધું જ સારી રીતે કાર્ય કરવા માટે મદદરૂપ થાય છે. પરંતુ આપણે ઘણીવાર શરીરની સૌથી મહત્વપૂર્ણ પ્રણાલીઓમાંની એક, જેને પેશાબની નળી કહેવાય છે, તેને જાળવવામાં તેની ભૂમિકાને ઓછી આંકીએ છીએ. તેમ મરાજકોટની ....હોસ્પિટલના યુરોલોજીસ્ટ કન્સલ્ટન્ટ ડો. સૌમ્યા સાપરીયા જણાવે છે.

યુરોલોજીકલ સિસ્ટમને સ્વસ્થ, કાર્યક્ષમ અને રોગમુક્ત રાખવામાં પર્યાપ્ત હાઈડ્રેશન પાયાની ભૂમિકા ભજવે છે.ડિહાઈડ્રેશન વાતાવરણ, જીવનશૈલી અને ખાવાની આદતોને કારણે થાય છે, તે મગજ અને શરીર બંનેને અસર કરે છે. તેથી, પૂરતું પાણી પીવાનું મહત્વ વધારે પડતું કહી શકાય નહીં.યુરોલોજીકલ સિસ્ટમ બે કિડની, મૂત્રાશય, બે યુરેટર અને યુરેથ્રા થી બનેલી છે. આ લોહીમાંથી કચરો અને વધારાનું પ્રવાહી ફિલ્ટર કરવા અને પેશાબ દ્વારા દૂર કરવા માટે જવાબદાર છે. શરીરના કુદરતી ફિલ્ટર તરીકે કામ કરતી કિડની ઝેરી પદાર્થો, ક્ષાર અને મેટાબોલિક ઉપ-ઉત્પાદનોને બહાર કાઢવા માટે પાણી પર ખૂબ આધાર રાખે છે.

શેડોફેક્સ ટેક્નોલોજીસ નો આઈપીઓ કાલે મંગળવાર, ખુલશેઃ ગુરૂવારે બંધ

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,શેડોફેક્સ ટેક્નોલોજીસ લિમિટેડ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ખોલશે.ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૧૮થી રૂ. ૧૨૪ નક્કી

ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી દ્વારા ૬૪૯ પદવીઓ એનાયત

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી (DAU), જે અગાઉ DA-IICT તરીકે ઓળખાતી હતી, તેણે શનિવારે તેના ગાંધીનગર કેમ્પસ ખાતે ૨૦મો પદવીદાન સમારોહ યોજયો હતો, જેમાં અંડરગ્રેજયુએટ, પોસ્ટગ્રેજયુએટ અને ડોક્ટરલ અભ્યાસક્રમોના ૬૪૯ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી.

આઈઆઈટી મદ્રાસના ભૂતપૂર્વ ડાયરેક્ટર અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગના પ્રોફેસર એમિરિટસ પ્રો. ભાસ્કર રામમૂર્તિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને દીક્ષાંત પ્રવચન આપ્યું હતું.ઉજવણીની શરૂઆત પ્રી-કોન્વોકેશન એવોર્ડ સેરેમની સાથે થઈ હતી, જેમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક શ્રેષ્ઠતાની પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં 'ફેકલટી એપ્લીશિયેશન એવોર્ડ ૨૦૨૫ અને 'સ્ટુડન્ટ રિસર્ચ એકસેલેન્સ એવોર્ડ ૨૦૨૫ એનાયત કરવામાં આવ્યા હતા, સાથે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.(૩૫-૧૯)

રોયલ એનફિલ્ડ ગોઅન ક્લાસિક ૩૫૦ ૨૦૨૬ એડિશનને અપડેટ કરાયું

(કેતનખત્રી) અમદાવાદઃતા.૧૯,મધ્યમ આકારની મોટરસાઈકલ બજાર (૨૫૦-૩૫૦ cc)માં વૈશ્વિક અગ્રણ્ય રોયલ એનફિલ્ડે બોબર- પ્રેરિત, મુક્ત જોશીલી ગોઅન ક્લાસિક ૩૫૦ની ૨૦૨૬ એડિશન રજૂ કરી છે.બોબર પ્રેરિત મોટરસાઈકલ જોશીલી જીવનશૈલીની ઉજવણી કરે છે અને તેનું દ્યોતક છે, જે હવે એકંદર રાઈડ અનુભવને બહેતર બનાવતા વધારાના રાઈડર- કેન્દ્રિત ફીચર્સ સાથે આવે છે.

નવા આસિસ્ટ-એન્ડ-સ્લિપર ક્લચ સાથે ગોઅન ક્લાસિક ૩૫૦ ગિયર ફેરવવા દરમિયાન બહેતર નિયંત્રણ, સ્મૂધ ગિયર અદલાબદલી અને આસાન ક્લચ કૃતિ પ્રદાન કરે છે. મોજૂદ USB ટાઈપ-C ચાર્જિંગ પોર્ટ ઝડપી ચાર્જિંગ માટે અપગ્રેડ કરાયું છે, જે રાઈડરો જયાં પણ જાય ત્યાં મહત્ત્વપૂર્ણ ડિવાઈસીસ સાથે કનેક્ટેડ રહે તેની ખાતરી રાખે છે. આ એન્જિન સ્મૂધ, ઉત્તમ પરફોર્મન્સ માટે ઘડવામાં આવી હોઈ બોબર રાઈડિંગના આરાદામયક પ્રકાર માટે આદર્શ છે.(૩૫-૧૯)

મનપાનું છેલ્લુ બોર્ડ : પ્રથા જુની: એક જ પ્રશ્નની ચર્ચા

શાસકોએ પોતાની પીઠ થાબડી: પ્રજાના પ્રશ્નોનો ઉલાડિયો

જનરલ બોર્ડમાં મેયર નયનાબેન પેઢડીયા અને સ્ટે. ચેરમેન જયમીન ઠાકરે વિકાસ કામોની વાહ..વાહ... અને આભાર દર્શન કર્યું: વિપક્ષને માફી ન માંગવા દેતા શાસકો: વોર્ડ નં. ૯ના કોર્પોરેટર દક્ષાબેન વસાણીના પ્રથમ પ્રશ્નમાં જ બોર્ડ પુરૂ



રાજકોટ : મ્યુનિ. કોર્પોરેશનની દ્વિમાસીક સામાન્ય સભા આજે સવારે ૧૧ કલાકે નાયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાય હતી. આ બોર્ડમાં માત્ર એક જ પ્રશ્નની ચર્ચા થવા પામી હતી. જયારે વર્તમાન પાંચ ટર્મનું છેલ્લા બોર્ડમાં વિકાસ કામોની વાહ... વાહ તથા વિપક્ષને માફી માંગવા સહિતના મુદ્દાઓ થોડા અંશે ગાજયા હતા. ઉપરોકત તસ્વીરમાં અધ્યક્ષ (મેયર) નયનાબેન પેઢડીયા, કમિશનર તુષાર સુમેરા) ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, ઈન્ચાર્જ સેકેટરી ધવલ જોસડીયા તથા સભ્યો નજરે પડે છે. (તસ્વીર: અભીજીત બગથરીયા) (૯.૨૮)

વાઇબ્રન્ટ થકી સૌરાષ્ટ્ર-કચ્છના અનેક લોકોને રોજગારીની વિપુલ તકો મળશે

સામાન્ય સભામાં અભિનંદન ઠરાવ રજુ કરાયો

રાજકોટ: વાઈબ્રન્ટ ગુજરાતની ૧૧ મી આવૃતિમાં ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની હાજરીમાં ગત તા.૧૧ જાન્યુ. રવિવારના રોજ સૌરાષ્ટ્ર-કચ્છ રીજનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ અંતર્ગત દેશ-વિદેશના અગ્રણી ઉદ્યોગપતિઓ દ્વારા આગામી વર્ષોમાં સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, મોરબી, મુંદ્રા તેમજ ખાવડામાં અંદાજીત રૂ.પ.૭૮ લાખ કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. આ રોકાણમાં મુખ્યત્વે ગ્રીન એનર્જી ઈકો સીસ્ટમ, હાઈડ્રોકાર્બન, પીવીસી પાઈપ, એ.આઈ. ડેટા સેન્ટર, પોર્ટ, સોલાર પાવર તેમજ અન્ય મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં રોકાણ કરવાનું જાહેર કર્યું હતું. રીફોર્મ, પરફોર્મ એન્ડ ટ્રાન્સફોર્મના મંત્રને કારણે આજે વિશ્વની તમામ ગ્લોબલ સંસ્થાઓ ભારતમાં રોકાણ કરવા તત્પર છે. આ રોકાણો થકી સૌરાષ્ટ્ર-કચ્છના અનેક લોકોને રોજગારીની વિપુલ તકો મળશે તથા અલગ અલગ ક્ષેત્રોનો વિકાસ થવાથી શહેરોનો અને રાજ્યનો અભૂતપૂર્વ વિકાસ થવા પામશે. જે બદલ કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકાર તથા ભારતના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી , ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને આ ઐતિહાસીક વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ બદલ આજની આ સામાન્ય સભા ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. (૪.૧૩)

પરંપરા અનુસાર માત્ર એક જ પ્રશ્નોનની લાંબી-લાંબી ચર્ચામાં એક કલાકનો પશ્નોત્તરી કાળ વેડફી નાખવામાં આવ્યો હતો. વોર્ડ નં.૯ના નગરસેવિકા દક્ષાબેન વસાણીના ગ્રાન્ટને લગતા પ્રશ્નનો જવાબ આપવામાં એક કલાકનો સમય વેડફાય ગયો હતો.

અંતિમ ૧૦ મિનિટમાં વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા છેલ્લા પાંચ વર્ષમાં કોઈ સાથી નગરસેવક કે અધિકારીને તેના વાણી કે વર્તનથી દુ:ખ લાગ્યું હોય તો સભાગૃહમાં માફી માંગવા માટે ઉભા થયા હતા. પરંતુ ભાજપના કોર્પોરેટરોએ ભારે દેકારો મચાવી દીધો હતો અને તેઓને બેસાડી દીધા હતા.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે જણાવ્યું હતું કે આ છેલ્લું બોર્ડ છે. ગત ચુંટણીમાં શહેરના ૧૮ વોર્ડ પૈકી ૧૭ વોર્ડમાંથી ભાજપના ૬૮ કોર્પોરેટરો ચૂંટાય આવ્યા હતા. દર વર્ષ સરેરાશ એક હજાર કરોડના વિકાસ કામોની ગણતરી કરવામાં આવે તો પાંચ વર્ષમાં પાંચ હજાર કરોડના વિકાસ કામો ભાજપના શાસનમાં થયા છે. જેના માટે ભાજપના તમામ જન પ્રતિનિધિ તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના નવ નિયુકત રાષ્ટ્રીય અધ્યક્ષ નવીન નબિન, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માનો આભાર માનું છું. ભાજપના પદાધિકારીઓએ શહેરમાં માનવી ત્યાં સુવિધાના મંત્રને કેન્દ્રમાં રાખી કામ કર્યું છે. વિપક્ષના મતવિસ્તાર એવા વોર્ડ નં.૧૫માં પણ મોટાપાયે વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. રાજકોટની આ વણથંભી વિકાસ યાત્રા આગામી દિવસોમાં પણ આગળ વધે તેવી સર્વેને શુભકામના પાઠવી હતી.

દરમિયાન સભાધ્યક્ષ મેયર નયનાબેન પેઢડિયાએ જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં આપણે કોરોનાકાળ જેવા વિકટ સમય પણ જોવો કોઈપણ પક્ષપાત કે મતભેદ વિના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ વિકાસ યાત્રામાં અધિકારીઓનો પણ ખૂબ જ સાથ મળ્યો તેવી કરી તેઓએ તમામનો આભાર માન્યો હતો.(૯.૨૯)

કયાં કયાં કોર્પોરેટરોના પ્રશ્નો હતા

ક્રમ	સભ્યશ્રીનું નામ	પ્રશ્ન સંખ્યા
૧.	દક્ષાબેન વસાણી	૨
૨.	રૂચિતાબેન જોષી	૨
૩.	કંકુબેન ઉધરેજા	૨
૪.	વિનુભાઈ સોરઠીયા	૨
૫.	દક્ષાબેન વાઘેલા	૨
૬.	વશરામભાઈ સાગઠીયા	૩
૭.	રાજેશ્રીબેન ડોડીયા	૨
૮.	વર્ષાબેન પાંધી	૨
૯.	દર્શનાબેન પંડ્યા	૨
૧૦.	વિનુભાઈ ધવા	૨
૧૧.	મિતલબેન લાઠીયા	૨
૧૨.	કોમલબેન ભરાઈ	૨
૧૩.	ડો. પ્રદિપ ડવ	૨
૧૪.	મકબુલભાઈ દાઉદાણી	૩
	કુલ ૩૧	

કયા કેટલા પ્રશ્ન રજૂ કર્યા હતા			
	ભાજપ	કોંગ્રેસ	કુલ
કોર્પોરેટર	૧૧	૩	૧૪
પ્રશ્નો	૨૨	૯	૩૧

પૂર્વનગર સેવક પૃથ્વીસિંહ જાડેજા તથા જીતુભાઇ શાહનો શોક ઠરાવ

સામાન્યસભામાં બે મીનીટનું મૌન પાડી શ્રધ્ધાજંલી અપાઇ

રાજકોટ: આજે મળેલ જનરલ બોર્ડમાં પૂર્વ કોર્પોરેટર પૃથ્વીસિંહ નટવરસિંહ જાડેજાનું તા.૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ તથા જીતેન્દ્રભાઈ છગનલાલ શાહનું તા.૧૧ જાન્યુઆરીના રોજ દુ:ખદ અવસાન થતા રાજકોટ મહાનગરપાલિકાની આજની આ સામાન્ય સભાએ બે મીનીટનું મૌન પાડી શ્રધ્ધાંજલી પાઠવી હતી અને શોક ઠરાવ કર્યો હતો.(૨.૧૮)

મવડીના લાલુભાઇ પારેખ ટાઉનશીપના શોપીંગ સેન્ટરની ૧૦ દુકાનોની કાલે હરરાજી

રાજકોટ: મનપા દ્વારા લાલુભાઈ પારેખ ટાઉનશીપ ટી.પી. સ્કીમ ૨૭ મવડીના પ્લોટ નં.૫૧-બી, ખાતે વેસ્ટઝોન પેકેજ-૫ હેઠળ તૈયાર થયેલ. લાલુભાઈ પારેખ ટાઉનશીપ શોપીંગ સેન્ટરની દુકાનોની જાહેર હરરાજી તા.૨૧ના સવારે સ્થળ પર યોજાશે. આ દુકાનોના ૧૪.૦૫થી ૨૨.૯૭ ચો.મી. કાર્પેટના રૂા.૧૫ લાખથી રૂા.૨૫.૭૦ લાખ અપસેટ પ્રાઈઝ રાખવામાં આવી છે.(૨.૧૯)

શહેરના વિવિધ ચોક-ગાર્ડન-કોમ્પ્લેક્ષ અટલ બિહારી વાજપેયી-જયંત ઠાકર-આઇશ્રી સોનલ માર્ગ-શ્રી ઉમીયાજી માર્ગ તરીકે ઓળખાશે

આ યોજાયેલ જનરલ બોર્ડમાં નામકરણ સહિતની ૧૧ દરખાસ્તો સર્વાનુમતે મંજુર: એક દરખાસ્ત બહુમતે મંજુર

રાજકોટ: મ્યુનિ.કોર્પોરેશનનાં આજે મળેલ જનરલ બોર્ડમાં એજન્ડા પર નામકરણ સહિત ૧૧ દરખાસ્ત સર્વાનુમતે તથા ૧ બહુમતે મંજુર થવા પામી હતી. જેમાં મવડીના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષને અટલ બિહારી વાજપેયી, સાધુ વાસવાણી કુંજ રોડ, શિવાલય ચોક પાસેના ગાર્ડનને શહીદ હેમુ કાલાણી ગાર્ડન, વોર્ડ નં.૧૦, શિવશકિત કોલોની સામેના ગાર્ડનને વીર શહીદ હમીરસિંહજી ગોહિલ ગાર્ડન, વોર્ડ નં.૧૦ એસ.એન.કે. ચોકમાં જે.કે. ચોકથી નીલ કલબ તરફના જુના યુનિ. રોડને શ્રી ઉમિયાજી માર્ગ, વોર્ડ નં.૫ રણછોડનગર-૧૦ને સ્વાતંત્ર્ય સેનાની શ્રી મનુભાઈ વિઠલાણી, વોર્ડ નં.૪માં લાલપરી મેલડી માતાજી પાસેના ચોકને સરદાર પટેલ ચોક, વોર્ડ નં.૧૬ હુડકો ફાયર સ્ટેશનવાળા ચોકને જયંતભાઈ ઠાકર ચોક નામ, વોર્ડ નં.૧૩ ગોંડલ રોડ, લેઉવા પટેલ કયા છાત્રાલય સામેના ખોડીયારનગર શાકમાર્કેટ સુધીના માર્ગને આઈશ્રી સોનલમા માર્ગ નામકરણ, રેલ્વે જંકશન મેઈન રોડના ડિમોલીશનગ્રસ્તોને વૈકલ્પિક જમીન, મનસુખભાઈ છાપીયા ટાઉનશીપની દુકાનોની હરાજી, ૨૦૦ કરોડની લોન લેવા કમિશ્નરને અધિકૃત કરવા, સફાઇ કામદારોને મેડીકલ સર્ટી. કોર્પો.ના આરોગ્ય અધિકારી પાસેથી મળી શકે તેવી સ્ટે.કમીટીએ મંજૂર કરેલી દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો.(૬.૧૬)

રાજકોટ, તા.૨૦: રાજકોટ મહાનગરપાલિકાનું વર્તમાન ટર્મનું છેલ્લુ જનરલ બોર્ડ મેયર નયનાબેનના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ બોર્ડમાં વિકાસકામોની વાહ..વાહ.. આભારદર્શન તથા એક જ પ્રશ્નની ચર્ચા થવાની હતી.

ભાજપની વર્તમાન બોડીની ટર્મ માર્ચ મહિનાના મધ્યમાં પૂરી થઈ રહી છે. આથી મોટા ભાગે ચાલુ બોડીનું આ અંતિમ જનરલ બોર્ડ સવારે ૧૧:૦૦ કલાકે કોર્પોરેશનની સેન્ટ્રલ ઝોન કચેરીના બીજા માળે આવેલ રમેશભાઈ છાયા સભા ગૃહમાં મેયરના નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ બોર્ડમાં કુલ ૧૪ કોર્પોરેટરે ૩૧ પ્રશ્ન મૂકયા હતા. પ્રશ્નતરીમાં પહેલો પ્રશ્ન વોર્ડ નં.૯ના કોર્પોરેટર દક્ષાબેન વસાણીનો છે જેઓએ બે વર્ષમાં અમૃત યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મળી અને કેટલા કામો થયા? બે વર્ષમાં સ્વર્ણિમ યોજના અંગે ઉતરોમાં બોર્ડનો સમય પુરો થયો હતો.

કોર્પોરેશનની વર્તમાન બોડીની પાંચ વર્ષની ટર્મ આગામી ૧૧ માર્ચના રોજ પૂરી થઇ રહી છે. આજે સવારે મેયર નયનાબેન પેઢડિયાના અધ્યક્ષસ્થાને સંભવત અંતિમ જનરલ બોર્ડ મળ્યું હતું. હવે પછી જો સત્તાની રૂએ મેયર દ્વારા બોર્ડ બેઠક બોલાવવામાં આવે તો પણ તે ખાસ બોર્ડ હશે. જેમાં પ્રશ્નોત્તરી કાળ હશે નહીં આવતા મહિને બજેટને બહાલી આપવા માટે બજેટ બોર્ડ મળશે. આજે બોર્ડના એક કલાકના પ્રશ્નોતરી કાળમાં ભાજપ અને કોંગ્રેસના ૧૪ કોર્પોરેટરોએ ૩૧ સવાલો રજૂ કર્યા હતા. દરમિયાન બોર્ડની વણલખી તેવી સર્વેને શુભકામના પાઠવી હતી.

દરમિયાન સભાધ્યક્ષ મેયર નયનાબેન પેઢડિયાએ જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં આપણે કોરોનાકાળ જેવા વિકટ સમય પણ જોવો કોઈપણ પક્ષપાત કે મતભેદ વિના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા હતા. આ વિકાસ યાત્રામાં અધિકારીઓનો પણ ખૂબ જ સાથ મળ્યો તેવી કરી તેઓએ તમામનો આભાર માન્યો હતો.(૯.૨૯)

બોર્ડમાં ૭ નગર સેવકો ઉપસ્થિત ન રહ્યા

રાજકોટ: મ્યુનિ. કોર્પોરેશનના આજે મળેલ જનરલબોર્ડમાં ભાજપના પાંચ રજા રિપોર્ટ સાથે તથા ૨ સભ્યો ગેરહાજર રહ્યા હતા. જયારે ભાજપના ૬૬ પૈકી ૫૯ નગર સેવક, કોંગ્રેસના ૪ પૈકી ૪ તથા અન્ય ૨ સહિત કુલ ૬૫ સભ્યો છેલ્લા બોર્ડમાં ઉપસ્થિત રહ્યા હતા. (૩.૧૯)

ગત બજેટના પ્રોજેકટના કામો કયાં પહોંચ્યા ?

મેયર તથા મ્યુનિ. કમિશનર સહિતના પદાધિકારીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં મીટીંગ યોજાઇ



રાજકોટ, તા. ૨૦ : મહાનગરપાલિકા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે આવેલ કમિશનર વિભાગ કોન્ફરન્સ રૂમમાં પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ચાલુ નાણાકીય વર્ષના બજેટ અંતર્ગત રીવ્યુ મિટીંગ યોજાઈ.

કમિશનરએ બજેટમાં રજુ કરેલ યોજના ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીએ નવી યોજના ઉમેરેલ હતી. જેની સમયાંતરે પદાધિકારીઓ તેમજ કમિશનર દ્વારા સમિક્ષા કરવામાં આવતી હોય છે. અને કામગીરી પૂર્ણ કરવામાં ઝડપ થાય તે દિશામાં પ્રયત્નો હાથ ધરવા અને કોઈ નાની મોટી સમસ્યા હોય તો તે અંગે સંકલન કરી કામગીરી સુચારૂરૂપે આગળ વધે તે જોવા સૂચનાઓ આપવામાં આવતી હોય છે.

હાલમાં, ચાલુ નાણાકીય વર્ષના બજેટ અંતર્ગત ચાલુ વિકાસકામોના પ્રોજેક્ટવાઈઝ સ્ટેટ્સ રીવ્યુ કરવામાં આવેલ. જેમાં, મુખ્યત્વે બાંધકામ, વોટર વર્કસ, ડ્રેનેજ, રોડ રસ્તાના કામો, સ્ટોર્મ વોટર ડ્રેનેજ કામો તેમજ ચાલુ વર્ષના બજેટમાં ઉમેરેલી નવી યોજનાઓ અને પ્રોજેક્ટ્સની ગતિ અંગે વિસ્તૃત માહિતી મેળવી અને કામગીરી ઝડપી બનાવવા સંબંધકર્તા અધિકારીઓને સુચના આપવામાં આવેલ. ઉપરાંત જે કામો હાથ પર લઈ શકાયેલ નથી તેના કારણો અને સ્પષ્ટતા મેળવવામાં આવેલ અને વ્યાજબી કારણો ગ્રાહ્ય રાખવામાં આવેલ.

અંતમાં, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનએ તમામ યોજના બનતી ત્વરાએ પૂર્ણ કરવા સુચના આપેલ તેમજ માન.મેયરએ વિકાસ કામો વેગવંતા બનાવવા બદલ અધિકારીઓને બિરદાવેલ હતા તેમજ માન.કમિશનરએ તમામ પ્રોજેક્ટ્સને ગતિમાં લાવી અને સમયસર પૂર્ણ કરવા અંગે ખાતરી આપેલ હતી.

આ મિટીંગમાં શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવભાઈ દવે, મેયર મતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરઓ, ચીફ એકાઉન્ટન્ટ, ટી.પી.ઓ., એમ.ઓ.એચ., સિટી એન્જીનિયરઓ, પર્યાવરણ ઈજનેર, ડેપ્યુટી એન્જીનિયરઓ, રાજકોટ મહાનગરપાલિકાના શાખા અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહેલ. (૯.૩૦)

''જો તમે શાંતિ બોર્ડમાં નહી જોડાવતો ...

ટ્રમ્પે ફ્રાન્સને ૨૦૦% ટેરિફ લગાવવાની ધમકી આપી



નવી દિલ્હી: તા.૨૦, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રાન્સ સાથે ઉગ્ર બોલાચાલી કરી છે. તેમણે ફ્રેન્ચ વાઈન અને શેમ્પેન પર ૨૦૦% ટેરિફ લાદવાની ધમકી આપી છે. આનું કારણ એ છે કે ફ્રાન્સે ટ્રમ્પના પ્રસ્તાવિત શાંતિ બોર્ડમાં જોડાવાનું આમંત્રણ નકારી કાઢયું હતું.

ટ્રમ્પે ટ્રુથસોશિયલ પર ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનનો એક ખાનગી સંદેશ પણ શેર કર્યો હતો, જેમાં ગ્રીનલેન્ડ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. ફ્રાન્સે શાંતિ બોર્ડમાં જોડાવાનો ઈનકાર કર્યા પછી ટ્રમ્પનો હુમલો આવ્યો હતો.

આ બોર્ડ મૂળરૂપે યુદ્ધગ્રસ્ત ગાઝા પટ્ટીના પુનઃનિર્માણ માટે બનાવવામાં આવ્યું હતું, પરંતુ તેનું ચાર્ટર હવે ગાઝા સુધી મર્યાદિત નથી લાગતું. ટ્રમ્પ તેને વૈશ્વિક શાંતિ માટે એક મોટા પ્લેટફોર્મમાં બનાવી રહ્યા છે.

ટ્રમ્પે શું કહ્યું?

ટ્રમ્પે પત્રકારો સાથેની વાતચીતમાં સ્પષ્ટપણે કહ્યું, ''હું તેમના વાઈન અને શેમ્પેન પર ૨૦૦ ટકા ટેરિફ લાદીશ. અને તેઓ જોડાશે. પરંતુ તેમને તે કરવાની જરૂર નથી.''

તેઓ મેક્રોનનો ઉલ્લેખ કરી રહ્યા હતા. ટ્રમ્પે કહ્યું કે જો ફ્રાન્સ દુશ્મનાવટ બતાવે છે, તો આ ટેરિફ લાદવામાં આવશે, જેનાથી મેક્રોન ગાઝા બોર્ડમાં જોડાવા મજબૂર થશે.

ખાનગી સંદેશ પોસ્ટ કર્યો

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર મેક્રોનનો ખાનગી સંદેશ પોસ્ટ કર્યો. મેક્રોને લખ્યું કે બંને નેતાઓ ઈરાન અને સીરિયાના મુદ્દાઓ પર સંમત છે, પરંતુ તેઓ સમજી શકતા નથી કે ટ્રમ્પ ગ્રીનલેન્ડ પર શું કરી રહ્યા છે.

આ સંદેશમાં, મેક્રોને દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમની બાજુમાં ટ્રમ્પને મળવાની ઓફર કરી. તેમણે કહ્યું કે તેઓ ગુરુવારે ટ્રમ્પને ડિનર પર પણ લઈ જઈ શકે છે. તેમણે અન્ય G7 નેતાઓ, યુક્રેન, ડેનમાર્ક, સીરિયા અને રશિયાના પ્રતિનિધિઓને આમંત્રિત કરવાની પણ વાત કરી.(૩૫-૨૦)

સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ દ્વારા ત્રિવિધ પ્રસંગોની ઉજવણી: સ્થાપના દિન અને વરિષ્ઠ વયવંદના સમારોહ

રાજકોટ: કાલાવડ રોડ સ્થિત સેરેનીટી ગાર્ડન લાફીંગ કલબ દ્વારા તાજેતરમાં ત્રણ વર્ષ પૂર્ણ થતા સ્થાપના દિન.વરિષ્ઠ વયવંદના અને ભોજન સમારોહ એમ ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

વરિષ્ઠ વયવંદના: કલબના ત્રીજા સ્થાપના દિન નિમિત્તે ૭૦ થી ૭૫ વર્ષની વયના સભ્યોનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. જેમાં માનદમંત્રી અશ્વિનભાઈ પટેલ, દિપકભાઈ શેઠ, ભાણજીભાઈ કાસુન્દ્રા, અમુભાઈ હીંગરાજીયા, મનસુખભાઈ ધેડીયા અન ઓધવજીભાઈ કંકાણીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન અગાઉના વર્ષના વરિષ્ઠ સભ્યો (૭૫ વર્ષથી ઉપર) ગાંગજીભાઈ સાદરીયા, કાન્તીભાઈ વડાલીયા, છગનભાઈ કેલા, રતિભાઈ જેઠલોજા, મનસુખભાઈ કનેરીયા અને ભગવાનજીભાઈ લાલકીયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

કાફેનું ઉદઘાટન કલબ હાઉસમાં પ્રશાંતભાઈ સાચણીયા દ્વારા શરૂ કરાયેલ નવા ''સ્પાઈ નમકીન કાફે'' ને માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલે શ્રીનાથજી બાવાની છબી ભેટ આપી શુભકામનાઓ પાઠવી હતી.

લાફીંગ કલબ વિશે માહિતી:રાજકોટના કાલાવડ રોડ પર. કોસ્મોપ્લેક્ષ પાછળ આવેલા સેરેનીટી ગાર્ડન ખાતે છેલ્લા ત્રણ વર્ષથી આ લાફીંગ કલબ વિનામૂલ્યે ચાલે છે. જેમાં રેસકોર્ષ લાફીંગ કલબના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ કી-પર્સન ગાંગજીભાઈ સાદરીયા અને અશ્વિનભાઈ પટેલ દ્વારા દરરોજ સવારે ૬ થી ૬:૪૫ સુધી શરીરની કસરત અને લાફીંગ થેરાપી કરાવવામાં આવે છે. જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરાયો છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રમુખ ગાંગજીભાઈ સાદરીયા, ઉપપ્રમુખ ભાવિન્દ્રભાઈ ચાંગેલા, માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલ, સહમંત્રી અનિલભાઈ પારેખ અને ટ્રેઝરર, અશોકભાઈ કાથોટીયાએ જહેમત ઉઠાવી હતી. (૩૫-૧૯)

૨૦૨૪-૨૫માં-લોકસભા અને ૮ રાજયોની ચૂંટણી તથા પેટાચૂંટણીઓ યોજાઇ હતી

૨૦૨૪-૨૫માં ચૂંટણી જીતવા ભાજપે વાપર્યા ૩૩૩૫.૩૬ કરોડ



કોંગ્રેસે રૂા. ૮૯૦ કરોડનું આંધણ કર્યુઃ ભાજપે વર્ષ દરમ્યાન રૂા.૬૭૬૯.૧૪ કરોડ તો કોંગ્રેસે ૯૧૮.૨૮ કરોડની આવક મેળવી હતી

નવી દિલ્હી તા.૨૦: ભાજપે ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં ૩,૩૩૫.૩૬ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા જે કોંગ્રેસ દ્વારા ખર્ચવામાં આવેલા ૮૯૬.૨૨ કરોડ રૂપિયા કરતા ૩.૭૫ ગણા વધારે છે એમ ભગવા પક્ષના ઓડિટ રિપોર્ટના વિશ્લેષણમાં બહાર આવ્યું છે.

૨૦૨૪-૨૫ની લોકસભા અને આઠ રાજ્ય ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓ દરમિયાન, ભાજપે રૂા.૬,૭૬૯.૧૪ કરોડની આવક મેળવી હતી, જેમાં રૂા.૬,૧૨૪.૮૫ કરોડના દાનનો સમાવેશ થાય છે, જ્યારે રૂા.૩,૭૭૪.૫૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. સરપ્લસ રૂા.૨,૯૯૪.૫૬ કરોડ હતું.તેની સરખામણીમાં, ૨૦૨૪-૨૫માં કોંગ્રેસની આવક રૂા.૯૧૮.૨૮ કરોડ હતી, જ્યારે તેનો કુલ ખર્ચ રૂા.૧,૧૧૧.૯૪ કરોડ હતો.

ચૂંટણી પંચને સુપરત કરાયેલા ઓડિટ રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ભાજપની આવક ૨૦૨૩-૨૪માં રૂા.૪,૩૪૦.૪૭ કરોડથી વધીને ૨૦૨૩-૨૪માં રૂા.૨,૨૧૧.૬૯ કરોડ થઈ ગઈ છે.

ભાજપે ચૂંટણી પર રૂા.૩,૩૩૫.૩૬ કરોડ ખર્ચ્યા હતા, જેમાંથી રૂા.૮૯૭.૪૨ કરોડ જાહેરાતો પર ખર્ચ્યા હતા. નેતાઓ માટે હેલિકોપ્ટર અને અન્ય વાહનો પર રૂા.૫૮૩.૦૮ કરોડ ખર્ચ્યા હતા, જ્યારે ઉમેદવારોને નાણાકીય સહાય તરીકે રૂા.૩૧૨.૯૦ કરોડ આપવામાં આવ્યા હતા.

ભાજપે તેના કર્મચારીઓ પર રૂા.૭૪.૩૪ કરોડ ખર્ચ્યા હતા, જેમાં રૂા.૬૯.૦૭ કરોડ પગાર અને રૂા.૫.૨૭ કરોડ કર્મચારી કલ્યાણ યોજનાઓ માટેનો સમાવેશ થાય છે. ભાજપનું પગાર બિલ રૂા.૬૯.૧૧ કરોડથી ઘટીને રૂા.૭૪.૩૪ કરોડ થયું છે.

જ્યારે તેણે ૨૦૨૪-૨૫ દરમિયાન રૂા.૨.૨૬ લાખના વપરાયેલા અખબારો વેચ્યા હતા, ત્યારે તેણે તે જ સમયગાળા દરમિયાન રૂા.૫૦.૨૯ લાખના અખબારો ખરીદ્યા હતા.

ડિસેમ્બરમાં તેના ઓડિટ રિપોર્ટમાં, ઝણએ જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસનું દાન ૬૪૬.૩૯ કરોડ રૂપિયાથી ઘટીને ૧૮૪.૦૮ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો કુલ ખર્ચ ૨૨૭.૫૯ કરોડ રૂપિયા હતો, જેમાંથી ચૂંટણી ખર્ચ ૧૩૭.૫૮ કરોડ રૂપિયા હતો.

YSR કોંગ્રેસનું દાન ૧૮૪.૧૧ કરોડ રૂપિયાથી ઘટીને ૧૪૦.૦૫ કરોડ રૂપિયા થયું છે, જ્યારે તેનો ચૂંટણી ખર્ચ ૨૯૯.૯૨ કરોડ રૂપિયા થયો છે, જેમાં સ્ટાર પ્રચારકો પર ખર્ચવામાં આવેલા ૨.૧૪ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. **TDP**નું દાન ૨૭૪.૬૫ કરોડ રૂપિયાથી ઘટીને ૮૫.૨૦ કરોડ રૂપિયા થયું છે, જ્યારે **BJD**ના રિપોર્ટમાં ૨૪૫.૫ કરોડ રૂપિયાથી ૬૦ કરોડ રૂપિયાનો ઘટાડો દર્શાવવામાં આવ્યો છે.

CPI(ML)L ને દાન ૯૪.૬૩ લાખ રૂપિયાથી વધીને ૨.૯૮ કરોડ રૂપિયા થયું છે, જેમાં પ્રખ્યાત લેખિકા અરુંધતી રોયનો પણ સમાવેશ થાય છે, જેમણે ૧ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. ૨૦૨૪-૨૫ની ચૂંટણીમાં તેણે ૧.૬૯ કરોડ રૂપિયા ખર્ચ્યા.

બીજેડીએ ૨૦૨૪-૨૫ની ચૂંટણી માટે ૨૭૦.૬૬ કરોડ રૂપિયા ખર્ચ્યા, જેમાં ચૂંટણી પૂર્વેના સર્વેક્ષણો પર ૬.૦૨ કરોડ રૂપિયા અને ચૂંટણી પછીના સર્વેક્ષણો પર ૨.૨૫ કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. આ દરમિયાન, જેડીયુને મળેલું દાન ૪.૩૫ કરોડ રૂપિયાથી વધીને ૧૮.૬૯ કરોડ રૂપિયા થયું, જ્યારે સમાજવાદી પાર્ટીને મળતું દાન ૪૮.૨૨ લાખ રૂપિયાથી વધીને ૯૩.૪૭ લાખ રૂપિયા થયું.(૩૮.૨૨)

બીજેપી ઓડિટ (૨૦૨૪-૨૫)
કુલ આવકઃ રૂા.૬,૭૬૯.૧૪ કરોડ
દાનઃ રૂા.૬,૧૨૪.૮૫ કરોડ
કુલ ખર્ચઃ રૂા.૩,૭૭૪.૫૮ કરોડ
ચૂંટણી ખર્ચઃ રૂા.૩,૩૩૫.૩૬ કરોડ
સરપ્લસઃ રૂા.૨,૯૯૪.૫૬ કરોડ

૨૬મીની ઉજવણી દરમ્યાન કે પહેલા મોટા હુમલાની તૈયારીમાં ત્રાસવાદીઓ

ગણતંત્ર પર્વ લોહીનાં રંગે રંગવા ખોફનાક ષડયંત્ર

ખાલીસ્તાની અને બાંગ્લાદેશી સંગઠનોના નિશાના ઉપર અનેક શહેરો :જૈશ-અલ કાયદા-ખાલિસ્તાની ત્રાસવાદીઓના ઇરાદાને પાડી દેવા ઠેરઠેર સુરક્ષા

નવી દિલ્હી તા.૨૦: ગુપ્તચર એજન્સીઓએ પ્રજાસત્તાક દિવસ પર સંભવિત આતંકવાદી હુમલાની આશંકા વ્યક્ત કરી છે. સૂત્રોનું કહેવું છે કે ખાલિસ્તાની આતંકવાદીઓ, જૈશ-એ-મોહમ્મદ અને અલ-કાયદા પ્રજાસત્તાક દિવસ દરમિયાન હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા છે. બાંગ્લાદેશમાં આતંકવાદી સંગઠનો પણ હુમલાઓનું આયોજન કરી રહ્યા છે. રાજધાની દિલ્હી સહિત દેશના અનેક મોટા શહેરોને નિશાન બનાવી શકાય છે. ચેતવણીમાં જણાવાયું છે કે પંજાબના ગેંગસ્ટરો હવે વિદેશમાં સ્થિત ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ સાથે સહયોગ કરી રહ્યા છે.



ગુપ્તચર વિભાગની ચેતવણી મુજબ, આ ગેંગસ્ટરો હરિયાણા, દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં સક્રિય છે અને ખાલિસ્તાની આતંકવાદીઓ સાથે સંપર્ક કરી રહ્યા છે. તેઓ ૨૬ જાન્યુઆરી પહેલા રાષ્ટ્રીય વાતાવરણને ખલેલ પહોંચાડી શકે છે. સિન્ડિકેટ પાસે માત્ર સ્વદેશી શસ્ત્રો જ નહીં પરંતુ અત્યાધુનિક શસ્ત્રોનો મોટો જથ્થો પણ છે. ચેતવણી મુજબ, વિદેશી ખાલિસ્તાની અને કટ્ટરપંથી હેન્ડલર્સ તેમના એજન્ડાને આગળ વધારવા માટે આ ગેંગસ્ટર નેટવર્કનો ઉપયોગ કરી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓ હવે આવા હુમલાઓને રોકવા માટે સજ્જ થઈ ગઈ છે.

પોલીસ કર્મચારીઓ **AI**-સક્ષમ ચશ્મા પહેરશે. આ પ્રજાસત્તાક દિવસ, રાષ્ટ્રીય તહેવાર, દિલ્હી પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસે સંભવિત આતંકવાદી હુમલાઓ વિશે અસંખ્ય ઇનપુટ છે. કેન્દ્રીય એજન્સીઓ, દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળોએ સુરક્ષામાં નોંધપાત્ર ફેરફારો કર્યા છે. આ વર્ષે, પોલીસ કર્મચારીઓને **AI**-સક્ષમ ચશ્મા આપવામાં આવશે જે શંકાસ્પદ વ્યક્તિને જોતા જ તેમને ચેતવણી આપશે.

ચહેરા ઓળખવાના કેમેરા શંકાસ્પદ ચહેરાઓને ઓળખશે. શંકાસ્પદ લોકોના ચહેરા દેખાતા જ ચહેરા ઓળખવાના કેમેરા તેમને ચેતવણી આપશે. પરેડ રૂટ પર જ ૧,૦૦૦ હાઈ-ડેફિનેશન કેમેરાથી સજ્જ છ **CCTV** કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે. વધુમાં, સમગ્ર નવી દિલ્હીમાં ૩૧ **CCTV** કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેનો અર્થ છે કે દરેક વિસ્તાર દેખરેખ હેઠળ છે. ફક્ત આતંકવાદીઓ અને શંકાસ્પદો જેમના નામ સિસ્ટમ પર અપલોડ કરવામાં આવ્યા છે તે જ નહીં, પરંતુ જેમના નામ સિસ્ટમમાં નથી તેમને પણ ચેતવણી આપવામાં આવશે. ત્રણ-સ્તરીય ભૌતિક તપાસ અને ત્રણ-સ્તરીય વાહન તપાસ થશે.

નવી દિલ્હીના એડિશનલ સીપી દેવેશ મહાલાએ જણાવ્યું હતું કે નવી દિલ્હી જિલ્લામાંથી ૧૦,૦૦૦ પોલીસ કર્મચારીઓ ઉપરાંત, અર્ધલશ્કરી દળો પણ તૈનાત છે. સુરક્ષા માટે કુલ ૨૦,૦૦૦ સૈનિકો અને અધિકારીઓ તૈનાત કરવામાં આવશે. પરેડ રૂટને ૨૬ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે, જ્યાં જિલ્લાના ડીસીપી, સ્પેશિયલ સેલ અને ક્રાઈમ બ્રાન્ચ તૈનાત કરવામાં આવશે.

દિલ્હી પોલીસ અને અર્ધલશ્કરી દળો દ્વારા પરેડ રૂટ પર બહુ-સ્તરીય સુરક્ષા ઘેરો તૈનાત કરવામાં આવશે.

પરેડ રૂટ માટે છ-સ્તરીય સુરક્ષા, પરેડ રૂટ પર સુરક્ષાના બાહ્ય સ્તરમાં ૧૫,૦૦૦ કર્મચારીઓ તૈનાત રહેશે.

દિલ્હી પોલીસ, રિઝર્વ પોલીસ કંપનીઓ, ક્વિક રિસ્પોન્સ ટીમો, સ્વાટ કમાન્ડો ટીમો, બોમ્બ ડિસ્પોઝલ ટીમો અને ટ્રાફિક પોલીસ.

રાષ્ટ્રપતિ ભવનથી લાલ કિલ્લા સુધીના વ્યૂહાત્મક સ્થળોએ અર્ધલશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે.

દિલ્હીની બધી સરહદો અને શહેરની અંદર બેરિકેડ્સ પર પણ અર્ધલશ્કરી દળો તૈનાત છે.

ત્રીજો સુરક્ષા ઘેરો, એક મહત્વપૂર્ણ સુરક્ષા ઘેરો, જેમાં ત્રણેય સશસ્ત્ર દળો, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ્સ (**NSG**) અને કમાન્ડો, તેમજ કેન્દ્રીય એજન્સીઓ, ખાસ કરીને ગુપ્તચર એજન્સીઓના કર્મચારીઓનો સમાવેશ થશે. આ કર્મચારીઓ મહેમાનો, ખાસ કરીને **VVIP** ની સુરક્ષા સુનિશ્ચિત કરે છે અને તેમની આસપાસની પ્રવૃત્તિઓ પર નજર રાખે છે, કંટ્રોલ રૂમ સાથે સીધો સંપર્ક જાળવી રાખે છે.

એક કેન્દ્રીય કમાન્ડ રૂમ પણ સ્થાપિત કરવામાં આવ્યો છે. એક કેન્દ્રીય કમાન્ડ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે જેના દ્વારા બધા અધિકારીઓ એકબીજાના સંપર્કમાં રહે છે. કમાન્ડ રૂમથી સમગ્ર દિલ્હી શહેર પર નજર રાખવામાં આવે છે. સુરક્ષા માટે **NSG** ની ડોગ સ્ક્વોડ પણ તૈનાત કરવામાં આવશે. સુરક્ષા કારણોસર, દિલ્હી પોલીસ ૨૫ જાન્યુઆરીથી નવી દિલ્હી વિસ્તારોમાં બહુમાળી ઈમારતો ખાલી કરશે. ૨૫ જાન્યુઆરીની રાતથી નવી દિલ્હી વિસ્તારોમાં અને પરેડ રૂટ પર સ્નાઈપર્સ તૈનાત કરવામાં આવશે. સ્નાઈપર્સની સંખ્યા ૧૦૦ થી વધુ છે. ડ્રોન અને અન્ય કોઈપણ ઉડતી વસ્તુઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.

સાવચેતીના પગલા તરીકે, એન્ટી-ડ્રોન ઉપરાંત એન્ટી-એરક્રાફ્ટ ગન પણ તૈનાત કરવામાં આવી છે. **FRS** (ફેસ રેકગ્નિશન સિસ્ટમ) થી સજ્જ **CCTV** કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે, જે ૫૦,૦૦૦ શંકાસ્પદો, આતંકવાદીઓ અને ગુનેગારોના ફોટા ધરાવતા સર્વર સાથે જોડાયેલા છે. આ કેમેરા કેમેરા સામેથી પસાર થતા કોઈપણ વ્યક્તિને સ્કેન કરે છે, અને જો તેમનો ચહેરો કોઈપણ સંદેશ સાથે મેળ ખાય છે, તો પોલીસ કર્મચારીઓને તાત્કાલિક ચેતવણી આપવામાં આવશે. આ કેમેરા એવા વ્યૂહાત્મક સ્થળોએ મૂકવામાં આવ્યા છે કે તેમની શોધ ટાળવી લગભગ અશક્ય છે. દિલ્હીમાં અનેક સ્થળોએ એન્ટી-એરક્રાફ્ટ ગન પણ તૈનાત કરવામાં આવી છે. પોલીસે આ વખતે ફરજ દરમિયાન ઘણી મોક ડ્રીલ પણ કરી છે.(૩૮.૨૪)

■ છેલ્લા પાનાથી ચાલુ

૨૪-૨૫-૨૬-૨૭ જાન્યુ. એમ સતત ૪ દિવસ બેંકો બંધ રહેશે

સતત બેન્કનું કામ રોકાવવાથી કેશ, ચેક ક્લીયરન્સ, ડ્રાફ્ટ, પાસબુક, લોન સંબંધિત સહિત અનેક કાર્યો પ્રભાવિત થઈ શકે છે.

બેન્ક યુનિયનોનું કહેવું છે કે, અઠવાડિયામાં પાંચ દિવસના કામકાજથી કર્મચારીઓ પરનું માનસિક દબાણ ઘટશે અને તેમની કાર્યક્ષમતામાં વધારો થશે. હાલમાં ભારત સરકારના મોટાભાગના વિભાગો, **RBI, LIC,** શેરબજાર અને ફોરેક્સ માર્કેટમાં પાંચ દિવસનું જ કામકાજ હોય છે. બેન્ક કર્મચારીઓ પણ આ જ ધોરણે તમામ શનિવારની રજાની માંગ કરી રહ્યા છે. નોંધનીય છે કે, આ હડતાળનું આહ્વાન યુનાઇટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (**UFBU**) દ્વારા કરાયું છે. જો કે, આ માંગણીને અમલમાં મૂકવા માટે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (**RBI**) અને સરકારની મંજૂરી મેળવવી અત્યંત જરૂરી છે.

૯ બેન્ક યુનિયનનું સામૂહિક સંગઠન છે UFBU

જણાવી દઈએ કે યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (**UFBU**)એ ભારતના ૯ પ્રમુખ બેન્ક યુનિયનનું સામૂહિક સંગઠન છે, જે સાર્વજનિક ક્ષેત્રે બેન્ક અને તેના અધિકારીઓ અને કર્મચારીઓના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. હાલ તો **UFBU**એ ૨૭ જાન્યુઆરીના ૨૦૨૬ના રોજ અખિલ ભારતીય હડતાળનું આહ્વાન કરવાનો નિર્ણય લીધો છે. જેથી સંભવિત બેન્ક હડતાળ બેન્કિંગ સેક્ટરમાં અઠવાડિયામાં પાંચ દિવસના કામકાજનો નિયમ લાગુ કરવા સહિતની અન્ય માગ સાથે થઈ શકે છે, સરકાર દ્વારા લાંબા સમયથી બેન્ક સંગઠનોના મુદ્દાઓને ટાળવામાં આવતા મજબૂરીમાં ત્રણ દિવસની સત્તાવાર રજા સિવાય વધુ એક દિવસ બેન્કનું કાર્ય બંધ રહી શકે.(૩૮.૧૫)

■ પ્રથમ પાનાથી ચાલુ

આજથી નબીન મારા બોસ, હું તેમનો કાર્યકર

અને કેન્દ્રીય મંત્રીઓ એસ. જયશંકર તથા હરદીપ સિંહ પુરી સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આજે સવારે ૧૧:૩૦ વાગ્યે આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંચ પર પહોંચ્યા હતા, જ્યાં તેમણે નવનિયુક્ત અધ્યક્ષ નીતિન નબીનને શુભેચ્છા પાઠવી હતી.

નીતિન નબીનને ભાજપના નવા અધ્યક્ષના રૂપમાં કાર્યભાર સંભાળવા પર શુભેચ્છા આપતા પીએમ મોદીએ કહ્યુ, હું નબીનને દુનિયાની સૌથી મોટી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બનવા માટે શુભેચ્છા અને શુભકામનાઓ આપુ છું. છેલ્લા ઘણા મહિનાથી સંગઠન પર્વ એટલે કે પાર્ટીના નાના એકમથી લઈને રાષ્ટ્રીય અધ્યક્ષ ચૂંટવાની વ્યાપક સ્તર પર લોકતાંત્રિક રીતે ચાલી રહેલી પ્રક્રિયા, ભાજપના બંધારણની ભાવનાને ધ્યાનમાં રાખી સતત ચાલી રહી હતી. જેનું આજે વિધિપૂર્વક સમાપન થયું છે.

હું એક કાર્યકર્તા છુંઃ પીએમ મોદી

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ- આજે ભાજપનું જેટલું ફોકસ સંગઠનના વિસ્તાર પર છે, એટલી જ મોટી પ્રાથમિકતા કાર્યકર્તાના નિર્માણની પણ છે. ભાજપ એક એવી પાર્ટી છે જ્યાં લોકોને લાગે છે કે નરેન્દ્ર મોદી દેશના પ્રધાનમંત્રી છે, ત્રીજીવાર પ્રધાનમંત્રી બન્યા, ૫૦ વર્ષની ઉંમરે મુખ્યમંત્રી બની ગયા, ૨૫ વર્ષથી સતત સરકારના પ્રમુખ રહ્યા છે.

તેમણે આગળ કહ્યું-આ બધુ પોતાની જગ્યાએ છે પરંતુ તેનાથી મોટી વાત મારા જીવનમાં છે કે હું ભાજપનો કાર્યકર્તા છું. આ સૌથી મોટો ગર્વ છે અને જ્યારે વાત પાર્ટીના વિષયો પર આવે છે ત્યારે નીતિન નબીન, હું એક કાર્યકર્તા છું અને તેઓ મારા બોસ છે.

BJP ના વારસાને આગળ વધારશે નબીનઃ PM મોદી

ભારતીય જનતા પાર્ટી સંગઠન પર્વ પર પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યુપ્ર આ ૨૧મી સદી છે અને તેના ૨૫ વર્ષ પૂરા પણ થઈ ગયા છે. આવનાર ૨૫ વર્ષ ખૂબ મહત્વના છે. આ તે કાળખંડ છે જ્યારે વિકસિત ભારતનું નિર્માણ થવાનું છે અને થશે તે નક્કી છે. આ મહત્વના કાળખંડની શરૂઆતમાં નીતિન નબીન ભાજપના વારસાને આગળ વધારશે. આજકાલ યુવાઓની વાતમાં નીતિન નબીન ખુદ પણ એક પ્રકારે મિલેનિયલ છે, તેઓ તે પેઢીથી છે જેમણે ભારતમાં મોટા આર્થિક, સામાજિક અને ટેક્નોલોજીકલ પરિવર્તન જોયા છે

ભાજપના રાષ્ટ્રીય ચૂંટણી અધિકારી ડૉ. કે. લક્ષ્મણે જાહેરાત કરી હતી કે અધ્યક્ષ પદ માટે માત્ર નિતિન નવીનનું જ નામાંકન પ્રાપ્ત થયું હતું, જેના કારણે તેમની બિનહરીફ વરણી થઈ છે. તેમની તરફેણમાં કુલ ૩૭ સેટ નામાંકન પત્રો દાખલ કરવામાં આવ્યા હતા. સમગ્ર ભારતના ભાજપ સંગઠનોએ તેમને એકસાથે ટેકો આપ્યો છે. તેઓ ભાજપ સંગઠન અને સંગઠન અને વહીવટમાં બહોળો અનુભવ ધરાવે છે. છત્તીસગઢ ભાજપના પ્રભારી તરીકે પણ સફળ કામગીરી કરી ચૂક્યા છે.

આ જ કારણસર જે.પી. નડ્ડાનો કાર્યકાળ પૂરો થયા પછી ભાજપે આ યુવા નેતા પર પસંદગી ઉતારી હતી. તેમની નિમણૂક બિનહરીફ કરાઈ છે. તેમને દેશના ભાજપ એકમો તરફથી સમર્થન સાંપડયું છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધીના તમામ પ્રદેશોએ તેમના નામ પર મહોર લગાવી છે. આગામી સમયમાં ભાજપના સંગઠનને મજબૂત કરવામાં તેમની ભૂમિકા મહત્ત્વની રહેશે.

નીતિન નબીનના ગૃહ રાજ્ય બાંકીપુરમાં જશ્નનો માહોલઃ આ હોદ્દો ગ્રહણ કરતા પહેલા, નીતિન નબીને મંગળવારે સવારે દિલ્હીના વિવિધ ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ પૂજા-અર્ચના કરી હતી. તેમણે સૌ-થમ ઝંડેવાલન મંદિર, ત્યારબાદ વાલ્મીકિ મંદિર અને હનુમાન મંદિરમાં દર્શન કર્યા હતા. અંતમાં તેમણે ગુરુદ્વારા બાંગ્લા સાહિબમાં માથું ટેકવીને આશીર્વાદ લીધા હતા.નીતિન નબીનના ગૃહ રાજ્ય બિહાર અને તેમના વિધાનસભા ક્ષેત્ર બાંકીપુરમાં જ'નો માહોલ છે. ૫ વખત ધારાસભ્ય રહી ચૂકેલા નબીનના અધ્યક્ષ બનવાથી સ્થાનિક કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

બિહારના ભાજપ નેતા ડૉ. ગુરુ પ્રકાશ પાસવાને આ ક્ષણને ઐતિહાસિક અને ગૌરવશાળી ગણાવી હતી. આ નેતૃત્વ પરિવર્તન દ્વારા ભાજપે એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે કે પાર્ટીમાં સામાન્ય કાર્યકર પણ સર્વોચ્ચ પદ સુધી પહોંચી શકે છે. દિલ્હીના ભાજપ નેતા રમેશ બિધુડીએ આ પ્રસંગે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'જ્યાં એક તરફ વિપક્ષી નેતાઓ માત્ર **Gen-Z**ની વાતો કરે છે, ત્યાં ભાજપમાં ૪૫ વર્ષના એક કાર્યકર રાષ્ટ્રીય અધ્યક્ષ બની રહ્યા છે. આ જ સાચું લોકતંત્ર છે.(૨૩.૩૦)

PMના પ્રવચનની ૧૦ મુખ્ય બાબતો

૧. પીએમ મોદીએ નીતિન નવીનને અભિનંદન આપીને પોતાના સંબોધનની શરૂઆત કરી. તેમણે કહ્યું, વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના પ્રમુખ તરીકે ચૂંટાયા બદલ નીતિન નવીનને હાર્દિક અભિનંદન. પીએમએ એમ પણ કહ્યું કે સંગઠન મહોત્સવથી લઈને રાષ્ટ્રપતિની ચૂંટણી સુધીની સમગ્ર પ્રક્રિયા ૧૦૦% લોકશાહી રહી.

૨. નીતિન નવીન મારા બોસ છે, હું એક કાર્યકર છું.

પીએમ મોદીનું આ નિવેદન સમગ્ર કાર્યક્રમનો સૌથી મહત્વપૂર્ણ ક્ષણ હતું. તેમણે કહ્યું, જ્યારે પાર્ટીની વાત આવે છે, ત્યારે નીતિન નવીન જી મારા બોસ છે અને હું તેમનો કાર્યકર છું. આ નિવેદન દ્વારા, પીએમએ ભાજપની કાર્યકર-કેન્દ્રિત સંસ્કૃતિ પર ભાર મૂક્યો.

૩. નવીનની જવાબદારી ફક્ત ભાજપ પૂરતી મર્યાદિત નથી.

પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે નીતિન નવીનની ભૂમિકા ફક્ત પાર્ટી પ્રમુખ બનવા પૂરતી મર્યાદિત રહેશે નહીં. તેમણે કહ્યું, હવે નીતિન નવીન જી આપણા બધાના પ્રમુખ છે અને તેમની જવાબદારી ફઝખ્ના તમામ ભાગીદારો વચ્ચે સંકલન કરવાની પણ છે.

૪. વડાપ્રધાન બનતા પહેલા પાર્ટી કાર્યકર હોવાનો ગર્વઃ પોતાની રાજકીય સફરને યાદ કરતાં પીએમ મોદીએ કહ્યું, લોકો કદાચ વિચારે છે કે ત્રણ વખત વડાપ્રધાન બનવું એ મોટી વાત છે, પરંતુ મારા જીવનનો સૌથી મોટો ગર્વ એ છે કે હું ભાજપ કાર્યકર છું. તેમણે કહ્યું કે આ લાગણી પાર્ટીની અંદર છે. તેને અન્ય પક્ષોથી શું અલગ પાડે છે?

૫. નીતિન નવીનને 'મિલેનિયલ લીડર' કહ્યાઃ પીએમ મોદીએ નીતિન નવીનને યુવા અને અનુભવી નેતૃત્વનો સંગમ ગણાવ્યો. તેમણે કહ્યું, નીતિનજી એ પેઢીના છે જે બાળપણમાં રેડિયો પર સમાચાર સાંભળતા હતા અને હવે ખ્નો ઉપયોગ કરે છે. પીએમએ કહ્યું કે તેમની પાસે યુવા ઊર્જા અને વિશાળ સંગઠનાત્મક અનુભવ બંને છે.

૬. ભાજપ પ્રક્રિયા દ્વારા ચાલે છે, પદ દ્વારા નહીં.

પીએમ મોદીએ સંગઠનાત્મક પરંપરા પર ભાર મૂકતા કહ્યું, ભાજપ પ્રક્રિયા દ્વારા ચાલે છે, પદ દ્વારા નહીં. આપણા રાષ્ટ્રપતિઓ બદલાય છે, પરંતુ આપણા વિચારો અને દિશા બદલાતી નથી. તેમણે કહ્યું, અમારા માટે, પદ એક સિસ્ટમ છે, અને પદ જીવનભરની જવાબદારી છે.

૭. ભાજપની શૂન્યથી શિખર સુધીની સફર.

પાર્ટીના ઈતિહાસનો ઉલ્લેખ કરતા, પીએમએ કહ્યું કે અટલ બિહારી વાજપેયી, અડવાણી, મુરલી મનોહર જોશી, વેંકૈયા નાયડુ, નીતિન ગડકરી, રાજનાથ સિંહ, અમિત શાહ અને જેપી નડ્ડા જેવા નેતાઓએ ભાજપને મજબૂત બનાવ્યો. તેમણે કહ્યું, રાજનાથજીના નેતૃત્વમાં, અમને પહેલીવાર સંપૂર્ણ બહુમતી મળી, અને અમિત શાહના નેતૃત્વમાં, પાર્ટી ઘણા રાજ્યોમાં સત્તા પર આવી.

૮. ભાજપ હવે ફક્ત આંદોલનોનો પક્ષ નથી, પરંતુ સુશાસનનો પક્ષ છે

પીએમ મોદીએ કહ્યું કે દેશે ઘણા મોડેલ જોયા છે. પ્રધાનમંત્રીએ કહ્યું, આપણે વંશીય રાજકારણ, અસ્થિર સરકારો અને પ્રાદેશિક પ્રયોગો જોયા છે, પરંતુ આજે દેશ ભાજપના સ્થિરતા અને વિકાસના મોડેલને જોઈ રહ્યો છે.

૯. સંવેદનશીલ રાજકારણનું ઉદાહરણ આપતા

પીએમ મોદીએ ઉત્તર પૂર્વ, જળ જીવન મિશન, ઉજ્જવલા યોજના અને 'લખપતિ દીદી' અભિયાનનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, અમે સત્તાને સેવાનું સાધન બનાવી છે, આનંદનું સાધન નહીં. પીએમએ કહ્યું કે ભાજપે મહિલાઓને સશક્ત બનાવી છે અને તેઓ ગરીબોના દુઃખને સમજે છે અને તે મુજબ યોજનાઓ ઘડે છે.

૧૦. આગામી ૨૫ વર્ષ અને વિકસિત ભારતનું લક્ષ્યઃ પીએમ મોદીએ ભવિષ્યના વિઝન સાથે પોતાનું ભાષણ સમાપ્ત કર્યું. તેમણે કહ્યું, આગામી ૨૫ વર્ષ વિકસિત ભારતના છે. આ મહત્વપૂર્ણ સમયગાળામાં, નીતિન નવીન ભાજપનો વારસો આગળ ધપાવશે. પીએમએ કહ્યું કે જન સંઘના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર, તેઓ તેના તમામ કાર્યકરોના સમર્પણને સલામ કરે છે.(૨૩.૩૦)

સુરેન્દ્રનગરમાં જમીન કૌભાંડમાં કલાર્ક અને પટ્ટાવાળાની ધરપકડ

(ફઝલ ચૌહાણ દ્વારા) વઢવાણ તા.૨૦: સુરેન્દ્રનગર જમીન કૌભાંડ મામલે વધુ બે ની ધરપકડ કરાઈ છે. કલેકટર કચેરીના વધુ બે કર્મચારીની ધરપકડ કરાતા દોડધામ મચી ગઈ છે. કલાર્ક સંજય અને પટ્ટવાળા નિતીનની ધરપકડ કરી છે. વ્હેલી સવારે ઈડીએ બન્નેની પૂછપરછ કરી છે.(૨.૨૧)

દુષ્કર્મ અને પોકસોના ગુનામાં ફરાર પ્રકાશ ડાવરા વીસાવડા ગામેથી પકડાયો

પેરોલ ફરલો સ્કવોડની ટીમે આરોપીને દબોચ્યો


રાજકોટ, તા. ૨૦: શહેરના તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલા સગીરા પર દુષ્કર્મ અને પોકસોના ગુનામાં ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને પેરોલ ફરલોસ્કવોર્ડની ટીમે પોરબંદરના વિસાવાડા ગામેથી ઝડપી લીધો હતો.

મળતી વિગત મુજબ શહેરના અલગ અલગ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ની સૂચનાથી પેરોલ ફરલો સ્કવોડના પી.આઇ. બી.એમ. ઝણકાટના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.જી. તેરૈયા સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા ત્યારે તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ સગીરા પર દુષ્કર્મ અને પોકસોના ગુનામાં ત્રણ વર્ષથી ફરાર શખ્સ પોરબંદર પંથકમાં હોવાની બાતમી મળતા સ્ટાફ સાથે રેડ કરી પોરબંદરના વિસાવડા ગામેથી આરોપી પ્રકાશ બાબુભાઈ ઉર્ફે બીલેશસિંગ ડાવરા (ઉ.વ. ૨૭) (રહે. મુળ ખારીગામ, તા. ખરગોળ મધ્યપ્રદેશ હાલ વિસાવડા ગામ) ને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ કામગીરી પીએસઆઇ જે.જી. તેરૈયા, એએસઆઇ રાજદિપસિંહ ગોહિલ, હેડ કોન્સ. જયેશભાઈ ચોસલા, નરેન્દ્રભાઈ ગઢવી, રાહુલભાઈ ઠાકુર, કોન્સ. શાંતુબેન મુળીયા દ્વારા કરવામાં આવી હતી.(૬.૧૮)

જો તમને JioHotstar પર મૂવીઝ અથવા શો જોવાનો શોખ હોય, તો હવે તમારે વધુ ચૂકવણી કરવી પડશે. ૨૮ જાન્યુઆરીથી આ નવી કિંમત હશે

JioHotstar વધુ મોંઘુ થયું

સબ્સ્ક્રિપ્શનના ભાવમાં રૂ.૭૦૦ સુધીનો વધારો



Tier	Plan Duration	Old Price (₹)	New Price (from Jan 28, 2026) (₹)
Mobile	Monthly	Not available	79
Mobile	Quarterly	149	149
Mobile	Annual	499	499
Super	Monthly	Not available	149
Super	Quarterly	299	349
Super	Annual	899	1099
Premium	Monthly	299	299
Premium	Quarterly	499	699
Premium	Annual	1499	2199

મુંબઈ, તા.૨૦: JioHotstar એ તેના દર્શકોને મોટો ફટકો આપ્યો છે. ૨૮ જાન્યુઆરીથી, JioHotstar ના ભાવમાં વધારો થવાની તૈયારીમાં છે. કિંમતમાં વધારો JioHotstar ના સુપર અને પ્રીમિયમ સબ્સ્ક્રિપ્શન પ્લાન પર લાગુ થશે, જે રૂ.૭૦૦ સુધીના હશે. વધુમાં, પહેલીવાર, કંપનીએ તમામ પ્લાનમાં માસિક વિકલ્પો ઉમેર્યા છે, જે રૂ.૭૯ થી શરૂ થાય છે. અહેવાલો અનુસાર, વધેલા પ્લાન અંગે, JioHotstar કહે છે કે લોકોએ તેમના ફોનને બદલે ટીવી પર કન્ટેન્ટ જોવાનું શરૂ કર્યું છે, જેના કારણે કિંમતોમાં વધારો થયો છે. ચાલો વિગતવાર જાણીએ કે હવે JioHotstar તમને કેટલો ખર્ચ કરશે? હવે, JioHotstar ના પ્રીમિયમ સબસ્ક્રિપ્શન માટે વાર્ષિક પ્લાન રૂ.૧,૪૯૯ થી વધીને રૂ.૨,૧૯૯ થઈ ગયો છે. તેના સુપર પ્લાનની વાર્ષિક કિંમત રૂ.૮૯૯ થી વધીને રૂ.૧,૦૯૯ થઈ ગઈ છે. વધુમાં, JioHotstar એ તેના ત્રિમાસિક પ્લાનની કિંમતોમાં પણ વધારો કર્યો છે. જોકે, સારા સમાચાર એ છે કે મોબાઈલ પ્લાનની ત્રિમાસિક અને વાર્ષિક કિંમતોમાં વધારો થયો નથી. તેથી, જો તમે ટીવી પર JioHotstar ને તમારા ફોન પર જુઓ છો, તો તમારે વધારે ચિંતા કરવાની જરૂર નથી. વધુમાં, JioHotstar એ પહેલીવાર માસિક પ્લાન પણ લોન્ચ કર્યા છે, જે રૂ.૭૯ થી શરૂ થાય છે. તે એવા લોકો માટે લોન્ચ કરવામાં આવ્યો છે જેઓ નાના JioHotstar સબ્સ્ક્રિપ્શન ઇચ્છે છે.

જો તમે વિચારી રહ્યા છો કે સુપર અથવા પ્રીમિયમ પ્લાન ન ખરીદવાથી તમારા બજેટ પર કોઈ અસર નહીં પડે, તો અમે તમને જણાવી દઈએ કે JioHotstar એ તેની કન્ટેન્ટ પોલિસીમાં પણ ફેરફાર કર્યો છે. JioHotstar પર હોલીવુડ ફિલ્મો અને શો જોવા માટે, તમારે સુપર અથવા પ્રીમિયમ પ્લાનમાં સબ્સ્ક્રાઈબ કરવાની જરૂર પડશે. પહેલાં, આ કોઈપણ પ્લાન પર ઉપલબ્ધ હતા. મોબાઈલ સબ્સ્ક્રાઈબર્સને હોલીવુડ કન્ટેન્ટ જોવા માટે વધારાના પૈસા ચૂકવવા પડશે. કંપની કહે છે કે પ્રીમિયમ સ્ટોરીટેલિંગ અને સારી કન્ટેન્ટમાં રોકાણ કરવા માટે આ ફેરફાર જરૂરી હતો. અહેવાલો અનુસાર, JioHotstar - હવે લાઈવ સ્પોર્ટ્સ, ઓરિજિનલ સિરીઝ અને વર્લ્ડ કલાસ મનોરંજન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે.

ભાવ વધારા અંગે, JioHotstar ના CMO સુશાંત શ્રીરામે જણાવ્યું હતું કે ગયા વર્ષથી, લોકો મોબાઈલ ડિવાઈસ કરતાં ટીવી સ્ક્રીન પર વધુ કન્ટેન્ટનો ઉપયોગ કરી રહ્યા છે. વધુમાં, બહુવિધ ડિવાઈસ પર કન્ટેન્ટનો ઉપયોગ કરવાનો ટ્રેન્ડ પણ વધ્યો છે. નોંધનીય છે કે JioHotstar ને Google Play પર એક અબજથી વધુ વખત ડાઉનલોડ કરવામાં આવ્યું છે. કંપની સ્પષ્ટપણે જણાવે છે કે તેને વધુ સારી સ્ટ્રીમિંગ ગુણવત્તા, પ્રીમિયમ કન્ટેન્ટ અને લાઈવ સપોર્ટમાં રોકાણ કરવાની જરૂર છે, અને તેથી જ યોજનાઓ વધુ ખર્ચાળ બનાવવામાં આવી છે.(૨૨.૨૪)

■ પ્રથમ પાનાથી ચાલુ

શેરબજારમાં અચાનક કડાકો

ઈલેક્ટ્રિકના શેર ૮ ટકા ઘટ્યા છે. એલટીએમઆઈ માઈન્ડટ્રીના શેર ૬ ટકાથી વધુ ઘટ્યા છે, અને ઓલા ઈલેક્ટ્રિકના શેર લગભગ ૮ ટકા ઘટ્યા છે.

કયા ક્ષેત્રોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે?

રિયલ્ટી ક્ષેત્રો ૪ ટકાથી વધુ ઘટ્યા છે, જ્યારે રસાયણો ૨.૩૯ ટકા ઘટ્યા છે. વધુમાં, નાણાકીય સેવાઓ, ગ્રાહક અને તેલ અને ગેસ સહિત તમામ ક્ષેત્રો રેડ ઝોનમાં ટ્રેડ કરી રહ્યા હતા.

૫૮૪ શેર પર અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યાઃ મંગળવારે, ૪,૨૮૮ સક્રિય શેરોમાંથી, ૭૯૯ ઊંચા વેપાર થયા હતા, જ્યારે ૩,૩૩૮ નીચા વેપાર થયા હતા. ૧૫૧ શેર યથાવત રહ્યા હતા. ૬૦ શેર પર સપ્તાહના ઉચ્ચતમ સ્તર પર ટ્રેડ થયા હતા, જ્યારે ૫૮૪ શેર પર સપ્તાહના નીચલા સ્તર પર પહોંચ્યા હતા. ૧૧૯ શેર ઉપલી સર્કિટે અને ૨૨૫ શેર નીચલી સર્કિટે ટ્રેડ થયા હતા.

૭.૬૭ લાખ કરોડનું ધોવાણ થયું! : આજે શેરબજારમાં ભારે કડાકાને કારણે બીએસઈનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૭.૬૭ લાખ કરોડ ઘટ્યું હતું. સોમવારે બીએસઈનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૫.૬૮ લાખ કરોડ હતું, જે મંગળવારે ઘટીને રૂ.૪૫૭.૯૯ લાખ કરોડ થયું હતું.(૨૩.૩૨)

અવસાન નોંધ

વિજયભાઇ રાવલ

રાજકોટઃ ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ મોરબી નિવાસી હાલ તળાજા વિજયભાઈ નટવરલાલ રાવલ (એકાઉન્ટટ ઉ.વ.૬૩) તે નટવરલાલ ગોકળજી રાવલ ના સુપુત્ર તથા કોકીલાબેનના પતિ અને વિરલભાઈ રાવલ (મહાદેવ)ના અને જયમાલાબેન ના પિતાશ્રી તેમજ નિરવકુમાર કમલેશભાઈ જોષી (અધ્યક્ષ જિલ્લા યુવા ભાજપ ભાવનગર)ના સસરા થાય. ગં સ્વ મીનાબેન લલિતકુમાર મહેતા જામનગર, સ્વ ભારતીબેન ભરતકુમાર પંડ્યા જામજોધપુર, સ્વ હર્ષાબેન જયેશકુમાર ત્રિવેદી પોરબંદર, પ્રકાશભાઈ, દિનેશભાઈ, હરેશભાઈ જેશંકરભાઈ રાવલ મોરબીના ભાઈ તેમજ મહિપતલાલ છોટાલાલ વ્યાસ ના જમાઈ અને પરેશભાઈ વ્યાસ રાજકોટના બનેવી, પંકજભાઈ જગદીશ કુમાર જોશી હળવદ ના માસા તથા કમલેશભાઈ ધીરજલાલ જોષી તળાજા ના વેવાઈનું તા.૧૯ના અવસાન થયેલ છે. સંયુક્ત સાદડી તા. ૨૨ ને ગુરુવારે રોજ બપોરે ૩ થી ૫ નિવાસસ્થાન ક્રિસ્ટલ એપાર્ટમેન્ટ, મેલડી માતાના મંદિર સામે તળાજા રાખેલ છે. અને તેમની ઉત્તરક્રિયા તા. ૨૯-૩૦-૧-૨૦૨૬ મહા સુદ ૧૧ -૧૨ ના રોજ તેમના નિવાસસ્થાને રાખેલ છે.(૪.૧૭)

ગુજરાતમાં હાલ ચૂંટણી યોજાય તો કોંગ્રેસના બારેય વહાણ ડૂબશે : સર્વેનાં તારણો

ગુજરાતમાં ભાજપ ફરી સત્તારૂઢ થશે : 'આપ' બીજા ક્રમે રહેશે

'આપ' કોંગ્રેસને ધક્કો મારીને રાજ્યની મુખ્ય વિપક્ષી પાર્ટી બની શકે છે : ભાજપનો વોટ શેર ૪૯.૫ ટકા તો 'આપ'નો ૨૪.૮ ટકા ! કોંગ્રેસનો ૧૭.૩% રહેશે



નવી દિલ્હી, તા.૨૦: ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ આવતા વર્ષે યોજાવાની છે, પરંતુ સર્વે એજન્સીઓ જાહેર લાગણીઓનું મૂલ્યાંકન કરવામાં વ્યસ્ત છે, ત્યારે રાજકીય પક્ષો પણ પોતાના માટે અનુકૂળ વાતાવરણ બનાવવા માટે કામ કરી રહ્યા છે. આ સંદર્ભમાં, અને **CIF** દ્વારા હાથ ધરવામાં આવેલ **"Pulse of Gujarat 2026"** સર્વે બહાર પાડવામાં આવ્યો છે. આ સર્વેમાં ચોંકાવનારા દાવા કરવામાં આવ્યા છે કે રાજ્યનો રાજકીય માહોલ બદલાઈ રહ્યો છે.

આમ આદમી પાર્ટી (**AAP**) આ સર્વેના પરિણામોથી ખૂબ ખુશ છે. **AAP**નેતા અનુરાગ ઢાંડાએ સોશિયલ મીડિયા સાઇટ **X** પર આ સર્વે શેર કર્યો છે. સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે જો ચૂંટણીઓ હમણાં યોજાઈ હોત, તો ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે, જેનો અંદાજિત મત હિસ્સો ૪૯.૫% હશે. આ પછી **AAP** ૨૪.૮% સાથે અને કોંગ્રેસ ૧૭.૩% સાથે બીજા ક્રમે છે. અપક્ષો અને અન્ય પક્ષોને ૮.૪% મત મળશે. સર્વેનો સૌથી આશ્ચર્યજનક તારણો એ છે કે કોંગ્રેસ બીજા ક્રમે નહીં પણ ત્રીજા ક્રમે સૌથી મોટો પક્ષ રહેશે.

નોંધપાત્ર રીતે, આ સર્વેના આધારે, આમ આદમી પાર્ટી ગર્ભિત રીતે દાવો કરી રહી છે કે તે આગામી ચૂંટણીમાં બે આંકડાને પાર કરશે, જ્યારે કોંગ્રેસ એક આંકડામાં સમેટાઈ જશે.

સર્વેમાં સમગ્ર ગુજરાતમાં ૪૦,૦૦૦ થી વધુ લોકોના મંતવ્યો લેવામાં આવ્યા હતા.

કયા પ્રદેશમાં કોણ આગળ છે?

સર્વે અનુસાર, ભાજપ બધા ઝોનમાં આગળ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં, ભાજપ ૪૭%, જ્યારે **AAP** ૨૮% અને કોંગ્રેસ ૧૬% મત ધરાવે છે.

ઉત્તર ગુજરાતમાં, ભાજપનો મત હિસ્સો વધીને ૫૧% થયો છે, જેમાં ક્ષત્રિ ૨૨% અને કોંગ્રેસ ૧૯% છે. મધ્ય ગુજરાતમાં, ભાજપ ૫૫%, **AAP** ૧૯% અને કોંગ્રેસ ૧૮% મત ધરાવે છે. દક્ષિણ ગુજરાતમાં, ભાજપ ૪૯%, **AAP** ૨૭% અને કોંગ્રેસ ૧૬% મત ધરાવે છે. સૌથી મોટો તફાવત શહેરી અને મેટ્રો બેલ્ટમાં જોવા મળે છે, જ્યાં ભાજપ ૬૦%, **AAP** ૨૧% અને કોંગ્રેસ ૧૪% મત ધરાવે છે.

સર્વે સૂચવે છે કે ભાજપ સૌરાષ્ટ્ર-કચ્છ ક્ષેત્રમાં બેઠકો ગુમાવી શકે છે, જ્યારે શહેરી ગુજરાતમાં ભાજપ મજબૂત રીતે ભાજપ સાથે રહે છે. સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે **AAP** શહેરી ગુજરાતમાં મતદારોની બીજી પસંદગી છે.

AAP ગુજરાતમાં ક્યારે પ્રવેશ્યું?

આમ આદમી પાર્ટીનો ગુજરાતમાં પહેલો પ્રવેશ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં હતો, જ્યાં તેણે બધી ૧૮૨ બેઠકો લડી હતી અને પાંચ જીતી હતી, જેમાં લગભગ ૧૨.૯% મત હિસ્સા સાથે જીત મેળવી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં, **AAP** એ ઈન્ડિયા એલાયન્સ હેઠળ ગુજરાતમાં બે બેઠકો પર ચૂંટણી લડી હતી. જોકે, પાર્ટી બહુમતી મેળવવામાં નિષ્ફળ રહી. આ ચૂંટણીમાં, **AAP** ને લગભગ ૨.૭% મત મળ્યા હતા.

તમને જણાવી દઈએ કે, રાજ્ય વિધાનસભાની વર્તમાન પરિસ્થિતિમાં, ૭૮ પાસે ૧૬૨ બેઠકો છે, કોંગ્રેસ પાસે ૧૨ છે, **AAP** પાસે ૫ છે, સમાજવાદી પાર્ટી પાસે ૧ છે અને ૨ સ્વતંત્ર ધારાસભ્યો છે.(૨૩.૩૪)

બે-બે મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના લીધે જમ્મુ કાશ્મીરમાં સિઝનની સૌથી વધુ હીમવર્ષા

જમ્મુ કાશ્મીરમાં ભારે હીમવર્ષા: ૨૪મીથી ગુજરાત ઠંડીમાં ઠુઠવાશે

વેધરએનાલીસ્ટ અશોકભાઇ પટેલની તા.૨૦ થી ૨૭ જાન્યુઆરી સુધીની આગાહી: ૨૩મી સુધી ન્યૂનતમ તાપમાન નોર્મલથી ઉંચુ રહેશે, શનિવારથી ફરી પારો સિંગલ ડિજીટમાં પહોંચી જશે



રાજકોટ: ઉત્તર ભારતમાં બે-બે શકિતશાળી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી જોરદાર હીમવર્ષા થશે. જયારે સૌરાષ્ટ્ર-કચ્છ-ગુજરાતમાં તા.૨૪ થી ૨૭જાન્યુઆરી દરમ્યાન ઠંડીનો વધુ એક સારો રાઉન્ડ આવશે. લઘુત્તમ તાપમાનનો પારો ફરી સિંગલ ડિજીટમાં પહોંચી જશે. તેમ વેધરએનાલીસ્ટ શ્રી અશોકભાઈ પટેલે જણાવ્યું છે.

તેઓ જણાવે છે કે ઉત્તર ગુજરાત અને કચ્છમાં ન્યુનત્તમ તાપમાન ૧૦ ડીગ્રી થી ૧૧ ડીગ્રી વચ્ચે નોર્મલ ગણાય, જ્યારે ગુજરાતના બાકીના વિસ્તારોમાં તે ૧૨ ડીગ્રી થી ૧૩ ડીગ્રી નોર્મલ ગણાય. આજે

૨૦મીએ ઘણા વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ નોંધાયું છે. જોકે, પોરબંદરમાં લઘુત્તમ તાપમાન ૧૧ડીગ્રી નોંધાયું છે, જે સામાન્ય કરતાં ૨.૫ ડીગ્રી ઓછું છે.

આજના તાપમાન આ મુજબ છે અમદાવાદ ૧૩.૩(નોર્મલથી ૧.૪ ડીગ્રી વધુ), વડોદરા ૧૨.૨ (નોર્મલથી ૦.૭ ડીગ્રી નીચે), ભુજ ૧૪.૮ (નોર્મલથી ૪ ડીગ્રી ઉંચુ), રાજકોટ ૧૧.૫ (નોર્મલથી ૦.૯ ડીગ્રી નીચુ), ડીસા ૧૧.૯(નોર્મલથી ૨.૪ ડીગ્રી ઉંચુ), અમરેલી ૧૧.૬ (નોર્મલથી ૦.૨ ડીગ્રી નીચુ)

વેધરએનાલીસ્ટ શ્રી અશોકભાઈ પટેલે તા.૨૦ થી ૨૭ જાન્યુઆરી સુધીની આગાહી કરતાં જણાવ્યું છે કે લઘુત્તમ તાપમાનમાં વધુ વધારો થવાની શકયતા છે અને તે ૨૩ જાન્યુઆરી સુધી સામાન્ય કરતાં વધુ રહેશે. ત્યારબાદ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવને કારણે, ૨૪મી આસપાસ લઘુત્તમ તાપમાનમાં અંદાજે ૪ થી ૬ ડીગ્રી નો ઘટાડો થવાની શકયતા છે અને તે ૨૭મી સુધી સામાન્ય કરતાં ઓછું રહેશે.

તા.૨૪ થી તા.૨૭ દરમિયાન ઠંડા હવામાનની સ્થિતિ પ્રવર્તવાની શકયતા છે અને અનેક કેન્દ્રોમાં ફરી એકવાર લઘુત્તમ તાપમાન ૧૦ડીગ્રીથી નીચે જવાની શકયતા છે.

તા.૨૩ના રોજ ગુજરાત રાજ્યના કેટલાક વિસ્તારોમાં ઝાકળ ની શકયતા છે. આગાહી સમયગાળા દરમિયાન મોટાભાગે પવનો ઉત્તર થી ઉત્તરપૂર્વ દિશામાં ફૂંકાવાની શકયતા છે.

પરંતુ તા.૨૩ના પવનની દિશા પશ્ચિમ/ઉત્તરપશ્ચિમ તરફ વળવાની શકયતા છે.

તા.૨૦ થી ૨૭જાન્યુઆરી દરમિયાન ઉત્તર ભારતમાં ઉપર ઉપરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર થવાની શકયતા છે, જેમાંથી બે સિસ્ટમો શકિતશાળી રહેશે. જેની અસરથી મેદાની વિસ્તારોમાં હળવો મધ્યમ વરસાદ અને કયાંક કયાંક ભારે વરસાદ ની શકયતા છે, મુખ્યત્વે જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશ અને લાગુ રાજયોના વિસ્તારોમાં. રાજસ્થાન સુધી અસર થવાની શકયતા.

કેટલાક દિવસોમાં હિમવર્ષા ૧૦ થી ૫૦ સેન્ટીમીટર વચ્ચે રહી શકે છે. જ્યારે ભારે હિમવર્ષાવાળા કેટલાક વિસ્તારોમાં આગાહી સમયગાળા દરમિયાન કુલ હિમવર્ષા ૧૦૦ સેન્ટીમીટર કરતાં વધુ પણ થઈ શકે છે.(૩૮.૪૪)

પશ્ચિમ બંગાળ-બાંગ્લાદેશ માટે તીસ્તા નદી જીવાદોરી: જળ વહેંચણી મુદ્દે જુના વિવાદમાં ડ્રેગનની એન્ટ્રી

ભારતની સરહદ નજીક ચીનની મોટી ચાલ: 'ચિકન નેક' પાસે તીસ્તા પ્રોજેક્ટ ઝડપથી પૂર્ણ કરવા હિલચાલ

નવી દિલ્હી, તા.૨૦: ચીની રાજદૂતે જે વિસ્તારની મુલાકાત લીધી તે ભારતના સિલિગુડી કોરિડોરથી ઘણો નજીક છે. આ ૨૨ કિલોમીટરની સાંકડી પટ્ટી ભારતને તેના ઉત્તર-પૂર્વીય રાજ્યો (સેવન સિસ્ટર્સ) સાથે જોડે છે. જો આ વિસ્તારમાં ચીનનો પ્રભાવ વધે, તો યુદ્ધ જેવી સ્થિતિમાં ભારતનો સંપર્ક ઉત્તર-પૂર્વના રાજ્યો સાથે કપાઈ શકે છે.



બાંગ્લાદેશના જળ સંસાધન સલાહકાર સૈયદા રિઝવાના હસન અને ચીની રાજદૂત યાઓ વેને રંગપુરના શાહબાઝપુર વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. ચીન તીસ્તા માસ્ટર પ્લાનને શક્ય તેટલી વહેલી તકે અમલમાં મૂકવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી રહ્યું છે.

આ પ્રોજેક્ટમાં નદીનું ડ્રેજિંગ, મજબૂત પાળાઓનું નિર્માણ અને ખેતીની જમીનનો સુધાર સામેલ છે. ચીની રાજદૂતે સ્પષ્ટ કર્યું કે તેઓ ટેકનિકલ નિરીક્ષણ વહેલી તકે પૂરું કરીને કામ શરૂ કરવા આતુર છે.

બાંગ્લાદેશની વચગાળાની યુનુસ સરકાર અને ચીન વચ્ચેના સંબંધોમાં નવી ગાઢતા જોવા મળી રહી છે. રવિવારે જ યાઓ વેને બાંગ્લાદેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ખલીલુર રહેમાન સાથે મુલાકાત કરી હતી. બંને દેશો વચ્ચે બાંગ્લાદેશ-ચીન મિત્રતા હોસ્પિટલ અને તીસ્તા નદીના વ્યવસ્થાપન જેવા મોટા પ્રોજેક્ટ્સ પર ચર્ચા થઈ છે.

તીસ્તા નદી પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશ બંને માટે જીવાદોરી સમાન છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે જળ વહેંચણી મુદ્દે દાયકાઓથી વિવાદ ચાલી રહ્યો છે. હવે જ્યારે બાંગ્લાદેશ ભારતની ચિંતાઓને બાજુ પર મૂકીને ચીનને આ વ્યૂહાત્મક પ્રોજેક્ટમાં સામેલ કરી રહ્યું છે, ત્યારે પ્રાદેશિક સત્તાના સંતુલનમાં ફેરફાર આવવાની શક્યતા છે.(૨૨.૧૫)

દાંત સાફ કરવા જતા મહિલા ગળી ગઇ સેફટીપીનઃ અન્નનળીમાં અટવાઇ

ડોકટરોએ મહામહેનતે બહાર કાઢી જીવ બચાવ્યો



અમદાવાદઃ શહેરની સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોની કુશળતાથી સેફટી પીન ગળી ગયેલી મહિલાનું જીવન બચ્યું છે. દાંત સાફ કરતા ખેંચ આવતા સેફટી પીન ગળી જતા અન્ન નળીમાં ભરાઈ ગઈ સિવિલના ઈએનટી વિભાગના ડોક્ટરોએ મહા મહેનતે બહાર કાઢી દર્દીનો જીવ બચાવ્યો. અચાનક ખેંચ આવતા સેફટી પીન ગળી ગયા હતા.

સિવિલ હોસ્પિટલના ઈએનટી વિભાગન દર્દી પાસેથી હિસ્ટ્રી જાણતા માલૂમ પડ્યું, કે દર્દી ખેંચની બીમારીથી પીડિત હતું. આશરે ૨૦ દિવસ પહેલા સેફટી પીન વડે દાંત સાફ કરતી વખતે અચાનક ખેંચ આવતા સેફટી પીન ગળી ગયા હતા. દર્દીનો એક્સરે કરાવતા દર્દીના **C-7** અને **T-1** મણકા ના લેવલે અન્નનળીમાં સેફટી પીન ફસાઈ હોવાનું અમને દેખાયું હતું.

તેઓએ આગળ કહ્યું કે, સેફટી પીન ગળામાં ફસાઈ જવાથી આંતરિક ઈજાનો ગંભીર ખતરો હતો અને વિલંબ જીવલેણ સાબિત થઈ શકે તેમ હતું.

તારીખ ૧૬ જાન્યુઆરીના રોજ સિવિલના ઈએનટી વિભાગના વડા ડોકટર ઈલા ઉપાધ્યાય તેમજ એને સ્થસિયા વિભાગના ડો. ભાવના રાવલની ટીમ દ્વારા મહામહેનતે ઈસોફેગોકોપી કરી સફળતાપૂર્વક અન્નનળીના બીજા કોઈ પણ ભાગને ઈજા થયા વગર સેફટી પીન મહિલાના શરીરમાંથી બહાર કાઢવામાં આવી હતી. (૩.૨૧)

માઘમેળામાં સ્નાન કરવા આવેલી મહિલાએ દીકરીને જન્મ આપ્યો, નામ પાડયું ગંગા ?



પ્રયાગરાજ, તા.૨૦: પ્રયાગરાજમાં ચાલી રહેલા ઐતિહાસિક માઘમેળામાં મૌની અમાવસ્યાનું સ્નાન કરવા આવેલી રાગિણી નામની એક પ્રેગ્નન્ટ મહિલાને અચાનક લેબર પેઈન ઊપડતાં સરકારી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી જ્યાં તેણે બાળકીને જન્મ આપ્યો હતો. તે ખાસ મધ્ય પ્રદેશના નેહરા ગામથી સ્નાન કરવા આવી હતી. માઘમેળાના ભાવિકો માટે જ બનેલી ખાસ હૉસ્પિટલમાં આ સીઝનની પહેલી ડિલિવરી થતાં સ્વાસ્થ્ય વિભાગ અને મેળા પ્રશાસનના લોકો પણ ખુશ થઈ ગયા હતા. તાત્કાલિક સારવાર મળી રહેતાં બાળક અને માતા બન્ને સ્વસ્થ હતાં. પ્રયાગરાજના સંગમ ક્ષેત્રમાં જન્મેલી આ બાળકીનું નામ ગંગા રાખવામાં આવ્યું છે.(૨૩.૨૫)

જિલ્લા ન્યાયાલયે આ હત્યારી માને આજીવન કારાવાસની સજા સંભળાવી

ત્રણ વર્ષનો દીકરો માને પ્રેમી સાથે જોઈ ગયો, માએ દીકરાને બીજા માળેથી નીચે ફેંકીને મારી નાખ્યો

ગ્વાલિયર, તા.૨૦: મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં થાટીપુર ગામમાં રહેતો ત્રણ વર્ષનો છોકરો બીજા માળેથી પડી જતાં મરી ગયો હતો. આમ તો આ ઘટના ૨૦૨૩માં બની હતી, પરંતુ છેક આટલાં વર્ષો પછી એ વાતનો ખુલાસો થયો છે કે દીકરો એમ જ પડી નહોતો ગયો, પરંતુ તેની માએ જ તેને ઉપરથી ફેંકી દીધો હતો. માએ જ દીકરાની હત્યા કરી હતી. ૨૦૨૩ની ૨૮ એપ્રિલે જ્યારે આ ઘટના બની એના થોડા સમય પહેલાં માની બેવફાઈ સામે આવી હતી. મા તેના પ્રેમી સાથે અભદ્ર હાલતમાં હતી એ તેના ત્રણ વર્ષના દીકરાએ જોઈ લીધું હતું. આટલું નાનું બાળક ખરેખર શું સમજ્યું હશે એ તો ભગવાન જાણે, પણ માને થયું કે જો દીકરો વાતવાતમાં કોઈની સામે આ ભાંડો ફોડી નાખશે તો શું? બસ, કોઈ રીતે આ સત્ય બહાર ન જાય એ માટે તે દીકરાને રમાડતાંપ્રરમાડતાં બીજા માળે લઈ ગઈ અને પછી તેને ઉપરથી ફેંકી દીધો. જોકે એ પછી માનો જીવ દીકરાની હત્યા કર્યા પછી માનસિક રીતે અસ્વસ્થતા અનુભવવા લાગ્યો. તેને રાતે સપનામાં જાણે દીકરો આવીને તેની હત્યાનો ખુલાસો બીજાને કરી દેશે એવી ધમકી આપતો હોય એવું લાગવા માંડ્યું. શરૂઆતમાં તો એ વિચારોને તે દુઃસ્વપ્ન સમજીને ભૂલી જતી હતી પણ ક્રમેય કરીને પોતાના ભય પર કન્ટ્રોલ ન થતાં તે વાતો બનાવવા લાગી કે તેને સપનામાં દીકરો દેખાય છે અને કહે છે કે મેં તેને મારી નાખ્યો. પહેલાં પિતાને શરૂઆતમાં દીકરાનો અકસ્માત થયો હોવાનું લાગતું હતું, પરંતુ વારંવારની આવી વાતો પછી એ હત્યા હોય એવું લાગવા માંડ્યું. પિતાએ તેની પત્નીને વિશ્વાસમાં લઈને તેની પાસેથી સાચી વાત ઓકાવી લઈને એ દરમ્યાન વિડિયો પણ લઈ લીધા. એ વાતોને પુરાવા તરીકે રજૂ કરીને દીકરાના મૃત્યુનો કેસ ફરી ખોલાવ્યો. એ પછી તો પોલીસે તેના પ્રેમીને પણ પકડી લીધો. શનિવારે જિલ્લા ન્યાયાલયે આ હત્યારી માને આજીવન કારાવાસની સજા સંભળાવી છે.(૨૩.૨૪)

ઉત્તરપ્રદેશના સહારનપુરમાં એક જ પરિવારના ૫ સભ્યોના શંકાસ્પદ સ્થિતિમાં મોત થતાં આખા વિસ્તારમાં હડકંપ મચી ગયો

એક જ રૂમમાં ૫ મૃતદેહ : બધાના માથા પર ગોળી વાગેલી

એક જ રૂમમાં અશોક, તેમની પત્ની અંજિતા, માતા વિદ્યાવતી અને બે દીકરા કાર્તિક તથા દેવના મૃતદેહ મળી આવ્યા છે : બધાના માથા પર ગોળીના નિશાન છે



સહારનપુર, તા.૨૦: ઉત્તર પ્રદેશના સહારનપુરમાં એક જ પરિવારના ૫ સભ્યોના શંકાસ્પદ સ્થિતિમાં મોત થતાં આખા વિસ્તારમાં હડકંપ મચી ગયો છે. એક જ રૂમમાં અશોક, તેમની પત્ની અંજિતા, માતા વિદ્યાવતી અને બે દીકરા કાર્તિક તથા દેવના મૃતદેહ મળી આવ્યા છે. બધાના માથા પર ગોળીના નિશાન છે. રૂમમાંથી ત્રણ તમંચા પણ મળી આવ્યા છે. અશોક અને તેમની પત્નીનો મૃતદેહ જમીન પર પડેલો હતો, જ્યારે તેમની માતા અને બંને બાળકો બેડ પર પડેલા મળ્યા હતા.

પોલીસને પ્રાથમિક તપાસમાં શંકા છે કે, અશોકે પહેલાં પોતાની માતા, પત્ની અને બંને પુત્રોને ગોળી મારી અને ત્યારબાદ પોતાને પણ ગોળી મારી લીધી. પોલીસ આ એંગલથી પણ તપાસ કરી રહી છે કે શું પરિવાર પર કોઈ દેવું હતું? નોકરી સાથે સંબંધિત કોઈ તણાવ હતો? ઘરેલુ ઝઘડો કે માનસિક દબાણ હતું? જેના કારણે આ ભયાનક પગલું ભરવામાં આવ્યું હોય.

પોલીસ અગલ-અલગ એંગલથી કરી રહી છે તપાસ

સહારનપુર પોલીસ આ સંભાવનાની પણ તપાસ કરી રહી છે કે પરિવારમાં કોઈ વાતને લઈને ઝઘડો થયો હોય અને ગુસ્સામાં ફાયરિંગ થઈ હોય. સાથે જ એ પણ પોલીસ એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે શું કોઈ બહારના વ્યક્તિએ ઘરમાં ઘૂસીને આ ઘટનાને અંજામ આપ્યો છે? પોલીસ પરિવારના કોઈ વ્યક્તિ સાથે ઝઘડો, લેવડ-દેવડ કે દુશ્મનીના મુદ્દાઓ પર પણ ઊંડી તપાસ કરી રહી છે. આસપાસના **CCTV** કેમેરાની ફૂટેજ ચકાસવામાં આવી રહી છે અને પડોશીઓના નિવેદન લેવામાં આવી રહ્યા છે.

પરિવાર શાંત સ્વભાવનો હતો: પાડોશી

જણાવી દઈએ કે, મૃતક અશોકને તેમના પિતાના મૃત્યુ પછી સરકારી નોકરી મળી હતી. તેમનો પુત્ર દેવ એક ખાનગી શાળામાં ધોરણ ૯નો વિદ્યાર્થી હતો, જ્યારે કાર્તિક ઈન્ટર કોલેજમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતો હતો. પડોશીઓના જણાવ્યા અનુસાર, પરિવાર શાંત સ્વભાવનો હતો અને કોઈ સાથે કોઈ ઝઘડો નહોતો. માહિતી મળતાં જ પોલીસ અધિકારીઓ અને ફોરેન્સિક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે, ઘરને સીલ કરી દેવામાં આવ્યું છે અને તમામ મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યા છે. આ કેસની દરેક બાજુથી તપાસ ચાલુ છે.(૨૩.૨૮)

તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ આર.એન. રવિ વચ્ચેનો વિવાદ ફરી એક વાર સામે આવ્યો

રાષ્ટ્રગીતને સન્માન ન મળતાં નારાજ થયા તમિલનાડુના રાજ્યપાલ, વિધાનસભાથી કર્યું વોકઆઉટ



ચેન્નાઈ, તા.૨૦: તમિલનાડુ સરકાર અને રાજ્યપાલ આર.એન. રવિ વચ્ચેનો વિવાદ ફરી એક વાર સામે આવ્યો છે. રાજ્યપાલ આર.એન. રવિએ સતત ત્રીજા વર્ષે વિધાનસભામાં પોતાનું પરંપરાગત સંબોધન આપ્યા વિના વોકઆઉટ કર્યું હતું. તેમની માગ હતી કે પરંપરાગત રાજ્ય ગીત (તમિલ થાઈ વાઝથુ) બાદ તરત જ રાષ્ટ્રગીત વગાડવામાં આવે, પરંતુ સ્પીકર એમ. અપ્પાવુએ આ માગને નકારી કાઢી હતી. રાજ્યપાલના મતે આ બંધારણીય ફરજનું ઉલ્લંઘન છે. પરિણામે આર.એન. રવિએ ગૃહને સંબોધિત કર્યા વિના જ કાર્યવાહીનો બહિષ્કાર કર્યો.

રાજ્યપાલે સતત ત્રીજા વર્ષે ગૃહનો બહિષ્કાર કર્યો છે. આ પહેલા તેમણે ૨૦૨૪ અને ૨૦૨૫માં પણ ભાષણ નહોતું આપ્યું. તમિલનાડુ લોકભવને પ્રેસ રિલીઝ જારી કરીને આ સમગ્ર મામલે જાણકારી આપી છે.

તમિલનાડુ વિધાનસભામાં રાજ્યપાલ આર.એન. રવિએ કહ્યું કે, મને ખૂબ જ દુઃખ છે કે, રાષ્ટ્રગીતને સન્માન આપવામાં નથી આવી રહ્યું. ભાષણમાં વિક્ષેપ પડ્યો તે દુર્ભાગ્યપૂર્ણ છે. હું મારી જવાબદારીઓથી સારી રીતે વાકેફ છું. પરંતુ રાષ્ટ્રગીતને યોગ્ય સન્માન મળવું જોઈએ.

રાજ્યપાલની માગ પર પ્રતિક્રિયા આપતા તમિલનાડુના સ્પીકર અપ્પાવુએ કહ્યું કે, વિધાનસભામાં માત્ર ધારાસભ્યોને જ પોતાના વિચારો શેર કરવાની છૂટ છે. બીજું કોઈ પોતાના વિચારો ન થોપી શકે. સરકારે રાજ્યપાલના સંબોધનની તૈયારીઓ કરી રાખી હતી.

જોકે, રાજ્યપાલે કહ્યું કે, મારો માઈક બંધ કરી દેવામાં આવ્યો અને મને બોલવા ન દીધો. તેનાથી મારું અપમાન થયું છે.(૨૨.૧૮)

વૃંદાવનમાં થતા ખીચડી ઉત્સવમાં ઠાકુરજી અવનવા સ્વરૂપે દર્શન દે છે, ક્યારેક ક્રિકેટર તો ક્યારેક પનિહારી



વૃંદાવન, તા.૨૦: વૃંદાવનમાં શ્રીહિત હરિવંશ મહા-ભુના ઠાકુર રાધાવલ્લભલાલજીનો શિયાળાની સીઝનમાં ખીચડી ઉત્સવ ચાલી રહ્યો છે. ઠંડીના દિવસોમાં ગરમાહટ આપે એ માટે રોજેરોજ તેમને પંચમેવાયુક્ત ખીચડીનો ભોગ ધરવામાં આવે છે. લગભગ એક મહિનો ચાલનારા આ ખીચડી ઉત્સવમાં ઠાકુરજી રોજ કોઈક નવા જ સ્વરૂપે દર્શન દે છે. આ પ્રથાને છદ્મસ્વરૂપ દર્શન કહેવાય છે. ક્યારેક ભોલેનાથ બની જાય છે તો ક્યારેક ગોવાળ, ક્યારેક પનિહારી બનીને ભક્તોને દર્શન આપે છે. જોકે આ વખતે ઠાકુરજીએ ક્રિકેટરસિકોને ખુશ કરી દીધા છે. મંગળા આરતીમાં જ્યારે ઠાકુરજીનાં પટ ખૂલ્યાં તો સૌ અચંબિત રહી ગયા હતા. લીલાધરે મસ્ત ક્રિકેટર બનીને દર્શન આપ્યાં હતાં. હાથમાં વિકેટકીપિંગનાં ગ્લવ્ઝ પહેર્યાં હતાં અને થોડેક આગળ ત્રણ સ્ટમ્પ્સ પણ હતાં.(૨૩.૨૬)

આ ફિલ્મ માત્ર મનોરંજન નથી પણ લોકો માટે સંજીવની સાબિત થઈ છે

લાલો - કૃષ્ણ સદા સહાયતે' એ ૨૩ લોકોને આત્મહત્યા કરતા અટકાવ્યાં



શરૂઆતમાં કોઈ જોવા નહોતું ગયું : પછી બની બ્લોકબસ્ટર

નવી દિલ્હી, તા.૨૦: વર્ષ ૨૦૨૫માં ગુજરાતી સિનેમાએ એક એવો ઈતિહાસ રચ્યો જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી. ખૂબ જ ઓછા બજેટમાં બનેલી ફિલ્મ લાલો- કૃષ્ણ સદા સહાયતેએ બોક્સ ઓફિસ પર રૂ.૧૦૦ કરોડથી વધુની કમાણી કરીને વર્ષની સૌથી વધુ નફો કરનારી ફિલ્મ બની ગઈ છે. આ ફિલ્મની સફળતા એટલી મોટી હતી કે તેને હવે હિન્દીમાં પણ રિલીઝ કરવામાં આવી છે.

ડિરેક્ટરે અંકિત સખિયાએ એક અત્યંત ભાવુક વાત શેર કરતા જણાવ્યું કે, આ ફિલ્મ માત્ર મનોરંજન નથી પણ લોકો માટે સંજીવની સાબિત થઈ છે. તેમને ૨૩ એવા લોકોના મેસેજ મળ્યા જેમણે સ્વીકાર્યું કે તેઓ આત્મહત્યા કરવાના હતા, પરંતુ આ ફિલ્મ જોયા પછી તેમને જીવવાની નવી આશા મળી અને તેઓ હીલ થયા. લોકો થિયેટરમાં ફિલ્મ જોઈને રડતા હતા અને પોતાના દુઃખ હળવા કરતા હતા. આ જ કારણથી આ મેસેજ આખા ભારત સુધી પહોંચાડવા માટે ફિલ્મને હિન્દીમાં રિલીઝ કરવાનો નિર્ણય લેવાયો.

ફિલ્મની શરૂઆત ખૂબ જ ધીમી હતી અને કોઈ ખાસ પ્રતિસાદ મળ્યો નહોતો. પરંતુ ધીમે-ધીમે માઉથ પબ્લિસિટી (લોકોએ એકબીજાને વાત કરી) ના કારણે ભીડ વધવા લાગી. અંકિતના મતે, આ ફિલ્મની સફળતા પાછળ લોકોનો ઈમોશનલ કનેક્ટ અને એક દૈવી ઉર્જા જવાબદાર છે જે લોકોને સ્પર્શી ગઈ.

શું છે ફિલ્મની વાર્તા?

લાલો- કૃષ્ણ સદા સહાયતે એક ગરીબ રિક્ષાવાળાની વાર્તા છે, જે અચાનક એક ફાર્મહાઉસમાં ફસાઈ જાય છે. મુશ્કેલ પરિસ્થિતિમાં તે ભગવાન શ્રીકૃષ્ણની મદદ માંગે છે અને તેમના માર્ગદર્શનથી કેવી રીતે તેની આખી જિંદગી બદલાય છે અને તે પોતાના ભૂતકાળના દુઃખમાંથી બહાર આવે છે, તેની આ સુંદર મુસાફરી છે.(૨૩.૨૭)



સર્વોદય સ્કૂલ દ્વારા સર્વોદય ઓલિમ્પિક્સ ૨૦૨૬ ની મશાલ રેલી યોજાઈ

સર્વોદય ઓલિમ્પિકસ મશાલ રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાપક ભરતભાઈ ગાજીપરા તેમજ મહેમાનશ્રીઓએ બહુમાળી ભવન ચોક ખાતે આવેલ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી મુખ્ય અતિથિ ધારાસભ્યશ્રી, રમેશભાઈ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, જીલ્લાપંચાયત પ્રમુખશ્રીમતી, પ્રવિણાબેન રંગાણી, જીલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિતેષભાઈ દીહોરા, પ્રમુખશ્રી સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળ-ગુજરાતનાં જતીનભાઈ ભરાડ, અધ્યક્ષશ્રી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ-રાજકોટનાં ડી.વી.મહેતા તેમજ અન્ય મહાનુભાવો દ્વારા ઓલિમ્પિક મશાલને પ્રગટાવીને બહુમાળી ભવનથી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી વિવિધ સામાજિક, રાજકીય, શૈક્ષણિક અને ઉદ્યોગ જગતના શ્રેષ્ઠિઓનું તિલક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મશાલ રેલી બહુમાળી ભવનથી રાજકોટના વિવિધ રાજમાર્ગો જીલ્લા પંચાયત ચોક, કિશાનપરા ચોક, મહિલા કોલેજ ચોક, સ્વામિનારાયણ મંદિર કાલાવડ રોડ, કોટેચા ચોક, એજી ચોક, સ્પિડવેલ પાર્ટી પ્લોટ ચોક, વેગળ ચોક, ટિલાળા ચોકથી પસાર થઈ સર્વોદય ઈન્ટરનેશનલ સ્કૂલ ભવન ખાતે સર્વોદય સ્કૂલનાં **M.D.** અક્ષાભાઈ ગાજીપરા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું આ ભવ્ય મશાલ રેલીમાં સર્વોદય સ્કૂલના ૬૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ, રાજકોટ શહેરના નાગરિકો વિવિધ સમાજના મહાનુભાવો ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. (૪.૧૬)

ધ્રોલમાં શુક્રવારે વસંતપંચમીના આહિર સમાજના ૧૨માં સમૂહ લગ્નોત્સવમાં ૧૬ નવયુગલો પ્રભુતામાં પગલાં માંડશે

૧૦ હજારની મેદની, સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ અને દરેક દીકરીને ૧.૫૦ લાખનો કરિયાવર: જામનગર-રાજકોટ મોરબી સહિત પંથકના આહિર સમાજના આગેવાનો આપશે હાજરી



(સંજય ડાંગર દ્વારા) ધ્રોલ તા.૨૦:.. સૌરાષ્ટ્રની પવિત્ર ધરતી હંમેશા શૌર્ય, સામાજિક એકતા અને પરોપકારની સાક્ષી રહી છે. આ પરંપરાને વધુ ઉજ્જવળ બનાવવાના ઉમદા હેતુ સાથે જામનગર જિલ્લાના ધ્રોલ મુકામે શ્રી મુરલીધર સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી આહિર સમાજ સેવા સમિતિ દ્વારા ૧૨માં ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૬, શુક્રવારના રોજ વસંતપંચમીના પવિત્ર દિવસે ૧૬ નવયુગલો મંગલ ફેરા ફરીને સંસાર જીવનના પવિત્ર પથના પથીક બનશે.

વર્તમાન સમયમાં જ્યારે લગ્ન પાછળ થતા ખોટા ખર્ચાઓ વધતા જાય છે, ત્યારે ધ્રોલ આહિર સમાજે આ ભવ્ય આયોજન દ્વારા સમાજને સાદગી અને એકતાનો પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે. સંવત ૨૦૮૨, મહા સુદ-૫ એટલે કે વસંતપંચમીના શુભ મુહૂર્તે હમાપર રોડ (ખારવા ગામ) સ્થિત આહિર સમાજ વાડી ખાતે યોજાનાર આ મંગલ પ્રસંગે નવદંપતીઓને આશીર્વાદ આપવા માટે જામનગર અને રાજકોટ સહિત સમગ્ર પંથકના આહિર સમાજના રાજકીય આગેવાનો, ભામાશાઓ અને શ્રેષ્ઠીઓ સહિત આશરે ૧૦ હજાર જેટલી જનમેદની ઉમટી પડશે.

આ લગ્નોત્સવની વિશેષતા એ છે કે સમાજના દાતાઓના સહયોગથી પ્રત્યેક દીકરીને અંદાજે ૧.૫૦ લાખ રૂપિયા જેટલું કરિયાવર ભેટ સ્વરૂપે આપવામાં આવશે. આ પ્રસંગે સમાજ માટે ઉદાર હાથે ફાળો આપનાર દાતાઓનું ટ્રસ્ટ દ્વારા વિશેષ સન્માન પણ કરવામાં આવશે. ઉત્સવને યાદગાર બનાવવા માટે વેરવા ગામની પ્રખ્યાત રાસ મંડળી દ્વારા શૌર્યસભર રાસની રમઝટ બોલાવવામાં આવશે, તેમજ માતુશ્રી રામબાઈમાં કન્યા છાત્રાલય-ધ્રોલની બાળાઓ દ્વારા સંસ્કાર અને શિક્ષણનો સંદેશ આપતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. સમગ્ર લગ્ન વિધિ આચાર્ય શ્રી ભટ્ટ નયનકુમાર મુંકુદરાય દ્વારા શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે સંપન્ન કરાવવામાં આવશે.

કાર્યક્રમની રૂપરેખા મુજબ, તા. ૨૩-૦૧-૨૦૨૬ના રોજ વહેલી સવારે ૬:૦૦ કલાકે મંડપ રોપણથી ઉત્સવની શરૂઆત થશે. ત્યારબાદ ગણેશ સ્થાપના, જાનનું આગમન અને ગૃહ શાંતિની વિધિ યોજાશે. મહોત્સવની સૌથી મહત્વની ક્ષણ હસ્ત મેળાપ સવારે ૧૦:૩૦ કલાકે યોજાશે. ત્યારબાદ સન્માન સમારંભ અને સત્કાર સમારંભ બાદ બપોરે ૧૨:૩૦ કલાકે ભવ્ય મહાપ્રસાદ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થશે. ભોજન સમારંભના મુખ્ય દાતા તરીકે ધ્રોલ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી રાવતભાઈ કાથળભાઈ શિયાર અને અ.સૌ. ભાવનાબેન રાવતભાઈ શિયાર પરિવારે સેવા આપી છે.

આ ભગીરથ કાર્યને સફળ બનાવવા માટે શ્રી મુરલીધર સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશભાઈ વશરામભાઈ આહિર, ઉપપ્રમુખ કનુભાઈ મકવાણા, ખજાનચી નરસંગભાઈ ઝાટીયા અને મંત્રી કેશુભાઈ ખીમાણીયા સહિતના ટ્રસ્ટીગણ રાત-દિવસ જહેમત ઉઠાવી રહ્યા છે. ટ્રસ્ટી મંડળમાં હરસુખભાઈ શિયાર, મહેશભાઈ બરારીયા, અશોકભાઈ કાનગડ, લખમણભાઈ ડાંગર, નારણભાઈ મકવાણા, જશુભાઈ શિયાર, કાળુભાઈ ડાંગર, હરિભાઈ ખીમાણીયા, રમેશભાઈ ડાંગર, કરશનભાઈ બરારીયા અને ભરતભાઈ નારણભાઈ ડાંગર, નારણભાઈ રવાભાઈ શિયાર, જેવા સેવાભાવી આગેવાનો ખભેખભા મિલાવીને સેવા આપી રહ્યા છે. (૫-૧૩)

કિશોરભાઇ કોરડીયા દ્વારા ૭ લાખ જીવદયા માટે એકત્ર : સન્માન

ધારાસભ્ય ડો.દર્શિતાબેનની ઉપસ્થિતિ



રાજકોટ, તા.૨૦: શહેરની ૧૨૯ વર્ષ જુની અંધ, અપંગ, નિરાધાર, બિનઉપયોગી પશુઓને સાચવતી સંસ્થા માટે છેલ્લા ૩૭ વર્ષથી દાન એકઠું કરી આપનાર જીવદયા પ્રેમી જૈફવથી જીવદયા રત્ન કિશોરભાઈ કોરડીયાએ રૂ.૭ લાખ જેવી માતબર રકમ એકઠી કરતા રાજકોટ મહાજન પાંજરાપોળના હોદેદાર યોગેશભાઈ શાહે તેઓનું બહુમાન કરેલ હતું. આ પ્રસંગે જીવદયા પ્રેમી ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, જૈન અગ્રણી ઉપેનભાઈ મોદી, એરિકો ગ્રુપના કાંતિભાઈ જાવીયા, ધરતી બેન્કના ચેરમેન રાજુભાઈ ભંડેરી, ઉમિયા ક્રેડિટ કો.ઓપ.ના એમ.ડી રમણીકભાઈ ઝાલાવાડીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા. તેમજ કિશોરભાઈ કોરડીયાની ટીમના મિતેષભાઈ શાહ, હાર્દિકભાઈ પારેખ, બંકિમભાઈ કોઠારી, મૌલિકભાઈ મહેતા, નિલેશભાઈ શાહ, સિધાર્થભાઈ મીઠાણી, મહેન્દ્રભાઈ શાહ, ચેતનભાઈ મહેતા, બિનલબેન ગાંધી, મુકેશભાઈ મીઠાણી, નિલેશભાઈ કોરડીયા, મયુરભાઈ ખીમાણી, પરિનભાઈ ખીમાણી, કૌશિકભાઈ શાહ, દિનેશભાઈ બોરડીયા, રાજુભાઈ શાહ, ગિરીશભાઈ શાહ, યુવા કાર્યકર વત્સલભાઈ શાહ દાન એઠકું કરવામાં સહકાર આપેલ હતો તેઓનું સન્માન ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે બહુમાન કરેલ હતું

આ પ્રસંગે રાજકોટ મહાજન પાંજરાપોળના શ્રેયાંસભાઈ વિરાણી, સુમનભાઈ કામદાર, પંકજભાઈ કોઠારી, કરણભાઈ શાહ, યોગેશભાઈ શાહ અને બાટવિયાભાઈ એ શુભેચ્છા પાઠવેલ હતી.(૨૩.૧૯)

ભારત સેવક સમાજ ખાતે ભરત ગુંથણના વર્ગો

રાજકોટ : ભારત સેવક સમાજ, નહેરુ ઉદ્યાન, રેસકોર્ષ, બાલ ભવનની બાજુમાં શિવણ વર્ગ, મોતીકામ, ભરતગુંથણના વર્ગો સોમથી શનિ, સાંજે ૪થી ૬ ચલાવવામાં આવે છે. માસિક શુલ્ક રૂા.૫૦૦ રાખેલ છે. રસિલાબેન પઢીયાર સેવા આપે છે. રસ ધરાવતી બહેનોને લાભ લેવા, જનાર્દન પંડ્યા, મંત્રી, ભારત સેવક સમાજની યાદીમાં જણાવાયું છે. (૪૧.૨)

શ્રીકૃષ્ણ ચિકિત્સાલયમાં રાહત દરે સોનોગ્રાફી

રાજકોટ : તા.૧૯, લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રીકૃષ્ણ ચિકિત્સાલય, કનક રોડ, એસટી પાછળ, રાહત દરે ૫ પ્રકારના લેબોરેટરી ટેસ્ટ તથા સોનોગ્રાફી સોમવારથી શનિવાર સુધી કરી આપવામાં આવે છે. દર્દીઓને લાભ લેવા વિનંતી કરવામાં આવી છે.(૪૧.૨)

સાબરકાંઠામાં સાયન્સ પાર્કની મુલાકાતે મંત્રી અર્જુનભાઇ :

(અશ્વિન વ્યાસ દ્વારા), ગાંધીનગર : ગુજરાત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાયમેટ ચેન્જ તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ખાતેના 'ટ્રોપિક ઓફ સાયન્સ પાર્ક' સાઈટની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી. મંત્રીશ્રીએ જે ચોક્કસ બિંદુ પરથી કર્કવૃત્ત (**Tropic of Cancer**) પસાર થાય છે તે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું અને તેની ભૌગોલિક વિશેષતાઓને સમજી હતી. મંત્રીશ્રીએ સૂચન કર્યું હતું કે આ સાયન્સ પાર્કને એવી રીતે વિકસાવવો જોઈએ કે જેથી



તે માત્ર વૈજ્ઞાનિક મહત્વ જ નહીં, પરંતુ પ્રવાસીઓ માટે પણ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બને. લોકો અહીંના વિજ્ઞાન અને ભૂગોળ વિશે જ્ઞાન મેળવવા ઉત્સુક બને તેવા આધુનિક અભિગમ પર તેમણે ભાર મૂક્યો હતો. ગુજકોસ્ટ (**GUJCOST**) ના એડવાઈઝર અને મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહુએ પ્રેઝન્ટેશન દ્વારા મંત્રીશ્રીને સાયન્સ પાર્કની રૂપરેખા અને તકનીકી પાસાઓથી માહિતગાર કર્યા હતા. આ સાયન્સ પાર્ક કાર્યરત થવાથી સાબરકાંઠા જિલ્લામાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ વધશે અને સ્થાનિક રોજગારીની તકોમાં પણ વધારો થશે તેવી આશા મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ મહત્વની બેઠક અને મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, પ્રાંત અધિકારી શ્રી આયુષી જૈન, વન વિભાગના ડી.સી.એફ. (**DCF**) શ્રી અને એ.સી.એફ. (**ACF**)શ્રી તથા અન્ય અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. (૩૬.૮)

ગૌણ સેવા પસંદગી મંડળના નાયબ સચિવ દિલીપ ગામિતનો જન્મદિન



રાજકોટ: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળમાં નાયબ સચિવ (તાંત્રિક પરીક્ષા) તરીકે ફરજ બજાવતા સચિવાલય કેડરના નાયબ સચિવ શ્રી દિલીપભાઈ એન. ગામિતનો જન્મ તા.૨૦ જાન્યુઆરી ૧૯૭૧ના દિવસે થયેલ આજે છપ્પનમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ બી.કોમ.ની પદવી ધરાવે છે. ફોનનં. ૦૭૯-૨૩૨૫૩૬૨૮ મો. ૯૮૯૮૫ ૪૭૨૫૧ ગાંધીનગર (૩.૧૭)

શંકરાચાર્યજીના અપમાન સામે વર્લ્ડ બ્રાહ્મણ એશો. લડાયક મિજાજમાં

જવાબદાર અધિકારીઓ સામે પગલા ભરવા વડાપ્રધાનને પત્ર : હેમાંગ રાવલ



અમદાવાદ,તા. ૧૯: પ્રયાગરાજમાં મૌની અમાવસ્યાના પવિત્ર પર્વ પર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીજી સાથે કરવામાં આવેલા અત્યંત અશોભનીય વર્તન અને નિઃશસ્ત્ર સાધુ-સંતો પર થયેલા પોલીસ દમન સામે વર્લ્ડ બ્રાહ્મણ એસોસિએશન (**WBO**) દ્વારા પ્રચંડ આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ મામલે સંગઠનના પ્રમુખ શ્રી હેમાંગ રાવલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને પત્ર લખીને સરકારને આત્મમંથન કરવા ચેતવણી આપી છે. શ્રી હેમાંગ રાવલે પત્રમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે જે સરકાર સનાતન સંસ્કૃતિના રક્ષણ અને ગૌ-રક્ષાના નારા લગાવીને કરોડો હિન્દુઓના મતો મેળવીને સત્તાના સિંહાસન પર બિરાજી છે, તે જ સરકારના શાસનમાં સનાતનના સર્વોચ્ચ ધર્મગુરુને પોતાના જ દેશમાં પવિત્ર સંગમ સ્નાન કરતા રોકીને સનાતન પરંપરાનું ઘોર અપમાન કરવામાં આવ્યું છે.

વર્લ્ડ બ્રાહ્મણ એસોસિએશને વડાપ્રધાનને પત્ર દ્વારા સખત માંગણી કરી છે કે આ સમગ્ર ઘટનાની તાત્કાલિક ઉચ્ચસ્તરીય તપાસ કરાવી જવાબદાર અધિકારીઓને પદભ્રષ્ટ કરવામાં આવે. સનાતન ધર્મના સર્વોચ્ચ પદનું અપમાન કરનાર પ્રશાસને જાહેરમાં માફી માંગવી જોઈએ અને સંતો પર અત્યાચાર કરનાર પોલીસ વિરુદ્ધ ફોજદારી ગુનો દાખલ થવો જોઈએ. શ્રી હેમાંગ રાવલે અંતમાં કડક ચેતવણી ઉચ્ચારી છે કે જો સનાતનના રક્ષકોનું સન્માન જળવાશે નહીં, તો સમગ્ર દેશનો બ્રાહ્મણ સમાજ અને સનાતન અનુયાયીઓ ચૂપ નહીં રહે અને આ અન્યાય સામે દેશવ્યાપી લોકતાંત્રિક આંદોલન છેડવામાં આવશે.

આગામી બજેટમાં ઈન્કમટેક્સ મુક્તિ મર્યાદા ૫ લાખ કરવા અને સિનિયર સિટિઝન્સને રેલવેમાં ફરી રાહત આપવા રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશનની પ્રબળ માંગ



રાજકોટ: કેન્દ્ર સરકાર દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર ટૂંક સમયમાં રજૂ થવા જઈ રહ્યું છે, ત્યારે વેપાર-ઉદ્યોગ અને સામાન્ય કરદાતાઓના હિતને ધ્યાનમાં રાખીને રાજકોટ મશીનરી ડીલર્સ એસોસિએશને નાણામંત્રી સમક્ષ મહત્વની ૨૦ માંગણીઓ સાથેનું પ્રિ-બજેટ મેમોરેન્ડમ રજૂ કર્યું છે. સંસ્થાના પૂર્વ પ્રમુખ મનસુખભાઈ પટેલ, વર્તમાન પ્રમુખ જયંતિભાઈ ટીલવા અને માનદ મંત્રી અશ્વિનભાઈ પટેલે નાના કરદાતાઓ અને સિનિયર સિટિઝન્સને સ્પર્શતા મુદ્દાઓ પર સરકારનું ધ્યાન દોર્યું છે.

એસોસિએશન દ્વારા કરાયેલી મુખ્ય ભલામણો નીચે મુજબ છે: આવકવેરા અને સ્લેબમાં રાહત: નાના કરદાતાઓ માટે હાલની ૪ લાખની મુક્તિ મર્યાદા વધારીને ૫ લાખ રૂપિયા કરવા અને ૫ થી ૧૦ લાખ સુધીની આવક પર માત્ર ૫% ટેક્સ રાખવા સૂચન કરાયું છે. આ ઉપરાંત, નોકરિયાત વર્ગ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન ૭૫,૦૦૦ થી વધારીને ૧ લાખ રૂપિયા કરવાની માંગ કરવામાં આવી છે. શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ ૨૦% થી ઘટાડીને ૧૦% કરવા પણ રજૂઆત થઈ છે.

સિનિયર અને સુપર સિનિયર સિટિઝન્સ માટે: ૮૦ વર્ષથી ઉપરના સુપર સિનિયર સિટિઝન્સ માટે ૮ થી ૧૦ લાખ સુધીની આવકવેરા મુક્તિ આપવા તેમજ સિનિયર સિટિઝન્સ માટે બેંક ડિપોઝિટ પરનું સુરક્ષા કવચ ૫ લાખથી વધારીને ૧૦ લાખ અથવા પૂરેપૂરું કરવા માંગ કરાઈ છે, કારણ કે વ્યાજની આવક જ તેમનો મુખ્ય આધાર હોય છે. રેલવે મુસાફરીમાં રાહત: કોરોના કાળમાં બંધ કરવામાં આવેલી સિનિયર સિટિઝન્સ (પુરુષોને ૪૦% અને મહિલાઓને ૫૦%) માટેની રેલવે ટિકિટ રાહત ફરી શરૂ કરવા અને હવાઈ મુસાફરીમાં પણ આવી રાહત આપવા ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે.

જીએસટી અને ઉદ્યોગ: રાજકોટ જેના માટે પ્રખ્યાત છે તેવા ડીઝલ એન્જિન અને તેના સ્પેરપાર્ટ્સ ખેતીવાડીમાં ઉપયોગી હોવાથી તેને ૧૮% ના સ્લેબમાંથી ઘટાડીને ૫% ના સ્લેબમાં લાવવા માંગ કરાઈ છે. તેમજ એફએમસીજી અને ઘરવપરાશની વસ્તુઓ પર પણ જીએસટી ૧૮% થી ઘટાડી ૫% કરવા સૂચન છે જેથી મોંઘવારી ઘટે.

મહિલાઓ અને આરોગ્ય સુવિધા: મહિલા કરદાતાઓ માટે અલગથી મુક્તિ મર્યાદા ફરી દાખલ કરવા અને ૭૦ વર્ષથી ઉપરના નાગરિકોને તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કેશલેસ સારવારનો લાભ મળે તેવી વ્યવસ્થા ગોઠવવા અપીલ કરવામાં આવી છે. વીમા અને ગ્રાહક સુરક્ષા: વીમા કંપનીઓ ક્લેઈમ વખતે ૪૦% જેટલી રકમ મનસ્વી રીતે કાપી લે છે અને ટીપીએ મારફતે ક્લેઈમ ઓછા મંજૂર કરે છે, જેની સામે કડક પગલાં લઈ પૂરેપૂરો ક્લેઈમ મળે તેવી જોગવાઈ કરવાની પણ આ રજૂઆતમાં માંગ કરવામાં આવી છે.

એસોસિએશનના હોદેદારોએ આશા વ્યક્ત કરી છે કે કેન્દ્ર સરકાર આગામી બજેટમાં આ વ્યાજબી માંગણીઓ સ્વીકારી વેપાર-ઉદ્યોગ અને સામાન્ય જનતાને રાહત આપશે.(૩૮.૩૭)



ગૌ શાળાના લાભાર્થે લોકડાયરો, સંતવાણી, લોકસાહિત્યનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ

રાજકોટ : તાજેતરમાં ગ્રીનલેન્ડ ચોકડી, માર્કેટીંગ યાર્ડ પાસે, શિવનગરનાં પટાંગણમાં ગૌ શાળાના લાભાર્થે સમસ્ત સનાતન સમાજ દ્વારા લોકડાયરો, સંતવાણી, લોકસાહિત્યનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગાયક અને હાસ્યલોકસાહિત્યકાર કૌશિક મહેતા (ભૂદેવ), ગુજરાતી ફિલ્મ લાલોના પાશ્વ ગાયક દિનેશભાઈ વાઘેલા, સંતવાણી ભજન સમ્રાટ વિજયાબેન વાઘેલા તથા સાજીંદાઓ તબલાવાદક કેતનભાઈ વાઘેલા તથા ધવલભાઈ વાઘેલા, બેન્જોવાદક સંગીતકાર લખનભાઈ વાઘેલા, ઓકટોપેડ મનીષભાઈ વ્યાસ, મંજીરાના માણીગર શંકરભાઈ પરમાર સહિતના કલાકારોએ જમાવટ કરી હતી. આ લોકડાયરો સંતવાણીમાં એકઠી થયેલ તમામ રકમ ગૌ શાળામાં અર્પણ કરવામાં આવેલ છે. ચાલુ લોકડાયરા દરમ્યાન "માં મોગલધામ" કબરાવ કચ્છથી ચારણ ઋષિ શ્રી મણીધર બાપુએ લાઈવ વિડિયો કોલથી કલાકારોની સમગ્ર ટીમ તથા જાહેર જનતાને આશીર્વાદ પાઠવેલ હતા. સ્ટુડીયો શિવના માલીક રસીકભાઈ ખખ્ખર (રામદાસ) હસ્તે ભાવીનભાઈ ખખ્ખરનો સહયોગ મળેલ હોવાનું યાદિમાં જણાવાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ગેલ મોગલ શક્તિપીઠ આશ્રમના મહંત વિજયબાપુ, સત્ય સનાતન મંડળનાં અંકિતભાઈ અજાણી, મનસુખભાઈ લીંબાસીયા, ભાવેશભાઈ લીંબાસીયા, વિમલભાઈ લીંબાસીયા, રાજુભાઈ પ્રજાપતિ, પ્રકાશભાઈએ જહેમત ઉઠાવી હતી. (૩૬.૩)



મોઢ વણિક મિત્ર મંડળ દ્વારા તિથવા મોઢેશ્વરી માતાજીના મંદિરે ભવ્ય પંચ-ધ્વજા રોહણ મહોત્સવ સંપન્ન

રાજકોટ: શ્રી મોઢ વણિક મિત્ર મંડળ-રાજકોટ દ્વારા તાજેતરમાં તિથવા સ્થિત શ્રી માતંગી મોઢેશ્વરી માતાજીના મંદિરે એકસાથે પાંચ ધ્વજાજી આરોહણના અલૌકિક મનોરથનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆત રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ ખાતેથી થઈ હતી, જ્યાંથી બે લક્ઝરી બસ અને ૪૨ કારના કાફલા સાથે સંઘનું પ્રસ્થાન થયું હતું. તિથવા પહોંચી અલ્પાહાર બાદ શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરી, શણગારેલી છાબડીમાં ધ્વજાજી પધરાવી, બેન્ડ-વાજાની સુરાવલી સાથે ભવ્ય શોભાયાત્રા (વરણાંગી) કાઢવામાં આવી હતી. જેમાં ભાવિકો મન મુકીને નાચ્યા હતા અને દિવ્યતાનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ પાંચેય ધ્વજાજીનું આરોહણ અને મહાપ્રસાદ યોજાયો હતો.

મનોરથીઓનો લાભ: આ દિવ્ય પ્રસંગે ધ્વજાજીના મુખ્ય મનોરથી તરીકે શ્રીમતી પ્રિયાબેન અજયભાઈ ગઢીયા, શ્રીમતી સેજલબેન કૌશિકભાઈ કલ્યાણી, શ્રીમતી ભૂમિકાબેન અરવિંદભાઈ શાહ, શ્રીમતી ભારતીબેન જીતેન્દ્રભાઈ અંબાણી અને શ્રીમતી દિપ્તીબેન મિતેષભાઈ કલ્યાણી પરિવારે લાભ લીધો હતો. જ્યારે મહાપ્રસાદના મનોરથી તરીકે શ્રીમતી મંગળાબેન ભગવાનલાલ જીવાણી, શ્રીમતી તરલાબેન રસિકભાઈ મહેતા, શ્રીમતી અરૂણાબેન નવિનભાઈ પટેલ, શ્રીમતી આશાબેન પંકજભાઈ રાઠોડ અને શ્રીમતી બિન્દુબેન હરકિશનભાઈ મોદી પરિવારે લાભ લીધો હતો. મંડળ દ્વારા તમામ મનોરથીઓનું શાલ, મોતીની માળા, પુષ્પગુચ્છ અને માતાજીના પ્રસાદથી સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ કમિટીના સાગરભાઈ પટેલ, સંજયભાઈ ગાંધી અને પ્રકાશભાઈ ગાંગડીયાએ જહેમત ઉઠાવી હતી. પ્રચાર-પ્રસારની સેવા અશ્વિનભાઈ પટેલે આપી હતી. ફોટોગ્રાફી સેવા રમેશભાઈ અંબાણી અને નિલેશભાઈ અંબાણીએ રાહત દરે પૂરી પાડી હતી. આ પ્રસંગે મોરબી મોઢ વણિક જ્ઞાતિના પ્રમુખ શ્રી ભાવેશભાઈ મહેતા અને પૂર્વ પ્રમુખ પરેશભાઈ વજેરીયા તેમજ તિથવા મંદિર ટ્રસ્ટના નિશિતભાઈ જોષી અને તેમની ટીમે વિશેષ સહયોગ આપેલ તેમ યાદીમાં જણાવાયું છે.

સમગ્ર આયોજન મંડળના કાર્યવાહક પ્રમુખ પ્રનંદભાઈ કલ્યાણી ટ્રેઝરર શ્રી હિરેનભાઈ કલ્યાણી કારોબારી સભ્યો ગોપીભાઈ પટેલ, ધર્મેશભાઈ જીવાણી, મનિષભાઈ પટેલ, દિપકભાઈ કલ્યાણી, ધર્મેશભાઈ કલ્યાણી, સાગરભાઈ પટેલ, વિશાલભાઈ ભાડલીયા, મનોજભાઈ અંબાણી, પ્રકાશભાઈ ગાંગડીયા, મોહિતભાઈ રાઠોડ, પ્રશાંતભાઈ ગાંગડીયા, સંજયભાઈ ગાંધી અને પ્રકાશભાઈ કલ્યાણીએ જહેમત ઉઠાવી હતી.(૩૮.૪૦)

''જનતાના ટેક્સના કરોડો રૂપિયા ખાડામાં?''-આર્યન પઠાણ

રાજકોટ: તા.૨૦, ગુજરાતને "વિકસિત રાજ્ય" ગણાવતી સરકારના દાવાઓ વચ્ચે રાજ્યના મહાનગરો અને હાઈવે પરના રસ્તાઓની અત્યંત દયનીય હાલત અંગે નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં થયેલા સામાન્ય વરસાદમાં જ કરોડોના ખર્ચે બનેલા નવા રસ્તાઓ ધોવાઈ જતાં, કામની નબળી ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. ત્યારે જાગૃત નાગરિક આર્યન પઠાણે વેધક સવાલો પુછયા છે.



નાગરિકોના મુખ્ય પ્રશ્નો:ગેરંટી પિરિયડનું શું? રોડ ટેક્સ અને ટોલ ટેક્સનો ઉપયોગ ક્યાં? અકસ્માત થાય તો જવાબદારી કોની? અને પેચ વર્કનું નાટક કયાં સુધી ? થશે તેમ અંતમા જણાવ્યું હતું. (૩૫-૧૬)

ગુજરાત ભાજપના સંગઠન માળખામાં ધરખમ ફેરફાર

જગદીશ વિશ્વકર્માએ જાહેર કરી નવી પ્રદેશ કારોબારીઃ કુલ ૧૦૫ દિગ્ગજ નેતાઓની વરણી

વજુભાઈ વાળા, નીતિનભાઈ પટેલ અને પરષોત્તમભાઈ રૂપાલા સહિતના સીનિયર નેતાઓને વિશેષ આમંત્રિત તરીકે સ્થાનઃ આગામી ચૂંટણીઓ પૂર્વે સંગઠનને મજબૂત બનાવવા અનુભવી અને નવા ચહેરાઓનો સમન્વય







ગાંધીનગરઃ ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા રાજ્યમાં સંગઠનાત્મક નિમણૂંકોની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યમાં પાર્ટીના માળખાને વધુ સુદ્રઢ બનાવવાના આશયથી ૭૯ સભ્યોની પ્રદેશ કારોબારી અને ૨૬ સભ્યોની પ્રદેશ વિશેષ આમંત્રિત યાદી જાહેર કરવામાં આવી છે. આ નિમણૂંકોમાં રાજ્યના ખૂણેખૂણેથી પાયાના કાર્યકરો અને સિનિયર નેતૃત્વને સ્થાન આપીને સંતુલન જાળવવાનો પ્રયાસ કરાયો છે.

૭૯ સભ્યોની નવી પ્રદેશ કારોબારીઃ પ્રદેશ કારોબારીમાં સુરત, અમદાવાદ (કર્ણાવતી), રાજકોટ અને વડોદરા જેવા મહાનગરો સહિત વિવિધ જિલ્લાઓના અગ્રણીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ યાદીમાં દર્શનાબેન જરદોશ (સુરત શહેર), ભાનુબેન બાબરીયા (રાજકોટ શહેર), નિમીષાબેન સુથાર (પંચમહાલ), વર્ષાબેન દોશી (સુરેન્દ્રનગર), શિતલબેન સોની (નવસારી), જાહનવીબેન વ્યાસ (ખેડા), ડો. ઋત્વિજભાઈ પટેલ (કર્ણાવતી), હિતેશભાઈ પટેલ (સાબરકાંઠા), હર્ષદભાઈ વસાવા (નર્મદા), અર્જુનભાઈ ચૌધરી (સુરત જી.), ડો. દીપિકાબેન સરડવા (મોરબી), યોગેશભાઈ ગઢવી (કર્ણાવતી), જયરાજાસિંહ પરમાર (મહેસાણા), સીમાબેન મોહિલે (વડોદરા શહેર), અનિતાબેન પરમાર (ગાંધીનગર શહેર), રાજેન્દ્રસિંહ કુંવર (તાપી) અને પુષ્પાબેન ઠાકોર (પાટણ) નો સમાવેશ થાય છે.

આ ઉપરાંત દુષ્યંતભાઈ પંડ્યા (ગાંધીનગર શહેર), રાજેશભાઈ શુક્લ (ગાંધીનગર શહેર), ભરતભાઈ આર્ય (પાટણ), ગજેન્દ્રભાઈ સકસેના (સાબરકાંઠા), ડો. ભરતભાઈ ડાંગર (વડોદરા શહેર), સતીષભાઈ પટેલ-છાણી (વડોદરા શહેર), પરાક્રમસિંહ જાડેજા (વડોદરા શહેર), ધર્મેશભાઈ પંડ્યા (વડોદરા જિલ્લો), માધુભાઈ કથિરીયા (નવસારી), ધવલભાઈ દવે (ભાવનગર જી.), બ્રિજરાજાસિંહ ઝાલા (બોટાદ), હિમતભાઈ પડશાળા (ગીર સોમનાથ), ધનસુખભાઈ ભંડેરી (રાજકોટ શહેર), કશ્યપભાઈ શુક્લ (રાજકોટ શહેર), હર્ષદગીરી ગોસાઈ (અમદાવાદ જી.), રાજેન્દ્રભાઈ પટેલ (અરવલ્લી), નીતિનભાઈ સી. પટેલ (મહેસાણા), દશરથજી ઠાકોર (પાટણ), રાજેશભાઈ પટેલ-ધર્મજ (આણંદ), મારુતિસિંહ અટોદરિયા (ભરૂચ) અને દશરથભાઈ પવાર (ડાંગ) ને પણ સ્થાન મળ્યું છે.

આ યાદીમાં નિરંજનભાઈ ઝાંઝમેરા (સુરત શહેર), અભયસિંહ ચૌહાણ (ભાવનગર શહેર), મહેન્દ્રભાઈ પીઠીયા (ગીર સોમનાથ), વિમલભાઈ કગથરા (જામનગર શહેર), પુનિતભાઈ શર્મા (જુનાગઢ શહેર), કિરીટભાઈ પટેલ (જુનાગઢ જી.), કમલેશભાઈ મિરાણી (રાજકોટ શહેર), દિલીપભાઈ એમ. પટેલ (સુરેન્દ્રનગર), શબ્દશરણભાઈ તડવી (નર્મદા), અરવિંદભાઈ રૈયાણી (રાજકોટ શહેર), શશીકાંતભાઈ પંડ્યા (બનાસકાંઠા), પ્રો. તેજશ્રીબેન પટેલ (અમદાવાદ જી.), જીગ્નેશભાઈ સેવક (મહીસાગર), રાજુભાઈ (ગાંધીનગર શહેર), કરશનભાઈ ગોંડલીયા (સુરત શહેર), વિશાલભાઈ પટેલ (કર્ણાવતી), ગૌતમભાઈ શાહ (કર્ણાવતી), બિજલબેન પટેલ (કર્ણાવતી), હેમાલીબેન બોઘાવાલા (સુરત શહેર) અને ડો. જગદીશભાઈ પી. પટેલ-બલ્લર (સુરત શહેર)ના નામ જાહેર કરાયા છે.

યાદીના અંતિમ ચરણમાં રમેશભાઈ દેસાઈ (કર્ણાવતી), સત્યેનભાઈ કુલાબકર (વડોદરા શહેર), દિલીપભાઈ બારડ (ગીર સોમનાથ), ચંદ્રેશભાઈ હેરમા (જુનાગઢ શહેર), નરેન્દ્રભાઈ પુરોહિત (કર્ણાવતી), પ્રતિમાબેન પી. પરમાર અને રમેશભાઈ સોલંકી (મહેસાણા) નો સમાવેશ કરી સંગઠનને આખરી ઓપ અપાયો છે.

રાજકોટના નેતાઓ વજુભાઇવાળા, ભાનુબેન બાબરીયા, ગોવિંદભાઇ પટેલ, અરવિંદભાઇ રૈયાણી, ધનસુખભાઇ ભંડેરી, કમલેશભાઇ મિરાણી, કશ્યપભાઇ શૂકલ અને રાજુભાઇ ધ્રુવને પણ સ્થાન મળ્યું

૨૬ દિગ્ગજોની વિશેષ આમંત્રિત તરીકે વરણીઃ સંગઠનમાં અનુભવી નેતાઓના માર્ગદર્શન માટે ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોની પણ નિમણૂંક કરાઈ છે. જેમાં વજુભાઈ વાળા (રાજકોટ શહેર), રાજેન્દ્રસિંહ રાણા (ભાવનગર શહેર), પરશોત્તમભાઈ રૂપાલા (અમરેલી), આર. સી. ફળદુ (જામનગર જી.), નીતિનભાઈ પટેલ-પૂર્વ નાયબ મુખ્યમંત્રી (મહેસાણા), ભુપેન્દ્રસિંહ ચુડાસમા (અમદાવાદ જી.), સુરેન્દ્રભાઈ પટેલ (કર્ણાવતી), ગોરધનભાઈ ઝડફિયા (મહેસાણા), કલ્પનાબેન પટેલ (વડોદરા જી.), અમિતાબેન એ. પટેલ (નવસારી), રાજુભાઈ પ્રિયદર્શી (સુરત શહેર), દ્રમજીભાઈ માવાણી (સુરત શહેર), વિનયભાઈ શુક્લ (સુરત શહેર), દિલીપસિંહ એ. ચુડાસમા (જામનગર જી.), ભાવનાબેન હિરપરા (જુનાગઢ જી.), જીજ્ઞાબેન પંડ્યા (સુરેન્દ્રનગર), તેજલબેન નાયી (ગાંધીનગર શહેર), ફલજીભાઈ ચૌધરી (બનાસકાંઠા), ડો. હેમરાજભાઈ રાણા (બનાસકાંઠા), પરમજીતકૌર છાબડા (ગાંધીનગર શહેર) અને રમેશભાઈ સોલંકી (મહેસાણા) નો સમાવેશ થાય છે.(૩૮.૩૧)

ગુજરાત બનશે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું ગ્લોબલ હબઃ નાયબ મુખ્યમંત્રીહર્ષ સંઘવી અને OpenAIના પ્રતિનિધિ વચ્ચે હાઈ-ટેક ટ્રાન્સફોર્મેશન મુદ્દે મહત્વની બેઠક

રાજ્યના મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલેન્ટનો ઉપયોગ કરી નવું ઇકોસિસ્ટમ બનાવાશેઃ જવાબદાર AI અને અત્યાધુનિક સંશોધનો દ્વારા ભવિષ્યના પડકારો ઝીલવા ગુજરાત સજ્જ



ગાંધીનગર, તા. ૨૦ઃ ટેકનોલોજીના ક્ષેત્રે વિશ્વભરમાં જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો દબદબો વધી રહ્યો છે, ત્યારે ગુજરાત પણ આ દિશામાં મક્કમ ડગલે આગળ વધી રહ્યું છે. રાજ્યના યુવા અને ગતિશીલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં ઓપન-એઆઈ (**OpenAI**) ના ક્રિસ લેહાન સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના સક્ષમીકરણ અને હાઈ-ટેક ટ્રાન્સફોર્મેશનની આગામી લહેર વિશે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતના મજબૂત ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અહીં ઉપલબ્ધ પ્રતિભાશાળી માનવશક્તિનો ઉપયોગ કરીને એવું ઈકોસિસ્ટમ બનાવવાનો છે જ્યાં અત્યાધુનિક ટેકનોલોજીનો વિકાસ થઈ શકે. શ્રી સંઘવીએ આ તકે જણાવ્યું હતું કે ગુજરાત ભવિષ્યલક્ષી ઈનોવેશન માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ માટે શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડી રહ્યું છે.

જવાબદાર **AI** અને સહયોગી અભિગમઃ **OpenAI** ના પ્રતિનિધિ સાથેની આ ગતિશીલ ચર્ચામાં મુખ્યત્વે ત્રણ પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો

જવાબદાર **AI** (**Responsible AI**): ટેકનોલોજીનો નૈતિક અને સુરક્ષિત ઉપયોગ સુનિશ્ચિત કરવો. અદ્યતન ક્ષમતાઓઃ **AI** દ્વારા રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં કાર્યક્ષમતા વધારવા માટેની ક્ષમતાનું નિર્માણ કરવું.

વર્લ્ડ-ક્લાસ ઈનોવેશનઃ વૈશ્વિક કક્ષાના સંશોધનો અને નવીનતા દ્વારા ભવિષ્યને આકાર આપવો.

ભવિષ્યની રણનીતિ ગુજરાત સરકાર અને **OpenAI** વચ્ચેના આ સંભવિત સહયોગથી રાજ્યમાં ટેકનોલોજી ક્ષેત્રે નવા રોકાણો અને રોજગારીની તકો ઉભી થશે તેવું માનવામાં આવી રહ્યું છે. રાજ્યના મજબૂત ડિજિટલ નેટવર્કને કારણે ગુજરાત આ ક્ષેત્રમાં અન્ય રાજ્યો કરતા આગળ નીકળવાની ક્ષમતા ધરાવે છે. આ બેઠકે એ સાબિત કર્યું છે કે ગુજરાત માત્ર ઔદ્યોગિક રીતે જ નહીં, પરંતુ ભવિષ્યની ટેકનોલોજીમાં પણ વિશ્વસ્તરે પોતાની ઓળખ બનાવવા આતુર છે.(૩૮.૩૬)

સંઘાણી સંપ્રદાયના શ્રાવક-શ્રાવીકાઓમાં હરખની હેલી

ગાદીપતિ પૂ. પંથકમુનિ મ. સા.નું આગામી ચાતુર્માસ નૂતન ગુરૂ આરાધના ભવન ખાતે યોજાશે



રાજકોટઃ સંઘાણી સંપ્રદાયના વર્તમાન ગાદીપતિ પ. પૂ. પંથકમુનિ એ વિક્રમ સંવત ૨૦૮૩ ના ચાતુર્માસ માટે દ્રવ્ય, ક્ષેત્ર , કાળ ને લક્ષમાં રાખીને અનુમતિ.આપેલ .ગુરુદેવની આ ચાતુર્માસ માટેની અનુમતિ માટે સંપ્રદાય પ્રમુખની ગુરુદેવને સતત વિનંતી અને તેમના માર્ગદર્શન મુજબ નૂતન ગુરુ આરાધના ભવન, માલવિયા નગર રાજકોટ ના પ્રમુખ જયેશભાઈ દેસાઈ તથા અમરીશભાઈ દફતરી ,કિરીટભાઈ સંઘાણી ,મહિલા મંડળના આગેવાન તૃપ્તિબેન દોશી જ્યોતિ બેન દેસાઈ,માલિનીબેન વોરા અને જાગૃતિબેન દફતરી વગેરે આગેવાનો અમરેલી મુકામે બિરાજતા શ્રી સંઘાણી સંપ્રદાયના શાસનદીપક પ. પૂ. નરેન્દ્રમુનિ મહારાજ સાહેબ ના આજ્ઞાનુવર્તિ વર્તમાન ગાદીપતિ પ.પૂ.પંથકમુની મહારાજ સાહેબ ને ૨૦૨૭ ની સાલ માટે ચાતુર્માસ આપવા ખુબજ ભાવપૂર્વક વિનંતી કરી હતી.

તેમજ અમરેલી સંઘના કાર્યકર્તા નરેશભાઈ સંઘરાજકા તથા સકલ સંઘ દરેક શ્રાવકો અને શ્રાવિકાઓ પણ ચાતુર્માસની વિનંતી માટે ઉત્સાહભેર જોડાયા હતા. પૂ ગુરુદેવે શ્રી સંઘ ની લાગણી અને ખુબજ ઉચાભાવ જોઈ ને વિનંતી સ્વીકારી હતી. સંવત ૨૦૮૩નુ ચાતુર્માસ નૂતન ગુરૂ ના આંગણે થશે તેવી જાહેરાત કરતાજ આખો વ્યાખ્યાન હોલ જયકારાથી ગુંજી ઉઠ્યો હતો.

પૂ. ગુરુદેવ પંથકમુની મહારાજ સાહેબ નુ ચાતુર્માસ રાજકોટ થાય તો શેષ કાળ મા સૌરાષ્ટ્રના અનેક ગામોને પૂ. ગુરુદેવની વ્યાખ્યાન.વાણીનો લાભ મળે. આ તકે જયેશભાઈ દેસાઈએ ઉપકારી પૂ. ગુરુદેવ તથા સંપ્રદાય પ્રમુખ અશોકભાઈ કોઠારી માનેલ તેમજ નરેશભાઈ સંઘરાજકા નો આભાર માનેલ અને જણાવેલ કે આ અમરેલીની પાવન ભૂમિને તથા અહીંના દરેક ધર્મપ્રિય સાધર્મિકોના પ્રચંડ પુણ્યોદયે અમોને આ લાભ મળેલ છે. (૭.૩૫)

દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને ભારતના જેમ્સ બોન્ડ અજિત ડોભાલનો આજે જન્મદિવસઃ ૮૨માં વર્ષમાં પ્રવેશ

૨૦૧૪થી અજિત ડોભાલ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારની ભૂમિકામાં : પંજાબ આંતકવાદ હોય કે હોય પાકિસ્તાન મિશન કે પછી સર્જિકલ સ્ટ્રાઇક, બાલાકોટ સ્ટ્રાઈક, ડોકલામ હોય કે હોય લદાખ જેમ્સ બોન્ડ સદા અનેરી ભૂમિકામાં



(જીતેન્દ્ર રૂપારેલિયા....) વાપી ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને દેશના જેમ્સ બોન્ડ અજિત ડોભાલનો આજે જન્મ દિવસ છે.

આવો આપણે આ ઇન્ડિયન જેમ્સ બોન્ડ વિશે જોઈએ તો ૨૦ મી જાન્યુઆરી ૧૯૪૫ના રોજ ઉત્તરાખંડના પૌરી ગઢવાલ ખાતે જન્મ, અજીતજીએ આગ્રા યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર માં એમ એ કર્યું અને ૧૯૬૮ બેચ ના આઈ પી એસ કેડર અધિકારી તરીકે જોડાયા, અને કેન્દ્ર સરકાર હેઠળ કેરળ અને પંજાબ ખાતે કામ કર્યું, આઈબી લાંબા સમય સુધી અગત્યની જવાબદારીઓ સંભાળી.

ડોભાલે હાથ ધરેલ વિશેષ અને ગુપ્ત ઓપરેશન્સ વિશે જોઈએ તો પંજાબ આતંકવાદ (૧૯૮૦૯૦) ખાલિસ્તાની આતંકવાદ દરમિયાન મુખ્ય ભૂમિકા આતંકવાદીઓ માં છુપાઈને માહિતી એકત્ર કરી પંજાબમાં શાંતિ સ્થાપનામાં મહત્વનું યોગદાન આપ્યું.

કાશ્મીર અને પાકિસ્તાન મિશન ૭ વર્ષ સુધી પાકિસ્તાનમાં અંડરકવર એજન્ટ તરીકે કામ કર્યું, એટલું જ નહી પાકિસ્તાની સેનાથી બચી હેમખેમ ભારત પરત આવ્યા. કાશ્મીર આતંકવાદ સામે કઠોર વ્યૂહરચના

કંદહાર વિમાન અપહરણ (૧૯૯૯) **IC-814** વિમાન અપહરણ કેસમાં મહત્વની ભૂમિકા તણાવભરી વાટાઘાટોમાં ભારતીય ટીમમાં સામેલ હતા હીરાની પરખ ઝવેરીને તેમ અજિતજીની બુદ્ધિ શક્તિ, અનુભવ, સંપર્કો અને તેમની કાર્ય શક્તિને કામે લેવા નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાન બન્યા બાદ મેં ૨૦૧૪માં તેમની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિમણૂક કરી.

અજિત ડોભાલની રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર તરીકે નિમણૂક થયા બાદ ખરા અર્થમાં કામે લાગ્યા તેમણે કરેલા કાર્યો, લીધેલા નિર્ણયો અને તેમાં એમની ભૂમિકા જોઈએ તો

સર્જિકલ સ્ટ્રાઈક (૨૦૧૬)

બાલાકોટ એર સ્ટ્રાઈક (૨૦૧૯)

આર્ટિકલ ૩૭૦ રદ્ (જમ્મુ-કાશ્મીર)

ચીન સાથે ડોકલામ અને લદ્દાખ મુદ્દા આતંકવાદ સામે ઝીરો ટોલરન્સ નીતિ રણનીતિક વિચારધારા રક્ષણાત્મક નહીં, આક્રમક સુરક્ષા નીતિમાં માને છે ,દુશ્મનને તેમના ઘરમાં જ જવાબ આપવો, આંતકવાદ સૌથી મોટા દુશ્મન એટલે અજિત ડોવાલ.

રાષ્ટ્રીય સુરક્ષા નીતિ ઘડતર આંતરિક અને બાહ્ય સુરક્ષા સંબંધિત નીતિઓ ઘડવામાં વડાપ્રધાનને સીધી સલાહ. આતંકવાદ, નક્સલવાદ, સાયબર સુરક્ષા અને સરહદી જોખમો ,વ્યૂહરચના, આતંકવાદ સામે કડક અભિગમ , ઉપરાંત ગુપ્તચર સંકલન રો, આઈબી, સેનાના ઈન્ટેલિજન્સ વિગ અને અન્ય એજન્સીઓ વચ્ચે સંકલન, માહિતી આધારિત નિર્ણય પ્રક્રિયા મજબૂત બનાવવી, આંતરિક સુરક્ષા.

જમ્મુ-કાશ્મીરની સુરક્ષા નીતિમાં કેન્દ્રિય ભૂમિકા, કલમ ૩૭૦ રદ કરવા પૂર્વ અને પછીની સુરક્ષા તૈયારીમાં મહત્વપૂર્ણ યોગદાન,

અજિત જી માને છે કે

ડર નહીં, બુદ્ધિ સૌથી મોટું હથિયાર'' ''યુદ્ધ હંમેશા બંદૂકથી નહીં, ઘણીવાર બુદ્ધિથી જીતાય છે.'' તેમની સમગ્ર કારકિર્દી આ વિચારનું જીવંત ઉદાહરણ છે, તેઓ આઈ પી એસ અધિકારી હોવા છતાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યૂહરચનામાં ઊંડો અભ્યાસ ધરાવે છે.

આજે પણ સૈન્ય અને ગુપ્તચર અધિકારીઓ તેમને ''સ્ટ્રેટેજિક ગુરુ'' માને છે એટલું ચોક્કસપણે કહી શકાય કે અજિત ડોવાલ ના કાર્યકાળમાં ભારતની સુરક્ષા નીતિ વધુ આક્રમક,આત્મવિશ્વાસ ભરી અને સ્પષ્ટ બની.

આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની સુરક્ષા બાબતે ગંભીરતા અને પ્રતિષ્ઠા વધી. તેમના પારાવારિક જીવન વિશે જોઈએ તો, તેમના પત્ની નુ નામ છે અંજુ ડોવાલ તેવો સામાન્ય રીતે જાહેર જીવન થી દૂર રહે છે, અને ખૂબ જ ખાનગી જીવન પસંદ કરે છે અજિત ડોભાલનુ મુખ્ય ધ્યાન રાષ્ટ્ર સેવા, સુરક્ષા અને વ્યૂહરચના ઉપર જ હોય છે, તેમને ૧૯૮૮માં કીર્તિ ચક્રથી નવાજવામાં આવ્યા હતા, તેઓ પ્રથમ પોલીસ અધિકારી જેને આ સન્માન મળ્યું હોય. મોદીજીના ખાસ વિશ્વાસુ અને બીજેપી સરકારમાં સૌથી વધુ વ્યૂહ રચનાકાર અજિત ડોભાલની ક્ષમતા ને વિરોધ પક્ષ પણ સ્વીકારે છે

આવા આપણા જેમ્સ બોન્ડ અજિત ડોભાલનો આજે એટલે કે ૨૦મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ યશસ્વી કારકિર્દીના ૮૧ વર્ષ પૂર્ણ કરી ૮૨માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.(૩૮.૩૫)

''ક્વોન્ટમ સાયન્સ : ગઇકાલ, આજ અને આવતીકાલ'' કાલે વ્યાખ્યાન



રાજકોટ : ઈન્ડિયન સોસાયટી ઓફ કેમિસ્ટ એન્ડ બાયોલોજિસ્ટના સંયુકત ઉપક્રમે સૌરાષ્ટ્ર યુનિ. રસાયણભવનના પૂર્વ પ્રોફેસર ડો. જી.બી. જોશીની સ્મૃતિમાં એક વ્યાખ્યાનમાળા તેમના ભૂતપૂર્વ ૨૧ પીએચડી વિદ્યાર્થીઓ અને પરિવાર દ્વારા શરૂ કરવામાં આવી છે. તેનું પ્રથમ વ્યાખ્યાન સૌરાષ્ટ્ર યુનિ. ના ફિલોસોફી વિભાગના પૂર્વ અધ્યક્ષ અને ક્વોન્ટમ વિજ્ઞાનના તજજ્ઞ ડો. એસ. એસ. શર્મા ''ક્વોન્ટમ વિજ્ઞાન : ગઇકાલ, આજ અને આવતીકાલ'' એ વિષય પર તા. ૨૧ ના બુધવારે સવારે ૧૦:૩૦ કલાકે વિરાણી સાયન્સ કોલેજ, આત્મીય યુનિ. કેમ્પસ, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને શ્રી ઓ. વે. શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રનો સહયોગ છે. ક્વોન્ટમ વિજ્ઞાનની હમણાં જ શતાબ્દી ઉજવાઈ અને કોમ્પ્યુટર ક્ષેત્રે ક્વોન્ટમ ડોટ દ્વારા કમ્પ્યુટર રૂપીડમાં અભૂતપૂર્વ ક્રાંતિ આવી રહી છે ત્યારે આ વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતો અંગેનું આ વ્યાખ્યાન માણવા સહુને આયોજક ડો. અનામિક શાહ, રાષ્ટ્રીય પ્રમુખ, આઇએસસીબી તથા પ્રિ. કાર્તિક લાડવા, વિરાણી સાયન્સ કોલેજ, રાજકોટ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. (૩૬.૩)

વ્યતિપાત યોગઃ- દાન માટે નો શ્રેષ્ઠ યોગ

ભગવદ્ ભકતો તેમજ શ્રધ્ધાળુઓને ઉપયોગી થાય ફકત તે જ હેતુથી 'વ્યતિપાત યોગ' વિશેની સાવ થોડીક જ માહિતી અહીં આપી છે. આ માહિતી શ્રી મહાભારત, વરાહપુરાણ વગેરે ધર્મગ્રંથોમાંથી સાવ સારરૂપે અતિ સંક્ષેપમાં અહી લેવામાં આવી છે.

સૂર્ય-ચંદ્ર વ્યતિપાતને આશીર્વાદ આપતા રહે છે કે, 'તું સર્વ યોગોનો સદા સ્વામી રહીશ, સર્વ યોગોમાં અતિશય પવિત્ર ગણાઈશ, ભલે તારા ઉત્પતિના સમયે કોઈ શુભ કાર્ય કરાશે નહિ, પરંતુ જે કંઈ જ્ઞાન-દાન વગેરે પુણ્ય કર્મ કર્યું હશે તે અક્ષય થાશે. જે મનુષ્ય તારા વ્યતિપાત યોગના - સમયે સ્નાન-દાન-જપ તથા હોમ વગેરે જે કાંઈ ધર્મ કાર્ય કરશે તેનું પુણ્ય હે પુત્ર, તારી પ્રસન્નતાથી અને અમારા અનુગ્રહથી આ લોકમાં અનંતગણું થાઓ.

આ અનંતગણું અસંખ્યાત એટલે કે જેને ગણી ન શકાય, તે કેટલું તે સમજાવવા શાસ્ત્રમાં નીચે મુજબની માહિતી આપવામાં આવી છે.

અમાસના દિવસે કરેલું દાન દસ ગણું, ક્ષયતિથિએ દીધેલું તેનાથી સો ગણું, સંક્રાંતિ કાળે આપેલું તેનાથી સો ગણું, તુલા અને મેષસંક્રાંતિએ આપેલું તેનાથી સો ગણું, યુગાદિએ આપેલું તેનાથી સો ગણું, ઉત્તરાયણ કે દક્ષિણાયનમાં આપેલું તેનાથી સો ગણું, ચંદ્રગ્રહણના સમયે આપેલું તેનાથી સો ગણું, સૂર્ય ગ્રહણના સમયે આપેલું તેનાથી સો ગણું, પરંતુ વ્યતિપાતમાં આપેલું દાન તો અસંખ્યાત - અગણિત જ થાય છે એમ વેદ જાણનારા કહે છે.

વ્યતિપાતના સમયે જે દાન કર્યું હોય તેને સૂર્ય તથા ચંદ્ર સો કલ્પોના (એક કલ્પ બરાબર ૪, ૨૯, ૪૦, ૮૦૦૦૦ વર્ષો એટલે કે ચાર અબજ ઓગણત્રીસ કરોડ, ચાલીસ લાખ, એસી હજાર વર્ષ કહેવામાં આવે છે. આ એક કલ્પનો સમય થયો છે. સંખ્યાશ અલગ) આવા સો કલ્પોના અબજો વર્ષ સુધી સૂર્ય-ચંદ્ર, વ્યતિપાત યોગના સમયે દાન દેનાર દાતાને તે દાનનું ફળ પાછું આપ્યા જ કરે છે અને તે નિરંતર વધ્યા જ કરી કયારેય ખૂટતું જ નથી.

શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિરને કહે છે કે,'હે રાજન ! વિષુવ નામના પુણ્યકાળે, ચંદ્ર-સૂર્યના ગ્રહણ સમયે, વ્યતિપાતના સમયે તથા ઉત્તરાયણના આરંભમાં દાન આપવાથી અક્ષય ફળ મળે છે.'

દાન વિશે શ્રી ભગવાને કહ્યું છે કે, યજ્ઞ, તપ અને દાનમાં દ્રઢ રહેવું તેને સત' કહેવામાં આવે છે તથા ઈશ્વર પ્રિત્યર્થે જે કર્મ હોય તેને પણ 'સત' કહેવામાં આવે છે.(શ્રીમદ્ ભગવદ્ ગીતા ૧૭ઃ૨૭)

''યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ એ ત્યજવા યોગ્ય નથી. પરંતુ એ તો કરવા યોગ્ય જ છે. કારણ કે, યજ્ઞ, દાન અને તપ બુદ્ધિમાન - નિષ્કામ મનુષ્યોને પવિત્ર કરનારા છે. (શ્રીમદ્ભગવદ્ ગીતાઃ ૧૮:૫)

વ્યતિપાત યોગ નો પ્રારંભ તા. ૨૦ જાન્યુઆરી, ૧૯૨૩ ને મંગળવાર રાત્રે ૦૮ ક. અને ૦૧ મિ. થાય છે તથા વ્યતિપાત યોગ પૂર્ણ તા. ૨૧ ને બુધવાર સાંજે ૦૬ ક. અને ૫૮ મિ. થાય છે.

દાનઁ કાળા, સફેદ, લાલ તલ, ખિચડી, ગોળ, ગાયનું ઘી, ગાયનું દૂધ, દહીં, છાશ, સાકર, મધ, તેલ, મીઠું, ઋતુ અનુસાર ફળો, વસ્ત્રો, જળદાન તથા દીવાનું દાન વગેરે દાન મનુષ્યને પોતાની શ્રધ્ધા અને શકિત મુજબ કરવા.

જે રાશિઓને શનિની સાડા સાતી ચાલુ હોય તેઓએ શનિગ્રહની શાંતિ માટે નિલમ, અડદ, કાળા તલ, કાળા વસ્ત્રો અને કાળુ ફુલ વિગેરેનું શ્રધ્ધા-ભકિતપૂર્વક દાન કરવું.

વિશેષ નોંધઃ આ ઉપરાંત વ્યતિપાત યોગ વિશેની ઘણી મહત્વની વાતો શાસ્ત્રોમાં આપવામાં આવી છે. જેનાથી વ્યતિપાત યોગનું વિશેષ મહત્વ જાણી શકાય છે. વધુ ચોકસાઈ માટે પંચાગ જોવું.

(સંકલન) નિશીથભાઈ ઉપાધ્યાય
સ્પીરીચ્યુઅલ કન્સલટન્ટ અને એસ્ટ્રોલોજર
મો. નં. ૯૮૭૪૨ ૫૫૦૭૪
મો. નં. ૯૩૧૩૬ ૫૨૪૪૧

આ લેખ લખનારનું પ્રયાગમાં ગયા વગર મહાકુંભનું પુણ્ય ઘરે બેઠા મેળવો, વ્યતિપાત યોગ વિશેનું -વચન ૧૪-ભાગમાં તથા શ્રીકૃષ્ણ જન્માષ્ટમી, રાધાઅષ્ટમી, ચાર્તુમાસ મહાત્મ્ય, તુલસી, રૂદ્રાક્ષ અને પીપળાના પુજનનું મહત્વ, ૧ લાખ અશ્વમેઘ યજ્ઞનું પુણ્ય ઘરબેઠા મેળવો વિગેરે યુટયુબમોરે શ્યામ ચેનલ'' ઉપર ઉપલબ્ધ છે.

૯ ફલેટધારકોએ ફલેટ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી અને કારોબારી સભ્યો સામે સિવિલ કોર્ટમાં કર્યો અનિયમિતતાનો દાવો

૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે કિંગસ્ટન ટાવર્સના ફલેટધારકો સોસાયટીના હોદેદારો સામે કોર્ટે ચડયા

મેઈન્ટેનન્સ ડીપોઝીટમાં કરોડો રૂપિયા જમા હોવા છતાં પાણી-લીફ્ટ બંધ કરવાનો ફતવો સોસાયટીના હોદેદારો આપખુદશાહી અને મનસ્વી રીતે વર્તતા હોવાનો આક્ષેપ

રાજકોટ તા.૨૦: શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે સિલ્વર સ્ટોન મેઈન રોડ ઉપર આવેલા કિંગસ્ટન ટાવર્સના ફલેટ ધારકો સોસાયટીના હોદેદારો સામે કાનૂની જંગે ચડ્યા છે. બંને ટાવર્સના ફલેટધારકો વતી ૯ જેટલા પરિવારોએ સોસાયટીના હોદેદારો સામે અનિયમિતતા અને આપખુદશાહીના આક્ષેપ કરીને સિવિલ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે. ફલેટધારકોએ એવો આક્ષેપ કર્યો છે કે, સોસાયટીમાં મેઈન્ટેનન્સની કરોડો રૂપિયાની રકમ જમા હોવા છતાં પાણી અને લીફટ બંધ કરી દેવા માટે ફતવો બહાર પાડવામાં આવ્યો છે. પાર્કિંગના એલોટમેન્ટમાં પણ મનમાની કરવામાં આવે છે. આ ફલેટ ધારકોએ સોસાયટીના હોદેદારો હવે વધારાની મેઈન્ટેનન્સની રકમ વસુલે નહી તે પ્રકારના મનાઈહુકમની માંગ કરી છે સાથોસાથ કર પાર્કિંગ અંગે ડ્રો કરવા અને સોસાયટી વતી કોઈ વ્યક્તિ કે મેનેજર કોઈ ફલેટ હોલ્ડરની કાર લોક ન કરે તેવો વચગાળાનો મનાઈહુકમ પણ માગ્યો છે.

ફલેટધારકોએ કોર્ટમાં કરેલી અરજીમાં એવો આક્ષેપ કર્યો છે કે, કિંગસ્ટન ફલેટ ઓનર્સ એસોસિએશનનો વહીવટ પહેલા સુંદર રીતે ચાલતો હતો પરંતુ વર્તમાન હોદેદારોએ જ્યારથી વહીવટ સંભાળ્યો છે ત્યારથી ફલેટધારકોને અન્યાય થઈ રહ્યો છે. સંપૂર્ણવહીવટ કિન્નાખોરીથી ચલાવવામાં આવે છે. આ હોદેદારો સોસાયટીના વાર્ષિક ખર્ચનો હિસાબ કે આવક-જાવકનો હિસાબ આપતા નથી. વધુમાં મનઘડંત નિયમો બનાવીને સોસાયટી ઉપર ઠોકી બેસાડ્યા છે. કાર પાર્કિંગ અંગે કોઈ જાતોનો ડ્રો કર્યા વગર વ્હાલા-દવલાની નીતિ અપનાવી પોતાના મળતિયાઓને અનુકુળ આવે તે રીતે પાર્કિંગ ફાળવી દીધા છે. વધારાની કાર પાર્કીંગમાં જગ્યા હોવા છતાં રોડ ઉપર કરાવવામાં આવે છે. અનેક વખત આ હોદેદારોએ કાયદો હાથમાં લઈને ફલેટધારકોની કારને લોક મારી દીધા હતા.

ફલેટધારકોએ એવો પણ આક્ષેપ કર્યો છે કે, કિંગસ્ટન એ અને બી વિગમાં લાગેલા સીસીટીવીના ફૂટેજ માગવા છતાં આપવામાં આવતા નથી.આ અંગે ફરિયાદ કરવામાં આવે તો સ્વીકારતા નથી. અત્યાર સુધી મેઈન્ટેનન્સના ૧૬ -૧૬ લાખ રૂપિયાના વ્યાજમાંથી ખર્ચ નીકળી જતો હતો પરંતુ હવે દરેક પાસે વધારાના ચાર-ચાર લાખ રૂપિયાની માંગ કરવામાં આવે છે. આ રકમ નહી આપવામાં આવે તો પાણી અને લીફટ જેવી સુવિધા બંધ કરી દેવામાં આવશે તેવી ધમકી પણ આપવામાં આવે છે.

ગુજરાત ફલેટ ઓનર્સ એક્ટ ૧૯૭૩ મુજબ સંચાલન કમિટીએ સભ્યોને હિસાબ અને ઓડીટ રીપોર્ટ પુરા પાડવા ફરજિયાત છે વધુમાં હિસાબ આપ્યા વગર વધારાના નાણા માગવા કે તેના માટે દબાણ કરવું, પાયાની સુવિધાથી વંચિત રાખવા અને ધમકી આપવી એ સંપૂર્ણ ગેરકાયદે છે. જો કમિટી આવું કોઈ ગેરકાયદે પગલું ભરશે તો તેની સામે ફોજદારી કાર્યવાહી પણ કરવામાં આવશે તેવી ચીમકી પણ ફલેટધારકોએ આપી છે.(૩૮.૨૮)

હોટલ રીજન્સી લગુન જવાના રસ્તે થયેલ બહુચર્ચિત ખુન કેસના આરોપીનો નિર્દોષ છુટકારો



હીતેશ ગોહેલ,
લીગલ એઈડ ડીફેન્સી કાઉન્સીલ

રાજકોટઃ તા.૨૦,અત્રેની ''સેશન્સ અદાલત દ્વારા બહુચર્ચીત ખુનના કેસમાં આરોપીનો નિર્દોષ છૂટકારો'' ફરમાવેલ હતો.

બનાવની ટુંકમાં વિગત જોવામાં આવે તો, આ કામના મરણજનારે તા.૨૯/૦૭/૨૦૨૩ના રોજ મોડી રાત્રે રીજન્સી લગુન હોટેલ જવાના રસ્તે ત્રીદેવભાઈ માકડીયાના પ્લોટમાં આવેલ ઓરડીમાં આરોપી સુનીલ ઉર્ફે ભરત રમેશભાઈ રાઠોડની સગીર દીકરી ઉ.વ.આ.૧૧ સાથે શારીરીક અડપલા કરતો હોય જેથી આ કામના આરોપી સુનીલ ઉર્ફે ભરત રમેશભાઈ રાઠોડએ તા.૩૦/૦૭/૨૦૨૩ ના કલાક ૧૬:૧૫ વાગ્યા પહેલાના સમયે ઉપરોકત સ્થળે મરણજનાર અજાણ્યો પુરુષ ઉ.વ.આ.૪૦ થી ૫૦ વાળાને બોથડ હથીયાર, કુહાડી તથા હાથ વડે શરીરે તથા માથાના ભાગે ખુન કરવાના ઈરાદા અને જાણકારી સાથે ગંભીર ઈજાઓ કરી તેનું મોત નીપજાવી પોલીસ કમીશ્નરશ્રીના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરીને આઈ.પી.સી.કલમ ૩૦૨ તથા જી.પી.એકટની કલમ ૧૩૫(૧)મુજબનો ગુન્હો કરેલ હતો

આ બાબતની ફરીયાદ સરકાર તરફે પી.એસ.આઈ. પ્રદિપસિંહ પ્રવિણસિંહ ચાવડા, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા આપવામાં આવેલ હતી. જેઓએ તેની ફરીયાદમાં જણાવેલ કે તેઓ પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૩૦/૦૭/૨૦૨૩ ના રોજ ૧૬:૧૫ કલાકે ગાંધીગ્રામ ૨(યુનીવર્સીટી) પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. નીલેષભાઈ કણજારીયાને વરધી લખાવેલ કે તેઓ ડી.સ્ટાફની ટીમ દ્વારા પેટ્રોલીંગમાં હતા ત્યારે એક શંકાસ્પદ વ્યકિત મળેલ જેની પુછપરછ કરતા તેણે પોતાનું નામ સુનીલ ઉર્ફે ભરત રમેશભાઈ રાઠોડ કે જેઓ રીજન્સી લગુન પાસે આવેલ પ્લોટની ઓરડીમાં રહેતા હોય જેના દ્વારા એક અજાણ્યા ઈસમનું ખુન કરવામાં આવેલ છે. તેવી વિગતો જણાવતા બનાવસ્થળે તપાસ કરતા એક વ્યકિત બનાવ સ્થળે પડેલ હોય અને ૧૦૮ એમ્યુલન્સ બોલાવતા જેઓએ આ વ્યકિતની તપાસ કરતા તેઓએ વ્યકિત મરણ ગયેલ જાહેર કરેલ હોય જેથી એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટને બોલાવી મરણજનારનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ હતું અને લાશનું પી.એમ. કરવામાં આવેલ હતું. આ અજાણ્યા પુરુષની તપાસ કરતા તેના કોઈ સગાવ્હાલા મળી આવતા ન હોવાથી લાશને અજાણી લાશ તરીકે જાહેર કરવામાં આવેલ.

સદરહું ગુન્હાના કામે આરોપી સુનીલ ઉર્ફે ભરત રમેશભાઈ શઠોડની કબલાતના આધારે ધરપકડ કરવામાં આવેલ હતી. આ કામે પોલીસ દ્વારા પુરાવાઓ એકઠા કરી ચાર્જશીટ કરવામાં આવેલ હતું અને આરોપી દ્વારા પોતાના બચાવ અર્થે કાનની સેવા સતા મંડળ ધ્વારા લીગલ એઈડ માંગતા આરોપીને તેમના બચાવ અર્થે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ ફાળવવામાં આવેલ હતા. આ કામમાં સરકાર પક્ષે કુલ -૧૬ સાહેદો તપાસવામાં આવેલ હતા તથા ૨૩- દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ હતા. અને પુરાવો પૂરો થયા બાદ આરોપી વિરૂધ્ધ પુરાવો તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લઈ સરકારી વકીલશ્રી ધ્વારા મહતમ સજા કરવા દલીલો કરવામાં આવેલ હતી.

બંને પક્ષકારોની દલીલો ધ્યાને લેતા આરોપીએ પોલીસ રૂબરૂ ગુન્હાની કબુલાત કરેલ હોય ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ જોતા ''પોલીસ રૂબરૂની કબુલાત પુરાવામાં ગ્રાહય નથી'' જેથી કરીયાદ પક્ષ પોતાના કેસને સમર્થન પુરુ પાડવા મદદરૂપ થઈ શકેલ નહી. જેથી રાજકોટના મહે. એડીશ્નલ સેશન્સ જજ દ્વારા આરોપીને ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવા હુકમ ફરમાવવામાં આવેલ છે. આ કામમાં આરોપીના બચાવ પક્ષે એડવોકેટ દરજજે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સેલ શ્રી હીતેશ જી. ગોહેલ રોકાયેલ હતા. (૩૫-

જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **રતનબેન મેઘજીભાઈ નવાપરિયા તે વા/ઓ રાજેશભાઈ ડોડીયા,** ધર્મે :- હિન્દુ, ઉ.વ. :- ૪૨, રહે. :- મયુરનગર મેઈનરોડ, રાજમોતી ઓઈલ મીલ પાછળ, બેડીપરા, રાજકોટ-૩૬૦૦૦૩ આ નોટીસ આપીને જણાવવાનું કે મારો જન્મ તા.૦૯/૦૪/૧૯૮૩ ના રોજ રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ નાકરાવાડીમાં થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે મારા જન્મ અંગેનો કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજ દિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ કેસ નં. ૬૫/૨૫ તા. ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ જન્મ મરણની નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) મુજબ મૃત્યુ નોંધણી કરી આપવા અંગે એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી રાજકોટ તાલુકા, જુની કલેકટર કચેરી કમ્પાઉન્ડ, રાજકોટ સમક્ષ દાદ મળવા અરજદાર/**એડવોકેટ એલ.કે.તોલાણી** મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મ નોંધ સંબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૩૦** માં લેખીત આધાર પુરાવા સાથે એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી રાજકોટ તાલુકા સમક્ષ રજુ કરવા, જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ:- રાજકોટ, (કચેરીનો સિક્કો)
તા. ૧૯/૦૧/૨૦૨૬

મકાનની જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, રાજકોટ મહાનગરપાલીકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ ગામ **નાના મવા ના રેવન્યુ સર્વે નં. ૩૧ પૈકી** (ટી. પી. સ્કીમ નં. ૩, એફ. પી. નં. ૫૨ પૈકી ૨) ની બીનખેડવાણ અને રહેણાંક હેતુ માટે ઈમારત બાંધવાની મંજૂરીવાળા જમીન કે જે **'તંતી પાર્ક'** તરીકે ઓળખાય છે. તે વિસ્તાર નાં પ્લોટસ પૈકી પ્લોટ નં. ૨ ની જમીન ચો.મી.આ. ૯૨-૧૫, જેના ચો.વા.આ. ૧૧૦-૨૧ ઉપર બાંધવામાં આવેલ મકાન **હરેશભાઈ ભીખુભાઈ પાનસુરીયા** એ તેઓ જોગના રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૩૪૨૩ તા. ૬/૭/૨૦૧૮ શ્રી મનસખુભાઈ લાલજીભાઈ વાડોદીરયા પાસેથી ખરીદ કરેલ છે. તે રીતે સદરહું મકાન હરેશભાઈ ભીખુભાઈ પાનસુરીયા ની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાનું આવેલ છે. સદરહું મકાન તેઓ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે. સદરહું મકાનના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે, કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દરદાવો, વારસાઈ હક્ક કે ભરણ પોષણનો કે કોઈપણ પ્રકારનો હક્ક કે કોઈ પણ બેન્ક કે સંસ્થા કે પંચાયત કે વ્યકિતનું કાંઈપણ લેણું, કરજ, ગીરો, બોજો કે જામીનગીરી હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૧૦** માં લેખિત આધાર પુરાવા સાથે નીચેના સરનામે રજુઆત કરવી. મુદત વિત્યે કોઈપણ વ્યકતિએ, બેંક, સંસ્થા કે મંડળીનો કે કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હીસ્સો, વાંધો કે તકરાર નથી અથવા હોય તો જતો (WAIVE) કરેલ છે અને ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહીં. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તારીખ : ૨૦-૧-૨૦૨૬ — અમારા મારફત:

ધર્મેશ જી. અજાણી એડવોકેટ એન્ડ નોટરી મો. ૯૯૭૮૯ ૧૦૨૦૩

રાજેશ જી. ગઢીયા - એડવોકેટ
ઠે. ઓફીસ નં. ૩૦૪-૩૦૫, થર્ડ ફલોર, વન ગેલેકસી કોમ્પ્લેક્ષ, ઓસ્કાર સ્કાય વિલેની સામે, કુવાડવા રોડ, રાજકોટ

જાહેર નોટીસ

અમરેલી જીલ્લાના **કુંકાવાવ વડિયા** તાલુકાનાં મોજે ગામ **ખજુરી-પીપલીયા** ના નીચે જણાવેલ ખાતા નંબર તથા સર્વે નંબરવાળી જીરાયત પ્રકારની જુની શરતની ખેડવાણ જમીન નીચે જણાવેલ જમીન માલીકની સ્વત્રંત માલીકીની અને કબજા ભોગવટાની આવેલ છે.

ક્રમ	ખાતા નં.	સર્વે નં.	હે.આરે.ચો.મી.	જમીન માલીકનું નામ
૧ ૨	૩૭૫	૧૦૧/૧ ૧૦૫/૧ ૧૦૫/૨	૦-૨૪-૨૮ ૦-૬૭-૭૯ ૦-૬૮-૭૯	શ્રી અશોકભાઇ વિઠલભાઇ ભુવા

સદરહું ખેડવાણ જમીન મારા અસીલે ઉપરોક્ત ખેડવાણ જમીનનાં માલીક પાસેથી ખરીદ કરવાનું નકકી કરેલ છે. તો ઉપરોક્ત ખેડવાણ જમીનનાં વેચાણ સંબંધે કે સદરહું જમીનની માલીકી, કબજા, ટાઇટલ કે વેચાણ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો, લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર-દાવો વારસાઇ હકક કે અન્ય કોઇપણ રીતે વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૧૦ (દસ)** માં અમોને નીચેનાં સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહું મિલ્કતમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત કે હીસ્સો નથી અને હોય તો તે જતો કરેલ છે અને સદરહું મિલ્કત ટાઇટલ કલીયર છે તેમ સમજી મારા અસીલ આગળના વ્યવહાર કરશે ત્યાર બાદ જો કોઇનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને શુધ્ધબુધ્ધીનાં ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહિ, જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ/તા.૨૦-૦૧-૨૦૨૬ — અમારા મારફત

એસ.જી. પટેલ -એડવોકેટ — **જે.એન.પટેલ** -એડવોકેટ
ઓફીસ નં. ૯૦૭, આલ્ફા પ્લસ, રૈયા ટેલી.એક્ષચેન્જ સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના ગોંડલ શહેરમાં ગોંડલ નગરપાલિકાની હદમાં ગોંડલના **સીટી સર્વે વોર્ડ નં.૨, શીટ નં.૧૬૬, સીટી સર્વે નં.૩૭૦૦** પૈકી ઉત્તર તરફના ભાગની જમીન **ચો.મી. ૫૩-૮૩**, ગોંડલ સબ-રજી. કચેરીના રજી. વેચાણ **દસ્તાવેજ અનુ.નં.૭૮૬૯, તા.૦૬/૦૭/૨૦૨૨ થી તેમજ સીટી સર્વે વોર્ડ નં.૨, શીટ નં.૧૬૬, સીટી સર્વે નં.૩૭૦૧ પૈકી દક્ષિણ તરફના ભાગની જમીન ચો.મી.૭૫-૧૨**, ગોંડલ સબ-રજી. કચેરીના રજી. વેચાણ **દસ્તાવેજ અનુ.નં.૭૮૭૧, તા.૦૬/૦૭/૨૦૨૨** થી ભાર્ગવી કેતનભાઈ સખિયાએ ખરીદ કરેલ.

સદરહું ઉપરોકત દસ્તાવેજ ફાઈલમાંથી સીટી સર્વે કચેરીના એકત્રીકરણના હુકમ નં. સી.ટી.એસ./સરવેયર વોર્ડ નં.૨/વશી.નં.૩૬૬/એકત્રીકરણ/૨૦૨૨, તા.૦૫/૧૨/૨૦૨૨ થી થયેલ અસલ હુકમ હાલના માલીક પાસેથી ખોવાઈ ગયેલ છે/ગુમ થઈ ગયેલ છે, જે આડા અવળા હાથે મુકાઈ ગયેલ હોય અને તે શોધવા છતા આજદીન સુધી મળી આવેલ નથી, તેવું ભાર્ગવી **કેતનભાઈ સખિયાએ સોગંદનામાથી** જાહેર કરેલ છે.

ઉપરોકત અસલ એકત્રીકરણના હુકમને લગતો કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, કે વાંધો તકરાર, અગ્ર હક્ક, લીયન, બોજો વિગેરે હોય તો નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૮(આઠ)** માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી સદરહું મિલ્કત અન્વયેના ખોવાયેલ અસલ એકત્રીકરણના હુકમની ખરીનકલ જે તે કચેરીમાંથી મેળવી, તેને અસલ સ્વરૂપમાં ઉપયોગ કરશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધન કર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ગોંડલ તા. ૨૦-૦૧-૨૦૨૬

રાહુલ વી. વેકરીયા એડવોકેટ
એફ-૧૦૭, કૈલાશ કોમ્પલેક્ષ, બસ-સ્ટેશન રોડ, ગોંડલ મો. નં. ૮૫૧૧૧ ૩૧૪૨૧
તે મારા અસીલની સુચના તથા ફરમાઈશથી

રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળાની ખેડવાણ જમીન અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજે ગામ હડાળાના રેવન્યુ સર્વે નં. ૨૨ પૈકી ૪ ની જુની શરતની ''સોઢાવારૂ'' તરીકે ઓળખાતી જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૩૭-૫૯ કે જે (૧) શ્રી મનસુખ કેશવજીભાઈ સીતાપરા, (૨) શ્રી ભુપતભાઈ કેશવજીભાઈ સીતાપરાને હૈયાતીમાં હકક દાખલથી પ્રાપ્ત થયેલ છે, જે અંગેની નોંધ હડાળા ગામ પંચાયતના રેવન્યુ રેકર્ડ ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ના નોંધ નં. ૮૪૬૯ થી પ્રમાણીત થયેલ છે. જે ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૩૮ થી અમો (૧) શ્રી મનસુખ કેશવજીભાઈ સીતાપરા, (૨) શ્રી ભુપતભાઈ કેશવજીભાઈ સીતાપરાની સંયુકત માલીકી, કબ્જા અને ભોગવટાની આવેલ છે. સદરહું ઉપરોકત ખેડવાણ જમીન અમારા અસીલ ખાલી કબજે ખરીદ કરવા ઈચ્છા ધરાવે છે.

ઉપરોકત વિગત વાળી ખેડવાણ જમીન અંગેના માલીકી, ટાઈટલ, વારસાઈ, ભરણપોષણ, કબજા, હલણનો રસ્તો, ગાડા મારગ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, લાગભાગ, હક્ક, દાવો, કરજ, ગીરો, બોજો, ભરણપોષણ હક્ક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિવસ-૮ (આઠ)** માં નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો વાંધો, તકરાર આવશે નહી તો જે કોઈના હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે તેમ માની અમારા અસીલ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, વાંધો, તકરાર અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી. રાજકોટ તા. ૨૦-૧-૨૦૨૬

સતિષ પી. મુંગરા એડવોકેટ મો. ૯૮૭૯૧ ૯૯૦૩૨ — **રોહિત પી. મુંગરા** એડવોકેટ મો. ૭૦૧૬૧ ૮૪૭૦૪/૯૯૨૪૦ ૨૬૫૫૬

એ.એલ.ડાંગર એડવોકેટસ
૧૦૨-બી, નક્ષત્ર-૨ કોમ્પલેક્ષ, કે.કે.વી. હોલની સામે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

કાર ભાડે લઇ જઇ બારોબાર વેંચી નાખી ઠગાઇના ગુનામાં વધુ એક શખ્સ પકડાયો

ડીસીપી ઝોન-રના નાસતા ફરતા સ્કવોડના પી.એસ.આઇ. આર.એચ. ઝાલા તથા ટીમે સાહિલ ઉર્ફે ડેવીલને દબોચ્યો

રાજકોટ તા.૨૦:શહેરના બજરંગવાડી વિસ્તારમાં યુવાનની કાર ભાડેથી લઈ જઈ બારોબાર વેંચીનાખી છેતરપીંડી આચરવાના ગુનામાં ફરાર વધુ એક શખ્સને ડીસીપી ઝોન-૨ના નાસતા ફરતા સ્કવોડે પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ શહેરના અલગ-અલગ વિસ્તારમાં નાસતા ફરતા શખ્સોને પકડી પાડવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, એડીશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, તથા ડીસીપી ઝોન-૨ના રાકેશ દેસાઈની સૂચના મુજબ નાસતા ફરતા સ્કવોડના પી.એસ.આઈ. આર.એચ. ઝાલા સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા. ત્યારે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કાર ભાડેથી લઈ જઈ બારોબાર વેંચી નાખવાના ગુનામાં નાસતો ફરતો વધુ એક આરોપી સાહિતલ ઉર્ફે ડેવીલ હમીરભાઈ



નારેજા(ઉ.વ.૨૨)(રહે.કોઠારિયા સોલવન્ટ રસુલપર શેરીનં.૧૦)ને પકડી લીધો હતો.

આ કામગીરી પી.એસ.આઈ. આર.એચ. ઝાલા, હેડકોન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકીતભાઈ નિમાવત, અનીલભાઈ જીલરીયા, કોન્સ.અમીનભાઈ ભલુર, પ્રશાંતભાઈ ગજેરા દ્વારા કરવામાં આવી હતી. (૩.૧૬)

ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષ અને છ માસની સજા ફરમાવતી કોર્ટ



અર્જુન એસ. પટેલ,ફરિયાદીના વકીલ

રાજકોટઃ તા.૨૦,અત્રે ચેક રીર્ટનની ફરિયાદમાં આરોપી ભરતકુમાર ટપુભાઈ વાળાને ૧ વર્ષ અને ૬ માસની સજા અને વળતર ચુકવવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

આ કેસની હકિકત એવી છે કે, આરોપી ભરતકુમારે ટપુભાઈ વાળા તેમજ ફરીયાદી રજનીકાંત નટવરલાલ છાંટબાર વચ્ચે મિત્રતાના સંબંધ હોય એકબીજાના પરીચયમાં હોય તેથી આરોપીને નાણાંની જરૂરીયાત ઉપરથીત થતા આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૧૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના વગર વ્યાજે વર્ષ:-૨૦૧૧ માં લીધેલા. જે રકમ ચુકવવા આરોપીએ ફરીયાદીને તેની બેંકના ત્રણ ચેકો આપેલા જે ચેકો અપુરતી બેલેન્સના કારણોસર પરત ફરેલા. જેથી તહોમતદારે નવેસરથી પ્રોમીસરી નોટ કરી આપેલ અને સદરહું પ્રોમીસર નોટની વિગતે રકમની માંગણી કરતા આરોપીએ તેની બેંક બેંક ઓફ ઈન્ડીયાના ચેક નં. ૩૭૬૦૫૯, રકમ રૂ.૧૫,૦૦,૦૦૦/-તા.૨૬/૦૩/૨૦૨૩ વાળો ચેક સહી કરીને આપેલો. સદરહું ચેક આરોપી ભરતકુમાર ટપુભાઈ વાળાની સુચના મુજબ ફરીયાદીએ તેમની બેંક એચ.ડી.એફ.સી. બેંક, રાજકોટના ખાતામાં જમા કરાવતા સદરહું ચેક તા. ૨૭/૦૯/૨૦૨૩ ''ઈન્સફીસીયન્ટ ફંક્સ'' ના શેરા સાથે પરત ફરેલ હતો. જેથી ફરીયાદીએ તેના એડવોકેટ શ્રી મહેન એમ. ગોંડલીયા મારફતે નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ નીચે નોટીસ આપેલ હતી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ નહી જેથી ફરીયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ કોર્ટ સમક્ષ દાખલ કરેલ હતી.

આ ફરીયાદ ચાલી જતાં આ કામના ફરીયાદ પક્ષની રજૂઆત ધ્યાને લઈને રાજકોટના એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટશ્રી એ આરોપી ભરતભાઈ ટપુભાઈ વાળાને ૧ વર્ષ ૬ માસની સાદી કેદની સજા અને વળતર રૂા.૧૫,૦૦,૦૦૦/- ચુકવવાનો હુકમ કરેલ હતો. ચુકાદા સમયે આરોપી અદાલતમાં હાજર ન હોય અને આરોપીની હાજરી મુકતી અરજી નામંજુર કરેલ અનેઆરોપી વિરૂધ્ધ સજાની અમલવારી માટે સી.આર.પી.સી. કલમ ૪૧૮(૨) મુજબ બિનજામીનલાયક વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને સજાની અમલવારી સંબંધે રાજકોટની જેલ હવાલે કરવામાં આવેલ હતો.

આ કામમાં ફરીયાદી રજનીકાંત નટવરલાલ છાંટબાર વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી શ્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા, આકાંક્ષા એચ. રાજદેવ, જાનવી વિરાણી, ઉમરભાઈ સોરા રોકાયેલ હતા.(૩૫-

ધોરાજીમાં ભામના ઇજારાનો ખાર રાખી મેઘવાળ સમાજના પ્રમુખ ઉપર ૩ મહિલા સહિત ૮નો હુમલો

રાજકોટ તા. ૨૦ :..ધોરાજીમાં ભામના ઈજારાનો ખાર રાખી મેઘવાળ સમાજના પ્રમુખ ઉપર ૩ મહિલા સહિત ૮ શખ્સોએ હુમલો કર્યો હતો.

મળતી વિગતો મુજબ અશોકભાઈ નાનજીભાઈ સોંદરવા ઉ.વ.૫૯ રહે. ધોરાજી બહારપુરા આંબેડકરનગર એ આરોપી (૧) આરતીબેન રમેશભાઈ ચોરવાડા (૨) જાગૃતિબેન રમેશભાઈ ચોરવાડા (૩) રમેશભાઈ દુદાભાઈ ચોરવાડા (૪) મહેશભાઈ દુદાભાઈ ચોરવાડા (૫) ગોપાલભાઈ દુદાભાઈ ચોરવાડા (૬) રાહુલભાઈ રમેશભાઈ ચોરવાડા (૭) મહેશભાઈનો દિકરો તથા (૮) રમેશભાઈની દિકરી રહે. બધા ધોરાજી બહારપુરા સામે ધોરાજી સીટી પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.

ગત વર્ષ ફરીયાદમાં જણાવ્યા મુજબ ભામનો ઈજારો (મરણ ગયેલ પશુ ને ખસેડવા)નો ઈજારો આપેલ હોય અને ચાલુ વર્ષ માં ફરિયાદી મેઘવાળા સમાજના પ્રમુખ તરીકે જાહેર હરાજી કરી ચાલુ વર્ષમાં ભામનો ઈજારો સંજયભાઈ લક્ષ્મણભાઈ વિંઝૂડા ને આપેલ હોય અને નગરપાલિકાએ ફાળવેલ જગ્યા આરોપીઓ ખાલી કરતા ન હોય અને નગરપાલીકા કચેરી ખાતે આ કામના ફરીયાદી તથા આરોપીઓને બોલાવેલ હોય ત્યાં આ કામના આરોપીઓએ ભામ ના ઈજારાનો ખાર રાખી આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી ઈજા કરી હતી.

આ ફરીયાદ અન્વયે ધોરાજી સીટી પોલીસે ઉકત આઠેય સામે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે. (૫-૧૯)

લગ્નની લાલચ આપી યુવતિ ઉપરના દુષ્કર્મના ગુનામાં આરોપીના જામીન મંજુર

રાજકોટ, તા.૨૦:યુવતી સાથે લગ્નની લાલચે દુષ્કર્મ કરવાના ગુનામાં પકડાયેલા આરોપીઓને જામીન ઉપર મુકત કરવાનો જોઈન્ટ ડીસ્ટીકર કોર્ટ હુકમ કર્યો હતો.

રાજકોટ શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનના ગુનાની વિગત મુજબ બી.એન.એસ.ની કલમ ૧૪૦(૩), ૮૭, ૬૪(૨) (એમ), ૧૨૭(૪) ૩૫૧(૩), ૩(૫)મુજબની ફરીયાદ આ કામના ફરીયાદી એ આ કામના આરોપી (૧) રાજભાઈ ઉરજનભાઈ ઝાલા, (૨) સેવકીબેન ઉર્ફે બાબુડી રાજુભાઈ યુ. ઝાલા, રહે.રાજકોટવાળાઓ વિરૂદધ ફરીયાદ નોંધાવેલી જેમાં આ કામના ફરીયાદી તેના પતિ સાથે ઝઘડો કરી આજથી એકાદ વર્ષ પહેલા રાજકોટ આવેલ ત્યારે ફરીયાદીનો પરીચય આરોપી નં.૨ સાથે થયેલ અને તેને ફરીયાદીને અટીકા ઈન્ડસ્ટ્રીઝમાં કારખાનામાં કામ કરવા રાખેલ હતા ત્યારે આરોપી નં.૨ એ ફરીયાદીને આરોપી નં. ૧ સાથે રહેવા જણાવી, નહી રહે તો જાનથી મારી નાખવાની ધમકી આપતા કરીયાદીને આરોપી નં.૧ સાથે રહેવુ ન હોય તેમ છતા તેણે જબરજસ્તીથી પોતાની સાથે લગ્ન કરવાની લાલચ આપી એક વર્ષ સુધી રાખી ફરીયાદીને મરજી વિરૂધ્ધ બે-ત્રણ વખત શરીર સંબંધ બાંધી ગુન્હો કર્યાની ફરીયાદ લખાવેલી, આ ગુન્હાના કામે તપાસનીશ આવીકારીએ ઉપરોકત આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરેલ. જે કામમાં આરોપીઓનો કેસ ટ્રાયલમાં ચાલેલો જેમાં તમામ સાહેદોના નીવેદનો, બચાવ પક્ષની રજૂઆતો, ધ્યાને લઈને જોઈન્ટ ડીસ્ટ્રીકટ જજ કોર્ટે આરોપીને જામીન ઉપર છોડવાનો હુકમ કરેલ છે.

આ કામમાં આરોપીના બચાવ પક્ષે રાજકોટના ધારાશાસ્ત્રી શ્રી ચીમનભાઈ ડી. સાંકળીયા નિકુંજભાઈ સી.સાંકળીયા, ઉદયભાઈ પી.ચાંવ, જી.એમ.વોરા, પ્રકાશભાઈ એ.કેશુર, વિજયભાઈ એલ. સોંદરવા, હરેશભાઈ એ. ખીમસુરીયા, પુનમબેન સોંદરવા, ભરતભાઈ ડી.બોરડીયા, વકીલ આસીસ્ટન્ટ તરીકે ઉમંગભાઈ સી.સાંકળીયા, લલીતચંદ્ર સી.બારોટ વગેરે રોકાયેલ હતા. (૨૨.૧૭)

૧૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપી સામે ધરપકડનું વોરંટ નીકળતા રકમ ચુકવી આપી

રાજકોટ, તા.૨૦: રૂા. ૧૦-લાખના ચેક રિટર્ન કેસમાં ધરપકડનું વોરંટ કોર્ટે કાઢતા મુંબઈના વેપારીએ ડ્રાફ્ટ મારફત રકમનું ચુકવણુ કરી આપેલ હતું.

આ કેસની વિગત એવી છે કે, જામનગરના દરેડ જી.આઈ.ડી.સી.ફેઝ-૨, માં દિને જાદવજીભાઈ મુંગરા 'શ્રી નાથજી એન્ટરપ્રાઈઝ'નામથી પ્રોપરાઈટર દરજજે બ્રાસ પાર્ટનું મેન્યુફેકચર કરે છે.

જયારે આ કામના આરોપી હાતીમ હકીમ ચરબીવાલા પરફેકટ વેલ્ડીંગ સોલ્યુના નામથી પ્રોપરાઈટર દરજજે (ધોબી શેરી, ચકલા માર્કેટ, મસ્જીદ બંદર, મુંબઈ, મુકામે ધંધો કરતા હોય તેઓએ જામનગરના દરેડ જી.આઈ.ડી.સી. મુકામે આવેલ 'શ્રી એન્ટરાઈઝ'નો કોન્ટેક કરી 'બ્રાસ પાર્ટસ' માલ મંગાવેલ હતો જે માલ તેઓને મળ્યા બાદ તે માલની બાકી રહેતી રકમ પૈકી રૂા. ૧૦,૦૦,૦૦૦/- (દસ લાખ પુરા) ચુકવવા તેમણે પરફેકટ વેલ્ડીંગ સોલ્યુશન્સ ના ખાતાવાળી બેંકનો ચેક આપેલો હતો જે ચેક બિન ચુકતે પરત ફરતા ફરીયાદીએ જામનગર નેગોશીયેબલ કોર્ટમાં ચેક રિટર્નની ફરીયાદ કરેલી હતી.

આમ ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ આ કામના આરોપી અને 'પરફેકટ વેલ્ડીંગ સોલ્યુશન્સ'ના પ્રોપરાઈટર હાતીમ હકીમ ચરબીવાલા સામે જામનગર નેગોશીયેબલ કોર્ટમાં ફોજદારી ફરીયાદ દાખલ કરતા કોર્ટે આરોપી સામે સમન્સ ઈસ્યુ કર્યા બાદ હાજર થયેલ હોય પરંતુ ત્યાર બાદ મુદતે હાજર ન થતા આરોપી સામે ધરપકડનું વોરંટ ઈસ્યુ કરેલ હતુ જે વોરંટ પોલીસ કમી'રને મોકલતા આરોપી એ કોર્ટમાં રૂબરુ આવી ચેક મુજબની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમાં કરાવી છુટેલ હતો.. આ કેસમાં જામનગરની ફરીયાદી પેઢી 'શ્રી નાથજી એન્ટરાઈઝ' તરફે રાજકોટના વકીલ શ્રી અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ, ચાર્મી કે. પંડયા રોકાયેલ હતા.(૨૩.૧૮)

પત્નિ અને સગીર સંતાનને માસીક ૧૫ હજારનું ભરણપોષણ ચુકવવા પતિને આદેશ

રાજકોટ, તા.૨૦:રાજકોટ શહેરમાં માવતરના ઘરે રીસામણે રહેલી પરણીતા અને તેના સંતાનને જીવન નિર્વાહ માટે અદાલતે રાણાવાવ સ્થિત પતિ મોહમ્મદસબીરને ૧૫ હજારનું ભરણ પોષણ ચૂકવવા હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ પોરબંદરના રાણાવાવ ખાતે રહેતા મોહમ્મદસબીર હારુન પટેલ નામના યુવાન સાથે રાજકોટ શહેરમા રહેતી રેશમાબેન નામની યુવતીના તારીખ ૩૦/૫/૨૧ ના રોજ નિકાહ થયા હતા. લગ્ન બાદ થોડો જીવન બંનેનું દાંપત્ય જીવન સારી રીતે ચાલ્યું અને લગ્ન જીવનથી એક પુત્રનો જન્મ થયો હતો. બાદ પતિ દ્વારા પત્ની રેશમાબેન

પટેલને શારીરિક માનસિક ત્રાસ આપતા પત્ની સગીર સંતાન સાથે માવતર ના ઘરે પરત ફરી હતી. બાદ પતિ દ્વારા પત્ની અને સગીર સંતાન તેડવા માટે આવેલ ન હોય તેમજ ભરણપોષણ સહિતની કોઈ જવાબદારી નિભાવેલ ન હોય આથી પરણીતા રેશમાબેને પોતાનું તેમજ સગીર પુત્રનું જીવન નિર્વાહ ચલાવવા માટે ભરણપોષણની દાદ માંગી હતી જેમાં સામેવાળાને નોટિસ બજતા હાજર રહેલ બાદ અરજદારના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા , હાઈકોર્ટ અને સુ?ીમ કોર્ટના ટાંકેલા ચુકાદાને ધ્યાને લઈ અદાલતે પત્નીને માસિક ૧૦,૦૦૦ અને સગીર સંતાનને માસિક ૫૦૦૦ અરજીની તારીખથી ચૂકવવા રાણાવાવ સ્થિત પતિ મહમદ સબીર પટેલને હુકમ કર્યો છે. આ કેસમાં રેશમાબેન પટેલ વતી રાજકોટ તાલુકા કાનૂની સેવા સમિતિના લીગલ એઈડના પેનલ એડવોકેટ પરેશ બી મૃગ રોકાયા હતા.(૨૩.૨૨)

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી વાવડી ગામની ખેતીની જમીન અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જાણ કરવાની કે, ગુજરાત રાજયના જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોજે મોટી વાવડી ગામના ખાતા નં. ૩૧૫ જેના રે.સ.નં. ૩૩૩ (જુના રે.સ.નં. ૩૫) જે ખેતર નામે રેચી તરીકે ઓળખાતી જુની શરતની જરાયત પ્રકારની હે.આરે.ચો.મી. ૨-૨૦-૯૪ ની ખેતીની જમીન હરેશભાઈ રણછોડભાઈ પાનસુરીયાની સ્વતંત્ર માલીકી અને કબજા, ભોગવટાની આવેલ છે.

સદરહું ખેતીની જમીન મારા અસીલે ઉપરોકત મિલકતના માલીક પાસેથી ખરીદ કરવાનું નક્કી કરેલ છે તો ઉપરોકત મિલકતના વેચાણ સંબંધે કે સદરહું મિલ્કતની માલીકી, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈ પણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બક્ષીસ, ગીરો, દર-દાવો, વારસાઈ હકક કે અન્ય કોઈ પણ રીતે વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ (દસ) માં અમોને નીચેના સરનામે લેખીત આધાર-પુરાવા સહિતના નીચેના સરનામે અમોને લેખીતમાં જાણ કરવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈ પણ પ્રકારના હકક, હિસ્સો નથી તથા હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ આગળનો વ્યવહાર કરશે ત્યારબાદ કોઈના વાંધા-તકરાર ચાલશે નહીં તેની આથી દરેક લાગતા-વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી. મુ. : કાલાવડ, તા. ૨૦-૧-૨૦૨૬

દામજીભાઇ આર. ઠેસીયા (એડવોકેટ - નોટરી)
અર્જુન દામજીભાઇ ઠેસીયા (એડવોકેટ)
ઓફિસનું સરનામુ : સાગર કોમ્પ્લેક્ષ, ધોરાજી રોડ, કાલાવડ (શિતલા), જી. જામનગર મો. ૯૬૬૨૫ ૮૫૧૨૩

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૩ માં એડી. સિનિયર સિવિલ જજ (શ્રી એ. આર. સોની) સાહેબની કોર્ટના દીવાની પર. **અરજી નં. ૪૪/૨૦૨૬** ના આ કામના **અરજદાર જસવંત વિજયભાઈ પરમાર,** ઠે. આંબેડકરનગર, શેરી નં. ૧૧/ક, એસ.ટી. વર્કશોપ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ વાળાએ તેમના પિતા **ગુજ. સ્વ. વિજયભાઈ વશરામભાઈ પરમાર**ની સ્થાવર મિલકત કે જે નીચે મુજબ આવેલ છે.

(૧) ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ ગામ કોઠારીયાના રેવન્યુ સર્વે નં. ૨૪૨/પૈકી ૨ ની રહેણાંક હેતુ માટે બિનખેતી થયેલ જમીન કે જે **'ગોકુલ મથુરા-A'** તરીકે ઓળખાય છે તે માંહેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૩ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ તથા પ્લોટ નં. ૧૪ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ તથા પ્લોટ નં. ૧૫ ની જમીન ચો.મી.આ. ૪૮-૭૨ ની મળી કુલ જમીન ચો.મી.આ. ૧૪૬-૧૬ આવેલ છે. આ મિલકતમાં ગુજ. સ્વ. વિજયભાઈ વશરામભાઈ પરમારનો ૫૦% અનડિવાઈડેડ હિસ્સો આવેલ છે.

(૨) ગુજરાત રાજયના રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના ગામ પારડીના રેવન્યુ સર્વે નં. ૨૨૯/પૈકી ૧ (જુના રેવન્યુ સર્વે નં. ૫૪ પૈકી ૨) તથા રેવન્યુ સર્વે નં. ૨૨૯/પૈકી ૨ (જુના રેવન્યુ સર્વે નં.૫૪ પૈકી ૨) તથા રેવન્યુ સર્વે નં. ૨૩૦ (જુના રેવન્યુ સર્વે નં. ૫૪ પૈકી ૧) એમ મળી ત્રણેય રેવન્યુ સર્વે નંબરોની કુલ જમીન ચો.મી.આ. ૧૯૧૦૧-૬૦ ની બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજૂરીવાળી રહેણાંક હેતુ માટે મંજૂર થયેલ લે-આઉટ પ્લાન વાળી **'ગોકુલ રેસીડેન્સી'** તરીકે ઓળખાતી જમીનના પ્લોટ્સ પૈકી પ્લોટ નં. ૫૮ ની જમીન ચો.મી.આ. ૫૨-૭૩ તથા પ્લોટ નં. ૫૯ ની જમીન ચો.મી.આ. ૫૨-૭૩ એમ મળી કુલ જમીન ચો.મી.આ. ૧૦૫-૪૬ આવેલ છે.

ઉપરોક્ત મિલકત સંબંધે અરજદારે તેમના નામનું હેરશીપ સર્ટિફિકેટ મળવા અંગે તેમના વકીલ **શ્રી વિપુલ ગીણોયા તથા મુકેશ જી. ગોંડલીયા** મારફતે ઉપરોક્ત દીવાની પરચુરણ અરજી અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહુ અરજી સંબંધે જેને વાંધો-તકરાર હોય તો તેમણે મુદત તારીખ ૨૫/૦૨/૨૦૨૬ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે લેખિત વાંધા સાથે હાજર રહેવું. ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી. આજરોજ તા. ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર (પી. એન. જાડેજા) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી (આર. આર. રાવલ) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. સીવીલ જજ (સી.ડી.), શ્રી. સી.વી. રાણા સાહેબની કોર્ટમાં, દિ.પરચુ.અરજી નં. ૫૯/૨૦૨૬ અરજદારો (૧) અલ્પેશભાઈ હસમુખભાઈ જોબનપુત્રા (૨) પરેશભાઈ હસમુખભાઈ જોબનપુત્રાએ ગુજરનાર શ્રી હસમુખભાઈ ભગવાનજીભાઈ જોબનપુત્રાના વારસ દરજજે તેઓની નીચે મુજબની મીલ્કત કે જે રાજકોટ શહેરમાં કોઠારીયા રોડ ઉપર સર્વે નં.૨૪૯ પૈકીની જમીન ઉપર હુડકો સ્કીમ હેઠળ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશન દ્વારા બાંધવામાં આવેલ મકાન કવાર્ટર જેના સીટી સર્વે વોર્ડ નં.૫ માં આવેલ છે તે પૈકી કવાર્ટર નં. જુના/૪૩ ની જમીન ચો.મી.૪૦-૭૬ જેમાં બાંધકામ ચો.મી.આ.૧૬-૫૮ વાળા કવાર્ટર આવેલ છે. જે મિલ્કતનું અરજદારોએ વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના **વકિલશ્રી હરેશ પી. કોટક તથા મીતાબેન એચ. ચોટાઈ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી કરેલ છે તે સંબંધે જે કોઈ વ્યકિતને વાંધો, તકરાર હોય તેમને મુદત તા. ૨૧/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે તેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તા. ૧૯- માંહે ૦૧ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

તૈયાર કરનાર (એમ.બી.ગાબુ) આસીસ્ટન્ટ સીવીલ કોર્ટ, રાજકોટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી સહી/-(અવાચ્ય) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૮ મા એડી. સીવીલ જજ શ્રી એમ.ડી.જાદવ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૫૬/૨૦૨૬ ના કામના અરજદાર સોનલ ચેતનભાઈ ભટ્ટ એ ગુજરનાર ચેતન છોટાલાલ ભટ્ટ ની સ્થાવર મીલ્કત કે જે રાજકોટ શહેરના સીટી સરવે વોર્ડ નં. ૧૦/૧, સીટી સરવે નં.૧૨૪૯ પૈકી, રાજકોટના રેવન્યુ સરવે નં.૩૪૧ પૈકીની બીનખેડવાણ જમીનના પ્લોટસ પૈકી પુજારા પ્લોટ શેરી નં.૫ માં આવેલ પ્લોટ નં.૩-અ પૈકીની જમીન ચો.મી.આ.૧૫૦-૫૧ ઉપર આવેલ 'અક્ષર ભુવન એપાર્ટમેન્ટ' નામથી ઓળખાતા લો-રાઈઝ રહેણાંક બીલ્ડીંગ માંહેથી બીજા માળે આવેલ ફલેટ નં. ૨ કે જેનો બીલ્ટઅપ એરીયા ચો.મી.આ.૮૩-૭૩ છે તે ફલેટ (૧) ચેતન છોટાલાલ ભટ્ટ (૨) સોનલ ચેતનભાઈ ભટ્ટ ને છોટાલાલ મણીશંકર ભટ્ટ વિ. ૨ એ કરી આપેલ બક્ષિસ દસ્તાવેજ રજી.અનુ.નં.૫૧૨૭ તાઃ ૨૨/૯/૨૦૨૦ થી મળેલ છે. આમ સદરહું ફલેટનો ૫૦% અવિભાજય હિસ્સો ગુજરનાર ચેતન છોટાલાલ ભટ્ટ ના નામે આવેલ છે, જે સ્થાવર મીલ્કતનુ હેરશીપ સર્ટીફીકેટ / વારસા સર્ટીફીકેટ મેળવવા માટે અરજદારે તેમના **એડવોકેટ ભૌતિક જી.કથીરીયા તથા બીપીન એચ.ટાંક** મારફતે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે, જે બાબતે કોઈને હક્ક, હિત, હિસ્સો કે વાંધો તકરાર હોય તેમને મુદત તાઃ ૨૬/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે અત્રેની કોર્ટ સમક્ષ પોતે જાતે અથવા તેમના વકીલ મારફતે હાજર રહી વાંધા રજુ કરવા, જો કોઈ વાંધા આવશે નહી તો આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેની નોંધ લેશો.

આજ તાઃ ૧૯ માંહે જાન્યુઆરી સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર (પી.એ. રાઠોડ) આસીસ્ટન્ટ — (કોર્ટનો સિક્કો) — હુકમથી સહી/-(અવાચ્ય) I/c રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ રાજકોટ

દેશહિત કોઈનો ઈજારો નહીં, તે સૌનું કામ છે, રાષ્ટ્રહિતમાં સંઘ સૌની સાથેઃ ભાગવતજી

હિન્દુ-મુસ્લિમ વચ્ચે વૈમનસ્યનો પાડોશી દેશનો વિભાજનકારી વિચાર ભારતમાં ના પ્રસરે તે જરૂરી, ભારતના વસુધૈવ કુટુંબકમનો ભાવ જ સાચું ગ્લોબલાઈઝેશન, કોરી સ્લેટ સમાન ઝેન-જી સાથે દેશહિતની વાત કરવાની કળા વિકસાવવી પડશે, સંઘના સરસંઘચાલક પૂ. ડો. મોહનજી ભાગવતની સૌરાષ્ટ્ર-કચ્છના પ્રમુખજનો સાથે વિચાર ગોષ્ઠી



રાજકોટઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પૂ. ડો. મોહનજી ભાગવતે આજે રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છના અગ્રણી લોકો સાથે વિચારગોષ્ઠી યોજી હતી. સેવાભારતી ભવન ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડો. મોહનજીએ કહ્યું હતું કે, દેશહિતનો કોઈને ઈજારો ન આપી શકાય. તે સૌનું કામ છે અને સંઘ આ પ્રકારનાં કાર્યો કરનારા સૌની સાથે છે.

હિન્દુ સમાજને જ સૌથી મોટો ગણાવતા ડો. મોહનજીએ કહ્યું હતું કે, અનેક ઉપેક્ષા, વિરોધ, પ્રતિબંધો છતાં સંઘ આગળ વધ્યો છે અને સ્વીકૃતિ વધી છે, તે હિન્દુ સમાજના આશીર્વાદથી જ થયું છે. જે લોકો દેશહિતમાં કામ કરે છે, તે સંઘ સાથે જોડાયેલા હોય કે ના હોય, તેઓ સંઘના સ્વયંસેવકો જ છે, તેવું સંઘ માને છે.

સાહજિક વાર્તાલાપ કરતાં ડો. મોહનજીએ કહ્યું હતું કે, સંઘને જાણવા અને સમજવાનો પ્રયાસ નિરંતર ચાલતો રહે છે. અમે પણ સતત એ પ્રક્રિયામાં છીએ. સંઘની કોઈ સાથે તુલના ન કરી શકાય. અન્ય દેશો આજે સંઘની કાર્યપદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે. સંઘ દેશહિતમાં કાર્ય કરનારા લોકોને તૈયાર કરવાની, આ પ્રકારનાં કામો કરતા લોકોને સાથે લઈને ચાલતી એક અનોખી કાર્યપદ્ધતિ છે.

તેમણે કહ્યું હતું કે, સંઘના સ્વયંસેવકો સંઘમાં તેમજ સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે. સંઘ કોઈને રિમોટથી કંટ્રોલ કરતો નથી, કરવા માગતો નથી. શુદ્ધ સાત્વિક પ્રેમ, આત્મીયતાના આધારે સંઘનું કાર્ય ચાલે છે. સંઘ શાખાના માધ્યમથી સંસ્કાર આપીને સ્વયંસેવકને તૈયાર કરે છે. પછી સ્વયંસેવક પોતાના વિવેક અનુસાર કાર્ય કરે છે. આ લોકો દેશ માટે જીવે અને જરૂર પડ્યે દેશ માટે સમર્પણ આપવા તૈયાર રહે છે. સંઘની આ મેથડોલોજી છે.

સંઘ શું નથી તેની ભૂમિકા સ્પષ્ટ કરતા તેમણે કહ્યું કે, સંઘ પ્રતિક્રિયા, વિરોધ કે સ્પર્ધા માટે નથી શરૂ થયો. પણ સ્વતંત્રતા સંગ્રામના કાળમાં એક સમયે દેશહિત માટે ચાલતી તમામ વિચારધારાઓ અને કાર્યોનો સમન્વય સંઘમાં છે.

સંઘના સ્થાપક ડો. હેડગેવારજીના જીવન પ્રસંગોના ઉલ્લેખ સાથે તેમણે કહ્યું હતું કે, ડોક્ટરજીએ આ જન્મમાં માત્ર દેશહિત માટે કામ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. દેશની આઝાદી માટે અનેક મહાનુભાવો કાર્યરત હતા, પરંતુ ડોક્ટરજીએ ઈતિહાસનું મંથન કર્યું અને દેશ ફરી ગુલામ ન બને તે માટે સમાજના દોષો દૂર કરીને સંગઠિત, આત્મગૌરવયુક્ત અને શક્તિશાળી સમાજના નિર્માણ માટે સંઘની શરૂઆત કરી હતી. આ માટે તેમણે પહેલા ૧૦ વર્ષ સમાજ જીવનમાં પ્રયોગો કર્યા. બાદમાં ૧૯૨૫માં સંઘની સ્થાપના કરી. એ પછી સતત ૧૪ વર્ષ સુધી વિરોધ, ઉપેક્ષા વચ્ચે ધરાતલ પર કામ કરતાં-કરતાં સંઘની કાર્યપદ્ધતિ તૈયાર થઈ છે.

હિન્દુત્વની વ્યાખ્યા સ્પષ્ટ કરતાં તેમણે કહ્યું હતું કે, હિન્દુત્વ એ જીવન પદ્ધતિ છે. જે વિચારમાંથી સંવિધાન તૈયાર થયું છે, સંઘ એ જ પદ્ધતિથી કામ કરે છે. હિન્દુ એ ગુણ અને સ્વભાવ દર્શાવે છે, તે ભારતનો જવાબદાર સમાજ છે.

તેમણે કહ્યું કે, દુનિયાના દેશો શક્તિશાળી બન્યા પછી ક્યા માર્ગે ચાલે છે, તે બધા જુએ છે. પરંતુ ભારત જ એવો દેશ છે, જે શક્તિશાળી બન્યા પછી પણ વસુધૈવ કુટુંબકમની ભાવનાથી કામ કરે છે. ભારત વિશ્વગુરુ બનીને દુનિયાનું માર્ગદર્શન કરશે. ભારત ભૂમિમાંથી અલગ પડેલા દેશોએ પોતાને ચોક્કસ મત-પંથના દેશો ગણાવ્યા અને દુનિયાના અન્ય દેશો પણ પોતાને ચોક્કસ મત-પંથના દેશ કહે છે. ભારત એ હિન્દુ રાષ્ટ્ર છે અને એટલા માટે જ ક્યારેય પોતાને હિન્દુ દેશ નથી કહ્યો, કારણ કે હિન્દુ સૌ મત-સંપ્રદાય-પંથનું સ્વાગત કરે છે. ભારત ભૂમિમાંથી અલગ પડેલા દેશોના લોકો સાથે પણ સંવાદિતાથી કામ થાય તેવો વિચાર રાષ્ટ્રહિત માટે કાર્ય કરતા લોકોના મનમાં ચાલી રહ્યો છે.

સંઘની વૈચારિક ભૂમિકા સ્પષ્ટ કરતાં પૂ. સરસંઘચાલકજીએ કહ્યું કે, સંઘે પ્રારંભથી જ નક્કી કર્યું હતું કે, સંઘ વોટબેન્કની રાજનીતિમાં નહીં પડે. સંઘ રાજનીતિ સાથે સંબંધ નથી રાખતો. મેન, મની, મિશનમાં સંઘ પહેલાથી જ સ્વાવલંબી રહ્યો છે. આજે અનુકૂળતાના માહોલમાં પણ સંઘ વિરક્તિ-ભાવ, સાદગીના ગુણને વળગીને આગળ વધી રહ્યો છે અને સમાજના જ કામને આગળ વધારી રહ્યો છે. હજુ પણ દરેક ગ્રામ અને નગર સુધી શાખા પહોંચાડવાની છે. હજુ પણ કાર્યનો વિસ્તાર અને દ્રઢિકરણ કરવાનું છે.

સમાજના સદગુણો અંગે તેમણે કહ્યું કે, આપણે મીડિયામાં જેટલું જોઈએ-વાંચીએ છીએ, તેના કરતાં ૪૦ ગણા વધુ સકારાત્મક કામો સમાજમાં થઈ રહ્યા છે. સંઘ સજ્જનશક્તિનું નેટવર્કિંગ કરી રહ્યો છે.

સમાજમાં સારાં કામ કરનારા લોકો સાથે જોડાય છે અને સંઘ અન્ય સારાં કામ કરનારાઓ સાથે જોડાઈને પણ ચાલે છે. જેના થકી સમાજમાં એવું વાતાવરણ નિર્માણ કરવાનું છે કે સમાજ આ સજ્જનશક્તિને અનુસરે. દરેક લોકો સમાજ માટે કામ કરી શકે તે માટે સંઘે પંચ પરિવર્તનનો વિચાર રજૂ કર્યો છે.

આ તકે પ્રમુખજનો સાથે પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી. જેમાં એક પ્રશ્નના ઉત્તરમાં ડો. મોહનજીએ કહ્યું હતું કે, ઝેન-જી કોરી સ્લેટ છે. તે ખૂબ પ્રામાણિક છે. તેમને સાંભળો અને પછી માર્ગદર્શન કરો. ઝેન-જી સાથે દેશહિત માટે વાત કરવાની કળા વિકસાવવી પડશે.

સોશિયલ મીડિયાના ઉપયોગના વિવેક અંગે તેમણે કહ્યું હતું કે, તે આપણું માલિક ના બનવું જોઈએ, આપણે સોશિયલ મીડિયાના માલિક બની દેશહિત માટે ઉપયોગ કરીએ.

વૈશ્વિકિકરણમાં સંઘ અને ભારતની ભૂમિકા અંગે તેમણે જણાવ્યું કે, ભારતના વસુધૈવ કુટુંબકમનો ભાવ જ સાચું ગ્લોબલાઈઝેશન છે. અન્ય દેશોના ગ્લોબલાઈઝેશનનો વિચાર દુનિયાને માર્કેટ બનાવે છે અને જો ઉપયોગમાં ના રહે તો ફેંકી દે છે. આપણે ગ્લોબલ પરિવારમાં માનીએ છીએ. આ બાબતે ભારત વિશ્વગુરૂ છે.

રાજકીય ગણતરી સાથે થતા સેવાકાર્યો અંગેના પ્રશ્નમાં ડો. મોહનજીએ કહ્યું હતું કે, સમાજમાં અનેક એવા લોકો છે, જેઓ રાજકીય આકાંક્ષા કોઈ અપેક્ષા વિના સેવા કાર્યો કરે છે. આવા લોકો જ સમાજના પ્રેરક ઉદાહરણ બનવા જોઈએ, અને આપણે પણ તેવા બનવાનો પ્રયાસ કરીએ.

પાડોશી દેશના તોફાનો અંગે પૂછાયેલા સવાલના જવાબમાં કહ્યું હતું કે, મુસ્લિમો અને હિન્દુઓ સાથે ન રહી શકે તેવા વિચારને ત્યાં ફરી બળ અપાઈ રહ્યું છે. ભારતમાં આ વિચાર ન પ્રસરે તે જરૂરી છે, તે માટે સમાજની જાગૃતિ જરૂરી છે.

ભ્રષ્ટાચારના મુદ્દા અંગે તેમણે જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર મનમાં છે અને આપણે તેને વ્યવસ્થામાંથી કાઢવા માગીએ છીએ. જો વ્યક્તિ-વ્યક્તિ સંસ્કારી બનશે તો ભ્રષ્ટાચારને દૂર કરી શકાશે. સંસ્કાર જ ભ્રષ્ટાચાર પર રોક લગાવી શકે છે.

આ કાર્યક્રમમાં બહેનોએ નોંધપાત્ર સંખ્યામાં ભાગ લઈ માતૃશક્તિ જાગરણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં પશ્ચિમ ક્ષેત્રના સંઘચાલક ડો. જયંતીભાઈ ભાડેસીયા, સૌરાષ્ટ્ર પ્રાંત સંઘચાલક શ્રી મુકેશભાઈ મલકાણ, સૌરાષ્ટ્ર-કચ્છના જાણીતા ઉદ્યોગપતિઓ, તબીબો, વકીલો, શિક્ષણવિદો, સામાજિક અગ્રણીઓ, સેવાભાવી સંસ્થાઓના અગ્રણીઓ સહિતના પ્રમુખજનો ઉપસ્થિત રહ્યા છે.

ઈકો ફ્રેન્ડલી પેન, કુંડામાં રોપવાથી છોડ ઊગે પૂ. મોહનજીની ઉપસ્થિતિમાં રાજકોટમાં બે દિવસના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, આ તમામ કાર્યક્રમો સિંગલ યૂઝ પ્લાસ્ટિક મુક્ત રહ્યા. દરમિયાન પેન સહિત ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવ્યો. આ વિશિષ્ટ પેન વપરાશના અંતે કુંડામાં રોપી દેવાથી માટીમાં ભળી જાય છે અને તેમાંથી છોડ ઊગે છે. વિશ્વ સંવાદ કેન્દ્ર, સૌરાષ્ટ્ર પ્રાંત, રાજકોટ સંપર્ક સૂત્રઃ- ૮૮૬૬૬ ૮૧૫૫૦(૩૮.૪૨)

ઇડીની મોટી કાર્યવાહી

અમદાવાદ બીટકોઇન કેસઃ શૈલેષ ભટ્ટ તથા નલીન કોટડીયાના પરિજનોની ધરપકડ

અમદાવાદમાં કરોડોના બિટકોઈન હેરાફેરી કેસમાં ઈડીએ મોટી કાર્યવાહી કરી છે. શૈલેષ ભટ્ટ અને નલિન કોટડીયાના પરિજનોની ધરપકડ કરવામાં આવી છે. ૨૪૦ કરોડથી વધુના બિટકોઈન અને ક્રિપ્ટો કરન્સીની હેરફેર મામલે શૈલેષ ભટ્ટનો ભત્રીજો નિકુંજ ભટ્ટ, નલિન કોટડીયાના સબંધી સંજય કોટડીયાની ધરપકડ કરાઈ છે.(૨.૨૦)

ભાડેથી લઇ જઇ બારોબાર ત્રણ કાર વેંચી દેનારા દર્પણ મણવર અને ખરીદનાર આમીર વોરાને ઝડપી લેવાયા

જીવરાજ પાર્કના દર્પણે સાણંદના સોજીત્રા ગામના આમીરને સસ્તામાં ત્રણ થાર ગાડી આપી દીધી 'તી: ૨૦.૨૦ લાખની બે ગાડી કબ્જે: પીઆઇ ગોંડલીયા, ડામોર, જાદવની રાહબરીમાં પીએસઆઇ એસ.વી. ચુડાસમાની ટીમની કામગીરી



રાજકોટ તા. ૨૦: શહેરમાં સેલ્ફ ડ્રાઈવિંગ કાર ભાડે આપતા વેપારીઓને નિશાન બનાવી, લક્ઝરી કાર ભાડે મેળવ્યા બાદ પરત ન આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરતી ગેંગનો રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો છે. પોલીસે બે શખ્સને ઝડપી પાડી તેમની પાસેથી બે કિંમતી મહિન્દ્રા થાર કાર કબજે કરી છે.

રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાં સેલ્ફ ડ્રાઈવિંગ કારના માલિકો પાસેથી ગાડી ભાડે લઈ ગયા બાદ આરોપીઓ નહોતા ભાડું ચુકવતા કે નહોતા ગાડી પરત આપતા. આ બાબતે શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશન, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન અને તાલુકા પોલીસ સ્ટેશનમાં બીએનએસની કલમ ૩૧૬(૨) હેઠળ અલગ અલગ ત્રણ ઠગાઈના ગુનાઓ દાખલ કરવામાં આવ્યા હતા. આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સ્પેશિયલ ડ્રાઈવના આદેશ આપવામાં આવ્યા હોઈ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એસ. વી. ચુડાસમાની ટીમ તપાસમાં હતી એ દરમિયાન હ્યુમન અને ટકનીકલ સોર્સની મદદથી તપાસ શરૂ કરી હતી.

આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે આ ગુનામાં સામેલ બે આરોપીઓ અમદાવાદ ખાતે છે. લોકેશનના આધારે ક્રાઈમ બ્રાંચની ટૂકડી ત્યાં પહોંચી હતી અને દર્પણ મનસુખલાલ મણવર (ઉ.વ.૪૦-રહે. ગોલ હાઈટ્સ, જીવરાજ પાર્ક અંબીકા ટાઉનશી, મવડી પોલીસ હેડક્વાર્ટર સામે) તથા આમીર અસલમભાઈ વોરા (ઉ.વ.૩૨-રહે. સોજીત્રા, શ્રીમાળી પોળ સોસાયટી, આણંદ)ને દબોચી લીધા હતા. દર્પણ ભાડાની કાર લઈ સોજીત્રાના આમીર પાસે ગયો હતો અને સસ્તા ભાવે કાર વેંચી નાંખી હતી. પોલીસે મહિન્દ્રા થાર રોક્સ જીજે-૦૩-પીજે-૯૪૨૩ કિંમત રૂ. ૧૬,૨૦,૦૦૦ની અને મહિન્દ્રા થાર જીજે૦૯-બીએ-૦૦૦૨ કિંમત રૂ. ૪,૦૦,૦૦૦ની કબ્જે કરી છે. આગળની તપાસ માટે હવે જે તે પોલીસ સ્ટેશનને આરોપીઓને કબ્જો સોંપવામાં આવશે.

દર્પણ મણવર મોજશોખ પુરા કરવા માટે પૈસાની જરૂર હોઈ જેથી આ રીતે ભાડેથી કાર લઈ જતો હતો અને ઓછા ભાવે વેંચી જે રોકડ મળે તે વાપરી નાંખતો હતો. પોલીસ હજુ એક કાર કબ્જે કરવા વિશેષ તપાસ કરી રહી છે. પોલીસના કહેવા મુજબ આ પ્રકારની ભુલી જવાની ગાડીઓ ખરીદવાનું કામ આમીર કરે છે. આ બંનેની તપાસમાં વધુ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એસ. જાદવ અને પીએસઆઈ એસ.વી. ચુડાસમા, એએસઆઈ વિજયભાઈ સોઢા, હેડકોન્સ. કિશનભાઈ પાંભર, કરણભાઈ કોઠીવાળ, મોહિલરાજસિંહ ગોહિલ તથા ભાવે વેંચી જે રોકડ મળે તે વાપરી નાંખતો હતો. પોલીસ હજુ એક કાર કબ્જે કરવા વિશેષ તપાસ કરી રહી છે. પોલીસના કહેવા મુજબ આ પ્રકારની ભુલી જવાની ગાડીઓ ખરીદવાનું કામ આમીર કરે છે. આ બંનેની તપાસમાં વધુ વિગતો બહાર આવવાની પોલીસને આશા છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ.આર. ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એસ. જાદવ અને પીએસઆઈ એસ.વી. ચુડાસમા, એએસઆઈ વિજયભાઈ સોઢા, હેડકોન્સ. કિશનભાઈ પાંભર, કરણભાઈ કોઠીવાળ, મોહિલરાજસિંહ ગોહિલ તથા ભાવે વેંચી જે રોકડ મળે તે વાપરી નાંખતો હતો. પોલીસ હજુ એક કાર કબ્જે કરવા વિશેષ તપાસ કરી રહી છે. પોલીસના કહેવા મુજબ આ પ્રકારની ભુલી જવાની ગાડીઓ ખરીદવાનું કામ આમીર કરે છે. આ બંનેની તપાસમાં વધુ વિગતો બહાર

કચ્છના રાપરમાં માનસિક અસ્વસ્થ સગીરા સાથે દુષ્કર્મ આચરનાર આરોપી સામે ૧૨ દિવસમાં જ ચાર્જશીટ

રાપર પોલીસની ઝડપી કાર્યવાહી, આવું હીન કૃત્ય આચરનાર બુટલેગર વિરૂદ્ધ લોકોમાં ફિટકાર બાળા ઉપર થયેલ બળાત્કાર(પોક્સો)ના ગુનામા ૧૨ દિવસોમા ચાર્જશીટ કરતી રાપર પોલીસ



(વિનોદ ગાલા દ્વારા) ભુજ તા.૨૦: ગત તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ કચ્છના રાપરના નવાપરા વિસ્તાર પેટ્રોલ પંપની પાછળ આવેલ બાવળોની ઝાડીઓમા સગીરવયની માનસિક અસ્થિર મગજની દિકરીને લલચાવી ફોસલાવી તેની સાથે દુષ્કર્મ આચરવાના બનાવે સમગ્ર કચ્છમાં ચકચાર સર્જી હતી. દરમ્યાન પોલીસ ઈન્સપેકટર જે.બી.બુબડીયાએ બાતમીના આધારે દુષ્કર્મ આચરનાર આરોપી શિવા મોહનભાઈ કોલી (પારકરા) ઉવ. ૨૯ રહે. નવાપરા વિસ્તાર રાપર કચ્છ વાળાની તાત્કાલિક પગલાં ભરી ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે આરોપીને જેલ હવાલે કરેલ હતો. આ ગુનામા આરોપી શિવા કોળી વિરૂધ્ધ મેડીકલ પુરાવાઓ તથા સંયોગીક પુરાવાઓ એકઠા કરી કબ્જે લઈ પુથ્થકરણ અર્થે એફ.એસ.એલ. કચેરી રાજકોટ ખાતે મોકલાવી આરોપી વિરુધ્ધ ગણતરી ના ૧૨ દિવસોમા ચાર્જશીટ તૈયાર કરી ભચાઉ કોર્ટમાં રજૂ કરી છે. જોકે, ફિટકાર સર્જતું કૃત્ય આચરનાર આરોપી શિવા કોળી બુટલેગર છે અને તેની સામે દારૂ અંગેના ગુના નોધાઈ ચૂક્યા છે. (તસ્વીરઃ મુકેશ રાજગોર, રાપર) (૩.૮)

કચ્છના આદિપુરની પી. એમ. આંગડિયા પેઢીના સંચાલકનો ભેદી આપઘાતઃ મર્સિડીઝ કાર બહાર મૂકી શેલ્ટર હોમમાં ગળેફાંસો

ચકચાર સર્જતા દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામ રતિલાલ ઠક્કરના આપઘાતનું પ્રાથમિક કારણ હેરિંગ હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ, આંગડિયા પેઢીના વ્યવહારો અને ફોનની તપાસ

(વિનોદ ગાલા દ્વારા)ભુજ તા.૨૦: આંગડિયા વ્યવસાયમાં આગળ પડતું સ્થાન ધરાવતી પી.એમ. આંગડિયા પેઢીના આદિપુર ઓફિસના સંચાલક દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામ રતિલાલ ઠક્કર (ઉ.૫૨) એ ગળે ફાંસો ખાઈ જીવ દેતાં ચકચાર મચી જવા પામી છે.

શનિવારે બપોરે ઘેરથી જમીને નીકળ્યા બાદ દિલીપભાઈ ઉર્ફે ઘનશ્યામભાઈ ઠક્કર રાત્રે ઘેર પરત ન આવતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમ્યાન સંઘડ જોગણીનાર રોડ તરફ આવેલ જૂના શેલ્ટર હોમ બહાર તેમની મર્સિડીઝ કાર પાર્ક થયેલી જોવા મળી હતી. જેને પગલે તપાસ કરી મોબાઈલની રિંગ વગાડતા તેના અવાજના આધારે શેલ્ટર હોમની અંદર તપાસ કરતાં બીમના સળિયામાં દોરી વડે ગળે ફાંસો ખાધેલી હાલતમાં તેમનો મૃતદેહ લટકતો જોવા મળ્યો હતો. આ બાબતે મૃતકના નાનાભાઈ દિનેશભાઈ એ કંડલા મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પોલીસની પ્રાથમિક તપાસ મુજબ મૃતકના આપઘાતનું કારણ હેરિંગ હોઈ શકે છે. પોલીસે તેમની પેઢીના આંગડિયા વ્યવહારો તેમ જ મોબાઈલ ફોન ના ડિટેઈલ્સ ની તપાસ હાથ ધરી છે. દરમ્યાન પ્રતિષ્ઠિત પરિવારના લોહાણા ધંધાર્થીના ભેદી સંજોગોમાં આપઘાત કરવાના બનાવે ચકચાર સર્જી છે.(૨.૫)



બગદાણામાં મારામારી પ્રકરણમાં રેન્જ આઇજીનું નવનીત બાલધિયાને તેડું

આ પ્રકરણમાં હવે ઉચ્ચ અધિકારીઓના સીધા હસ્તક્ષેપથી મોટા ખુલાસા થવાની શક્યતા

ભાવનગર, તા.૨૦: નવનીત બાલધિયા માર મારવાના કેસમાં નવીન બાલધિયાને રેન્જ આઈજી ગૌતમ પરમારની ઓફીસ બોલાવવામાં આવ્યો છે. SIT દ્વારા બે PI ની ૯ કલાકની પૂછપરછ પછી હવે IG ગૌતમ પરમારે નવનીત બાલધિયાને તેડાવ્યા છે. ઉચ્ચ અધિકારીઓના સીધા હસ્તક્ષેપથી મોટા ખુલાસા થવાની શક્યતા છે.

આ પહેલા આ કેસમાં SIT બંને PIની ૯ કલાક સુધી તપાસ કરવામાં આવી હતી. SITના સમન્સ અનુસાર પીઆઈ ડી.વી. ડાંગર અને પીઆઈ કે.એચ. પટેલ રેન્જ આઈજી કચેરી ખાતે હાજર રહ્યા હતા, જ્યાં તેમની સતત લગભગ ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.



૨૪ ડિસેમ્બરે મુંબઈના કાંદિવલી ખાતે યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન માયાભાઈ આહીરના નિવેદનનો વીડિયો વાયરલ થતા વિવાદ ભો થયો હતો. વીડિયો વાયરલ થયા બાદ બગદાણા આશ્રમના સેવક નવનીત બાલધિયાએ માયાભાઈ આહીરને ટેલિફોનિક સંપર્ક કરીને જણાવ્યું હતું કે, બગદાણાધામમાં તમામ ટ્રસ્ટીઓ છે, કોઈ મેનેજિંગ ટ્રસ્ટી નથી. આ બાબતને ધ્યાનમાં લઈ માયાભાઈ આહીરે ભૂલ સ્વીકારી હતી અને 'ટ્રસ્ટી' શબ્દ અંગે માફી માગતો એક વીડિયો જાહેર કર્યો હતો.

આ માફીનો વીડિયો બગદાણાના સેવક દ્વારા સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નવનીત બાલધિયાને અજાણ્યા શખ્સોએ ફોન કરીને મળવા બોલાવ્યા હતા અને લાકડી તથા ધોકા વડે અલગ-અલગ બે વખત હુમલો કર્યો હતો. જો કે, હુમલામાં ઘાયલ થયેલા નવનીત બાલધિયાનું માનવું છે કે, આ હુમલો માયાભાઈ આહિરના છોકરાએ કરાવ્યો છે. (૯.૧૫)

દુધસાગર રોડ અમરનગરમાં મહિલાના મકાનમાં દરોડાઃ તીનપતિ રમતા છ પકડાયા

ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળ અને કોન્સ. અરવિંદભાઇ ફતેપરાની બાતમીઃ રૂા.૧૩ હજારની રોકડ કબ્જે

રાજકોટ, તા.,૨૦: શહેરના દુધસાગર રોડ પર ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર પાસે અમરનગરમાં એક મહિલાના મકાનમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા ક્રાઇમ બ્રાંચની ટીમે દરોડો પાડી તીન પતીનો જુગાર રમતા છ શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ દુધસાગર રોડ પર અમરનગરમાં એક મકાનમાં મહિલા સંચાલીત જુગાર ધામ ચાલતુ હોવાની ક્રાઇમ બ્રાંચના હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળ અને કોન્સ. અરવિંદભાઇ ફતેપરાને બાતમી મળતા સ્ટાફ સાથે અમરનગર શેરી નં. ૧ માં આવેલા મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાન માલીક ભાનુબેન ધીરૂભાઇ સીપરીયા તથા ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાર્ટર બ્લોક નં. ૫૯૩ કવાટર નં. ૮૬ ના અરમાન આબીદભાઇ કુરેશી, ગ્રીનલેન્ડ ચોકડી પાસે લાલપરી મફતીયાપરા શેરી નં. ૬ના અરજણ જીવાભાઇ શાલાણી, ધીરૂ ગાંડુ તલસાણીયા, દુસાગરરોડ ભગવતી સોસાયટીના રાણા ઈબ્રાહીમભાઇ રાઉમા અને ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીના રસીક ગાંડુભાઇ સોલંકીને પકડી લઇ રૂા.૧૩,૧૦૦ની રોકડ સહિતની મતા કબ્જે કરી હતી. (૪.૧૧)

કોઠારીયા રોડ સ્વાતિ પાર્ક પાસે ઝૂપડામાં બનાવ

સાસ-વહુ વચ્ચે બોલાચાલી બાદ છરી-પાઇપ-લાકડીથી ધમાલઃ ૩ને ઇજા

ઝૂપડુ ખાલી કરવા મામલે બોલાચાલી બાદ અંદરો અંદર જામી પડી



રાજકોટ તા. ૨૦: કોઠારીયા રોડ સ્વાતિ પાર્ક પાસે ઝૂપડામાં રહેતાં અને ભંગારની ફેરી કરતાં દેવીપૂજક પરિવારના સાસુ-વહુ વચ્ચે બોલાચાલી બાદ ઘરના સભ્યો વચ્ચે મારા-મારી થતાં માતા, પુત્ર, પુત્રવધૂને ઈજાઓ થતાં સારવાર માટે દાખલ કરાયા છે.

જાણવા મળ્યા મુજબ સ્વાતિ પાર્ક પાસે ઝૂપડામાં રહેતાં ગૌરીબેન છગનભાઈ ચારોલીયા (ઉ.વ.૫૦) ઉપર તેના જ દિકરા કિશન છગન, સંજય છગન અને ગીતા કિશન (કિશોર)એ પાઇપ, છરીથી હુમલો કરી ઈજા પહોંચાડતાં માતાને બચાવવા નાનો દિકરો હિતેષ (ઉ.વ.૨૫) વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સામા પક્ષે ગીતાબેન કિશોર (કિશન) ચારોલીયા (ઉ.વ.૪૦) પણ પોતાના પર સાસુ ગૌરીબેન, દિયર હિતેષે લાકડીથી હુમલો કરી માર માર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. ગૌરીબેને કહ્યું હતું કે પુત્રવધૂ ગીતા કારણ વગર બોલાચાલી કરતી હોઈ શાંતિ રાખવા અને ઝઘડો નહિ કરવાનું કહેતાં મારામારી કરી હતી. સામે ગીતાબેને કહ્યું હતું કે મારા સાસુ ગૌરીબેન અને દિયર હિતેષ અમને ઝૂપડા ખાલી કરી જતાં રહેવાનું કહી માથાકુટ કરે છે. અમે જવાની ના પાડતાં મારા મારી કરી હતી. (૧૪.૯)

નબીન સૌથી યુવા અધ્યક્ષઃ સામે છે અનેક પડકારો

અત્યાર સુધી સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ હતા અમીત શાહ ૪૯ વર્ષ અને હવે બન્યા નીતિનજી ૪૫ વર્ષ, સૌથી વયોવૃદ્ધ અધ્યક્ષ હતા કુશાભાઉ ઠાકરે...૭૫ વર્ષ



૧૯૮૦થી ૨૦૨૬ સુધીની એટલે કે વાજપેયીજીથી લઈને નિતિનજી સુધીની સફર, બીજેપીના 'શિલ્પકાર' રહ્યા અટલ બિહારી વાજપેયીજી, ત્રણ ટર્મ અધ્યક્ષ રહ્યા લાલકૃષ્ણ અડવાણી, સંગઠનના સંરક્ષક અધ્યક્ષ રહ્યા કુશાભાઉ ઠાકરે, શાસન કેન્દ્રિત અધ્યક્ષ રહ્યા વૈંકૈયા નાયડુ, પાર્ટીનું આંતરિક પુનર્ગઠન કર્યું રાજનાથ સિંહે, નીતિન ગડકરીએ પક્ષ અને આર.આર.એસ. સાથે જાળવ્યું સંકલન : નરેન્દ્રભાઈને વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવાયાઃ અમીભાઇ શાહે તો પાર્ટીને બનાવી 'ચૂંટણી મશીન' સ્થિરતા અને સેવા આધારિત અધ્યક્ષ રહ્યા જે. પી. નડ્ડાજી

જીતેન્દ્ર રૂપારેલિયા....વાપી :ભાજપના કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીનજીની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ છે, બીજેપીના ઈતિહાસમાં તેઓ સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા છે.

ગત તા.૧૪ મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ નીતિનજીને પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા અને પાર્ટી એ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે નોટિફિકેશન બહાર પાડી ૧૯મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઉમેદવારી પત્રક ભરવાનું જાહેર કર્યું હતું અને આજે ૨૦મી જાન્યુઆરીના રોજ બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત કરાઈ હતી જેમાં નીતિનજીનું નામ જાહેર કરાયું છે.

આ વેળા એ આપણે નીતિનજી વિશે જોઈએતો ૨૩મી મે ૧૯૮૦ના રોજ બિહારના પટનામાં જન્મ, એબીવીપીથી કારકીર્દીની શરૂઆત, બીજેપી કાર્યકરથી રાજકીય સફરનો કર્યો પ્રારંભ, આરએસએસની પૃષ્ઠભૂમિ સાથે સંકળાયેલ નીતિનજી તેમના પિતા નવીન કિશોર સિંહના રાજકીય વારસાને આગળ વધારી બાંકીપુર વિધાનસભા બેઠક પરથી ૨૦૦૬ની પેટાચૂંટણીમાં પ્રથમ વખત ઝંપલાવી જીત મેળવી સતત આગળ ધપતા જ ગયા,૨૦૧૦,૨૦૧૫,૨૦૨૦અને૨૦૨૫ એમ ૫ વખત ધારાસભ્ય, અને બિહાર સરકારમાં મંત્રી બન્યા પરંતુ તેઓ જમીન સાથે જોડાયેલા છે. ભારતીય જનતા પાર્ટીની સ્થાપના એટલે કે ૬ એપ્રિલ ૧૯૮૦થી અત્યાર સુધીના ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષોની સંપૂર્ણ યાદી તવારીખ અનુસાર જોઈએ તો...

૧.શ્રી અટલ બિહારી વાજપેયી : તેમનો કાર્યકાળ રહ્યો ૬ એપ્રિલ ૧૯૮૦ થી ૩૧ ડિસેમ્બર ૧૯૮૬ કુલ સમય આશરે ૨૪૬૦ દિવસ.ભાજપના પ્રથમ રાષ્ટ્રીય અધ્યક્ષ, પાર્ટીની પાયાની રચના અને વિચારધારા કરી મજબૂત , પાર્ટીને રાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવી,સંસદીય લોકશાહી પર ભાર,નેતૃત્વ તૈયાર કર્યું ,એલ.કે. અડવાણી, મુરલી મનોહર જોશી જેવા નેતાઓને આગળ લાવ્યા સ્પષ્ટ અને સંયમિત રાજકીય છબી બીજેપીને ''કટ્ટર'' નહીં પણ રાષ્ટ્રીય વિકલ્પ તરીકે રજૂ કરી,મધ્યમ વર્ગ અને બુદ્ધિજિવીઓને આકર્ષ્યા એક વાક્યમાં કહીએ તો અટલજી બીજેપી ના ''શિલ્પકાર'' હતા તેમને પાર્ટીની વિચારધારા, શિસ્ત અને ભાષાની દિશા નક્કી કરી.

૨.શ્રી લાલ કૃષ્ણ આડવાણી(પ્રથમ ટર્મ): તેમનો કાર્યકાળ રહ્યો ૧ જાન્યુઆરી ૧૯૮૬ થી ૩૧ ડિસેમ્બર ૧૯૯૧ કુલ સમય આશરે.૨૧૯૧ દિવસ અડવાણીજીના કાર્યકાળ દરમ્યાન તેમને બીજેપીને વિચાર ધારાત્મક રીતે સ્પષ્ટ બનાવી, હિંદુત્વ અને રાષ્ટ્રવાદ ને ખુલ્લેઆમ રાજકીય એજન્ડા બનાવ્યો ,પાર્ટીને ''સોફ્ટ''નહીં, પણ સ્પષ્ટ વિચારવાળી પાર્ટી બનાવી રામ જન્મભૂમિ આંદોલનને રાષ્ટ્રીય મુદ્દો બનાવ્યો ૧૯૯૦ ની રથયાત્રા દ્વારા દેશવ્યાપી જનસમર્થન અપાવ્યું, બીજેપીને જનઆંદોલન સાથે જોડેલી પાર્ટી બનાવી,પાર્ટીની લોકસભા બેઠકોમાં મોટો વધારો થયો એટલુંજ નહિ બીજેપી ને મુખ્ય રાષ્ટ્રીય પક્ષ બનાવ્યો.

૩.ડો. મુરલી મનોહર જોશી : તેમનો કાર્યકાળ રહ્યો ૧ જાન્યુઆરી ૧૯૯૧થી ૩૧ ડિસેમ્બર ૧૯૯૩ કુલ સમય આશરે.૧૦૯૫ દિવસ વિઝનરી નેતા અને મુખ્ય વિરોધ પક્ષ તરીકે એ સમયગાળામાં ભૂમિકા ભજવવા ઉપરાંત,રામ જન્મભૂમિ આંદોલનને સંગઠિત દિશા આપી અને શિક્ષણ અને સંસ્કૃતિના મુદ્દાઓ આગળ લાવ્યા.

૪.શ્રી લાલ કૃષ્ણ આડવાણી (બીજી ટર્મ) : તેમનો કાર્યકાળ રહ્યો ૧ જાન્યુઆરી ૧૯૯૩થી ૩૧ ડિસેમ્બર ૧૯૯૮ કુલ સમય આશરે.૨૧૯૧ દિવસ ફરીથી અધ્યક્ષ પદે નિમણુક,આ કાર્યકાળ દરમિયાન અડવાણી જી એ, રામ જન્મભૂમિ પછી પાર્ટીને સ્થિર દિશા આપવી ''ગઠબંધન રાજનીતિ'' સ્વીકારવા નો ઐતિહાસિક નિર્ણય બીજેપીને રાષ્ટ્રીય વિકલ્પ તરીકે મજબૂત બનાવી સંગઠન અને શિસ્ત પર ભાર આપી આરઆરએસ અને બીજેપી વચ્ચે નુ સંકલન મજબૂત બનાવ્યું.

૫.શ્રી કુશાભાઉ ઠાકરે : તેમનો કાર્યકાળ રહ્યો ૧ જાન્યુઆરી ૧૯૯૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૦૦ કુલ સમય આશરે.૧૦૯૫ દિવસ અગ્રણી સામાજિક અને રાષ્ટ્રવાદી કાર્યકર સંગઠનને શિસ્તબદ્ધ અને મજબૂત બનાવ્યું , પ્રાદેશિક પક્ષો સાથે સંબંધો મજબૂત કર્યા,''સંગઠનના સંરક્ષક અધ્યક્ષ'' તરીકે ગણના પામ્યા.

૬.શ્રી બાંગારૂ લક્ષ્મણ : તેમનો કાર્યકાળ રહ્યો ૧ જુલાઈ ૨૦૦૦ થી ૨૩ ઓગસ્ટ ૨૦૦૧ કુલ સમય આશરે.૪૧૯ દિવસ ભાજપના પ્રથમ દલિત અધ્યક્ષ, બન્યા તેમણે સામાજિક સમરસતા પર ભાર આપ્યો ''સામાજિક ન્યાય + રાષ્ટ્રવાદ''ને જોડવાનો પ્રયાસ કર્યો તેમજ સંગઠનમાં વિવિધ વર્ગોની ભાગીદારી વધારવા પર ધ્યાન આપ્યું,દક્ષિણ ભારત અને શહેરી વિસ્તારોમાં પાર્ટી મજબૂત કરવાની કોશિશ હાથ ધરી ''સમાવેશક રાજનીતિના અધ્યક્ષ''બન્યા બંગારુ લક્ષ્મણ.

૭.શ્રી કે. જનકકૃષ્ણમૂર્તિ: તેમનો કાર્યકાળ રહ્યો ૨૪ ઓગસ્ટ ૨૦૦૧થી ૩૦ જૂન ૨૦૦૨.કુલ સમય આશરે.૩૧૧ દિવસ દક્ષિણ ભારતના અગ્રણી નેતા સંકટના સમયમાં પાર્ટીને સ્થિર રાખી, સંગઠન પર



ફરી ભાર ''બેક ટુ કેડર'', એનડીએ સરકારને સ્થિર સંગઠન આધાર, દક્ષિણ ભારત પર વિશેષ ધ્યાન,તમિલનાડુ, કર્ણાટક જેવા રાજ્યોમાં, સંગઠન મજબૂત કરવાનો પ્રયાસ''સ્થિરતા લાવનાર''અધ્યક્ષ બન્યા કે.જન્કૃષ્ણમૂર્તિજી.

૮.શ્રી વૈંકયારાવ નાયડુ : તેમનો કાર્યકાળ રહ્યો ૧ જુલાઈ ૨૦૦૨ થી ૩૧ ડિસેમ્બર ૨૦૦૪ કુલ સમય આશરે..૯૧૩ દિવસ વિધાનસભા અને સંસદીય ભૂમિકાઓમાં મહત્વની કામગીરી બજાવી, એનડીએ સરકાર અને સંગઠન વચ્ચે સંતુલન, ૨૦૦૪ લોકસભા ચૂંટણીની તૈયારી, સંગઠનાત્મક શિસ્ત અને વિસ્તરણ, બીજેપીને મધ્યમ, વિકાસલક્ષી રાષ્ટ્રીય પાર્ટી તરીકે રજૂ કરી, એમ કહી શકાય કે વૈંકૈયા નાયડુ ''શાસન કેન્દ્રિત અધ્યક્ષ'' રહ્યા.

૯.શ્રી લાલ કૃષ્ણ આડવાણી (ત્રીજી ટર્મ) : આ ટર્મમાં તેમનો કાર્યકાળ રહ્યો ૧ જાન્યુઆરી ૨૦૦૪ થી ૩૧ ડિસેમ્બર ૨૦૦૫ કુલ સમય આશરે.૭૩૦ દિવસ ભાજપ અધ્યક્ષ તરીકે ત્રણ વખત સેવા નો મોકો મળ્યો, ૨૦૦૪ લોકસભા હાર પછી પાર્ટીમાં આત્મમંથન શરૂ કર્યું સંગઠનની કમજોરીઓ ઓળખી સુધારાની પ્રક્રિયા શરૂ કરી ,૨૦૦૫માં રાજનાથ સિંહને અધ્યક્ષ બનાવવાનો માર્ગ ખુલ્યો ગઠબંધન રાજનીતિ ચાલુ રાખી પ્રાદેશિક પક્ષો સાથે સંબંધ જાળવ્યા,પરિવર્તન અને સંક્રમણનો સમય રહીયો અડવાણીજી માટે.

૧૦. શ્રી રાજનાથ સિંહ : તેમનો કાર્યકાળ રહ્યો ૩૧ ડિસેમ્બર ૨૦૦૫થી ૧૯ ડિસેમ્બર ૨૦૦૯ કુલ સમય આશરે.૧૪૪૯ દિવસ. બીજેપીને પુનઃસંગઠિત કરવા નું ફરી શરૂ કર્યું,૨૦૦૪ની હાર બાદ પાર્ટીનું આંતરિક પુનર્ગઠન રાજ્ય એકમોને મજબૂત બનાવ્યા,કાર્યકર્તા આધાર ફરી સક્રિય કર્યો બીજેપી ની મૂળ વિચારધારા (રાષ્ટ્રવાદ, સાંસ્કૃતિક મૂલ્યો) પર ફરી ભાર યુપીએ સરકાર સામે જવાબદાર પરંતુ આક્રમક વિરોધ શરૂ કર્યો. આ કાર્યકાળ દરમ્યાન તેવો રાજયવ્યાપી નેતા તરીકે ઉભરી આવ્યા.

૧૧.શ્રી નિતિન ગડકરી : તેમનો કાર્યકાળ રહ્યો ૧૯ ડિસેમ્બર ૨૦૦૯થી ૨૬ જાન્યુઆરી ૨૦૧૩ કુલ સમય આશરે ૧૧૩૪ દિવસ.૨૦૦૯ની હાર પછી પાર્ટીનું પુનર્નિર્માણ લોકસભા ચૂંટણીમાં હાર બાદ BJP ને વિખૂટા પડતા બચાવી યુવા અને નવા નેતૃત્વને આગળ લાવવું, સંગઠનાત્મક માળખું મજબૂત કર્યું, રાજ્ય એકમો, મોરચા અને સેલ્સ ને વધુ સક્રિય બનાવ્યા, કેડર આધારિત રાજકારણ પર ફરી ભાર અને આર આર એસ સાથે સંકલન જાળવ્યું, તેમજ એનડીએને ફરી સક્રિય કરવાનો પ્રયાસ ગઠબંધન રાજનીતિ જીવંત રાખી,જૂના સહયોગી પક્ષો સાથે સંબંધ જાળવ્યા, એક વાક્ય માં કહીએ તો નિતિન ગડકરી ''સંક્રાંતિકાળના અધ્યક્ષ''રહ્યા.

૧૨.શ્રી રાજનાથ સિંહ (બીજી ટર્મ) : તેમનો કાર્યકાળ રહ્યો ૨૬ જાન્યુઆરી ૨૦૧૩થી ૯મી જુલાઈ ૨૦૧૪ કુલ સમય આશરે.૫૨૯ દિવસ ફરીથી અધ્યક્ષપદની જવાબદારી સંભાળીને પુનઃસંગઠિત કરવાનો નિર્ણય લઈ પાર્ટીનું આંતરિક પુનર્ગઠન,રાજ્ય એકમોને મજબૂત, બનાવ્યા, કાર્યકર્તા આધાર ફરી સક્રિય કર્યો,બીજેપીની મૂળ વિચારધારા (રાષ્ટ્રવાદ, સાંસ્કૃતિક મૂલ્યો) પર ફરી ભાર, નરેન્દ્ર મોદી ને વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો કે જે સૌથી મોટો અને પરિવર્તન કારી નિર્ણય સાબિત થયો , તેમજ એનડીએ ને વિસ્તૃત કર્યો જૂના અને નવા સહયોગી પક્ષોને સાથે લાવ્યા,૨૦૧૪ની જીત માટે ગઠબંધન મજબૂત બનાવ્યું રાજનાથ સિંહનો આ કાર્યકાળ બીજેપી માટે ''પરિવર્તનના પુલ'' સમાન રહ્યો.

૧૩.શ્રી અમિત શાહ : તેમનો કાર્યકાળ રહ્યો ૯મી જુલાઈ ૨૦૧૪થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ કુલ સમય આશરે.૨૦૨૧ દિવસ અમીત ભાઈએ પાર્ટીને ''ચૂંટણી મશીન'' બનાવી બીજેપી ની ચૂંટણી રણનીતિને ડેટા આધારિત, બૂથ સ્તર સુધી મજબૂત કરી, પક્ષને દેશવ્યાપી પાર્ટી બનાવી,ઉત્તર ભારત સુધી સીમિત બીજેપીને પૂર્વ, ઉત્તર-પૂર્વ અને દક્ષિણ તરફ વિસ્તારી આસામ, ત્રિપુરા, અરુણાચલ, મણિપુર જેવા રાજ્યોમાં ઐતિહાસિક જીત અપાવી,કોંગ્રેસ મુક્ત ભારત નો રાજકીય એજન્ડા આપ્યો, કોંગ્રેસના મજબૂત કિલ્લાઓ તોડ્યા ગઠબંધન તોડ-જોડ અને સંગઠન વિસ્તરણ દ્વારા કોંગ્રેસને રાજકીય રીતે કમજોર કરી , એટલું જ નહી ૨૦૧૯ લોકસભા ચૂંટણીની ઐતિહાસિક જીત અપાવી,નરેન્દ્ર મોદી નેતૃત્વને, સંગઠન શક્તિ સાથે જોડ્યું,૨૦૧૪ કરતાં વધુ મોટી બહુમતી ૩૦૩ બેઠકો મેળવી બીજેપી ના ઈતિહાસ ની સૌથી મોટી ચૂંટણી સફળતા મેળવી અમિત શાહ બીજેપી ના સૌથી શક્તિશાળી અને પરિણામલક્ષી અધ્યક્ષ'' રહ્યા.

૧૪. શ્રી જયાતા પ્રકાશ (જે . પી.)નડ્ડા : તેમનો કાર્યકાળ રહ્યો ૨૦ જાન્યુઆરી ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૬ કુલ સમય આશરે ૨૧૯૨ દિવસ. નડ્ડાજીના આ કાર્યકાળ દરમિયાન થયેલા અગત્ય ના કાર્યોને જોઈએ તો કોરોના કાળમાં પાર્ટીનું નેતૃત્વ જે સૌથી મોટો પડકાર હતો, કોવીડ-૧૯ દરમ્યાન બીજેપીને''સેવા સંગઠન'' તરીકે કાર્યરત કરી, રાજ્ય ચૂંટણી જીતોમાં મહત્વની ભૂમિકા બજાવી જેમ કે ,ઉત્તર પ્રદેશ (૨૦૨૨) ઐતિહાસિક પુનરાવર્તન ઉત્તરાખંડ, ગોવા, મણિપુર જેવી જીત,અનેક રાજ્યોમાં સરકાર રચવામાં સફળતા મોદી સરકારના નિર્ણયોને સંગઠન સ્તરે અસરકારક રીતે જનતા સુધી પહોંચાડ્યા એક વાક્યમાં કહીએ તો જે. પી. નડ્ડા ''સ્થિરતા અને સેવા આધારિત અધ્યક્ષ'' રહ્યા. અને હવે આ અધ્યક્ષ પદનો તાજ શ્રી નીતિનજીને માથે મૂકાયો છે.

૧૫. શ્રી નીતિન નબીન : ૨૦ જાન્યુઆરી ૨૦૨૬ હવેથી કાર્યભાર સંભાળશે. બીજેપીના ઈતિહાસમાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે માત્ર ૪૫ વર્ષની વયે પહોંચ્યા છે એટલે કે અત્યાર સુધીના સૌથી યુવા નેતા છે નીતિનજી. સ્વાભાવિક છે કે આટલા મોટા અને અગત્ય ના હોદ્દા સામે પડકારો પણ રહેશે જ, આજે બીજેપી દેશ ની સૌથી મોટી પાર્ટી છે ત્યારે નીતિન જી પાસે અપેક્ષા પણ એટલી મોટી જ રખાશે, તેમની સામેના હાલમાં જણાતા પડકારો ને જોઈએ તો સૌ પ્રથમ અનુભવનો આવશે સવાલ, બીજેપીના ઘણા વરિષ્ઠ નેતાઓની તુલનામાં નીતિનજી ઓછો રાષ્ટ્રીય અનુભવ ધરાવે છે, બીજું બીજેપીમાં હવે યુવા નેતાઓને મહત્વ આપવામાં આવશે અને નવી ટીમ બને તેવી અપેક્ષા છે, જેનું દબાણ નીતિનજી ઉપર રહેશે કે તેઓ યુવા નેતાઓને કેવી રીતે આગળ લાવે છે અને એ પણ પાર્ટીના જૂના નેતાઓ સાથે તાલમેલ રાખીને, આ ઉપરાંત તેમણે સરકાર અને સંગઠન વચ્ચે સંતુલન પણ જાળવવું પડશે, પ્રધાનમંત્રી અને કેન્દ્ર સરકાર સાથે સંગઠન માં સ્વતંત્ર દિશા કેળવવી પડશે, સંગઠન નેતાઓ અને કાર્યકર્તાઓ વચ્ચે વિશ્વાસ નો સેતુ બનાવવો પડશે.

આ ઉપરાંત આ વર્ષની આસપાસ જ પશ્ચિમ બંગાળ,કેરળ, તમિલનાડુ, આસામ અને પોંડિચેરી જેવા મોટા રાજ્યોમાં આવતી વિધાનસભા ચૂંટણીઓ,તેમજ આવતા વર્ષે આવનાર વિધાનસભા ચૂંટણીમાં મુખ્ય ઉત્તર પ્રદેશ , પંજાબ, ગોવા, ઉત્તરાખંડ, મણિપુર જેવી ચૂંટણીઓનો પડકાર પણ ઝીલવાનો રહેશે.

★ તેમના પડકાર ને ટૂંક માં જોઈએ તો...

★ પાર્ટી અંદરની વિશ્વસનીયતા જાળવવી

★ યુવા નેતૃત્વ સાથે જૂનાં નેતાઓનું સંતુલન

★ પ્રદેશ સ્તરે સંગઠન મજબૂત કરવું

★ વિરોધ પક્ષ અને સામાજિક સમસ્યાઓનો સામનો કરવો

★ સરકાર અને પાર્ટી વચ્ચે સાહિત્યિક સંતુલન જાળવવું.

જેવા પડકારો નો સામનો કરવો પડશે.... નરેન્દ્રભાઈ અને અમીત ભાઈ એ જેમના નામ ઉપર મંજૂરી ની મહોર મારી છે ત્યારે સ્વાભાવિક છે કે છે તેઓ આવા પડકારો ને પણ પહોંચી શકે તેમ હોય બેસ્ટ ઓફ લક, નીતિનજી ....(૨૨.૨૨)

આજથી રાજકોટ-ગાંધીનગર એસી એસ.ટી.બસ સેવા

સાંજના સમયે પણ ગાંધીનગર સુધી એસી બસનો વિકલ્પ મળતા પ્રવાસીઓને મોટો ફાયદો

રાજકોટ તા. ૨૦: મુસાફરોની વધતી માંગને ધ્યાનમાં રાખીને ગુજરાત માર્ગ પરિવહન વિભાગ દ્વારા આજથી રાજકોટ-ગાંધીનગર વચ્ચે નવી એસી સીટીંગ.બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટથી ગાંધીનગર વચ્ચે પહેલીવાર એસી સીટર બસ દોડાવવાનો નિર્ણય લેવાયો છે, જે મુસાફરો માટે મોટી સુવિધા આપનારો સાબિત થશે.

આ બસ ચોટીલા હાઈવે - સાયલા - લીંબડી - બગોદરા - ઈસ્કોન - નેહરુનગર - રાણીપ વાયા ગાંધીનગર પહોંચશે.



રાજકોટથી દરરોજ સાંજે ૧૪ કલાકે પ્રસ્થાન થશે અને રાત્રે ૯ કલાકે ગાંધીનગર પહોંચશે. ગાંધીનગરથી રાજકોટ સવારે ૭.૩૦ કલાકે પ્રસ્થાન કરી આ બસ બપોરે ૧૨.૩૦ કલાકે રાજકોટ પહોંચશે.મુસાફરોએ આ બસમાં મુસાફરી માટે રૂ. ૪૫૨ ભાડું ચૂકવવાનું રહેશે.

સાંજના સમયે પણ ગાંધીનગર સુધી એસી બસનો વિકલ્પ મળતા નોકરીયાત વર્ગ,વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓને મોટો ફાયદો થશે, તેમ એસ.ટી.ના વિભાગીય નિયમકે ઉમેર્યું હતું, સાંજે ૪ વાગ્યે આ બસને ફલેગ ઓફ ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહના હસ્તે કરાશે.(૭.૨૯)

મહાપાલિકામાં લાંચ વગર કોઇ કામો થતા નથી, મુળ સુધી પહોંચો : મયુર શાહ

રાજકોટ તા. ૨૦ : રાજકોટ મહાનગરપાલિકા ભ્રષ્ટાચાર અને સેટીંગનું કેન્દ્ર બની ગઇ હોય તેમ સફાઇ કામદાર જેવા નબળા વર્ગના કર્મચારીઓને પણ છોડવામાં આવતા નથી. રજા અને પગાર માટે લાંચ લેવાયાનો જે કિસ્સો વોર્ડ નં. ૧૭ (બ)માં બહાર આવ્યો તે ખુબ ગંભીર ગણવો જોઈએ. એ.સી.બી. ટ્રેપની ઘટના આ એક કેસ પુરતી ન રાખતા આખી સીસ્ટમ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. તેમ શહેર કોંગ્રેસ મંત્રી મયુર શાહે એક યાદીમાં જણાવ્યુ છે.



તેઓએ જણાવ્યુ છે કે જે અધિકારી લાંચ લેતા ઝડપાયા તે કોના ઈશારે કામ કરતા હતા? તેમની સામે પણ તપાસ કરી પગલા ભરાવા જોઈએ. શાસકોનો શું રોલ છે તે પણ તપાસનો વિષય છે.

આ એક કિસ્સો બહાર આવ્યો. બાકી સૌ જાણે જ છે કે મહાનગરપાલીકામાં લાંચ વગર કોઈ કામ થતા નથીી. હાલ આ કિસ્સો બહાર આવ્યો છે, ત્યારે સમગ્ર મહાનગરપાલીકામાં ઉચ્ચસ્તરીય તપાસ થવી જરૂરી છે. જે લોકો સંડોવાયા હોય તેમની સામે કોઇને શેહ રાખ્યા વગર પગલા ભરાવા જોઇએ. તેમ અંતમાં શહેર કોંગ્રેસ મંત્રી મયુરભાઈ શાહ (મો.૯૮૯૮૪ ૩૮૪૮૩)એ જણાવ્યુ છે. (૧૬.૩)



પૂ. સોનલબાઇ મ.સ.ની ૬૮ મી જન્મજયંતિઃ માનવસેવા-જીવદયાના કાર્યો

સવારે નવકારશી, અનુકંપાદાન, જાપ, અમૃત ભોજન સહિતના આયોજનો સંપન્નઃ ૧૦૦ રૂા.ની પ્રભાવન



રાજકોટઃતા.૨૦,ગો.સંપ્ર.ના સૌરાષ્ટ્ર સિંહણ બા.બ્ર.પૂ. શ્રી ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં સ્વરકિન્નરીબા.બ્ર.પૂ. શ્રી સોનલબાઈ મહાસતીજીની ૬૮ મી જન્મજયંતિ પ્રસંગે આજે સવારે સદાવૃત સમારોહ યોજાયો હતો.

તેમાં જીવન જરૂરિયાતની અનેક વસ્તુઓનું વિતરણ સાથે બધાને રૂા.૧૦૦/-ની પ્રભાવના કરવામાં આવેલ હતી. જેમાં આજે સવારે સૌને પહેલા નવકારશીનું આયોજન પરમ ગુરૂણી ભકત રિયાબેન પિયુષભાઈ ઉદાણી તરફથી કરવામાં આવેલ

નાલંદા તીર્થધામમાં છેલ્લા ૨૪ વર્ષથી સોનલ સદાવૃત અખંડ- અવિતપણે ચાલી રહ્યું છે. સોનલ સારવાર સહાય ૧૭ વર્ષથી ચાલી રહયું છે. શૈક્ષણિક સહાય ૧૦ વર્ષથી ચાલી રહી છે.

સન્દુબાઈ મહાસતજી તીર્થધામ ઈન્દુબાઈ મહાસતીજી ચોકને આજે ૧૪ વર્ષપૂર્ણ થયેલ છે. પૂ. સોનલબાઈ મહાસતીજીને બધા સાધર્મિક બંધુઓ તથા ચંદ્રભકત મંડળ, શાલીભદ્ર સેવા ગ્રુપ સોનલ સેવા મંડળ, સોનલ સહેલી મંડળ, સોનલ સેવા ટીમ, સોનલ સખી મંડળ, આદિ વિશળ સમુદાયએ અભિનંદન પાઠવેલ હતા. તેમજ દિર્ઘઆયુષ્યની ભાવના ભાવી હતી.

છેલ્લા ૨૪ વર્ષ થયા સોનલ સદાવ્રત, સોનલ સારવાર સહાય, સોનલ શૈક્ષણિક સહાય, સોનલ સેવા મંડળ, સોનલ સીનીયર સીટીઝન આ બધાનો આજે સ્થાપના દિન છે.

ઈન્દુબાઈ સ્વામી અમર રહોના નાદથી તીર્થધામ ગૂંજી ઊઠયું હતું અનેક મંડળોએ સોનલબાઈ મહાસતીજીને શુભેચ્છા પાઠવતા ફરમાવ્યું હતું કે તમે શાસન અને સંપ્રદાય તેમજ ગુરૂની આન-બાન અને શાન વધારી આત્માનંદી બનો સોનલ સતી જુગ-જુગ જીવોનાં નારાથી ગૂંજી ઊઠયું હતું જીવોની સવારે નવકારશી ત્યારબાદ સોનલ સદાવૃત ત્યારબાદ સોનલ સારવાર સહાય, ત્યારબાદ ૯ થી ૧૦ અનુકંપાદાન, ત્યારબાદ સવારે ૧૦ થી ૧૨ ભવ્યાતિભવ્ય જાપ તથા જીન ભકિતનું આયોજન અને ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે અમૃત ભોજન પૂજય મોટા મહાસતીજીના ભકતો તરફથી રાખવામાં આવેલું હતું (૩૫-૧૮)

શહેરના ૨૮ પોલીસ કર્મચારીઓની થઇ બદલી

રાજકોટ તા. ૨૦:શહેર પોલીસમાં ફરી બદલીનો ઘાણવો નીકળ્યો છે. જેમાં ક્રાઇમ બ્રાંચ, એસઓજી તથા અન્ય શાખાઓમાં ફરજ બજાવતાં એએસઆઇ, હેડકોન્સ્ટેબલની બદલી થઇ છે. ક્રાઇમબ્રાંચ, એસઓજી, એલસીબી, સાયબર ક્રાઇમ, આર્થિક ગુના નિવારણ સેલ અને પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા ૨૮ કર્મચારીઓની બદલી થઇ છે. સાયબર ક્રાઇમના હેડકોન્સ. શીવભદ્રસિંહ જાડેજાની માલવીયાનગરમાં, વિજયસિંહ જાડેજાની હેડક્વાર્ટરમાં, હેડકોન્સ. લક્કીરાજસિંહ ગોહિલની હેડક્વાર્ટરમાં, હરપાલસિંહ ગોહિલની ગાંધીગ્રામ પોલીસ મથકમાં, સાયબર ક્રાઇમના લાભુબેન મોઢવાડીયાની હેડક્વાર્ટરમાં તેમજ એએસઆઇ વિનોદભાઈ બેરડીયાની યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં, ટ્રાફિક શાખાના એએસઆઇ લાલજીભાઈ ડાંગરની બી ડીવીઝનમાં, હેડકોન્સ. શાંતુબેન મુળીયાની મહિલા પોલીસ સ્ટેશનમાં, એએચટીયુના મહમદઆરીફ અંસારીની હેડક્વાર્ટરમાં બદલી થઇ છે.

તેમજ એસઓજીના એએસઆઇ ફિરોઝભાઇ શેખને યુનિવર્સિટીમાં, હેડકોન્સ. અમીતભાઇ ટુંડીયાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં, આર્થીક ગુના નિવારણ સેલના મન્સુરશા શાહમદારની માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં, યુવરાજસીંહ જાડેજાની કુવાડવા રોડ પોલીસ મથકમા, ડીસીબીના અનુજભાઇ ડાંગરની પ્ર. નગરમાં, એએસઆઇ વિજયભાઇ સોઢાની થોરાળામાં, ચેતનસિંહ ગોહિલની ગાંધીગ્રામમાં, પ્રશાંતભાઇ ચુડાસમાની માલવિયામા, ક્રિપાલસિંહ ઝાલાની આજી ડેમમાં, થોરાળાના રવિરાજસિંહ ઝાલાની ડીસીબીમાં, એલસીબી ઝોન-૨ના રાહુલભાઇ ગોહિલની ડીસીબીમાં, માલવીયાના હિરેનભાઇ પરમારની ઈઓડબલ્યુમાં અને બી-ડિવીઝનના ભાવેશકુમાર પરમારની ડીસીબીમાં બદલી થઇ છે. તેમજ કુવાડવાના સમીરભાઇ હેરંજાની આર્થિક ગુના નિવારણ સેલમાં તથા યુનિવર્સિટીના રોહિતસિંહ જાડેજાની એસઓજીમાં બદલી થઇ છે. (૧૪.૧૦)

નવા થોરાળા રામનગરમાંથી ચોરાઉ એકટીવા સાથે સગીર પકડાયો

એ-ડીવીઝન પોલીસના હેડ કોન્સ કનુભાઇ બસીયા, સાગરભાઇ માવદીયા, કોન્સ ધર્મેશભાઇ ખાંડેયાની બાતમી

રાજકોટ, તા. ૨૦: નવાથોરાળાના રામનગરમાં એ-ડીવીઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એક સગીરને ચોરાઉ એકટીવા સાથે પકડી લીધો હતો. મળતી વિગમ મુજબ નવાથોરાળાના વિસ્તારમાં એક શખ્સ ચોરાઉ એકટીવા લઇને નિકળ્યો હોવાની એ-ડીવીઝન પોલીસ મથકના હેડ કોન્સ કનુભાઇ બસીયા, સાગરભાઇ માવદીયા અને કોન્સ ધર્મેશભાઇ ખાંડેયાને બાતમી મળતા નવા થોરાળા રામનગર શેરી નં. ૪ માંથી એક સગીરને ચોરાઉ એકટીવા સાથે પકડી લીધો હતો. આ કામગીરી પી.આઇ. બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ એએસઆઇ બી.વી. ગોહિલ, એમ.એસ. મકવાણા, હેડ કોન્સ કનુભાઇ બસીયા, કલ્પેશભાઇ બોરીચા, ધારાભાઇ વનારીયા, સાગરભાઇ માવદીયા, મહેશભાઇ ચાવડા, કરણભાઇ વિરસોડીયા, કોન્સ ધર્મેશભાઇ ખોડાભાઇ, તેજશભાઇ રાવતભાઇ દ્વારા કરવામાં આવી હતી.(૬.૧૭)



આહિર ચોક નજીક શ્યામ હોલ પાસે હોકર્સ ઝોનના બકાલાના ધંધાર્થીઓની પોલીસ કમિશનરને રજૂઆત

હોકર્સ ઝોનમાં ઢોર ન આવે અને વાહનો અંદર લાવવામાં ન આવે એ માટેની મહાપાલિકાની પાઇપ નાખવાની કામગીરી અમુક શખ્સો અટકાવતાં હોઇ તેની સામે કાર્યવાહી કરવા માંગણી

રાજકોટઃ શહેરના કોઠારીયા રોડ આહિર ચોક, શ્યામ હોલની સામે આવેલ ગોપવંદના શાક માર્કેટ હોકર્સ ઝોનમાં શાકભાજી વેંચી ગુજરાન ચલાવતા ધંધાર્થીઓએ પોલીસ કમિશનરને લેખીત રજૂઆત કરી જણાવ્યું છે કે આ સ્થળે અમે ૨૫ વર્ષથી ધંધો કરીએ છીએ અને દર મહિને મહા પાલિકાને થડો રાખવા માટે રૂા. ૧૦૦૦ ભાડુ ચુકવીએ છીએ. આ શાક માર્કેટનો આસપાસની સોસાયટીના રહેવાસીઓ લાભ લે છે. આ હોકર્સ ઝોનમાં કદી કોઇ બકાલાના ધંધાર્થીઓએ કોઇની પણ સાથે અભદ્ર વર્તન કર્યુ નથી કે કદી ઝઘડાઓ પણ થયા નથી. અહિ બધા શાંતિથી ધંધો કરે છે. શાક માર્કેટમાં પશુઓ, વાહનો આવતાં અટકાવવા ત્યાં ઉભા પાઇપ નાખવાની જરૂર છે. મહાપાલિકા દ્વારા આ પાઇપ નાખવાની કામગીરી થવાની છે પરંતુ આ કામ રોકવા અમુક લોકો ખુબ પ્રયાસ કરે છે. મહાપાલિકાને પાઇપ નાખવાની કામગીરી કરવા નહિ દઇએ તેવું આ લોકો કહે છે. દાદાગીરી કરતાં આ લોકો સામે પોલીસ કાર્યવાહી કરે અને મહાપાલિકાની કામગીરીમાં અડચણ ઉભી ન કરે તેવી અમારી માંગણી છે. જો પાઇપ નખાય જાય તો ગેરકાયદે પાર્કિંગ કરનારા પણ અટકી શકે તેમ છે. તસ્વીરમાં રજૂઆત કરનારા બકાલાના ધંધાર્થીઓ જોઇ શકાય છે. (તસ્વીરઃ અભિજીત બગથરીયા) (૧૪.૧૦)

અમદાવાદમાં ITનું સર્ચ ઓપરેશન ! કામેશ્વર અને દીપ બિલ્ડર્સની ઓફિસ સહિત 33 જગ્યાએ દરોડા

ડીઝીટલ વ્યવહાર ઉપરાંત બેનામી મિલ્કતો-રોકડ વ્યવહાર ઉપર તપાસ

અમદાવાદ, તા. ૨૦ઃ શહેરમાં આજે વહેલી સવારથી જ ઈન્કમટેક્સ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. શહેરના જાણીતા કામેશ્વર ગ્રુપ અને દીપ બિલ્ડર્સ પર આવકવેરા વિભાગે ત્રાટકીને મેગા સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, અમદાવાદના વિવિધ વિસ્તારોમાં આ બંને ગ્રુપ સાથે સંકળાયેલી કુલ ૩૩ જેટલી જગ્યાઓ પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદમાં આ સર્ચ ઓપરેશનમાં ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો જોડાયો છે. તપાસ દરમિયાન બિલ્ડરોના રહેણાંક સ્થળો, ઓફિસો અને સાઈટ ઓફિસ પર ઝીણવટભરી તપાસ ચાલી રહી છે. વિભાગ દ્વારા ખાસ કરીને છેલ્લા કેટલાક સમયના ડિજિટલ વ્યવહારો, બેંક સ્ટેટમેન્ટ્સ અને જમીન-મકાનના વ્યવહારોના દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા છે. લેપટોપ અને મોબાઈલ ફોન જેવા ગેજેટ્સમાંથી પણ ડેટા રિકવર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

આ સર્ચ ઓપરેશનમાં મોટા પાયે બેનામી મિલકતો અને રોકડ વ્યવહારોના પુરાવા મળી આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. અમદાવાદના બે મોટા ગજાના બિલ્ડર ગ્રુપ પર થયેલા આ દરોડાને પગલે શહેરની રિયલ એસ્ટેટ લોબીમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

હાલના સમયમાં તપાસ ચાલુ હોવાથી અધિકારીઓ દ્વારા કોઈ સત્તાવાર આંકડો જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ આગામી દિવસોમાં આ દરોડામાં કરોડો રૂપિયાના બેનામી વ્યવહારો અને કરચોરી પકડાય તેવી સંભાવના છે, ત્યારે ઈન્કમટેક્સ વિભાગ આ કાર્યવાહીમાં શું બહાર આવે છે, તે પર સૌની નજર છે. (૯.૩૨)



અમદાવાદ કોર્પોરેશન દ્વારા વટવામાં મેગા ડિમોલિશન

વાંદરવટ તળાવની અંદર તથા બહાર ખડકાયેલ ૪૦૦થી વધુ ગેરકાયદે બાંધકામો તોડી પડાશે



અમદાવાદ તા. ૨૦ :.. મ્યુનિસિપલ કોર્પોરેશનદ્વારા શહેરના તળાવોને દબાણમુક્ત કરી તેને પુનઃજીવિત કરવાની ઝુંબેશ તજ કરવામાં આવી છે. ચંડોળા અને ઈસનપુર બાદ આજે વહેલી સવારથી વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું છે.

તળાવની અંદર અને તેની આસપાસ ખડકાયેલા ૪૦૦ જેટલા ગેરકાયદે દબાણોને દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરાઈ છે.

તળાવ વિકાસ પ્રોજેક્ટને વેગ

રાજ્ય સરકાર અને કોર્પોરેશન હસ્તગત આવેલા તળાવોને પ્રદૂષણ અને દબાણમુક્ત કરવાનું આયોજન ચાલી રહ્યું છે. વટવા વિસ્તારમાં થયેલું આ ડિમોલિશન છેલ્લા કેટલાક સમયમાં શહેરના દક્ષિણ વિસ્તારમાં કરવામાં આવેલી સૌથી મોટી કાર્યવાહી માનવામાં આવે છે. વહેલી સવારથી શરૂ થયેલા બુલડોઝરના પંજાએ વર્ષો જૂના દબાણોને ધરાશાયી કરી દીધા હતા. (૫-૨૦)

પોલીસ બંદોબસ્ત વચ્ચે કાર્યવાહી

મળતી માહિતી અનુસાર, વટવા વિસ્તારમાં આવેલા વાંદરવટ તળાવ પર દબાણ હટાવવાની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવી છે. ઝોન-૬ પોલીસ સ્ટેશનના આશરે ૫૦૦ જેટલા પોલીસ જવાનો તહેનાત કરવામાં આવ્યા છે અને એએમસીના ૩૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહી મોનિટરિંગ કરી રહ્યા છે. આ દબાણો દૂર કરવા માટે ૧૦ હિટાચી મશીન, ૫ જેસીબી અને મોટી સંખ્યામાં મજૂરોની ટીમ કામે લગાડવામાં આવી છે.

કુલ ૪ ફેઝમાં કામગીરી થશે

એએમસી દ્વારા આ સમગ્ર કામગીરીને વ્યવસ્થિત રીતે ચાર તબક્કામાં વહેંચવામાં આવી છે. ડિમોલિશનનો પ્રારંભ નૈયા મયંક સીઝનેબલ સ્ટોર પાસે રહેલા દબાણો હટાવીને કરવામાં આવ્યો હતો. ફિરદોસ મસ્જિદ સહિતના બે મુખ્ય ધાર્મિક સ્થાનો સિવાયના તમામ ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કરવાની પ્રક્રિયા હાલ ચાલુ છે. દબાણો દૂર થયા બાદ આ તળાવને સરકારના પ્રોજેક્ટ હેઠળ ડેવલપ કરવામાં આવશે, જેથી ભૂગર્ભ જળ સ્તરમાં વધારો થાય અને આસપાસના રહીશોને સુંદર પર્યાવરણ મળી રહે.


પુસ્તક શિક્ષક છે, ગ્રંથએ ગુરૂ છે પરંતુ રામચરિત માનસ એ સદગુરૂ છેઃ પૂ. મોરારીબાપુ

રાજકોટઃ જૈન આચાર્ય લોકેશમુનિજીના નેતૃત્વમાં અહિંસા વિશ્વશાંતિ કેન્દ્ર-દિલ્હી દ્વારા 'ભારત મંડપમ' ના સંવાદગૃહમાં પ્રવાહિત થઈ રહેલી 'માનસ સનાતન ધર્મ' રામકથાના ત્રીજા દિવસે ગઈકાલે પ્રિય બાપુએ પ્રેમ સંવાદને આગળ ધપાવતા કહયું હતું કે 'સનાતન' શબ્દનો અર્થ 'ભગવદ ગો મંડળ' (ગુજરાતીમાં છે) માં મળે છે, ભિન્ન-ભિન્ન સરળ અર્થો એમાં મળે છે. સનાતન એટલે દિવ્યપુરૂષ દેવપુરૂષ નહીં, દેવ તો સ્વાર્થી હોય છે અને દેવના પુણ્ય પુરા થાય ત્યારે એને મૃત્યુલોકમાં આવવું પડે છે એટલે સનાતનનો અર્થ દિવ્યપુરૂષ, પિતૃઓ અતિથી રૂપમાં આવે તે સનાતન, કોઈ બ્રહમચારી-ક્રિયારહિતમુનિ એ સનાતન છે, બ્રહમા, વિષ્ણુ, મહાદેવ સનાતન છે. પરાપુર્વથી જે અચલ-સ્થિર છે તે સનાતન છે. સનતકુમારો પૈકી એક સનતકુમારનું નામ સનાતન છે. સનાતન એટલે સૂર્યનું એક નામ, સૂર્યના જે એકસો આઠ નામ છે એમાં એક નામ સનાતન છે, સનાતન એટલે અનાદિ, મુળ, અસલ, પ્રાચીન, જુનું, અવિનાશી વગેરે છે. પૂ. મોરારીબાપુએ કહયુ કે, પુસ્તક એ શિક્ષક છે, ગ્રંથ એ ગરૂ છે પરંતુ શ્રી રામચરિત માનસએ સદગુરૂ છે. પૂ. મોરારીબાપુએ કહયુ કે આપણું નભમંડળ શાશ્વત દિવ્ય ચેતનાઓથી સભર છે એ દિવ્યચેતનાઓ આપણને પ્રભાવિત નહીં પણ પ્રકાશિત કરે છે. ઘણાય લોકો ભવ્ય હોય છે પણ દિવ્ય નથી હોતા ! ભવ્ય પછીથી ભંગાર થઈ જાય છે ! દિવ્ય એટલે જે રોજ નૂતન હોય, નિર્મલ હોય, સુંદર હોય એ દિવ્ય છે. રજોગુણી ભકત, તમોગુણી ભકત અને સત્વગુણી ભકત હોય છે એના કાર્યો પ્રભુ કરે છે પણ જે ભકત ગુણાતીત હોય રજોગુણ, તમોગુણ અને સત્યગુણથી જે પર છે તે ગુણાતીત ભકત ને ભગવાન અતિ પ્રેમ કરે છે. જેમ ગાય વાછરડાને ચાહે છે એમ ગુણાતીત ભકતને ભગવાન વ્હાલ કરે છે. સાધુની વ્યાખ્યા કરવી હોય તો મને ગંગાસતી યાદ આવે... 'શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ...'આંશા કહેતા કે-માણસ ધાર્મિક હોવો જોઈએ પણ તલગાજરડી દ્રષ્ટિએ માણસ ધાર્મિક નહી પણ ધર્મશીલ હોવો જોઈએ. તોસાધુ શીલવંત હોવોજોઈએ અને ગંગાસતી કહે છે 'વારે વારે નમીએ' એટલે સોમવાર,મંગળવારે, બુધવારે, ગુરૂવારે, શુક્રવારે, શનીવારે અને રવિવારે.. એમ વારે વારે નમવાની વાત છે. એવો અર્થ પણ મને દેખાય છે. તેમ પૂ. મોરારીબાપુએ કહ્યું હતું. કથા વિરામ સમયે અયોધ્યા રામમંદિર તથા કૃષ્ણ જન્મભૂમિના સુત્રધાર ગોવિંદગીરી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાની પ્રાસંગિક પ્રસન્નતા પ્રગટ કરી હતી. અને વ્યાસપીઠની વંદના કરી હતી. જૈનાચાર્યશ્રી લોકેશમુનિજીએ સ્મૃતિચિન્હ અર્પણ કરી તેમનું સ્વાગત કર્યુ હતું બાપુએ પણ શાલ અર્પણ કરી મહારાજની ભાવવંદના કરી હતી. -મનોજ જોષી ''મજો'' રાજકોટ.(૬.૧૫)



વ્યારાના સંજય ટેલર અમેરિકાની સુપ્રીમ કોર્ટમાં જજ

સંજયના પિતા ઠાકોરભાઇ કોંગ્રેસ નેતા જીણાભાઇ દરજીના ભાઇ થાય છે



અમદાવાદ :ભારતીય અમેરિકન ન્યાયાધીશ સંજય ઠાકોરભાઈ ટેલરની ઈલિનોયસ સુપ્રીમ કોર્ટમાં જજ તરીકે નિમણુંક કરવામાં આવી છે અને ૩૦ જાન્યુઆરીએ તેઓ તેમનું પદ સંભાળશે.

ટેલર આવું પદ મેળવનારા પ્રથમ એશિયન અમેરિકન છે. ગુજરાત માટે ગૌરવની વાત એ છે સંજય ટેલર મૂળ દક્ષિણ ગુજરાતના વ્યારાના વતની છે. વ્યારમાં આ સમાચારને કારણે ખુશી ફેલાઈ છે.

ગામના લોકોનું કહેવું છે કે સંજય ટેલરના પિતા ઠાકોરભાઈ એ કોંગ્રેસના દિગ્ગજ નેતા જીણા દરજીના ભાઈ થાય છે અને સંજય ટેલરના દાદા અમેરિકા શિફ્ટ થયા હતા અને સંજયનો જન્મ પણ અમેરિકામાં થયો હતો. હજુ પણ ટેલર પરિવારનું ઘર વ્યારાના રાયકવાડમાં છે.(૨૩.૨૩)



સરગમ કલબ દ્વારા મ્યુઝીકલ નાઇટ : મેલોડી કલર્સના સથવારે મુંબઇના કલાકારો ખીલી ઉઠયા

રાજકોટ : સરગમ કલબના ઉપક્રમે હેમુગઢવી નાટયગૃહ ખાતે આમંત્રિતો માટે બોલીવુડ મ્યુઝિકલ નાઈટનું આયોજન કરાયુ હતુ. મનસુર ત્રિવેદી પ્રસ્તુત મેલોડી કલર્સના સથવારે કલાકારો કૌસ્તુભ એ. કુંજ (મદ્રાસ), કલાસિકલ વોઈસ ઓફ ઈન્ડિયા અને ઈશીતા વિશ્વકર્મા (મુંબઈ), સારેગામાપા વીનર અને ઈન્ડિયા ગોટ ટેલેન્ટ વીનરે પોતાની કલા રજુક કરી સૌને મુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમનું દીપપ્રાગટય વજુભાઈ વાળાના હસ્તે કરાયુ હતુ. અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, લંડન નિવાસી માં કૃપા ફાઉન્ડેશનના ટ્રસ્ટી જયંતિભાઈ ખગ્રામ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ડી. જી. એમ. રાજેશજી અને આનંદબેન આશુતોષ, સરગમ લેડીઝ કલબના નીલુબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ ભરતભાઈ સોલંકી, રાજેન્દ્રભાઈ શેઠ, જયપાલસિંહ ઝાલા, સુરેશભાઈ દેત્રોજા, ધીરૂભાઈ હીરાણી, અલ્કાબેન કામદાર, ગીતાબેન હીરાણી, વૈશાલીબેન શાહ વગેરેએ જહેમત ઉઠાવી હતી. (૧૬.૪)



યુવાનોના પ્રશ્ને દ્રઢતા સાથે લડત આપવી એ યુથ કોંગ્રેસની મુખ્ય જવાબદારી : ડો. રાજદીપસિંહ જાડેજા

શહેર જિલ્લા યુથ કોંગ્રેસની કારોબારી બેઠક સંપન્ન : યુવા મહિલાઓને પણ રાજકીય પ્રવાહમાં જોડાઇ જવા વૈશાલી શીંદેનું આહવાન

રાજકોટ : શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેર તથા જિલ્લા યુથ કોંગ્રેસની મહત્વપૂર્ણ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકનું આયોજન યુથ કોંગ્રેસ પ્રમુખ ભાગ્યરાજસિંહ વાળા તથા રાજકોટ જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ દીપ ભંડેરીની સક્રિય આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં આવનારી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખી સંગઠનાત્મક મજબૂતી માટે વ્યાપક અને દૃઢ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો હતો. જિલ્લા, વિધાનસભા, તાલુકા તથા વોર્ડ લેવલ પર કોંગ્રેસ પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમજ જનઆંદોલન સાથે જોડાયેલા યુવાનોને યુથ કોંગ્રેસ સાથે જોડવા માટે સ્પષ્ટ રણનીતિ ઘડવામાં આવી હતી. બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહેલા રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજાએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે સ્થાનિક સ્તરના જનપ્રશ્નોને પ્રાથમિકતા આપી યુથ કોંગ્રેસે લોકોના અવાજને સશક્ત રીતે શાસન સુધી પહોંચાડવો જોઈએ. યુવાનોને લગતા પ્રશ્નો પર નિર્ભયતા અને દૃઢતા સાથે લડત આપવી એ યુથ કોંગ્રેસની મુખ્ય જવાબદારી છે. આજનો યુવા દેશનું ભવિષ્ય છે અને તેમને યોગ્ય દિશા તથા વિચારધારા સાથે આગળ વધારવાની જવાબદારી યુથ કોંગ્રેસ પર છે. આ બેઠકમાં શક્તિ સુપર શી ગુજરાતના ચેરમેન વૈશાલી શિંદેએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં યુવા મહિલાઓ મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ સાથે જોડાઈ રહી છે અને યુથ કોંગ્રેસની લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં મહિલાઓ નેતૃત્વની ભૂમિકામાં આગળ આવી રહી છે. મહિલાઓની વધતી ભાગીદારી કોંગ્રેસ પક્ષની મજબૂતીનું પ્રતીક છે અને વધુમાં વધુ યુવા મહિલાઓને રાજકીય પ્રવાહ સાથે જોડવા સંગઠન દ્વારા વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે. આ ઉપરાંત ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના મંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ ચંદ્રકલા નાગોરીએ જણાવ્યું હતું કે જે યુવાનો રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવવા તથા આવનારી ચૂંટણીમાં ભાગ લેવા ઈચ્છે છે, તેમણે આજથી જ જમીન પર ઉતરી સંગઠનના કાર્યમાં સક્રિય ભાગ લેવો જોઈએ. જનસંપર્ક વધારવો જોઈએ અને લોકોના હક અને હિત માટે સતત સંઘર્ષ કરવો જોઈએ. આ બેઠકમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અગ્રણી મુકેશભાઈ ચાવડા, રાજકોટ શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ નીતિન ભંડેરી, વૈશાલી શિંદે, રાજકોટ શહેર પૂર્વ પ્રમુખ હરપાલસિંહ જાડેજા, ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના મંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોનના ઈન્ચાર્જ ચંદ્રકલા નાગોરી, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ અલ્પેશ સાધરિયા, ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ ડો. રુક્મુદિન જિલ્લા પ્રભારી માદ ખાન તેમજ શક્તિ સુપર શી રાજકોટ પ્રમુખ હિરલ રાઠોડ, વિધાનસભા પ્રમુખો રાજકોટ શહેર અને જિલ્લા યુથ કોંગ્રેસના વિવિધ પદાધિકારીઓ, શક્તિ સુપર શી ના બહેનો કાર્યકરો અને મોટી સંખ્યામાં ઉત્સાહી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. (૧૬.૫)

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જાણ કરવાની કે, બાબરા તાલુકાના મોજે ધરાઈ ગામે આવેલ તથા ખેડ ખાતા નંબર ૩૪૭ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નંબર ૪૯/૧ પૈકી ૧ ની ખેતીની જમીન હે.આરે.ચોમી. ૨-૦૨-૩૫ માથી ઉગમણા ભાગની (માપણી શીટ પ્રમાણે) હે.આરે.ચોમી. ૧-૨૯-૫૦ (વિઘા-૮) ચંદુભાઈ ભાણાભાઈ કથીરીયાના સ્વતંત્ર કબજા ભોગવટે અને માલીકી હકે આવેલ છે સદરહુ જમીન તેઓ પાસેથી અમારા અસીલ હંસાબેન લાખાભાઈ ઢોલરીયા તે રસીકભાઈ રોકડના પત્નિ, રહે. રાજકોટ વાળા ચુકતે અવેજની રકમ ચુકવી ખાલી કબજે ટાઈટલ કલીયર ખરીદ કરવા ઈચ્છે છે સદરહુ જમીનના માલીકી હકક, કબજા, ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે, દર દાવો અથવા તો અન્ય કોઈપણ વાંધો, તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયા તારીખથી દિવસ-૮ (આઠ) મા અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, જો સમય મર્યાદામા જાણ કરવામા નહી આવે તો કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો કે દર દાવો અથવા અન્ય કોઈપણ વાંધો, તકરાર નથી અને જો હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદ કરવામા આવશે ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે અમારા અસીલોને શુધ્ધ / બુધ્ધીના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતા તમામ આસામીઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : બાબરા, તા. ૧૯-૦૧-૨૦૨૬

અમારા અસીલની સુચનાથી

ઠે. મામલતદાર ઓફીસ સામે,
મું. બાબરા , તા. બાબરા,
જી. અમરેલી

અજય વિ. ગોહિલ
એડવોકેટ

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે, રાજકોટ શહેરનાં સમાવિષ્ટ ગામ **વાવડીના રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૨/પૈકી ૨** ની બીનખેડવાણ જમીનના પ્લોટસ જે **"મારૂતી ઈન્ડસ્ટ્રીયલ-૨"** ના નામે ઓળખાય છે. તે માંહેના પ્લોટસ પૈકી **પ્લોટસ નં. ૬ તથા ૭ પૈકી** ની જમીન **ચો.મી.આ. ૭૦-૪૮** ઉપર બાંધવામાં આવેલ સ્ટોર (શેડ) તથા **પ્લોટ નં. ૧૩ થી ૧૫** ના **સબ પ્લોટ નં.(૧૩+૧૪+૧૫)/૧** ની જમીન **ચો.મી.આ. ૨૦૯- ૭૦** માંહેથી પુર્વ તરફ આવેલ શેડ નં. ૧ ની જમીન **ચો.મી.આ. ૮૭-૨૯** ઉપર આવેલ શેડ તે **પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ વૈષ્ણવ**ની સ્વતંત્ર માલીકી,કબજા ભોગવટાનું આવેલ છે.તેઓ પાસેથી સદરહું શેડ મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

તો સદરહું મિલ્કત કે તેના ટાઈટલ અંગે કોઈ વ્યકતી, પેઢી, બેન્ક કે કંપનીને કોઈ પણ પ્રકારનો,વાંધો તકરાર હોય, અગ્ર હકક, લીયન, લેણું, બોજો વિગેરે હોય કે સદરહું મિલ્કતમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિવસ-૮(આઠ)**માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર–પુરાવા સાથે જાણ કરવી જો નિયત સમયમાં કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈ પણ પ્રકાર નો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો(WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની કાર્યવાહી પુર્ણ કરશે. ત્યારબાદના કોઈના કોઈ પણ પ્રકારના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૦/૦૧/૨૦૨૬

જયના આર. પેઢડીયા (એડવોકેટ) **વિરલ એસ.જેઠવા** (એડવોકેટ)

૩૦૬,૩૦૭, રાષ્ટ્રદીપ કોમ્પલેક્ષ,રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ- ૯૯૨૫૧૨૮૨૪૧

જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જાણ કરવાની કે, ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના કોટડા સાંગાણી તાલુકાના મોજે **ગામ સોળીયા**ની સીમના **રેવન્યુ સર્વે નં. ૧૨ (જુના સર્વે નં. ૧૫૯ પૈકી ૯)**ની જુની શરતની જમીન **હે.આરે.ચોમી. ૧-૧૬-૪૪** ના ક્ષેત્રફળની પિયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન **(૧) શ્રી મંજુલાબેન નારણભાઈ પોપટાણી (૨) શ્રી નિર્મળાબેન નારણભાઈ પોપટાણી વા/ઓ. વિનોદભાઈ ગોંડલીયા (૩) શ્રી ભારતીબેન નારણભાઈ પોપટાણી વા/ઓ. દિપકભાઈ ગોહેલ (૪) શ્રી અરવિંદભાઈ નારણભાઈ પોપટાણી (૫) શ્રી પ્રતાપભાઈ નારણભાઈ પોપટાણી** ના સયુંકત નામે અને ખાતે આવેલ છે જે ખેતીની ખેડાવાણ જમીન માંહેથી પશ્ચિમ તરફની જમીન **હે.આરે.ચો.મી. ૦-૪૦-૪૭** ના ક્ષેત્રફળની પિયત પ્રકારની ખેતીની ખેડવાણ જમીન તેઓ પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

ઉપરોકત ખેડવાણ જમીન પરત્વે કે તેના માલીકી હકક, કબજા બાબતે, ટાઈટલ બાબતે રસ્તા બાબતે કે અન્ય કોઈ બાબતે કોઈ કોઈપણ પ્રકારનો લાગભાગ હકક, હિત, હિસ્સો દર-દાવો, લેણુ, કરજ, બોજો, ગીરો, ભરણપોષણ કે વારસાઈ હકક કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૧૦ (દસ)** માં નીચેના સરનામે લેખીત આધાર, પુરાવા સાથે જાણ કરવી, મુદત વિત્યે કોઈના વાંધા તકરાર નહી આવે તો વાંધો તકરાર નથી અને હોય તો તે સ્વેચ્છાએ જતો કરેલ છે તેમ માની મારા અસીલ ઉપરોકત જમીન પરત્વેના વેચાણ વ્યવહાર પુર્ણ કરી પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી કબજો સંભાળી લેશે. ત્યારબાદના વાંધા તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

તા.૨૦/૦૧/૨૦૨૬, રાજકોટ

(એડવોકેટસ)

વિપુલ વી. પટેલ | એમ. જે. પટેલ
જયેશ જી. પટેલ

ઓફિસ : ૩૦૧-રવિરાજ કોમ્પલેક્ષ, સેકન્ડ ફલોર, બાલાજી હોલ પાસે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી પ્લોટ, રાજકોટ, મો. ૯૮૭૯૫ ૨૨૨૯૬

vision-9265724453

રાજકોટ તાલુકાના ગામ હડમતીયા (બેડી) ના રેવન્યુ સર્વે નં.૨૨૫/૧/ પૈકી૧ ની 'ઢેઢિયુ' તરીકે ઓળખાતી ખેડવાણ જમીન એકર ૩–૩૬ ગુંઠા અંગે.

જાહેર નોટીસ

ગુજરાત રાજયના, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ તાલુકાના ગામ **હડમતીયા (બેડી)** ના **રેવન્યુ સર્વે નં.૨૨૫/૧/પૈકી ૧** ની **"ઢેઢિયુ"** તરીકે ઓળખાતી **ખેડવાણ જમીન હે.આરે.ચોમી.૧–૫૭–૮૨ હીરબાઈ આપાભાઈ સોનારા** રહે. બ્લોક નં.૨, ઠાકોર દ્વાર–૨, પ્લોટ નં.૧૫–૧૯–૨૧, શેરી નં.૧, મોરબી રોડ, રાજકોટના સ્વતંત્ર કબજા,ભોગવટા અને માલિકીની આવેલ છે.અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીનના માલિક પાસેથી ખરીદ કરવા માંગે છે.સદરહુ ખેડવાણ જમીન બાબતે જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ,હકક,હિત કે હિસ્સો, બક્ષીસ, ગીરો, દરદાવો કે અન્ય કોઈપણ રીતે વાંધા તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી **દિવસ–૮ (આઠ)** માં અમોને નીચેના સરનામે લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી.જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર આવશે નહીં, તો ઉપરોકત ખેડવાણ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હિત કે હિસ્સો નથી અને હોય તો તે જતા કરેલ છે.તેમ સમજી અમારા અસીલ ઉપરોકત ખેડવાણ જમીન ખરીદ કરશે. ત્યારબાદ જો કોઈના વાંધા તકરાર આવશે, તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહીં.જેની તમામએ નોંધ લેવી. **રાજકોટ તા. ૨૦-૦૧-૨૦૨૬**

સૌરભ પી. પટેલ - એડવોકેટ

'આદર્શ સુખમ'. ફોર્થ ફ્લોર. સંસ્કાર અને નક્ષત્ર-૨ બીલ્ડીંગની પાસે. કેકેવી. ચોકની પાસે. ૧૫૦ ફુટ રીંગ રોડ. રાજકોટ.

:: મહેન્દ્રનગર ગામના પ્લોટ અંગે ::

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામ ને જાણ કરવાની કે ગુજરાત રાજ્યના મોરબી જિલ્લાના મોરબી તાલુકાના મોજેગામ મહેન્દ્રનગર ના રેવન્યુ સર્વે નં. ૧૬૦/૧, ૧૬૧ પૈકી, ૧૬૨ પૈકી, ૧૬૨/૧ પૈકી, ૧૬૩/૧ પૈકી, ૧૬૩/૧ પૈકી, ૧૬૩/૧પૈકી, ૧૬૩/૧પૈકી, ૧૬૪ પૈકી, ૧૬૪/૧ પૈકી, ૧૬૪ પૈકીની મળી કુલ જમીન ચો.મી. ૧૭૮૬૭૧-૦૦ ક્ષેત્રફળવાળી ઔદ્યોગીક હેતુમાથી રહેણાંક હેતુ માટે હેતુફેર થયેલ જમીનના પ્લોટ્સ પૈકી નીચે જણાવ્યા મુજબના પ્લોટ્સની જમીન તેની સામે દર્શાવેલ માલીકોના સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીના આવેલ છે.

પ્લોટ નંબર	ચો.મી.આ.	માલીકનું નામ
૫૩૧	૧૨૧-૯૨	સંજયભાઈ વસંતભાઈ બુસા
૫૩૨	૧૩૬-૪૦	
૫૩૩	૧૪૮-૫૯	
૫૫૦	૧૪૮-૫૯	
૫૫૧	૧૩૬-૪૦	
૫૫૨	૧૨૧-૯૨	

ઉપર જણાવ્યા મુજબના ખુલ્લી જમીનના પ્લોટસ તેના ઉપરોકત જણાવેલ માલીક પાસેથી ખરીદ કરવા મારા અસીલ ઇચ્છા ધરાવે છે, જેથી ઉપરોકત દર્શાવેલ મિલ્કતના માલીકી, ટાઈટલ, કબજા પરત્વે કે આ વેચાણ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ મિલ્કતમાં કોઈનો હકક, હિત, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે અન્ય કોઈ હકક કે હિત સંકળાયેલ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ - ૮ (આઠ) માં નીચેના સરનામે દસ્તાવેજી પુરાવા સાથે લેખીત જાણ કરવી. મુદત વિત્યે કોઈને કોઈ વાંધો તકરાર નથી અને હોય તો જતાં કરેલ છે તેમ માની અમારા અસીલ ચુકતે અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી, કબ્જો ભોગવટો સંભાળી લેશે. ત્યાર બાદ કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દાવો, વાંધો, તકરાર મારા અસીલ ને બંધનકર્તા રહેશે નહી જેની સર્વેએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ, તા. ૨૦/૦૧/૨૦૨૬ — અમારા મારફત (અસીલની સૂચનાથી)

બી. એમ. પટેલ

એસ. એમ. પટેલ, જે. એમ. પટેલ, પિયુષ ડી. પટેલ, વિમલ વી. ઢોંગા - એડવોકેટસ

બી. એમ. પટેલ એસોસીએટ્સ, ૩૦૩/૩૦૪, સંસ્કાર કોમ્પ્લેક્ષ, ૧૫૦ ફુટ રીંગ રોડ, કે. કે. વી. હોલ સામે, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૪૨૬૯ ૬૦૨૫૧

સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટ ના મહે. 17th એડી. સીવીલ જજ એસ.એ.શેખ સાહેબની કોર્ટમાં, દિવાની પરચુરણ અરજી નં.૪૮/૨૦૨૬ અરજદાર **સ્વ.જયંતિભાઈ ભીમજીભાઈ ભાલોડીયા** ના કાયદેસરના વારસદાર દરજ્જે તેમના પત્નિ **શ્રીસુનીતાબેન જયંતિલાલ ભાલોડીયા** રહે. રાજકોટ એ **સ્વ. જયંતિભાઈ ભીમજીભાઈ ભાલોડીયા** ની નીચે મુજબની મિલ્કત ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ ના તાલુકો ટંકારાના મોજે ગામ હડાળા બીનખેતી રેવન્યુ સર્વે નં ૧૬૩ પૈકીના યોગેશ્વરનગર ના નામથી ઓળખાતા જમીનના પ્લોટસ પૈકી પ્લોટ નં-૨ ની જમીન ચો.વા.આ. ૨૬૦-૧-૦ બરાબર ચો.મી.આ. ૨૧૭-૪૮, પ્લોટ નં. ૩ ની જમીન ચો.વા.આ. ૨૬૦-૭-૦ બરાબર ચો. મી.આ. ૨૧૮-૦૨, પ્લોટ નં. ૪ ની જમીન ચો.વા.આ. ૨૬૧-૩-૦બરાબર ચો.મી.આ. ૨૧૮-૫૦, પ્લોટ નં. ૫ ની જમીન ચો.વા.આ. ૨૬૨-૦-૦ બરાબર ચો.મી.આ. ૨૧૯-૦૬, પ્લોટ નં. ૬ ની જમીન ચો.વા.આ. ૨૬૨-૭-૦ બરાબર ચો.મી.આ. ૨૧૯-૭૦, પ્લોટ નં. ૭ ની જમીન ચો.વા. આ. ૨૫૮-૦-૦ બરાબર ચો.મી.આ. ૨૧૫-૭૧, પ્લોટ નં. ૮ ની જમીન ચો.વા.આ. ૨૫૯-૩-૦ બરાબર ચો.મી.આ. ૨૧૬-૮૨ તથા પ્લોટ નં. ૯ ની જમીન ચો.વા.આ. ૨૬૫-૩-૦ બરાબર ચો.મી.આ. ૨૨૧-૮૦ એમ કુલમળી આઠ પ્લોટોની કુલ જમીન ચો.વા.આ. ૨૦૮૯-૬-૦ બરાબર ચો.મી.આ. ૧૭૪૭-૦૯ ની ખુલ્લી જમીન આવેલ છે. તે મિલ્કતનું વારસા સર્ટી. મેળવવા માટે તેમના વકીલ **અમિત.એમ.કોઠારી** તથા **શ્રી દેવાંગી.કે.વેગડા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સબંધે જે કોઇ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તા.૨૩-૦૨-૨૬ના રોજ સવારે૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહયે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ પણે નોંધ લેશો.

આજ તારીખ. ૧૭ માહે જાન્યુઆરી સને. ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યું.

તૈયાર કરનાર (શ્રીમતી. એન.પી. લાન) સુપ્રિટેન્ડન્ટ, રાજકોટ. — (કોર્ટનો સિક્કો) — રજીસ્ટ્રાર, પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ (આર.આર. રાવલ) સુપ્રિટેન્ડન્ટ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ રાજકોટના **શહેર રાજકોટનાં સોરઠીયાવાડીના નામથી ઓળખાતા વિસ્તારના રેવન્યુ સર્વે નં.૨૮૫/૨-૪ પૈકીના** બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૨૨/એ પૈકીની પુર્વ તરફની જમીન ચો.મી.આ.૭૯-૦૪ ઉપર આવેલ શેડ શ્રી ધીરૂભાઈ જેરામભાઈ કુકડીયા** ની સ્વતંત્ર માલીકી તથા કબજા ભોગવટાનો આવેલ છે. તેથી ઉપરોકત શેડ મારા અસીલે ખરીદ કરવાનુ નક્કી કરેલ છે.

સદરહું મિલ્કત બાબતે કે માલિકી હકક બાબતે કે ટાઇટલ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, લેણુ, કરજ, બોજો કે ભરણપોષણ, અધિકાર કે કોઇપણ જાતનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ-૭(સાત)** માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી.સદરહું મુદત દરમ્યાન કોઇપણનાં વાંધા, તકરાર નહીં આવે તો કોઇપણને કોઇપણ પ્રકારનાં વાંધા, તકરાર નથી અને હોય તો સ્વેચ્છાએ જતા (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહું મિલ્કતનો ચુકતે અવેજ ચુકવીને ધારાસર વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે ત્યારબાદ કોઇપણ વ્યકિતના વાંધા, તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી.

સ્થળ :-રાજકોટ , તારીખ :- ૨૦-૦૧-૨૦૨૬

જગદીશ બી. હરસોડા એડવોકેટ એન્ડ નોટરી

જે.બી.હરસોડા એન્ડ કું., લાલ પાર્ક-એ કોર્નર, બોલબાલા ૮૦ ફુટ રોડ, ઢેબર રોડ, ગણેશ કોમ્પલેક્ષની પાછળ, રાજકોટ. મો. નં. ૯૪૨૭૨ ૩૮૦૨૦

જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે, રાજકોટ શહેરનાં સમાવિષ્ટ ગામ **વાવડીના રેવન્યુ સર્વે નં. ૪૮ પૈકી ૨/પૈકી ૨** ની બીનખેડવાણ જમીનના પ્લોટસ જે **"મારૂતી ઈન્ડસ્ટ્રીયલ-૨"** ના નામે ઓળખાય છે. તે માંહેના પ્લોટસ પૈકી **પ્લોટસ નં. ૬ તથા ૭ પૈકી** ની જમીન **ચો.મી.આ. ૭૦-૪૮** ઉપર બાંધવામાં આવેલ સ્ટોર (શેડ) તથા **પ્લોટ નં. ૧૩ થી ૧૫** ના **સબ પ્લોટ નં.(૧૩+૧૪+૧૫)/૧** ની જમીન **ચો.મી.આ. ૨૦૯- ૭૦** માંહેથી પુર્વ તરફ આવેલ શેડ નં. ૧ ની જમીન **ચો.મી.આ. ૮૭-૨૯** ઉપર આવેલ શેડ તે **પ્રવિણભાઈ વિઠ્ઠલભાઈ વૈષ્ણવ**ની સ્વતંત્ર માલીકી,કબજા ભોગવટાનું આવેલ છે.તેઓ પાસેથી સદરહું શેડ મારા અસીલે ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સદરહુ જમીન સંબંધે કે જમીન ના ટાઈટલ સંબંધે કોઈનો કોઈપણ જાતનો ભાગ, લાગ, હકક-હિત, હિસ્સો, દર-દાવો, ગીરો બોજો, અગ્રહકક, ચાર્જ કે વારસાઈ હકક, ભરણ પોષણનો હકક, અન્ય કોઈપણ હકક કે લેણા અંગેની તકરાર અથવા બીજા કોઈપણ પ્રકારના હકક કે વાંધા તકરારો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિવસ-૭ (સાત)** માં નીચે જણાવેલ સરનામા ઉપર તમામ આધાર પુરાવા સાથે લેખિત જાણ કરવી. મુદત સમય દરમ્યાન કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો અમારા અસીલ આ નોટીસની મુદત પુરી થયે આ મિલકત સંબંધે કોઈને કશો વાંધો તકરાર નથી અને હોય તો જતા (Waive) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ મિલકતનો ચુકતે અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન અંગેની કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલને **''શુધ્ધ બુધ્ધિના''** ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી જેની આથી લાગતા વળતા તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ, તારીખ : ૨૦/૦૧/૨૦૨૬ અમારા મારફત

ગૌરાંગ કે. ધ્રુવ એડવોકેટ એન્ડ નોટરી મો.૯૯૭૯૭ ૦૨૩૪૯

ઓફીસ. ૪૨૩- ધ સ્પાયર- ૨, શીતલ પાર્ક સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.

જાહેર નોટીસ

આથી સમગ્ર જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના **રાજકોટ શહેર**ના **રેવન્યુ સર્વે નં.૧૩૨** પૈકીના રહેણાંક હેતુ માટેના બિનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન ના પ્લોટસ કે જે **''શ્રી ગ્રામ લક્ષ્મી કો.ઓ.હા.સોસા.લી.''** તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી **પ્લોટ નં.૮/અ ની જમીન ચો.મી.આ.૨૪૬-૬ ના સબ પ્લોટ નં.૮/અ-૨** ની જમીન માંહેથી પશ્ચિમ તરફની જમીન **ચો.મી. આ.૬૧-૮૧ બરાબર ચો.વા.આ.૭૩-૯૨** સહીત તેની ઉપર આવેલ ઉભાઈમલા વાળા મકાન **મોહનભાઈ મનજીભાઈ સિસોદીયા તથા વિજયભાઈ માણંદભાઈ બગડા** ની કુલમાલિકી તથા કબજા ભોગવટાનો આવેલ છે.

ઉપરોકત મિલ્કત મારા અસીલે મીલ્કત માલીકોને સુથી આપી ખરીદ કરવા નકકી કરેલ છે, સદરહુ મીલ્કતની માલીકી, કબજા ટાઈટલ કે વેચાણ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, વારસાઈ, બક્ષીસ, ગીરો, બોજો, દર દાવો, ભરણપોષણ કે અન્ય કોઈપણ વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયે **દિવસ-૦૭ (સાત)** માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર આવશે નહી તો સદરહુ મીલ્કત સબંધે કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક, હીત કે હિસ્સો નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે. તેમ સમજી મારા અસીલ દ્વારા સદરહુ મીલ્કત ખરીદ કરવામાં આવશે. ત્યારબાદ જો કોઈનો વાંધો તકરાર આવશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ, મારી સુચના તથા જાણ અનુસાર
તા.૨૦-૦૧-૨૦૨૬

કેલ્વીન એમ. ગજેરા એડવોકેટ મો. ૯૦૩૩૦ ૨૭૧૨૦

૧૩૧૩, ૧૩ માં માળે આર.કે.વર્લ્ડ ટાવર, શિતલ પાર્ક ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

વીરપુર જલારામધામમાં આસ્થાનો ત્રિવેણી સંગમઃ ભેટ-સોગાદ ન સ્વીકારવાના ઐતિહાસિક નિર્ણયને ૨૫ વર્ષ પૂર્ણ



વિશ્વનું એકમાત્ર એવું મંદિર જ્યાં શ્રદ્ધાળુઓ પાસેથી એક રૂપિયો પણ લેવાતો નથીઃ ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ લેવાયો હતો ક્રાંતિકારી નિર્ણયઃ 'દેને કો ટુકડા, ભલા કો રામ' પૂજ્ય બાપાનું સદાવ્રત ૨૦૬ વર્ષથી અવિરત, આજે પણ હજારો ભાવિકો લે છે વિનામૂલ્યે મહાપ્રસાદઃ ઝોળી-ધોકાની સાક્ષીએ બિરાજમાન સ્વયંભૂ હનુમાનજીનો પણ આજે પ્રાગટ્ય દિવસ

રાજકોટ તા.૨૦: સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરમાં આજે ભક્તિ અને ત્યાગનો ત્રિવિધ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં ભેટ-સોગાદ કે રોકડ રકમ સ્વીકારવાનું બંધ કર્યાને આજે ૨૫ વર્ષ (રજત જયંતિ) પૂર્ણ થયા છે. આજના ભૌતિક યુગમાં જ્યાં ધર્મનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે, ત્યાં વીરપુર એક મિસાલ બનીને ઊભું છે. સાથે જ બાપા દ્વારા શરૂ કરાયેલા સદાવ્રતને ૨૦૬ વર્ષ થયા છે અને આજના જ પાવન દિવસે જગ્યામાં હનુમાનજી સ્વયંભૂ પ્રગટ થયા હોવાની પણ માન્યતા છે.

રાજકોટથી આશરે ૫૫ કિલોમીટર દૂર આવેલું વીરપુર ગામ આજે આસ્થાના મહાસાગરમાં ડૂબેલું છે. પૂજ્ય જલારામ બાપાની પુણ્યભૂમિ પર આજનો દિવસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે કારણ કે આજે અહીં એક નહીં પણ ત્રણ-ત્રણ ઐતિહાસિક પ્રસંગોનું સાક્ષી બન્યું છે.

આજથી બરાબર ૨૫ વર્ષ પહેલાં, એટલે કે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજ પૂજ્ય જલારામ બાપાની જગ્યાના તત્કાલીન ગાદીપતિ પૂજ્ય જયસુખરામ બાપાએ એક યુગાંતકારી નિર્ણય લીધો હતો. તેમણે જાહેરાત કરી હતી કે હવેથી જલારામ મંદિરમાં ભક્તો પાસેથી રોકડ રકમ, સોનું, ચાંદી કે કોઈપણ પ્રકારની ભેટ-સોગાદ સ્વીકારવામાં આવશે નહીં. આજે આ નિર્ણયને ૨૫ વર્ષ થયા છે, છતાં જગ્યાનો વહીવટ અને પ્રસાદ સદાવ્રત અવિરત અને ભવ્ય રીતે ચાલી રહ્યા છે.

આ ઉપરાંત, પૂજ્ય જલારામ બાપાએ "ભૂખ્યાને ભોજન"ના મંત્ર સાથે જે પ્રસાદ સદાવ્રત શરૂ કર્યું હતું, તેને આજે ૨૦૬ વર્ષ પૂર્ણ થયા છે. બે સદીઓ વીતી ગઈ છતાં, અહીં આવતા હજારો દર્શનાર્થીઓને બપોરે અને સાંજે પૂર્ણ ભોજનરૂપી પ્રસાદ પ્રેમપૂર્વક અને વિનામૂલ્યે જમાડવામાં આવે છે.

આજના દિવસનું ત્રીજું મહત્ત્વ એ છે કે, બે સદી પૂર્વે પૂજ્ય બાપાની જગ્યામાં હનુમાનજી મહારાજ સ્વયંભૂ પ્રગટ થયા હતા. આજે પણ ભક્તો જ્યારે જગ્યામાં બાપાના ઝોળી અને ધોકાના દર્શન કરે છે, ત્યારે તેની બરાબર બાજુમાં આ ચમત્કારિક હનુમાનજીના દર્શન કરી ધન્યતા અનુભવે છે.(૨.૧૨)

આસ્થાનો પ્રવાહ અવિરત

પૂનમના દિવસે તો અહીં માનવ મહેરામણ ઉમટી પડે છે. સેંકડો ભાઈ-બહેનો પૂનમ ભરવા આવે છે. દર્શનાર્થીઓ માટે ભોજન પ્રસાદ ઉપરાંત પીવાનું ઠંડુ પાણી, રહેવાની વ્યવસ્થા અને ચા-પાણી પણ વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે. આજે ત્રિવિધ પ્રસંગ હોવાથી વહેલી સવારથી જ મંદિર પરિસરમાં "જય જલારામ"ના નાદ ગુંજી ઉઠ્યા હતા અને હજારો ભક્તોએ શીશ ઝુકાવીને બાપાના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે.(૨.૧૨)

૨૦૬ વર્ષ પૌરાણિક પ્રસાદ સદાવ્રત

પૂજ્ય જલારામ બાપાએ ઈ.સ. ૧૮૨૦ (વિક્રમ સંવત ૧૮૭૬) આસપાસ સદાવ્રતની શરૂઆત કરી હતી. શરૂઆતમાં સાધુ-સંતોને ભોજન કરાવતા, જે બાદમાં દરેક દર્શનાર્થી જીવ માટે ખુલ્લું મુકાયું. આજે ૨૦૬ વર્ષ પછી પણ, વીરપુરની જગ્યામાં કોઈપણ જ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના ભાવિકોને પ્રસાદ જમાડવામાં આવે છે. નવાઈની વાત એ છે કે દાન લીધા વિના પણ આ રસોડું હર હંમેશ ધમધમતું રહે છે.(૨.૧૨)

દાન સ્વીકારવાનું બંધ કરવાનો નિર્ણય કેમ લેવાયો હતો?

આજથી ૨૫ વર્ષ પહેલાં જગ્યાના ગાદીપતિ પૂજ્ય જયસુખરામ બાપાને વિચાર આવ્યો કે ભક્તો જે દાન આપે છે તેનો સદુપયોગ સદાવ્રત અને ગૌસેવામાં થાય છે, પરંતુ બાપાના આશીર્વાદ સદૈવ છે. બાપા હાજરાહજૂર છે. દાન નહીં સ્વીકારીએ તો પણ કોઈ જ વાંધો નહીં આવે તેનું આત્મસાત થઈ જતાં તેમણે પરિવારજનો અને ગાદીના વારસદાર વર્તમાન ગાદીપતિ પૂજ્ય રઘુરામ બાપા સાથે ચર્ચા કરી નિર્ણય લીધો કે "જલારામ બાપાના આશીર્વાદથી હવે સમાજ પાસેથી કઈ લેવું નથી, બસ આપવું છે."આ વિચાર સાથે ૯ ફેબ્રુઆરી ૨૦૦૦ના રોજથી દાન સ્વીકારવાનું સદંતર બંધ કરી દેવાયું, જે વિશ્વના ધાર્મિક ઈતિહાસમાં વિરલ ઘટના છે.(૨.૧૨)

રાષ્ટ્રસંત પૂ.નમ્રમુનિ મ.સા.ની પ્રેરણા: પૂ. વિનમ્રમુનિ મ.સા.ની નિશ્રા

ગાંધીનગરમાં ૩૬મી અર્હમ એનિમલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ



ગાંધીનગર, તા.૨૦: "એક પણ અબોલ જીવ અસમાધિમાં ન રહે"– આવી સંકલ્પબદ્ધ કરુણાભાવનાથી પ્રેરિત રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી કાર્યરત અર્હમ એનિમલ એમ્બ્યુલન્સ સેવાનો હવે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ પ્રારંભ થયો છે.

પૂજ્ય પરમ વિનમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે આયોજિત સમારોહમાં ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ આશિષકુમાર દવે તથા ધવલભાઈ દવે સહિતના રાજકીય અગ્રણીઓના હસ્તે અર્હમ એનિમલ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું.

લાઈવ માધ્યમ દ્વારા બોધવચન આપતાં પરમ ગુરુદેવે જણાવ્યું હતું કે, હૃદયમાં સંકલ્પ અને પુરૂષાર્થ જાગે તો અનેક જીવોને શાંતિ, સમાધિ અને પ્રસન્નતા આપી શકાય. મનુષ્ય માટે દોડતી એમ્બ્યુલન્સ જેટલી જરૂરી છે, એટલી જ જરૂરી અબોલ જીવો માટેની એનિમલ એમ્બ્યુલન્સ છે.

અર્હમ યુવા સેવા ગ્રુપ તથા ગાંધીનગર જૈન યુવા સેવા ગ્રુપના યુવાનો દ્વારા આ એમ્બ્યુલન્સનું સંચાલન કરવામાં આવશે. સાથે જ અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા ઠંડીથી બચાવ માટે ડોગ હાઉસનું વિતરણ કરવામાં આવ્યું હતું.(૩.૧૪)

૩૦૦ જેટલા જેલના નિવૃત અધિકારીઓ અને સ્ટાફે સાથે મળી જુની અવિસ્મરણીય યાદો વાગોળી

દુનિયા છોડી ગયેલાઓને શ્રદ્ધાસુમન, સિદ્ધિ મેળવનારને પુરસ્કૃત કરાયા: અમદાવાદમાં સહુ સ્નેહથી મળ્યા

રાજકોટ તા.૨૦: ગુજરાતની જેલોના સેવા નિવૃત ૩૦૦ જેટલા અધિકારીઓ અને સ્ટાફનુ વાર્ષિક સ્નેહ મિલનમાં જેલ જીવનના જુના સંસ્મરણો સહુએ વાગોળી પોતાની કારકિર્દીની સોનેરી યાદી તાજા કરી અને સહુ એ મધુર સ્મૃતિમાં ખોવાઈ ગયા હોય તેવી અનુભૂતિ કરી હતીં.

આ સ્નેહમિલન માં અવસાન પામેલા નિવૃત સાથી મિત્રો ને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે ૭૦ વર્ષ થી વધુ ઉંમર પૂર્ણ કરેલ નિવૃત જેલ અધિકારી / કર્મચારીઓ તથા જેલ સેવામાં રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરેલા અધિકારી/કર્મચારીઓ તેમજ વર્ષ ૨૦૨૫ માં . નિવૃત થયેલા અધિકારી/કર્મચારીઓનુ સન્માન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા જેલ વિભાગની વડી કચેરી, જેલ સ્ટાફ તાલીમ



શાળા અને અમદાવાદ મધ્યસ્થ જેલનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયેલ હતો.(૭.૨૩)

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા અવધ સ્નેક્સ બ્રાન્ડને નવી ઊંચાઈએ પહોંચાડવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ



રાજકોટઃ ઈન્દોર, મધ્યપ્રદેશથી કાર્યરત પ્રતાપ સ્નેક્સ લિમિટેડ આજે ભારતની ઝડપથી વિકસતી સંગઠિત સ્નેક્સ કંપની તરીકે ઓળખાય છે. કંપનીની શરૂઆત ૨૦૦૩માં પ્રકાશ સ્નેક્સ તરીકે થઈ હતી અને વર્ષ ૨૦૦૯માં તેને પ્રતાપ સ્નેક્સ લિમિટેડ તરીકે પુનઃસ્થાપિત કરવામાં આવી. આજે પ્રતાપ સ્નેક્સ "**Yellow Diamond**" અને "**Avadh Snacks**" જેવા લોકપ્રિય બ્રાન્ડ્સ દ્વારા દેશભરમાં કરોડો ગ્રાહકોનો વિશ્વાસ જીતતી આવી હોવાનું કંપનીની યાદીમાં જણાવાયું છે.

પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા **Yellow Diamond** બ્રાન્ડ અંતર્ગત પોટેટો ચિપ્સ, એક્સ્ટ્રુડેડ સ્નેક્સ, નમકીન અને ફાયમ્સનું ઉત્પાદન થાય છે, જ્યારે **Avadh Snacks** બ્રાન્ડ હેઠળ ચિપ્સ, નમકીન, ફાયમ્સ, કેક, એક્સ્ટ્રુડેડ, કન્ફેક્શનરી સહિત વિવિધ સ્નેક્સ પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરવામાં આવે છે. કંપની દરરોજ અંદાજે ૧.૨ કરોડ પેકેટ્સનું વેચાણ કરે છે અને દેશભરમાં સ્થિત ૧૫ ઉત્પાદન પ્લાન્ટ દ્વારા ઉત્પાદન ક્ષમતા સતત વધારી રહી હોવાનું પણ જણાવાયું છે.

પ્રતાપ સ્નેક્સ લિમિટેડનું વિતરણ નેટવર્ક પણ ખૂબ મજબૂત છે, જેમાં ૫,૨૦૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ જોડાયેલા છે અને અંદાજે ૨૫ લાખ રિટેલ દુકાનો પર કંપનીના પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે. વાર્ષિક અંદાજે રૂા.૧,૮૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી આ કંપની ભારતના નમકીન સેગમેન્ટમાં ટોચની ૫ કંપનીઓમાં સ્થાન ધરાવે છે.

વર્ષ ૨૦૧૯માં પ્રતાપ સ્નેક્સ લિમિટેડ દ્વારા ગુજરાતની પ્રતિષ્ઠિત બ્રાન્ડ અવધ સ્નેક્સનું ટેકઓવર કરવામાં આવ્યું હતું. અવધ સ્નેક્સ અતિ આધુનિક મશીનરી દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરે છે અને ગુજરાતમાં મજબૂત ઓળખ ધરાવે છે. અવધ બ્રાન્ડ સાથે હાલમાં ૩૫૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સ અને ૧,૨૫,૦૦૦થી વધુ રિટેલર્સ જોડાયેલા છે. કંપનીમાં ૨૫૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે, જેમાં ૧૨૫થી વધુ મહિલા કર્મચારીઓનો સમાવેશ થાય છે.અવધ બ્રાન્ડના નેટવર્કને વધુ મજબૂત બનાવવા અને વ્યવસાયિક વિસ્તરણ માટે તાજેતરમાં શ્રી કેતનભાઈ તન્નાને બિઝનેસ હેડ (અવધ બ્રાન્ડ) તરીકે નિમણૂંક કરવામાં આવી છે. તેમની સાથે શ્રી રવિન્દ્ર ભાદુરીયા (બિઝનેસ હેડ સેલ્સ), શ્રી સુનિલ વાઘેલા (રીજનલ સેલ્સ મેનેજર ગુજરાત), શ્રી બટુકભાઈ શિયાળ (સિનિયર સેલ્સ ડેવલોપમેન્ટ મેનેજર) અને શ્રી નવીન યાદવ (પ્રોડકશન હેડ) પોતાની સેવાઓ આપી રહ્યા છે.

અવધ બ્રાન્ડના સેલ્સ અને બ્રાન્ડની પ્રસિદ્ધિને વધુ વેગ આપવા માટે નમકીન ઉદ્યોગમાં પ્રથમ વખત ૨૦૨૬ના નવા વર્ષની શરૂઆતમાં રિટેલર્સ માટે ભવ્ય "સ્ક્રેચ એન્ડ વિન ઓફર" લોન્ચ કરવામાં આવી છે. આ ઓફર હેઠળ રિટેલર્સ અવધ પ્રોડક્ટ્સની રૂા.૧,૨૦૦ની ખરીદી પર સ્ક્રેચ કૂપન મેળવી શકે છે, જેમાં તાત્કાલિક ગિફ્ટ્સ ઉપરાંત ત્રણ માસિક ડ્રો અને અંતે એક મેગા ડ્રોમાં ૨ કરોડ રૂપિયાથી વધુના ઈનામો જીતવાની તક મળશે. મેગા ડ્રોમાં પ્રથમ ઈનામ રૂા.૨૧ લાખ રોકડ, બીજું ઈનામ રૂા.૧૧ લાખ રોકડ અને ત્રીજું ઈનામ રૂા.૫ લાખ રોકડ રાખવામાં આવ્યા છે. આ સિવાય અનેક આકર્ષક ઈનામો પણ આપવામાં આવશે. તેવી કંપનીએ જાહેરાત કરી છે.

કંપનીનું માનવું છે કે રિટેલર્સ જેટલું વધુ અવધ પ્રોડક્ટ્સનું વેચાણ કરશે, તેટલો વધુ લાભ અને ઈનામો મેળવશે. આ પહેલ દ્વારા અવધ બ્રાન્ડ અને રિટેલર્સ વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનશે.

આ સ્કીમ અંગે વધુ માહિતી માટે ૯૯૦૯૭૭૭૯૭૭ પર સંપર્ક કરી શકાય છે, જ્યારે ટ્રેડ ઈન્ક્વાયરી માટે ૯૫૧૨૪૦૦૩૧૯ પર સંપર્ક કરવા વિનંતી છે. "અવધ વેચો અને લખાણેલા ઈનામો જીતો"(૩૮.૩૩)



શ્રીકૃષ્ણ ચિકિત્સાલય ખાતે રાહત દરે સેવા

રાજકોટ : તા.૨૦, લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલીત શ્રીકૃષ્ણ ચિકિત્સાલય ખાતે કાન, નાક, ગળાના રોગોના નિષ્ણાત ડો. હિમાંશુ જે ઠક્કર, આંખના રોગોના નિષ્ણાત ડો. પ્રિતેષ સજ્યાણી સોમથી શુક્ર સવારે ૯થી ૧, સાંજે ૪થી ૬, રાહત દરે સેવા આપે છે. દર્દીઓને લાભ લેવા જણાવાયું છે.(૪૧.૨)

'આપ'ના પ્રદેશ સહ સંગઠન મંત્રી શિવાજી ડાંગરનો જન્મદિવસ

રાજકોટ : મોરબી જીલ્લાના રવાપર ગામના ખેડૂત પરિવારના અને રાજકોટને કર્મભૂમિ બનાવનાર શિવાજી ડાંગરનો આજે જન્મદિવસ છે.



તેઓ શનેશ્વર ક્રેડીટ કો-ઓપ. સોસાયટીના ચેરમેન તરીકે જોડાયેલ છે. મોરબી જીલ્લાના પ્રભારી, ગુજરાત પ્રદેશ દ્વારા સંગઠન મંત્રીની જવાબદારી સોંપવામાં આવી. તેઓ શિવાજી ડાંગર ગોલમાલ, અગન જવાલા, સ્ટાર ન્યુઝના માધ્યમથી પત્રકારત્વમાં પણ કાર્ય બજાવી ચૂકયા છે. તેમના જન્મદિને તેમના પરિવારના અશોક ડાંગર, રાજુભાઈ બોરીચા, તેમજ આપમાંથી પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયા, સંગઠન મંત્રી અજિત લોકિલ સહિતના તેમના મો. ૭૮૭૮૪૪૪૪૮૮ પર શુભેચ્છા વરસાવી રહ્યા છે.(૩૬.૩)

કૃષિ વિભાગના નાયબ સચિવ રાજેષ જોષીનો જન્મદિન

રાજકોટઃ રાજયના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના નાયબ સચિવ (સચિવાલય કેડર) તરીકે ફરજ બજાવતા શ્રી રાજેષકુમાર જે. જોષીનો જન્મ તા. ૨૦ જાન્યુઆરી ૧૯૭૧ ના દિવસે થયેલ. આજે ૫૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

તેઓ પશુપાલન અને મત્સ્યોદ્યોગને લગતી કામગીરી સંભાળે છે. ફોન નં. ૦૭૯ ૨૩૨૫૧૪૮૪, મો. ૯૪૨૮૭ ૭૦૩૫૦ ગાંધીનગર.(૨.૧૦)

ગુરૂવારે રઘુવંશી રાજવી શ્રી રાણા જશરાજજીનો ૯૬૮મો શૌર્યદિન : રાજકોટમાં મહારક્તદાન કેમ્પ યોજાશે

રઘુવંશી યુવા શકિત સંઘ અને સમર્પણ હોસ્પિટલના ઉપક્રમે આયોજન : રકતની ૪૫૦થી વધુ બોટલ એકત્ર થવાનો અંદાજ : રકતદાતાઓએ નામ નોંધાવી દેવું

રાજકોટ : આગામી તા. ૨૨ જાન્યુઆરી ગુરૂવારના રોજ રઘુકુળ ભૂષણ અને લોહરગઢ (હાલ પાકિસ્તાન સ્થિત)ના અંતિમ હિન્દુ અને રઘુવંશી રાજવી શ્રી રાણા જશરાજજીના ૯૬૮ માં શૌર્ય દિન છે. આ દિવસે શ્રી રાણા જશરાજજીએ હિન્દુ ધર્મના સ્વાભિમાન તેમજ ગૌ માતાની રક્ષા માટે ચાલુ લગ્નના ફેરેથી નીકળીને અફઘાની ફોજની સમક્ષ યુદ્ધ માંડયું હતું અને અંતે તેઓએ અંતિમ શ્વાસ સુધી લડી વીરગતિ વ્હોરી હતી.

આ દિવસે એવું કહેવાય છે કે, ક્રૂર અફઘાનીએ વિશ્વાસઘાત કરેલ અને વીર શ્રી રાણા જશરાજજીનું માથું ધડથી ઊતારી નાંખ્યું હતું તેમ છતાં જશરાજજીના ધડએ ધર્મની રક્ષા માટે બે દિવસ યુદ્ધ કરી અને લોહરગઢની રક્ષા કરી હતી. આથી તમામ હિન્દુ ધર્મ અને રઘુવંશી પરિવારો દ્વારા આ દિવસ નિમિતે વિવિધ કાર્યક્રમો આયોજિત કરી જશરાજજીએ આપેલ બલિદાનને યાદ કરવામાં આવે છે.

આથી શ્રી રઘુવંશી યુવા શકિત સંઘ દ્વારા ૨૨ મી જાન્યુઆરી ગુરૂવારના રોજ રાજકોટ સંગઠનની ટીમ દ્વારા રાજકોટ શહેરના ૧૫૦ ફિટ રીંગ રોડના રામાપીર ચોક પાસે આવેલ સમર્પણ હોસ્પિટલ ખાતે સવારે ૯ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધીનું ભવ્ય મહારકતદાન કેમ્પનું આયોજન કરેલ છે. સંગઠનના સંસ્થાપક અને ગુજરાત પ્રમુખ કે.ડી. રઘુવંશી (કાછેલા ધવલ) વધુ જણાવતા કહ્યું હતું કે આ રકતદાન કેમ્પમાં રાજકોટ શહેર ઉપરાંત જામનગર, જૂનાગઢ, ગોંડલ, જેતપુર, મોરબી, સુરેન્દ્રનગર, અમદાવાદ, કચ્છ વગેરે જિલ્લા અને તાલુકાએથી મોટી સંખ્યામાં રકતાદાતાઓ રકતદાન કરશે.

આ કેમ્પમાં રકતદાન કરવા ઈચ્છુક તમામ રકતદાતાઓએ મો. નં. ૮૮૬૬૧૮૮૮૨૦ પર પોતાનું નામ રજીસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી કરાઈ છે.

સમર્પણ હોસ્પિટલ, શ્રી રાજ સિકયુરીટી સર્વિસ, શ્રી પુરુષાર્થ સ્કુલ, શ્રીમતી જે.જે. કુંડલિયા કોમર્સ કોલેજ, એલ્યુમિની એસોસીએશન, શ્રી કોચિંગ કલાસીસ એસોસીએશનનો સહયોગ મળેલ હોવાનું યાદીમાં જણાવાયું છે.

તસ્વીરમાં અકિલાના મોભી શ્રી કિરીટભાઈ ગણાત્રા સાથે રાજકોટ સંગઠનની ટીમના કે.ડી. રઘુવંશી, કુલદીપ રઘુવંશી, પાર્થ જોબનપુત્રા, જયભારત ધામેચા, કિશન ઉનડકટ, મીત અનડકટ, રામ લાલચેતા, પાર્થ નથવાણી, બિરેન જોબનપુત્રા, હાર્દિક કારિયા, મિહિર સોમૈયા, કાના અઢિયા, રાજ સોમૈયા, પાર્થ સોમૈયા, પાર્થ પલાણ, કપિલ ચોટાઈ, પ્રિન્સ કટારીયા, આર્યન ચંદારાણા, હર્ષ ખખ્ખર, વૈભવ માણેક નજરે પડે છે.(૩૬.૬)

રાજકોટ, સુરત, અમદાવાદના એક સમયના કલેક્ટર

નિવૃત પણ વિવિધ ક્ષેત્રે પ્રવૃત વસંતભાઇ ગઢવીનો જન્મદિન

રાજકોટઃ ગુજરાતના આઈ.એ.એસ. કેડરના નિવૃત અધિકારી વસંતભાઈ ગઢવીનો જન્મ તા. ૨૦ જાન્યુઆરીના ૧૯૫૩ના દિવસે થયેલ. આજે ૭૪માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેઓ એમ.કોમ.ની પદવી ધરાવે છે. તેઓ હાલ અદાણી ગ્રુપની સેવાકીય પ્રવૃતિ કરતી સંસ્થા અદાણી ફાઉન્ડેશનમાં વહીવટી નિયામક તરીકે સેવા આપે છે લેખન અને વ્યાખ્યાન ક્ષેત્રે પણ સક્રિય છે.શ્રી વી. એમ. ગઢવી અગાઉ કચ્છમાં જિલ્લા વિકાસ અધિકારી રાજકોટ, સુરત અને અમદાવાદ જિલ્લા કલેકટર, રાજયના માહિતી નિયામક મનોરંજન કર કમિશનર સહકાર સચિવ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીમાં અધિક મુખ્ય વહીવટી અધિકારી, નાણા નિગમના મેનેજીંગ ડીરેકટર, ખનીજ વિકાસ નિગમ મેનેજીંગ ડીરેકટર, પાણી પુરવઠા વિભાગના સચિવ પાણી પુરવઠા બોર્ડના ચેરમેન મહેસુલ વિભાગમાં અગ્રસચિવ, મુખ્ય માહિતી અધિકાર કમિશનર વગેરે પદ પર ફરજ બજાવી ચુકયા છે. મો. ૯૦૯૯૯ ૯૧૦૬૩ અમદાવાદ.(૨.૧૦)

ઝાંસીમાં નિવૃત રેલ કર્મીએ લિવ-લન પાર્ટનરની હત્યા કરી

૨૫ વર્ષ નાની પ્રેમિકા સાથે હેવાનિયતઃ હત્યા કરી ચુલામાં લાશ સળગાવી: બોક્સમાં અસ્થિ લઇ નીકળ્યો



લાશને ૧૦ દિવસ રૂમમાં રાખી: ટુકડા કરી તેને ચૂલામાં સળગાવી આખરે ભાંડો ફૂટયો

ઝાંસી તા.૨૦: ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સિટી કોતવાલી અને સિપરી બજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક નિવૃત્ત રેલવે કર્મચારીએ તેના લિવ-ઈન પાર્ટનરની ક્રૂરતાથી હત્યા કરી અને પુરાવાનો નાશ કરવા માટે ઘણા દિવસો સુધી મૃતદેહ સાથે રહીને તેને સળગાવી દીધો. આ સમગ્ર મામલો બ્લૂ બોક્સમાં ખુલ્યો જેમાં મહિલાની રાખ અને હાડકાના અવશેષો મળી આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીની ઓળખ રામ સિંહ ઉર્ફે બ્રિજ ભાન તરીકે થઈ છે, જે નિવૃત્ત રેલવે કર્મચારી હતો. મૃતક, જેની ઓળખ ૪૦ વર્ષીય પ્રીતિ તરીકે થઈ છે, તે તેની સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. આરોપીએ સિપરી બજાર વિસ્તારમાં એક રૂમ ભાડે લીધી હતી. ઘટનાના દિવસે તેણે ત્યાં પ્રીતિ સાથે દારૂ પીધો હતો. દારૂ પીધેલી હાલતમાં બન્ને વચ્ચે ઝઘડો થયો હતો, જેના કારણે રામ સિંહે પ્રીતિની હત્યા કરી હતી.

હત્યા પછી, આરોપીએ મૃતદેહને ધાબળા અને તાડપત્રીમાં લપેટીને એક બ્લૂ બોક્સમાં મૂકી દીધો. ઠંડીનો લાભ લઈને, તેણે ધીમે ધીમે લાકડા ભેગા કર્યા અને રૂમની અંદર મૃતદેહના ટુકડા શાર્વનું શરૂ કર્યું અને તેને બાળવાનું શરૂ કર્યું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે આરોપી લગભગ સાત દિવસ સુધી દરરોજ શરીરના જુદા જુદા ભાગોને બાળતો રહ્યો. જ્યારે ફક્ત રાખ અને હાડકાં જ બચ્યા, ત્યારે તેણે તેમને કોથળાઓમાં બંધ કરીને બ્લૂ બોક્સમાં મૂક્યા. આરોપી આ બોક્સ તેના પુત્ર નીતિન દ્વારા બીજા ઘરે મોકલી દીધા. દરમિયાન, ઝાંસીના બ્રહ્મા નગર વિસ્તારમાં રહેતી ગીતા રાયકવાર નામની એક મહિલાના ઘરે બોક્સ પહોંચ્યું. ૧૭ અને ૧૮ જાન્યુઆરીની રાત્રે, પોલીસને ફુટા ચોપડા વિસ્તારમાં આ શંકાસ્પદ બ્લૂ બોક્સ વિશે માહિતી મળી. જ્યારે તેઓએ બોક્સ ખોલ્યું, ત્યારે તેમને માનવ હાડકાં અને રાખ મળી.

આ પહેલા, શનિવારે મોડી રાત્રે, એક ઓટો ડ્રાઈવર, જયસિંહ પાલ, ને પણ બોક્સ પર શંકા ગઈ. આરોપીએ બ્રહ્મા નગરથી મિનર્વા સ્ક્વેર સુધી એક ઓટો બુક કરાવી હતી. મુસાફરી દરમિયાન, બોક્સમાંથી દુર્ગંધ આવવા લાગી અને ગંદુ પાણી ટપકવા લાગ્યું. ઓટો ડ્રાઈવરે તાત્કાલિક પોલીસને જાણ કરી. પોલીસ આવે તે પહેલાં આરોપી ઘટનાસ્થળેથી ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો, પરંતુ તેને પકડી લેવામાં આવ્યો. પોલીસ તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે રામ સિંહનું અંગત જીવન વિવાદોથી ભરેલું હતું. તેણે અગાઉ બે લગ્ન કર્યા હતા અને બન્ને પત્નીઓને છોડી દીધી હતી. ત્યારબાદ તે પ્રીતિ સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહેવા લાગ્યો. પૂછપરછ દરમિયાન, આરોપીએ જણાવ્યું કે તે પ્રીતિ બીજા કોઈ સાથે પણ સંપર્કમાં હતી અને તે તેની સતત પૈસાની માગણીથી પરેશાન હતો. આના કારણે તેણે હત્યાનું પૂર્વયોજિત આયોજન કર્યું.

એસપી સિટી પ્રીતિ સિંહ અને સીઓ સિટી લક્ષ્મીકાંત ગૌતમે જણાવ્યું હતું કે પોલીસે પુરાવા એકઠા કર્યા છે અને મુખ્ય આરોપીએ ગુનો કબૂલી લીધો છે. આરોપીના પુત્ર સહિત બે લોકોની અટકાયત કરવામાં આવી છે. આ જઘન્ય ગુનામાં બીજું કોણ સંડોવાયું હતું તેની પણ પોલીસ તપાસ કરી રહી છે. આ ઘટના બાદ, વિસ્તારમાં ગભરાટનો માહોલ છવાઈ ગયો છે. પોલીસનું કહેવું છે કે તપાસ ચાલુ છે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.(૩૮.૧૮)

પાકિસ્તાન ૨૬ જાન્યુઆરી પહેલાં ભારતમાં કંઈક કરવાની વેતરણમાં

બંગલાદેશથી આતંકવાદીઓ જળમાર્ગે ઘૂસણખોરી કરે એવી શક્યતા



નવી દિલ્હી તા.૨૦: પ્રજાસત્તાક દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા ઇન્ટર સર્વિસિસ ઇન્ટેલિજન્સ (ISI) ભારતમાં મોટો હુમલો કરાવવાની તજવીજ કરી રહી છે એવી માહિતી ભારતીય ગુપ્તચર સંસ્થાઓને મળી છે. આપણી એજન્સીઓએ પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (PoK) ઉપરાંત બંગલાદેશના રસ્તે સંભવિત આતંકવાદી ઘૂસણખોરી થઈ શકે છે એવી શક્યતા વ્યક્ત કરી છે.

ભારતીય ગુપ્તચર સંસ્થાઓને માહિતી મળી છે કે ISI ૨૬ જાન્યુઆરી પહેલાં ભારતમાં કંઈક નાપાક કરવાની વેતરણમાં છે. સૂત્રોના કહેવા મુજબ PoKનાં લોન્ચપેડ સક્રિય છે પણ ત્યાંથી ઘૂસણખોરી સંભવ નથી થઈ રહી એટલે ISI બંગલાદેશના રસ્તે ભારતમાં ઘૂસવાની યોજના બનાવી રહી છે. એવી માહિતી મળી છે કે આતંકવાદીઓ જળમાર્ગે બંગલાદેશમાં પ્રવેશ કરશે.(૩૮.૧૬)

આખા ભારતમાં તબાહી મચાવવાની તય્યબાના આતંકવાદીની ધમકી

મે ૨૦૨૫માં ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના પંજાબ અને PoKમાં આતંકવાદી ઠેકાણાંઓને નિશાન બનાવ્યાં હતા

નવી દિલ્હી તા.૨૦: પાકિસ્તાની આતંકવાદી હાફિઝ સઈદના સંગઠન લશ્કર-એ-તય્યબાના કમાન્ડર આમિર ઝિયાએ ખુલ્લેઆમ કાશ્મીરમાં આતંક ફેલાવવાની અને ભારતમાં વિનાશ મચાવવાની ધમકી આપી છે. આમિર ઝિયા પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં લશ્કર-એ-તય્યબાનો કમાન્ડર છે.

લશ્કરની PoK વિંગ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં આમિર ઝિયાએ ભારત તરફ ઈશારો કરતાં કહ્યું હતું કે 'ગાયની પૂજા કરતો આપણો પાડોશી આજે આપણને ધમકી આપી રહ્યો છે. તેઓ એટલા હિમતવાન થઈ ગયા છે કે તેઓ PoK પર વિજય મેળવવાની વાત કરી રહ્યા છે, પરંતુ અમે અમારી લડાઈથી પાછળ હટીશું નહીં. અમે કાશ્મીરને આઝાદ કરીશું અને સમગ્ર ભારતમાં વિનાશ મચાવીશું. ગજવા-એ-હિન્દ માટે હવે બધાં જૂથોએ ભારત સામે એક થવાની જરૂર છે.' મે ૨૦૨૫માં ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનના પંજાબ અને PoKમાં આતંકવાદી ઠેકાણાંઓને નિશાન બનાવ્યાં હતાં. જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તય્યબાની ઘણી ઈમારતોનો નાશ કરવામાં આવ્યો હતો. હવે આ બન્ને આતંકવાદી જૂથો ફરીથી સક્રિય થઈ ગયાં છે. ગુપ્તચર એજન્સીઓએ આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તય્યબા અને જૈશ-એ-મોહમ્મદની સંગઠનાત્મક અને કાર્યકારી પ્રવૃત્તિઓ વિશે ચેતવણી આપી છે. એમાં કહેવામાં આવ્યું છે કે ઓપરેશન સિંદૂરના ૭ મહિના પછી બન્ને આતંકવાદી સંગઠનોએ ભરતી ફરી શરૂ કરી છે.

સૌથી નાની પુત્રી ૩ વર્ષની તો સૌથી મોટી ૨૧ વર્ષની છે: બેના નામ રાખ્યા છે કાફી-માફી

૩૮ વર્ષની મહિલાએ નવ પુત્રીઓ બાદ પુત્રને જન્મ આપ્યોઃ નામ રાખ્યું દિલખુશ

જીંદ તા.૨૦: થોડા દિવસો પહેલા હરિયાણાના જીંદમાં દસ પુત્રીઓ પછી પુત્રના જન્મના સમાચાર સામે આવ્યા હતા. હવે, તે જ જિલ્લાના ઉચાના કલાનથી આવી જ એક ઘટના સામે આવી છે. આ સમાચાર માત્ર એક પરિવારના આનંદને પ્રતિબિંબિત કરતા નથી, પરંતુ તે માનસિકતાને પણ ઉજાગર કરે છે જ્યાં આજે પણ પુત્રના જન્મને તહેવાર માનવામાં આવે છે અને પુત્રીઓ પુત્રની રાહ જુએ છે.



ઉચાના કલાનના રહેવાસી સુરેન્દ્રએ ૨૪ વર્ષના લગ્નજીવન પછી પુત્ર અને નવ પુત્રીઓનું સ્વાગત કર્યું. સિવિલ હોસ્પિટલમાં દીકરાના જન્મના સમાચાર મળતા જ પરિવાર અને સગાસંબંધીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. હોસ્પિટલ પરિસરમાં મીઠાઈઓ વહેંચવામાં આવી અને ઉજવણી કરવામાં આવી.

સુરેન્દ્રની પત્ની રીતુએ નવ દીકરીઓ પછી દસમા બાળકને જન્મ આપ્યો. પરિવારના સભ્યો કહે છે કે આ વખતે બધાએ દીકરા માટે પ્રાર્થના કરી હતી, જેથી દીકરીઓને ભાઈ મળે. વધુમાં, પરિવારના બીજા ભાઈને પણ ત્રણ દીકરીઓ છે, જેના કારણે કુલ ૧૨ બહેનોને એક ભાઈનો આશીર્વાદ મળ્યો છે. બે દીકરીઓના લગ્ન ગયા વર્ષે નવેમ્બરમાં થયા હતા. સૌથી નાની દીકરી ત્રણ વર્ષની છે. મોટી દીકરી ૨૧ વર્ષની છે. દીકરીઓનું નામ કલ્પના, આરતી, ભારતી, ખુશી, મનસુ, રજની, રાજીવ, કાફી અને માફી છે.

પરિવારની મહિલાઓ અને સગાસંબંધીઓ તેને ભગવાનનો આશીર્વાદ કહી રહ્યા છે. દીકરાનું નામ જાહેર કરતાં કાકીએ કહ્યું, ભગવાન બધાને ખુશ કર્યા છે. સિવિલ હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા મુજબ, ૩૮ વર્ષીય રીતુની ડિલિવરી સામાન્ય હતી, અને માતા અને પુત્ર બંને સ્વસ્થ છે. ડોક્ટરોએ સમજાવ્યું કે મહિલાને ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી કારણ કે તેના પહેલા નવ ડિલિવરી થઈ હતી.

જોકે, આ આનંદી વાતાવરણ એક પ્રશ્ન ઉભો કરે છે શું સમાજમાં હજુ પણ પુત્રીનો જન્મ અસ્વીકાર્ય છે? જ્યારે સરકાર દીકરી બચાવો, દીકરીને ભણાવો જેવા અભિયાનો ચલાવી રહી છે, તો બીજી તરફ, એક મહિલાને પુત્રની ઈચ્છામાં ૧૦ વખત માતા બનવાની ફરજ પાડવામાં આવે છે. તેના ૧૦ માંથી બધી ૧૦ ડિલિવરી સામાન્ય હતી. આ સમાચાર સ્પષ્ટપણે દર્શાવે છે કે આધુનિક સમયમાં પણ, પુત્ર અને પુત્રી વચ્ચે ભેદભાવ રાખવાની માનસિકતા સંપૂર્ણપણે અદૃશ્ય થઈ નથી.(૩૮.૧૭)

તમારી પ્રેસનોટ-ફોટા મેઈલ કરજો

રાજકોટ શહેરની વિવિધ સંસ્થાઓને જણાવવાનું કે તમારા કાર્યક્રમ અંગેની પ્રેસનોટ અને ફોટા મેઈલ **akiladailyphoto@gmail.com** મોકલવા વિનંતી. મેઈલ કર્યા બાદ ફોન.૦૨૮૧-૨૪૪૫૩૫૪/ ૨૪૪૫૧૧૧ ઉપર જાણ કરવી જરૂરી છે.(૪૦.૨)

ભલે કાયદા મુજબ માતા કુદરતી વાલી હોય, પરંતુ બાળકના હિત અને તેના ઉછેરને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે

બાળકના ઉછેરમાં પિતાનો પ્રેમ અને શિસ્ત સર્વોપરી છે, હાઈકોર્ટે ચાર વર્ષના બાળકની કસ્ટડી પિતા પાસે યથાવત્ રાખી

અમદાવાદમાં ફેમિલી કોર્ટે બાળકની કસ્ટડી પિતાને સોંપતા આદેશને માતાએ ગુજરાત હાઇકોર્ટમાં પડકાર્યો હતો

અમદાવાદ તા.૨૦: અમદાવાદમાં ફેમિલી કોર્ટના ચુકાદાને પડકારતી એક મહત્ત્વની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યો છે કે બાળકના સર્વાંગી કલ્યાણ માટે પિતા પાસે રહેલી તેની કસ્ટડી યોગ્ય છે. હાઈકોર્ટે માતાની તે અરજી ફગાવી દીધી છે જેમાં તેણે પાંચ વર્ષથી ઓછી ઉંમરના પુત્રની કાયમી કસ્ટડીની માગ કરી હતી. કોર્ટે અવલોકન કર્યું કે બાળકના ઉછેરમાં પિતાનો પ્રેમ અને શિસ્ત સર્વોપરી છે, ભલે કાયદા મુજબ માતા કુદરતી વાલી હોય, પરંતુ બાળકના હિત અને તેના ઉછેરને પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે.

મોના અને મોહિત (ઓળખ છુપાવવા નામ બદલ્યા છે) લગ્ન વર્ષ ૨૦૧૫માં થયા હતા અને વર્ષ ૨૦૨૧માં તેમના પુત્રનો જન્મ થયો હતો. જોકે, દામ્પત્ય જીવનમાં અણબનાવ બનતા ઓક્ટોબર ૨૦૨૨માં બંનેએ પરંપરાગત રીતે છૂટાછેડા (કસ્ટમરી ડિવોર્સ) લીધા હતા. તે સમયે થયેલા કરાર મુજબ, માતાએ સ્વેચ્છાએ બાળકની કસ્ટડી પિતાને સોંપી હતી અને પોતે માત્ર મુલાકાતના અધિકારો રાખ્યા હતા. લગભગ એક વર્ષ બાદ માતાએ ફેમિલી કોર્ટમાં અરજી કરીને બાળકની ઉંમર પાંચ વર્ષથી ઓછી હોવાનું જણાવી કસ્ટડીની માગણી કરી હતી, જે ફેમિલી કોર્ટે ફગાવી દીધી હતી.



ફેમિલી કોર્ટના ચુકાદાને માતાએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો અને દલીલ કરી હતી કે, હિન્દુ માઈનોરિટી એન્ડ ગાર્ડિયનશિપ એક્ટની કલમ ૬ મુજબ, ૫ વર્ષથી ઓછી વયના બાળકની કસ્ટડી સામાન્ય રીતે માતા પાસે હોવી જોઈએ. તેમની આવક વધુ છે અને પિતા બે શિફ્ટમાં કામ કરતા હોવાથી બાળકનું ધ્યાન રાખી શકતા નથી. બીજી તરફ પિતાના વકીલે દલીલ કરી હતી કે જ્યારે બાળક માત્ર ૧૬ મહિનાનું હતું ત્યારે માતા તેને છોડીને જતી રહી હતી. પિતા પરિવારના અન્ય સભ્યો બાળકની સંભાળ રાખે છે. કોર્ટે ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે કાયદામાં 'ઓર્ડિનરી' (સામાન્ય રીતે) શબ્દનો પ્રયોગ થયો છે, જેનો અર્થ એ નથી કે દરેક કિસ્સામાં માતાને જ કસ્ટડી મળવી જોઈએ. બાળકના સર્વાંગી વિકાસ અને તેની પિતા સાથેની આત્મીયતાને જોતા ફેમિલી કોર્ટનો આદેશ યોગ્ય છે.

હાઈકોર્ટની ખંડપીઠે આ કેસમાં બાળકની રૂબરૂ મુલાકાત લીધા બાદ કેટલાક પાયાના અવલોકનો કર્યા હતા. કોર્ટે નોંધ્યું કે, બાળક ખૂબ જ શિસ્તબદ્ધ, વિવેકી અને સારા સંસ્કારો ધરાવે છે. તેના ઉછેરમાં કોઈ ખામી જોવા મળી નથી. બાળકના રિપોર્ટ કાર્ડ મુજબ તે અભ્યાસમાં 'વેરી ગૂડ' ગ્રેડ મેળવી રહ્યો છે અને પિતા તેની તમામ જરૂરિયાતો પૂરી કરી રહ્યા છે. રેકોર્ડ પર રહેલા ફોટોગ્રાફ્સ અને પુરાવાઓ સાબિત કરે છે કે પિતા અને પુત્ર વચ્ચે ગાઢ ભાવનાત્મક સંબંધ છે. કાયદામાં 'સામાન્ય રીતે' (Ordinarily) કસ્ટડી માતા પાસે રહેવી જોઈએ તેવું લખ્યું છે, પરંતુ બાળકના કલ્યાણને ધ્યાને રાખીને તે પિતાને પણ સોંપી શકાય છે.

કોર્ટે બાળકની કસ્ટડી પિતા પાસે રાખી હોવા છતાં, માતાના માતૃત્વના હકને માન્ય રાખતા આદેશો કર્યા છે કે માતા દર મહિનાના પહેલા અને ત્રીજા રવિવારે સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી બાળકને મળી શકશે. અઠવાડિયામાં એકવાર ૩૦ મિનિટ માટે વીડિયો કે વોઈસ કોલ પર વાત કરી શકશે. બાળકના જન્મદિવસે માતા તેની સાથે ૩ કલાક વિતાવી શકશે.(૩૮.૫)

વીડિયોમાં તેઓ મહિલાને ગળે લગાવતા અને ચુંબન કરતા જેવી અશ્લીલ હરકતો કરતા નજરે પડી રહ્યા છે

કર્ણાટકના DGPનો ઓફિસમાં અશ્લીલ વીડિયો વાઈરલઃ સસ્પેન્ડ

બેંગ્લોર તા.૨૦: કર્ણાટકના પોલીસ મહાનિર્દેશક (DGP - નાગરિક અધિકાર પ્રવર્તન) કે. રામચંદ્ર રાવને સોમવારે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર મહિલાઓ સાથે વાંધાજનક સ્થિતિમાં તેમના ઘણા વીડિયો વાઈરલ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા આ વીડિયોમાં, DGP રેન્કના અધિકારી ડો. રામચંદ્ર રાવ પોતાની વર્દીમાં ઓફિસમાં બેઠેલા જોવા મળે છે. તેમની સાથે એક મહિલા પણ છે. વીડિયોમાં તેઓ મહિલાને ગળે લગાવતા અને ચુંબન કરતા જેવી અશ્લીલ હરકતો કરતા નજરે પડી રહ્યા છે. આ વીડિયો સામે આવતા જ વહીવટી તંત્રમાં ખળભળાટ મચી ગયો છે.



જોકે, ૧૯૯૩ બેચના આ IPS અધિકારી રામચંદ્ર રાવે આ તમામ આરોપોને ફગાવી દીધા છે અને તેને મનઘડંત અને ખોટા ગણાવ્યા છે. તેમણે કહ્યું, હું સ્તબ્ધ છું. આ બધું મનઘડંત અને ખોટું છે. વીડિયો સંપૂર્ણપણે નકલી છે. તેમણે વધુમાં કહ્યું કે આ વીડિયો કદાચ આઠ વર્ષ જૂનો હોઈ શકે છે, જ્યારે તેઓ બેલગાવીમાં તૈનાત હતા. તેમણે આને પોતાની વિરુદ્ધનું ષડયંત્ર ગણાવ્યું છે આ મામલો સામે આવતા જ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વિભાગ પાસેથી વિસ્તૃત માહિતી લીધી છે. વીડિયો જોયા બાદ મુખ્યમંત્રીએ ગૃહ મંત્રાલય પાસેથી તાત્કાલિક રિપોર્ટ માંગ્યો છે. વીડિયો વાઈરલ થતાં જ રાવે ગૃહ મંત્રી જી. પરમેશ્વરને મળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમની મુલાકાત થઈ શકી ન હતી.(૩૮.૧૨)

પોલીસે મૃતક મહિલાના પતિ પર હત્યાનો કેસ ચલાવ્યો, પણ કાતિલ પાડોશી નીકળ્યો

પાડોશી યુવક સાથે મહિલાએ એવો વાયદો કર્યો નિભાવી ન શકતા ખેતરમાં લઈ જઈ સળગાવી નાખી



લખનઉ તા.૨૦: ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે જે મહિલાની હત્યાના કેસમાં તેના પતિને આરોપી માનીને ચાલી રહી હતી, તે નિર્દોષ નીકળ્યો અને અસલી કાતિલ કોઈ બીજો જ નીકળ્યો. પોલીસે મહિલાના હત્યાકાંડની તપાસ જેમ જેમ આગળ વધારી, તેમ તેમ શંકા પાડોશી પર વધતી ગઈ અને આખરે પાડોશી જ હત્યારો નીકળ્યો.

પોલીસે મૃતક મહિલાના પતિ પર હત્યાનો કેસ ચલાવ્યો, પણ કાતિલ પાડોશી નીકળ્યો. લખનઉના નગરામથી ગુમ મહિલાની હત્યાના આરોપમાં પોલીસે તેના પાડોશીની ધરપકડ કરી લીધી છે. ગત ૧૨ ડિસેમ્બરના રોજ નગરામના કુબહરા ગામની ૩૦ વર્ષીય પૂનમ ગુમ થઈ ગઈ હતી.

પતિ પીતામ્બરે નગરામ પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. પછી ૭ જાન્યુઆરીના રોજ ગામની નજીક સરસવના ખેતરમાં એક કંકાલ મળ્યું હતું. કંકાલ પાસે એક સાડી પણ મળી હતી. કંકાલનું હાલમાં ડીએનએ તપાસ થઈ રહી છે. પૂનમના પરિવારે તેના પતિ પિતામ્બર પર હત્યાનો આરોપ લગાવ્યો હતો. આ મામલામાં ફરિયાદ નોંધી પોલીસે તપાસ કરી રહી હતી. તપાસમાં સામે આવ્યું કે પૂનમને ૨૦ વર્ષીય પાડોશી આશીષ સાથે હંમેશા વાતચીત થતી હતી.

પૂનમે પોતાની મોટી બહેનની દીકરીના લગ્ન આશીષ સાથે કરાવવાનો વાયદો કર્યો હતો. પણ તેના લગ્ન બીજી જગ્યાએ થઈ ગયા. આ વાતથી આશીષ પૂનમથી નારાજ હતો. આશીષે ૧૨ ડિસેમ્બરના રોજ પૂનમને ખેતરમાં બોલાવી. જ્યાં ગળું દબાવીને આશીષે પૂનમની હત્યા કરી નાખી. ગુમ થવાની ફરિયાદ નોંધાયા બાદ પૂનમની લાશને આશીષે સરસવના ખેતરમાં જઈને છુપાવી દીધી. આશીષના ઘરેથી પૂનમની પાયલ, માળા અને કપડાં પણ મળી આવ્યા હતા.(૩૮.૨)

ઉત્તર પ્રદેશમાં ધુમ્મસને કારણે બાવીસ સ્થળોએ કુલ ૭૦ વાહનો ટકરાયાં, ૧૨ લોકોનાં મોત

દિલ્હીમાં ધુમ્મસને કારણે ફ્લાઇટો અને ટ્રેનો મોડી પડી- કાશ્મીરમાં હવે હાડ થિજાવતી ઠંડી પડી રહી છે

નવી દિલ્હી તા.૨૦: ઉત્તર પ્રદેશમાં ઠંડીની સાથે ફોગને કારણે વહેલી સવારે વિઝિબિલિટી ઝીરો થઈ જતાં અલગ-અલગ શહેરોમાં વાહનો એકબીજા સાથે ટકરાવાની બાવીસ ઘટનાઓ બની હતી. આ અકસ્માતોમાં ૧૨ લોકો માર્યા ગયા હતા અને કુલ ૭૫ લોકો ઘાયલ થયા હતા. એકલા અમરોહામાં જ ૧૫ વાહનો ટકરાયાં હતાં. નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ધુમ્મસને કારણે અનેક ફ્લાઇટ્સ ડિલે થઈ હતી. રાજ્યમાં ૧૦૦થી વધુ ટ્રેનો ધુમ્મસને કારણે લેટ પડી હતી.

હિમાચલ પ્રદેશમાં લાહૌલ સ્પીતિ અને ચંબામાં ભારે બરફવર્ષા થતાં સ્પીતિમાં ૨૫ ટૂરિસ્ટોનું વ્હીકલ બરફમાં ફસાઈ ગયું હતું. જોકે તાત્કાલિક પોલીસની હેલ્પ મળતાં ટૂરિસ્ટોનું રેસ્ક્યુ શક્ય બન્યું હતું.

કાશ્મીરમાં હવે હાડ થિજાવતી ઠંડી પડી રહી છે. ગઈ કાલે પહલગામમાં તાપમાન માઇનસ ૨.૬ ડિગ્રી હતું, જ્યારે સૌથી વધુ ઠંડા શહેર શોપિયાંનું ન્યુનતમ તાપમાન માઇનસ ૫.૬ ડિગ્રી નોંધાયું હતું.(૩૮.૮)

કેન્સરના કારણે છાત્રાના વાળ ખરી ગયા તો આખી સ્કૂલમાં બધાએ મુંડન કરાવી નાખ્યું

વાહ આને કહેવાય માણસાઈ! વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ક્લાસના બાળકો, શિક્ષકો અને અન્ય સ્ટાફ એક સાથે મુંડાયેલા માથા સાથે ઊભા છે

જોધપુર તા.૨૦: સોશિયલ મીડિયા પર હાલમાં એક ભાવુક કરનારો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેણે પણ આ વીડિયો જોયો તેમની આંખો ભીની થઈ ગઈ અને માણસાઈ પરનો વિશ્વાસ વધારે મજબૂત થયો. આ વીડિયોમાં એક સ્કૂલના તમામ બાળકો અને શિક્ષક એક જ સાથે માથા પર મુંડન કરાવેલા દેખાઈ રહ્યા છે. પહેલી નજરમાં આ દ્રશ્ય ચોંકાવનારું લાગશે, પણ તેની પાછળનું કારણ સામે આવ્યા બાદ લોકો તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા દાવા અનુસાર, આ વીડિયો જોધપુરનો હોવાનું કહેવાય છે, જ્યાં એક કેન્સર પીડિત વિદ્યાર્થિનીના જુસ્સાને વધારવા અને હિમત આપવા માટે સ્કૂલે એકસાથે મળીને દાખલો બેસાડ્યો.

વીડિયો અનુસાર, સ્કૂલની આ છાત્રા કેન્સર જેવી ગંભીર બીમારીથી ઝઝૂમી રહી છે. સારવાર દરમિયાન કીમોથેરેપી બાદ તેના વાળ ખરી ગયા. જેના કારણે તે માનસિક રીતે ખૂબ જ ટેન્શનમાં રહેવા લાગી. આ સ્થિતિમાં તેની સાથે ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એવું પગલું ઉઠાવ્યું, જેનાથી ન ફક્ત એ છાત્રાનું મનોબળ વધ્યું પણ સમાજને પણ સંવેદનશીલ અને સહાનુભૂતિનો મેસેજ આપ્યો.

કહેવાય છે કે જ્યારે છાત્રાના વાળ સારવાર દરમિયાન ખરી ગયા, તો તે ખુદને બાકી બાળકોથી અલગ અને નબળી અનુભવ કરવા લાગી. તેની માનસિક પીડાને સમજતા સ્કૂલના બાળકો અને શિક્ષકોએ સામૂહિક રીતે નિર્ણય લીધો કે તેઓ પણ પોતાનું માથું મુંડાવશે. તેનો ઉદ્દેશ્ય ખાલી એટલો હતો કે છાત્રાને એવો અહેસાસ ન થાય કે તે એકલી છે. જ્યારે છાત્રાએ પોતાના સહપાઠીઓ અને શિક્ષકોને પોતાની જેમ માથું મુંડાવતા જોયા તો તેનો આત્મવિશ્વાસ વધી ગયો અને ચહેરા પર સ્માઈલ આવી ગઈ.

વાયરલ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે ક્લાસના બાળકો, શિક્ષકો અને અન્ય સ્ટાફ એક સાથે મુંડાયેલા માથા સાથે ઊભા છે. કોઈના ચહેરા પર સહાનુભૂતિ તો કોઈના ચહેરા પર ગર્વ જોવા મળતો હતો. આ દ્રશ્ય એ બતાવે છે કે સ્કૂલ ખાલી ભણવાની જગ્યા નથી, પણ ભાવનાત્મક ટેકો આપનારો પરિવાર પણ બની શકે છે. વીડિયો સામે આવ્યા બાદ લોકો તેને માણસાઈ, દોસ્તી અને સાચા શિક્ષણનું ઉદાહરણ ગણાવી રહ્યા છે.

જો કે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો આ વીડિયો જોધપુરનો હોવાનું કહેવાય છે. પણ સત્તાવાર રીતે હજુ સુધી સ્કૂલ અથવા પ્રશાસન તરફથી તેની પુષ્ટિ થઈ નથી. તેમ છતાં વીડિયોમાં દેખાઈ રહેલી ભાવના અને ઉદ્દેશ્યને લઈને કોઈને પણ શંકા નથી. આ પહેલ એક રીતે સકારાત્મક મેસેજ આપે છે. જે સૌ કોઈને વિચારવા મજબૂર કરે છે.(૩૮.૩)



૨૭મીએ ફાઇવ-ડે બેંકિંગ મુદ્દે હડતાલનું એલાનઃ આગલા 3 દિવસ રજા છે : શુક્રવાર સુધીમાં બેન્કીંગ કામકાજ પતાવી લેવું હિતાવહ

૨૪-૨૫-૨૬-૨૭ જાન્યુ. એમ સતત ૪ દિવસ બેંકો બંધ રહેશેઃ સેવાઓ ઠપ્પ થશે

નવી દિલ્હી તા.૨૦: જો તમારે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં બેન્કને લગતું કોઈ કામકાજ છે તો ઝડપથી પૂર્ણ કરી લેજો કારણ કે બેન્ક સંગઠનોએ એક દિવસીય સંભવિત હડતાળનું એલાન કર્યું છે, ઉલ્લેખનીય છે કે બેન્ક હડતાળ એક દિવસની હોઈ શકે પણ બેન્કનું કામકાજ ચાર દિવસ સુધી ઠપ રહી શકે, કારણ કે યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ હડતાળ રાખવાનો નિર્ણય લીધો છે, જેથી બેન્ક કર્મચારીઓ હડતાળ પર જઈ શકે છે. જેના આગળના ત્રણ દિવસ(૨૪-૨૫-૨૬ જાન્યુઆરી) સત્તાવાર રીતે રજાઓ છે. એટલે બેન્કનું કામકાજ ૨૩ જાન્યુઆરી શુક્રવાર સુધીમાં આટોપી લેવું હિતાવહ છે.

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) દ્વારા જાહેર ૨૭ જાન્યુઆરી ૨૦૨૬એ સંભવિત બેન્ક હડતાળના નિર્ણયનું મુખ્ય કારણ સપ્તાહમાં પ દિવસ જ કામકાજ બે દિવસ રજા(ફાઇવ ડે વર્કિંગ)નો નિયમ લાગુ કરવાનું છે. UFBUએ એક નિવેદનમાં



જણાવ્યું હતું કે હાલ બેન્ક કર્મચારીઓને દરેક મહિનામાં બીજા અને ચોથા શનિવારે રજા મળે છે, બાકીના બે શનિવારે રજા જાહેર કરવા માર્ચ ૨૦૨૪માં વેતન સંશોધન કરાર મુજબ ઈન્ડિયન બેન્ક એસોસિએશન(IBA) અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU) વચ્ચે સહમતિ સધાઈ હતી. જેમાં સોમવાર થી શુક્રવાર સુધી પ્રત્યેક દિવસ ૪૦ મિનિટ વધારાના કામ કરવા પણ સહમતી બની હતી જેથી કામકાજના સમયમાં કોઈ કાપ મૂકવામાં આવ્યો નથી, પણ દુભાગ્યપૂર્ણ છે કે સરકારે વાસ્તવિક માંગ પર હજુ સુધી કોઈ ધ્યાન આપ્યું નથી.

૨૪ જાન્યુઆરીએ ચોથો શનિવાર, ૨૫ જાન્યુઆરીએ રવિવાર અને ૨૬ જાન્યુઆરી સોમવારના રોજ પ્રજાસત્તાક દિવસ હોવાથી રજા છે તે ઉપરાંત ૨૭ જાન્યુઆરીના રોજ બેન્કની રાષ્ટ્રવ્યાપી હડતાળ થાય તો વધુ એક દિવસ બેન્કનું કામ અવરોધાઈ શકે છે. જેવામાં બેન્ક શાખાઓ સંપૂર્ણ રૂપે ૨૮ જાન્યુઆરીથી ખૂલશે તેવી શક્યતાઓ છે. ચાર દિવસ

(જુઓ પાનુ ૧૦)

મનપાના જનરલ બોર્ડમાં વિપક્ષનો આક્રો મિજાજ: પ્લે કાર્ડ સાથે વિરોધ નોંધાવ્યો

ફલાવર બેડના પૈસા ઉઘરાવ્યા પણ સરકારને બીલ્ડરોનો ઠેંગોઃ કોંગ્રેસ



સામાન્ય સભામાં પ્લે કાર્ડ સાથે વિરોધ પ્રદર્શન કરતા કોંગ્રેસના નગરસેવકો કોમલબેન ભારાઈ, વશરામભાઈ સાગઠીયા તથા મકબુલભાઈ દાઉદાણી નજરે પડે છે. (તસ્વીરઃ અભિજીત બગથરીયા)

રાજકોટ, તા.૨૦: આજે મનપા શાસકોનું છેલ્લુ જનરલ બોર્ડ યોજાયું હતું. જેમાં કોંગ્રેસ નગર સેવકો દ્વારા શહેરના બિલ્ડરો દ્વારા વધારાના બાંધકામની રકમ ન ભરતા હોવાનો આક્ષેપ કર્યો હતો. ઉપરાંત મનપાની મિલ્કતો વેચવાનું બંધ કરો ના પ્લે કાર્ડ સાથે મનપા પહોંચ્યા હતા. આ તકે વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા, મકબુલભાઈ દાઉદાણી તથા કોમલબેન ભારાઈએ શાસકોને વિવિધ પ્રશ્ને આડે હાથ લીધા હતા.

વશરામભાઈએ ફલાવર બેડ મુદ્દે આકોશ વ્યકત કરી જણાવેલ કે, રાજકોટ બિલ્ડર એસોસિએશન અને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ રાજકોટ દ્વારા સરકારને રજૂઆતો કરી હતી જેના અનુસંધાને સરકારના તારીખ ૧૬ ઓકટોબર ૨૦૨૫ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા એક હુકમ કરવામાં આવે છે છે કે રાજકોટ મહાનગરપાલિકાએ અને રાજકોટ શહેરી વિકાસ સતા મંડળની હદમાં તારીખ ૧ જાન્યુ. ૨૦૨૪ પહેલા રહેણાંક વાણિજ્ય તેમજ મિક્સ પ્રકારના હેતુ માટે બાંધકામની પરવાનગી મેળવેલી હોય તેમ જ રેરામાં પ્રોજેકટ રજીસ્ટર તથા સ્થળે બાંધકામ શરૂ કરવામાં આવેલ હોય તેવા પ્રકરણોમાં મહત્તમ ૦.૬૦ સુધીની પહોળાઈના પ્રોજેક્શનના કરેલ બાંધકામને વપરાશી વિસ્તાર સાથે ભેળવી દેવામાં આવેલ હોય તે ક્ષેત્રફળને એફ એસ આઈની માંગણી રસ્તા મુજબ મળવા પાત્ર મહત્તમ ઉંચાઈની મર્યાદામાં જે તે પ્રોજેક્ટમાં જો આવા વધારાનું બાંધકામ મળવા પાત્ર કુલ એફએસઆઈની મર્યાદામાં હોય તો વધારાના બાંધકામને પેડ એફએસઆઈ તરીકે ગણી બે ગણી રકમનો વધારો કરવાનો રહેશે.

જે તે પ્રોજેક્ટમાં જો વધારાના બાંધકામ મળવાપાત્ર એફ એસ આઈ કરતા પણ વધારે થતું હોય તો સદર વધારાના બાંધકામને ખુલ્લી જમીનની જંત્રીના ૧૦૦ ટકા વસૂલ કરવાના રહેશે સરકારી ગાઈડલાઈન અને તેના હુકમ પ્રમાણે જીડીસીઆરના નિયમો મુજબ નહીં વર્તન કરનાર બિલ્ડરો ઉપર કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.

સી.જી.ડી.સી.આરમાં ઉલ્લેખ છે કે કમ્પ્લીસન સર્ટિફિકેટ માટે જે તે ફાઈલ ઈનવર્ડ થાય ત્યારથી ૨૧ દિવસમાં ફાઈલ મંજૂર અથવા ના મંજૂર થવી જોઈએ અને આ ફાઈલ રાખી મૂકનાર સામે પગલાં લેવા જોઈએ અને જો આવા પ્રોજેક્શન વાળા બિલ્ડીંગના પ્લાન રિવાઈઝ થાય તો તેમાં વધારાનું બાંધકામ છે તો ફાયર એનઓસી કેમ માગવામાં આવતું નથી અને આવા પ્રોજેક્શન વાળા બિલ્ડીંગના રિવાઈઝ પ્લાન મૂકવામાં આવે ત્યારે મુકનારનું રજીસ્ટર સોગંદનામુ તથા રજીસ્ટાર ઓફિસનું એનઓસી લેવું જોઈએ કે આ બિલ્ડીંગમાં કોઈ વેચાણ થયેલ નથી તેની ચકાસણી માટે અમે પ્લાન મૂકનાર આ મિલકતના માલિક છે તે સાબિત કરવા માટે સોગંદનામુ કરવું જોઈએ હજુ આ પ્રોજેક્શન વાળા નવા બાંધકામો ચાલુ થયા છે તો તેની ઉપર કોઈ શિક્ષાત્મક પગલાં લેવા છે કે નહીં તો કેમ લેવાતા નથી. તેવા સવાલો કર્યા હતા. (૨૨.૧૯)

જનરેટર
ના દરેક પ્રકારના રીપેરીંગ તથા સ્પેરપાર્ટ માટે મળો :
9824226414

જોઈએ છે
સીવીલ એન્જીનિયર DEGREE / DIPLOMA
બેક ઓફીસ સ્ટાફ
ઓફીસનાં રૂટીન કામકાજ માટે તથા કોમ્પ્યુટરનાં જાણકાર
થાઝિક રોડ, રાજકોટ
M.94090 18457

મકાન વેંચવાનું છે
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી, ૧૦૦ વાર (૧૫×૬૦)
મો. ૯૨૬૫૩ ૧૧૯૮૨

જુની ખુરશી આપો નવી ખુરશી લઇ જાઓ
માત્ર રીનોવેશન સોફા સેટ
રીવોલ્વીંગ ચેર
વીઝીટર ચેર
ડાયનીંગ ચેર
કોમ્પ્યુટર ચેર
ઓફીસ ચેર
મોમાઈ લાઈનીંગ વર્કસ
શનીભાઈ
રીપેરીંગ તેમજ નવી બનાવી આપીશું
99243 45419

હેલ્પર જોઈએ છે
પાણીનાં ટાંકા સફાઈ કરી શકે તેવા
M.93277 28484

જોઇએ છે
બહેન
ઓફિસના દરેક કામ માટે | ઉંમર: 18-30
૬૦૪, ઓર્નેટ ધન. સિલ્વર સ્ટોન મેઇન રોડ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ
99048 11111

ભાડે જોઇએ છે
રાજકોટમાં ગર્લ્સ હોસ્ટેલ માટે સ્વતંત્ર બિલ્ડીંગ / કોમ્પલેક્ષ
લોંગ લીઝથી, મીનીમમ 5 માળ
8866 55 1808

કંકોત્રી તથા રિટર્ન ગિફ્ટ
॥ મધુરમ્ ॥
એસ્ટ્રોન ચોક, રાજકોટ
૨૪૮૩૦૦૬
૧૦ થી ૧ અને 3.30 થી ૮.૩૦

સ્ટાફ જોઇએ છે
માધાવડ (રાવકી) યુનિટ માટે
લેથ મશીન ફિટર - 3
પ્રોડકશન સુપરવાઇઝર - 2
Quality Control Inspector - 2
ડ્રાઇવર - 1
ટર્નર - 1
મીલીંગ મશીન ઓપરેટર - 2
પ્લાનીંગ મશીન ઓપરેટર - 2
હેલ્પર - 5
Marketing Executive - 3
ટ્રાન્સપોર્ટેશન સુવિધા સાથે
Shreyash Machine Tools
accumaxlathe@gmail.com
82004 07735

Raymond શુટ રૂા. 3000
કાપડ + સિલાઇ સાથે
સફારી શુટ રૂા.૧૫૫૦
રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦
વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે
ફક્ત રૂા. 3000 શુટ કોટ પેન્ટ
વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે
બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦

ભાડે મળશે શુટ-સેરવાની
ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી
ન્યુ ફ્રેશ કલેકશન
ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેક્શન
વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫

OKAYA ELECTRIC VEHICLE
ખરીદી તમારી, વિશ્વાસ અમારો...
ટેસ્ટ ડ્રાઇવ માટે એક વાર અવશ્ય પધારો.
ઇલેક્ટ્રીક સ્કૂટર
FAAST-F4
લોન ઉપર Rs.9000/* CASH BACK
તમારા કોઇપણ જુના EV/Petrol ટુ-વ્હીકલનાં Rs.4000/* સુધીનું એકસચેંજ વળતર
Rs.5000/- ડાઉનપેમેન્ટ ભરી સરળતાથી લોન ઉપલબ્ધ
વધુ વિગત માટે 90335 66677
Rs. 28 100 Km. Per Charge
1 વર્ષની ફુલ વોરંટી | 70 Km. સ્પીડ ડબલ સવારીમાં | ઓકાયા લીથીયમ આયર્ન (LFP) | બેટરીની 97% લાઇફ વધુ
કોરોનેશન મોટર્સ
પ્રમુખ સ્વામી આર્કેડની બાજુમાં, માલવીયા ચોક, રાજકોટ. મો.90335 66677

SHETH BROTHERS SINCE 1972
પ્રતિકાર Detox ગ્રીનટી
Taste Bhi Health Bhi
આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુકત
Pratikar Refreshing Detox Green Tea
ASHWAGANDHA • TULSI • HALDI
10 TEA BAGS
પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામા ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, કોલેસ્ટ્રોલ તથા હ્રદય માટે ગુણકારી છે. શરદીમા રાહત આપે છે.
ટેસ્ટમા તો એવી બેસ્ટ છે કે તેનો સ્વાદ દાઢે રહી જાય.

પ્રાઈમ લોકેશન
અમીન માર્ગ પર
જૈન દેરાસર પાછળ
૨ડી પઝેશન
૧૪૫૦ સ્કે.ફુટ • ફુલ ફર્નિશ્ડ
લકઝરીયસ – ફુલ્લી એરકંડીશનર
4BHK
ફ્લેટ વેચવાનો છે
ફુલ્લી ફર્નિશ્ડ : ટીવી, ફ્રીઝ, સોફા, બેડ, કબાટ
Serious buyers only
98242 11353

મનપાની ફુડ શાખા દ્વારા ૭ ખાણીપીણીના ધંધાર્થીઓને લાઈસન્સ અંગે સુચના

કિંગ ઓફ ફુડમાંથી ૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ

નાના મવા રોડ ખાતેથી વાસી ગ્રેવી, બાફેલા શાકભાજી, મંચુરીયન તથા પંજાબી સબ્જી મળી



રાજકોટ, તા.૨૦: મનપાની ફુડ શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણી-પીણીના ધંધાર્થીઓને ત્યાં ચેકીંગ કરી ૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરી ૭ને લાઈસન્સ અંગે સૂચના આપવામાં આવી હતી.

મનપાની સત્તાવાર યાદી મુજબ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ભીમનગર ચોક, નાના મવા રોડ, રાજકોટ મુકામે આવેલ કિંગ ઓફ ફૂડ પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ વાસી ગ્રેવી, બાફેલા શાકભાજી, મંચુરિયન તથા પંજાબી સબ્જી વગેરે મળીને કુલ ૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન શિવાલય કોમ્પ્લેક્ષ, આશીર્વાદ હોસ્પિટલ પાસે, મવડી રોડ, રાજકોટ મુકામે આવેલ બાલાજી ઢોસા તપાસ કરતા પેઢીને હાઈજેનિક કન્ડિશન, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન મવડી ચોકડી, રાજકોટ મુકામે આવેલ શ્રી રેસ્ટોરેન્ટ તપાસ કરતા પેઢીને હાઈજેનિક કન્ડિશન તથા લાયસન્સ બાબતે નોટિસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના જય ભીમ ચોક - નાનામવા રોડ તથા રેસકોર્ષ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૭ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૫ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

ચકાસણી કરેલ ધંધાર્થીઓમાં મારુતિ જનરલ સ્ટોર, મેલડી કૃપા પ્રોવિઝન સ્ટોર, જેનીલ કાવો, શ્રી રાજલ ઘૂઘરા, ભેરુનાથ ફૂટ સલાટ, શિવશકિત મોમોઝ તથા ફૂડ સ્ટેશનને લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. (૨૨.૨૦)

Kaneriya Oil Industries
www.ranioil.com
મૂલ્યવાન ભરોસો,
મૂલ્યવાન તેલ
RANI®
GOLD સિંગતેલ
કાઠિયાવાડની કસદાર જમીનમાં ઉગતી, ચૂંટેલી શ્રેષ્ઠતમ મગફળીમાંથી તૈયાર થતું કોઇપણ કેમિકલ વગરનું સંપૂર્ણ કુદરતી અણમોલ સિંગતેલ.
આપણાં વિસ્તારમાં ઉગતા કૃષિ પેદાશમાંથી તૈયાર થતું તેલ
આપણાં સ્વાસ્થય અને ચયાપચય સાથે
અદ્ભૂત તાલ મિલાવે છે.
Since 47 Years
RANI GOLD FILTERED GROUNDNUT OIL
કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- યુનિટી પ્લસ ; સ્પીડવેલ પાર્ટી પ્લોટની બાજુમાં : 97266 53000, 97266 54000 ગોકુલ ધામ : 0281-2333499, 2360201 ; જવાહર રોડ : 0281-2222700/800, 97126 43000 ; રૈયા રોડ : 97125 72000/73000 • શાપર : 97273 83000/84000/85000 • અમદાવાદ સીટી :- સાઉથ બોપલ : 97266 74000/75000 ; ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ